પરમ કલ્યાણકારી પ્રભાવક

# શ્રી ભક્તામર સ્તોત્રો

: જ્યોતિષાચાર્ય :

જ્યોતિષાચાર્ય મનહરપ્રસાદ ભાવસાર



: પ્રકાશક :

જ્યોતિષાચાર્ય મનહરપ્રસાદ ભાવસાર

ક્યુ-૧૧, સુવર્ણ એપાર્ટમેન્ટ, વિભાગ-૨, પૂર્ણ પુરૂષોત્તમ વિભાગ-૧ની બાજુમાં,
આશિષનગર પાસે, અર્જુન આશ્રમ રોડ, રાણીપ, અમદાવાદ-૩૮૨ ૪૮૦.
ફોન : ૦૭૯-૨૭૫૨૦૪૬૦

# પરમ કલ્યાણકારી પ્રભાવક
# શ્રી ભક્તામર સ્તોત્રો

**અનુવાદક**

જ્યોતિષાચાર્ય શ્રી મનહરપ્રસાદ ભાવસાર



**પ્રકાશક**

જ્યોતિષાચાર્ય મનહરપ્રસાદ ભાવસાર

# પરમ કલ્યાણકારી પ્રભાવક
# શ્રી ભક્તામર સ્તોત્રો

**અનુવાદક**

જ્યોતિષાચાર્ય શ્રી મનહરપ્રસાદ ભાવસાર



**પ્રકાશક**

જ્યોતિષાચાર્ય મનહરપ્રસાદ ભાવસાર

## સાદર ચરણારવિંદે
## આગમ પ્રભાવક પૂજ્ય મુનિ શ્રી પુણ્યવિજયજી
## મહારાજ સાહેબનાં પાદ-પદ્મોમાં



જન્મ : વિક્રમ સંવત ૧૯૫૨,
કારતક સુદ-૫ (જ્ઞાનપંચમી)
તા. ૨૪-૧૦-૧૮૯૫,
ખેડા જિલ્લાના કપડવંજ નગરમાં
(ચિંતામણી દેરાસર પાછળ)

દીક્ષાવિધિ : વિક્રમ સંવત ૧૯૬૨,
મહાવદી-૫ (છાણી), વડોદરા

પંચપરમેષ્ઠિ ચરણ-શરણ : વિક્રમ સંવત ૨૦૨૭, જેઠ વદ-૬
તા. ૧૪-૬-૧૯૭૧, મુંબઈ

પિતા : ડાહ્યાભાઈ મનસુખભાઈ અંદરજી સુંદરજી

માતા : રતનબહેન રતન જિનજી મહારાજ

સંસારી નામ : મણિલાલ

પરિવાર : શાહ ભુદરજી ગોરધનદાસ કુટુંબના

પિતા શ્રી ડાહ્યાભાઈ આ એકના એક દીકરાને અને તેમની પાછળ વિધવા ધર્મપત્નીને છોડી ભર જુવાનીમાં સ્વર્ગવાસ પામેલા. તેઓશ્રીની માતૃશ્રીને જૈન ધર્મ પ્રત્યેની અતિશય લાગણી હતી. તેઓએ પણ પોતાના દીકરામાં આવી જૈન ધર્મ પ્રત્યેની લાગણી નિહારેલી. તેથી પોતાના એકના એક દીકરાને દીક્ષા અપાવવાનો નિશ્ચય કરી લીધેલો અને પોતે પણ દીક્ષા લેવાનો નિર્ણય કરી લીધેલો. શ્રી ચતુરવિજયજી આચાર્યે મુનિવરને દીક્ષા અપાવેલી આમ જૈન શાસનને એક ઝલકતો સિતારો પ્રાપ્ત થયેલો તે પછી તેમની જનેતાએ પણ સંયમનો ભાવ સ્વીકારેલો અને રતનશ્રીજી નામથી ઓળખાયાં. માતા સંયમ ભાવમાં વૃદ્ધાવસ્થામાં અમદાવાદ - રતનપોળની મરચી પોળની ધર્મશાળામાં સ્થિર થયેલાં. પૂ. પુણ્યવિજયજી મુનિ મહારાજે પોતાની માતાને આરાધના કરાવવાને માટે લુણાવાડાથી અમદાવાદ આવી

સ્થિરતા કરેલી. આમ અમદાવાદ સ્થિર થઈ મુનિ મહારાજ સાહેબે લોક કલ્યાણનાં કાર્યો કરેલાં. વળી પ્રાચીન હસ્તલિખિત પ્રતોનો એક સંગ્રહ ભંડારમાં મા. શ્રી કસ્તુરભાઈ લાલભાઈના નામથી ગુજરાત યુનિવર્સિટીમાં તૈયાર કરાવેલો. વળી ખૂણે ખૂણેથી જૂની હસ્તપ્રતો ભેગી કરી તેને એક સ્થળે સ્થાપિત કરી, તેની જાણવણી કરવાના તેમને અથાગ પ્રયત્નો કરેલા છે. આવા ગ્રંથોનો જિર્ણોધ્ધાર કરી તેને પ્રકાશમાં લાવવાના પણ અથાગ પ્રયત્નો કર્યા છે. આ માટે તેમને રાત-દિવસ પરિશ્રમ કર્યો છે. આવાં ઉત્તમ લોકકલ્યાણનાં કાર્યો કરવા બદલ તેઓશ્રીને 'આગમ પ્રભાવક' ની પદવી એનાયત કરવામાં આવેલી. આમ તેઓ કપડવંજ નગરના વીશાનિમાં વાણીઆના કુળમાં પાકેલાં રત્નોમાંના એક મુનિ મહારાજ રત્ન છે. આવા એક કપડવંજ નગરના ધર્મશ્રેષ્ઠિ વિદ્વાન મુનિવર તરફની હૃદયંગમ ભાવના રૂપે આ ગ્રંથ અર્પણ કરતાં કૃતકૃત્યતાની અનુભૂતિ પામું છું.

આવા મુનિ મહારાજ પ્રખર વિદ્વાનના નાનપણના જીવનનો એક પ્રસંગ આ પ્રસંગે યાદ કરી લઈએ.

જ્યારે તેઓ ત્રણ માસના હતા ત્યારે ચિંતામણી દેરાસર પાછળના તેમના નિવાસ સ્થાનમાં ઘોડિયામાં સુવાડેલા તે જમાનામાં મકાનો કાચાં હતાં. લાકડાંની બાંદણીનાં હતાં તે સમયે એકાએક સઘળાં કાચાં ઘરોમાં આગ લાગેલી, અગ્નિથી સઘળાં કાચાં ઘરો ભસ્મિભૂતિ થઈ ગયેલાં, બાળ મણિલાલ ઘોડિયામાં સૂતેલા બાળ મણિલાલનું ભાગ્ય ચમકતું હોય અને વિશ્વને એક જૈન વિદ્વાન પ્રાપ્ત થવાના હોય તેમ એક વોરા સદ્‌ગૃહસ્થે આ બાળ મણિલાલને ઘોડિયા સાથે ઊઠાવીને પોતાના ઘેર લઈ જઈ તેમનો જીવ બચાવેલો. ત્રણેક દિવસ સુધી પોતાના ઘેર રાખી હિન્દુના ઘરનું જળપાન કરાવી ઘોડિયા સાથે પરત આપી જતાં પરિવારમાં જીવમાં જીવ આવેલો. આ વોરા સદ્‌ગૃહસ્થના ઉપકારના બદલામાં શ્રી પુણ્યવિજયજી મહારાજે તેમને વારંવાર 'ધર્મલાભ' આપેલો.

સને ૨૦૧૬ — જ્યોતિષાચાર્ય મનહરપ્રસાદ ભાવસાર

રાણીપ, અમદાવાદ-૩૮૨ ૪૮૦.

## મંગલકામના

સાહિત્યરસિક :

જ્યોતિષાચાર્ય મનહરપ્રસાદ ભાવસાર દ્વારા સંકલિત સંપાદિત શ્રીમાનતુંગાચાર્ય વિરચિત પરમ કલ્યાણકારી પ્રભાવક શ્રી ભક્તામર સ્તોત્ર તથા શ્રી વર્ધમાન ભક્તામર સ્તોત્ર, પાર્શ્વ ભક્તામર, શ્રી નેમિ ભક્તામર, વીર ભક્તામર, શક્તિ ભક્તામર, સરસ્વતી ભક્તામર, શ્રી શારદાષ્ટક, નવગ્રહશાન્તિ વગેરે પ્રતિદિન સ્મરણને યોગ્ય સ્તોત્ર - સ્તુતિ - મંત્રગર્ભિત સરસ્વતી દેવીની સ્તુતિનો સુંદર સંગ્રહ આ પુસ્તિકામાં છે.

આ બધી રચનાઓ ખૂબ ઉત્તમ ભાવનાથી કરવામાં આવી છે. પ્રભુના ગુણગાન ખૂબ જ સરસ રીતે કરવામાં આવ્યા છે.

સ્તોત્રોનું પઠન-પાઠન ભાવનાનું શુદ્ધિકરણ કરે છે. પરમાત્માની સ્તુતિ - સ્તોત્ર આદિના પઠનથી વિચાર નિર્મલ બને છે. માનસિક બલ પ્રાપ્તિ થાય છે. અંતરાયકર્મ આદિ દોષોનું નિવારણ પણ થાય છે.

આ મંગલ સ્મરણ - પાઠ જીવનને મંગલમય બનાવી દે છે. મને વિશ્વાસ છે કે, લોકો આ પુસ્તિકાનો ઉપયોગ કરી પરમાત્મ ભક્તિમાં જોડાશે. રચના ખૂબ જ સુંદર છે. સંકલનકાર ખૂબ અભિનંદનને પાત્ર છે.

માનનીય શ્રી પદ્મસાગરસુરિશ્વરજી મુનિ મહારાજ

(રાષ્ટ્રસંત જૈનાચાર્ય)

## લેખકનાં પ્રકાશિત અન્ય પુસ્તકો પરત્વે

(૧) તા. ૧૬-૬-૨૦૧૬ લુણાવાડા (જિ. મહીસાગર)

શુભેચ્છાઓ,

શ્રી મનહરભાઈ ભાવસારની વડેલા અભ્યાસી, અને શબ્દસેવી છે. તેમનો એકાધિક ભાષીઓનો રસ તેઓને વિભિન્ન કૃતિઓના વાચન-મનન અને છેવટે સંપાદન પરત્વે દોરી જાય છે. તેનાં શુભ પરિણામો પણ તેઓ બહુજન હિતાંય સમક્ષ પુસ્તકરૂપે પ્રસ્તુત કરે છે.

પહેલાં શ્રી સરસ્વતી વિશે અને હવે ગંગાલહરી વિશે તેઓએ તેમના અભ્યાસની ઊજળી બાજુઓને એ સંદર્ભે પ્રકાશિત કરી આપી છે. તે માટે તેઓ અભિનંદનાર્હ બન્યા છે. તેમની આવી સાત્ત્વિકવૃત્તિ - પ્રવૃત્તિઓ વધતી રહો અને સમાજને તેનું નવનીત સહજરૂપે પ્રાપ્ત થઈ રહો.

પુનઃ મારી અનેકાનેક શુભકામનાઓ.

પ્રવિણ દરજી

(સને ૨૦૧૧ સાહિત્યિક સર્જન પરત્વેના ભારત સરકારના માનનીય રાષ્ટપતિના વરદ્ હસ્તે પદ્મ શ્રી એવોર્ડથી સન્માનિત કવિ, વિવેચક, નિબંધકાર, સાહિત્યસર્જક અને કટાર લેખક)

(૨) સ્નેહી શ્રી મનહરભાઈ

પ્રધાનમંત્રીશ્રીને આપનું પુસ્તક 'ત્રિપથગામિની મા શ્રી ગંગાદર્શન' પ્રાપ્ત થયું. શુભેચ્છા સહ આભાર.

રાજીવ સોના (નાયબ સચિવ,
પ્રાઈમ મિનિસ્ટર ઓફિસ, નવી દિલ્હી)
જુલાઈ ૨૬, ૨૦૧૬

(૩) મહાશય, તા. ૨૩-૫-૨૦૧૬, તા. ૨૨-૭-૨૦૧૬

આપે મોકલેલ 'પ્રબોધ સુધાકર' અને 'શ્રી સરસ્વતી વંદના' બન્ને પુસ્તકો મને મળી ગયેલ છે. ખૂબ ખૂબ આભાર. શ્રી સરસ્વતી વંદના પુસ્તક જોતાં માતા સરસ્વતીનું આટલું બધું વિશાળ સાહિત્ય છે. જે વાચતાં મને ખ્યાલ આવ્યો. કેટલાક સ્તોત્રોનું આપે ગુજરાતીમાં ભાષાન્તર કર્યું છે જે ખૂબ જ વખાણવા લાયક છે. બધા લોકો સંસ્કૃત ભાષા જાણતા હોતા નથી. જેથી સ્તોત્રમાં શું કહ્યું છે તે સમજવામાં અનુકૂળતા રહે છે અને તે રીતે મંત્રોનું ગુજરાતીકરણ જે કર્યું છે અને ભાષાનો પ્રાસ પણ મેળવવામાં આવેલ છે તે પણ વખાણવા લાયક છે. હૃદયથી ખૂબ ખૂબ અભિનંદન.

શ્રી ઉમાકાન્તભાઈ એસ. પટેલ (મહેસાણા)

(૪) આદરણીય શ્રી મનહરપ્રસાદ

સાદર નમસ્કાર, આપશ્રીએ મોકલેલ 'ત્રિપથગામિની માઁ શ્રી ગંગાદર્શન' પુસ્તક મળ્યું. તેનું વાચન હૃદયંગમ થતાં મને ઘણો આનંદ થયો કે જાણે ઘરે બેઠા માઁ ગંગાના દર્શન કરવાનો અનેરો અવસર મળ્યો. આ પુસ્તકમાં ગંગા લહરી - ગંગાષ્ટક વગેરેના ઉપરાંત માઁ ગંગા વિશેની સંપૂર્ણ માહિતી આપવા ઉપરાંત માઁ ગંગાને લગતી સ્તુતિ - વંદનાઓને પણ સમાવીને ખરે જ ઉત્કૃષ્ટ કાર્ય કર્યું છે. તે બદલ આપશ્રીને ધન્યવાદ ઉપરાંત હાર્દિક આશીર્વાદ પાઠવું છું. આ પુસ્તક જનહિતાર્થ ઘણું જ ઉપયોગી તથા તેનું પઠન કરતા રહેવાથી પણ અમુલખ ઔષધિ સમ બની રહે તેવું જ છે.

સમાજને ચિત્તિ શક્તિના આશીર્વાદોથી જ આપશ્રી આ પુસ્તકને પ્રકાશિત કરી રહ્યાં છે તે જ ઘણું મહત્ત્વનું છે.

આનંદપ્રસાદ પી. જોશી (ઉમરેઠવાળા)

વડોદરા, તા. ૨૦-૭-૨૦૧૬

## શબ્દાંકિત અનુયાયીની એક અંતરતમ અભિપ્સા

કપડવંજ નગરમાં જન્મી બાળપણ, શિક્ષણ અને વ્યવસાય વગેરે સુલભ કરી અભ્યાસ દરમિયાન સાહિત્યાભિમુખ બનતાં અને વિવિધ ધર્મો - સંપ્રદાયોના વડાઓના સંપર્ક અને આભ્યાસિક રૂએ કપડવંડ નગરના ધર્મશ્રેષ્ઠિ, ઉદારચરિત, પરોપકારી, વ્યવહારકુશળ, ચિંતનશીલ એવા મારા 'બાપા' ના સ્તરના સ્વ. શ્રી મફતલાલ રતનચંદ પરીખના સંપર્કમાં આવતાં મને મારી સાહિત્યિક સર્જનામાં પ્રોત્સાહક બળ મળ્યું. પૂ. બાપા મને ચાતુર્માસ દરમિયાન જૈન મુનિ મહારાજ સાહેબનાં યોજાતાં અપાસરામાંનાં વ્યાખ્યાનોમાં મારા અનુનયથી મને સાથે લઈ જતાં. તે સમયથી જૈન ધર્મ તરફની મારી અભિરુચિ જાગ્રત થયેલી. આ અભિરુચિને અમદાવાદ નિવાસ આદરતાં ગુરુવર્ય શ્રી કિરણભાઈ લોલીયાણીયાના જૈન અનુયાયીના સંપર્કે વધુ પુષ્ટિ મળતાં તે બળવત્તર બની. જેના પરિપાકરૂપે સને ૨૦૧૩માં જૈન ધર્મના મહામંત્ર નવકારના અભ્યાસ દ્વારા નવકાર મહામંત્ર પર અનેક લેખો લખાયા, પ્રગટ થયા અને આ લેખોનો સંગ્રહ 'સારભૂત શ્રી નવકાર મહામંત્ર' સંચિત ગ્રંથ સ્વરુપે પ્રગટ થયો અને હવે જૈન ધર્મનાં પ્રભાવક શ્રી ભક્તામર વિવિધ સ્તોત્રો 'પરમ કલ્યાણકારી પ્રભાવક શ્રી ભક્તામર સ્તોત્રો' નાં ગ્રંથ સ્વરૂપ પ્રકાશિત કરી રહ્યો છું.

મારા સમગ્ર જીવનના વિવિધ પાસાંના ઘડતરમાં મને ઘણી વ્યક્તિઓની કૃપા અને હૂંફ પ્રાપ્ત થઈ છે. જેમકે મારી સાહિત્ય સર્જનની પ્રવૃત્તિમાં મારા શિક્ષા - કાવ્ય દીક્ષા ગુરુ સ્વ. જયંતિલાલ આચાર્ય, સ્વ. ઈન્દુભાઈ ત્રિવેદી, શ્રી અશ્વિનભાઈ ડી. પટેલ, સ્વ. આચાર્ય શ્રી ધીરૂભાઈ પરીખ, સ્વ. શ્રી જયંતિલાલ ત્રિવેદી 'જોગિન' તેમજ મારા જીવનના સંસ્કાર ઘડતર અને સિંચનમાં મારા પિતા સ્વ. શ્રી કેશવલાલ, વ્હાલસોયાં માતા સ્વ. શ્રી

જશોદાબહેન, માસી-કાકી ગં.સ્વ. માણેકબહેન, હેતાળવાં એવાં મારાં ગં.સ્વ. પાર્વતીબા, જીવનને પ્રોત્સાહન બળ અને પ્રેરણારૂપ સ્વ. બાપા શ્રી મફતલાલ રતનચંદ પરીખ, શ્રી કિરણભાઈ લોલીયાણીયા (ગુરૂજી), જ્યોતિષશાસ્ત્ર ક્ષેત્રે પ્રેરક અને સહાયક અખિલ ગુજરાત એસ્ટ્રોલોજિકલ સોસાયટીના મા. પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પંડ્યા, શ્રી મહેશભાઈ શુકલ, સાહિત્યિક પ્રેરકમાં શ્રી સ્વ. શ્રી ચીમનલાલ ભોગીલાલ ગાંધી 'વિવિત્સુ', શ્રી પ્રવિણ દરજી, શ્રી હેમન્ત શાહ તંત્રી 'જ્યોતિષ સંહિતા' માસિક, વગેરેને પ્રાધાન્ય આપી શકું.

આ ગ્રંથની રચનામાં સહાયભૂત થનારાઓમાં કોબાના મહાવીર આરાધના કેન્દ્રના ગ્રંથાલયના પુસ્તક આપ-લે વિભાગના કર્મચારીગણ, પાલડીના સબ સેન્ટરના ગ્રંથપાલ શ્રી હિરલભાઈ તેમજ આ ગ્રંથનું ખંતપૂર્વક, ચીવટાઈથી, ચોકસાઈ પૂર્વક કોમ્પ્યુટર રાઈઝડ કરી આપનાર પ્રિયા ગ્રાફિક્સના શ્રી મુકેશભાઈના પરિશ્રમને કઈ રીતે વિસારી શકું ? મારા આ ગ્રંથને 'મંગલકામના લખી આપનાર પરમ પૂજ્ય મુનિવર શ્રી પદ્મસાગર સૂરિશ્વરજી મહારાજ સાહેબ તથા મારા અન્ય પ્રકાશિત પુસ્તકોને શુભેચ્છા અને શુભાશિષ પાઠવનારાઓ પૈકી સાહિત્યસર્જક, નિબંધકાર શ્રી પ્રવિણ દરજી, પ્રાઈમ મિનિસ્ટર ઓફિસ, નવી દિલ્હીના મા. નાયબ સચિવ શ્રી રાજીવ સોના, જ્યોતિષી શ્રી ઉમાકાન્ત એસ. પટેલ (મહેસાણા), જ્યોતિષી શ્રી આનંદપ્રસાદ જોષી (ઉમરેઠવાળા) ગોત્રી - વડોદરા વગેરે મહાનુભાવોનો આજીવન ઋણી રહીશ.

મારો આ મંગલકારી જૈન ધર્મના સ્તોત્રોના સંગ્રહનો ગ્રંથ જૈન ધર્મના અને જૈનેતર જિજ્ઞાસુ - ઉપાસકોને ઉપયોગી થઈ પડશે તો મારો પ્રયત્ન હું ઉપકારી માનીશ.

સને ૨૦૧૬

જ્યોતિષાચાર્ય મનહરપ્રસાદ ભાવસાર
રાણીપ, અમદાવાદ-૩૮૨ ૪૮૦.

## પ્રકાશિત વિવિધ ગ્રંથ-કૃતિઓ

(૧) સને ૧૯૬૧ ની શ્રી રવીન્દ્રનાખખ ટાગોરની જન્મશતાબ્દીને અનુલક્ષીને બંગાળી વિદ્ અબ્દૂલ વદૂદ કાજીની હિન્દી કૃતિનું 'રવીન્દ્રનાથ અને કાલિદાસ' ગુજરાતી અનૂદિત લઘુપુસ્તિકાનું પ્રકાશ - ૧૯૬૧ માં જેમાં ટાગોરે લખેલાં કાલિદાસ વિષયક બંગાળી સાત સોનેટ સ્વ. શ્રી જયંતિલાલ આચાર્ય દ્વારા ગુજરાતીમાં અનૂદિતનો સમાવેશ.

(૨) સને ૧૯૭૩ની ગુજરાત પુસ્તકાલય પ્રવૃત્તિના પ્રણેતા સ્વ. મોતીભાઈ અમીનની જન્મ શતાબ્દીને અનુલક્ષીને વડોદરા વિભાગ સ.સ. મંડળ દ્વારા લેવાતી દર વર્ષની શિષ્ટવાચન પરીક્ષાનું ૧૯૭૩ માં બાલોચિત પુસ્તક - સ્વ. મો.ન. અમીન આ પાઠ્યપુસ્તકની ૪૫,૦૦૦ નકલો છપાયેલી અને ગુજરાત ભરમાંથી ૪૦,૦૦૦ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં બેઠેલા.

(૩) કપડવંજ નગરના ઊગતા કવિમિત્રોની કાવ્યકૃતિઓનો સાહિત્યવર્તુળ પ્રવૃત્તિ હેઠળ 'અનુકૂલન' કાવ્યસંગ્રહનું પ્રકાશન સને ૧૯૭૫ માં

(૪) જૈન ધર્મના નવકાર મહામંત્રના વિષયક પર સને ૨૦૧૩માં 'સારભૂત શ્રી નવકાર મહામંત્ર' ગ્રંથનું પ્રકાશન અને એક દાનવીરના દાનથી સને ૨૦૧૫માં તેનું પુનઃમુદ્રણ

(૫) જ્યોતિષ ક્ષેત્રના ભૃગુસંહિતા ભાવફળાદેશ પુસ્તિકાનું સને ૨૦૧૪માં પ્રકાશન

(૬) આદિ શંકરાચાર્ય રચિત 'પ્રબોધ સુધાકર' સ્તોત્રનું ગુજરાતી રૂપાન્તર સાથેનું પ્રકાશન સને ૨૦૧૪માં

(૭) શ્રી સરસ્વતી વંદના પુસ્તકનું સને ૨૦૧૫માં પ્રકાશન

(૮) સને ૨૦૧૬માં મા. વડાપ્રધાનશ્રીના પ્રોજેક્ટ અનુસાર ત્રિપથગામિની માઁ શ્રી ગંગા-દર્શન પુસ્તકનું પ્રકાશન

(૯) સને ૨૦૧૬માં જૈન ધર્મના વિવિધ ભક્તામર સ્તોત્રોનો સંગ્રહ ગુજરાતી અનુવાદ સાથે પ્રકાશન

ભાવિમાં - ગણેશસ્તોત્ર રત્નાકરનું ગુજરાતી રૂપાન્તર સાથે પ્રકાશન કરવાની અભિલાષા.

श्रीमानतुङ्गाचार्यविरचितं

## ।। भक्तामरस्तोत्रम् ।।

काव्यद्वयेन मंङ्गलं पादुष्कुर्वन्नाह -

भक्तामरप्रणतमौलिमणिप्रभाणा -
मुद्द्योतकं दलितपापतमोवितानम् ।
सम्यक् प्रणम्य जिनपादयुग युगादा -
वालम्बनं भवजले पततां जनानाम् ।। १ ।। - वसन्ततिलका

यः संस्तुतः सकलवाङ्मयतत्त्वबोधा -
दुदभूतबुद्धिपटुमिः सुरलोकनाथैः ।
स्तोत्रैर्जगन्नितयचितहरैरुदारैः
स्तोष्ये किलाहमपि तं प्रथमं जिनेन्द्रम् ।। २ ।। (युग्मम्)

कविरात्मौद्धत्यं परिजिहीर्षुराह -

बुद्धया विनाडपि विबुधार्चितपादपीठ !
स्तोतुं समुद्यतमतिर्विगतत्रपोडहम् ।
बालं विहाय जलसंस्थितमिन्दुबिम्ब -
मन्यः क इच्छति जनः सहसा ग्रहीतुम् ? ।। ३ ।।

जिनस्तुतावन्येषां दुष्करतां दर्शयन्नाह -

वक्तुं गुणान् गुणसमुद्र ! शशाङ्ककान्तान्
कस्ते क्षमः सुरगुरुप्रतिमोडपि बुद्धया ? ।
कल्पान्तकालपवनोद्धतनकचक्रं
को वा तरीतुमलमम्बुनिधिं भुजाम्याम् ? ।। ४ ।।

स्तवनविरचनप्रयत्नेकारणमाह -

सोऽहं तथापि तव भक्तिवशान्मुनीश !
कर्तुं स्तवं विगतशक्तिरपि प्रवृत्तः ।
प्रीत्याऽऽत्मवीर्यमविचार्य मृगो मृगेन्द्रं
नाभ्येति किं निजशिशोः परिपालनार्थम् ? ॥ ५ ॥

निजासामर्थ्येऽपि वाचालताकारणमाह -

अल्पश्रुतं श्रुतवतां परिहासधाम
त्वद्भक्तिरेव मुखरीकुरुते बलान्माम् ।
यत् कोकिलः किल मधौ मधुरं विरौति
तच्चारुचूतकलिकानिकरैकहेतुः ॥ ६ ॥

स्तवनग्रन्थने यो गुणस्तमाह -

त्वत्संस्तवेन भवसन्ततिसन्निबद्धं
पापं क्षणात् क्षयमुपैति शरीरभाजाम् ।
आक्रान्तलोकमलिनीलमशेषमाशु
सूर्यांशुभिन्नमिव शार्वरमन्धकारम् ॥ ७ ॥

स्तवारम्भसामर्थ्यं दढयन्नाह -

मत्वेति नाथ ! तव संस्तवनं मयेद -
मारभ्यते तनुधियाऽपि तव प्रभावात् ।
चेतो हरिष्यति सतां नलिनीदलेषु
मुक्ताफलद्युतिमुपैति ननूदबिन्दुः ॥ ८ ॥

सर्वज्ञकथाप्रभावं पदर्शयन्नाह -

आस्तां तव स्तवनमस्तसमस्तदोषं
त्वत्संकथाऽपि जगतां दुरितानि हन्ति ।

दूरे सहस्त्रकिरणः कुरुते प्रभैव
प्रद्माकरेषु जलजानि विकाशमाञ्जि ॥ ९ ॥

भगवद्गुणोत्कीर्तनफलमाह -

नाल्यद्भुतं भुवनभूषणभूत ! नाथ !
भूतैर्गुणैर्भुवि भवन्तमभिष्टुवन्तः ।
तुभ्या भवन्ति भवतो ननु तेन किं वा
भूत्याश्रितं य इह् नात्मसमं करोति ? ॥ १० ॥

भगवदर्शनफलमाह -

दृष्ट्वा भवन्तमनिमेषविलोकनीयं
नान्यत्र तोषमुपयाति जनस्य चक्षुः ।
पीत्वां पयः शशिकरद्युति दुग्दसिन्धोः
क्षारं जलं जलनिधे रसितुं क इच्छेत् ? ॥ ११ ॥

भगवद्रूवर्णनमाह -

यैः शान्तरागरुचिमिः परमाणुभिस्त्वं
निर्मापितस्त्रिभुवनैकललामभूत ! ।
तावन्त एव खलु तेऽप्यणवः पृथिव्यां
यत् ते समानमपरं नहि रुपमरित ॥ १२ ॥

जिनमुखवर्णनमाह -

वक्त्रं क्व ते सुरनरोरगनेत्रहारि
निःशेषनिर्जितजगन्नितयोपमानम् ।
बिम्बं कलङ्कमलिनं क्व निशाकरस्य
यद् वासरे भवति पाण्डुपलाशकल्पम् ॥ १३ ॥

भगवद्गुणानां व्याप्तिमाह -

सम्पूर्णमण्डलशशाङ्ककलाकलाप
शुभ्रा गुणास्त्रिभुवनं तव लङ्घयन्ति ।
ये संश्रितास्त्रिजगदीश्वर ! नाथमेकं
कस्तान् निवारयति सञ्चरतो यथेष्टम् ? ॥ १४ ॥

भगवन्नीरागतमाह -

चित्रं किमत्र यदि ते त्रिदशाङ्गनाभि -
र्नीतं मनागपि मनो न विकारमार्गम् ।
कल्पान्तकालमरुता चलिताचलेन
किं मन्दराद्रिशिखरं चलितं कदाचित् ? ॥ १५ ॥

भगवतो दीपेनोपमां निरस्यन्नाह -

निर्धूमवर्तिरपवर्जिततैलपूरः
कृत्स्नं जगत्त्रयमिदं प्रकटीकरोषि ।
गम्यो न जातु मरुतां चलिताचलानां
दीपोऽपरस्त्वमसि नाथ ! जगत्प्रकाशः ॥ १६ ॥

सूर्येणौपम्यनिरासमाह -

नास्तं कदाचिदुपयासि न राहुगम्यः
स्पष्टीकरोषि सहसा युगपज्जगन्ति ।
नाम्भोधरोदरनिरुद्धमहाप्रभावः
सूर्यातिशायिमहिमाऽसि मुनीन्द्र ! लोके ॥ १७ ॥

विशेषाच्चन्द्रोपमां निरस्यन्नाह -

नित्योदयं दलितमोहमहान्धकारं
गम्यं न राहुवदनस्य न वारिदानाम् ।

विभ्राजते तव मुखाब्जमनल्पकान्ति
विद्योतयज्जगदपूर्वशशाङ्कबिम्बम् ॥ १८ ॥

भगवन्मुखेन्दुपुरतः सूर्याचन्द्रमसोर्निष्प्रयोजनत्वं सूचयन्नाह -

किं शर्वरीषु शशिनाऽह्नि विवस्वता वा
युष्मन्मुखेन्दुदलितेषु तमस्सु नाथ ! ।
निष्पन्नशालिवनशालिनि जीवलोके
कार्यं कियज्जलधरैर्जलभारनम्रैः ? ॥ १९ ॥

ज्ञानद्वारेणान्यदेवाँस्तिरस्कुर्वन्नाह -

ज्ञानं यथा त्वयि विभाति कृतावकाशं
नैवं तथा हरिहरादिषु नायकेषु ।
तेजः स्फुरन्मणिषु याति तथा महत्त्वं
नैवं तु काचशकले किरणाकुलेऽपि ॥ २० ॥

निन्दास्तुतिमाह -

मन्ये वरं हरिहरादय एव दृष्टा
दृष्टेषु येषु हृदयं त्वयि तोषमेति ।
किं वीक्षितेन भवता भुवि येन नान्यः
कश्चिन्मनो हरति नाथ ! भवान्तरेऽपि ॥ २१ ॥

जिनजननीप्रशंसाद्वारेण भगवद्वर्णनमाह -

स्त्रीणां शतानि शतशो जनयन्ति पुत्रान्
नान्या सुतं त्वदुपमं जननी प्रसूता ।
सर्वा दिशो दधति भानि सहस्ररश्मिं
प्राच्येव दिग् जनयति स्फुरदंशुजालम् ॥ २२ ॥

परमपुँस्तवेन स्तुतिमाह -

त्वामामनन्ति मुनयः परमं पुमांस-
मादित्यवर्णममलं तमसः परस्तात् ।
त्वामेव सम्यगुपलभ्य जयन्ति मृत्युं
नान्यः शिवः शिवपदस्य मुनीन्द्र ! पन्थाः ॥ २३ ॥

सर्वदेवनाम्ना जिनं नुवन्नाह -

त्वामव्ययं विभुमचिन्त्यमसङ्ख्यमाद्यं
ब्रह्माणमीश्वरमनन्तमनङ्गकेतुम् ।
योगीश्वरं विदितयोगमनेकमेकं
ज्ञानस्वरुपममलं प्रवदन्ति सन्तः ॥ २४ ॥

अर्थान्तरकरणेनान्यदेवनाम्ना जिनं स्तुवन्नाह -

बुद्धस्त्वमेव विबुधार्चितबुद्धिबोधात्
त्वं शङ्करोऽसि भुवनत्रयशङ्करत्वात् ।
धाताऽसि धीर ! शीवमार्गविधेर्विधानाद्
व्यक्तं त्वमेव भगवन् ! पुरुषोत्तमोऽसि ॥ २५ ॥

जिनं नमन्नाह -

तुभ्यं नमस्त्रिभुवनार्तिहराय नाथ !
तुभ्यं नमः क्षितितलामलभूषणाय ।
तुभ्यं नमस्त्रिजगतः परमेश्वराय
तुभ्यं नमो जिन ! भवोदाधिशोषणाय ॥ २६ ॥

पुनर्निन्दास्तुतिमाह -

को विस्मयोऽत्र यदि नाम गुणैरशेषै-
स्त्वं संश्रितो निरवकाशतया मुनीश ! ।

दोषैरुपात्तविविधाश्रयजातगर्वैः
स्वप्नान्तरेऽपि न कदाचिदपोक्षितोऽसि ॥ २७ ॥

कियत्प्रातिहार्यप्रकटनैर्जिनं स्तुवन्नाह -

उच्चैरशोकतरुसंश्रितमुन्मयूरव-
मामाति रुपममलं भवतो नितान्तम् ।
स्पष्टोल्लसत्किरणमस्ततभोवितानं
बिम्बं रवेरिव पयोधरपार्श्ववर्ति ॥ २८ ॥

पुनरपि भगवद्धपुर्वर्णनमाह -

सिंहासने मणिमयूखशिखाविचित्रे
विभ्राजते तव वपुः कनकावदातम् ।
बिंम्बं वियाद्विलसदंशुलतावितानं
तुङ्गदयाद्रिशिरसीव सहस्त्ररश्मैः ॥ २९ ॥

पुनरपि प्रकारान्तरेण भगवद्धपुर्वर्णन्नाह -

कुन्दावदातचलचामरचारुशोमं
विभ्राजते तव वपुः कलधौतकान्तम् ।
उद्यच्छशाङ्कशुचिनिर्झरवारिधार-
मुच्चैस्तटं सुरगिरेरिव शातकौम्मम् ॥ ३० ॥

छत्रत्रयलक्षणं प्रातिहार्यं वर्णयन्नाह -

छत्रत्रयं तव विभाति शशाङ्ककान्त -
मुच्चैः स्थितं स्थगितमानुकरप्रतापम् ।
मुक्ताफलप्रकरजालविवृद्दशोमं
प्रख्यापयत् त्रिजगतः परमेश्वरत्वम् ॥ ३१ ॥

अतिशयद्वारा जिनं स्तुवन्नाह -

उन्निद्रहेमनवपङ्कजपुञ्जकान्ति -
पर्युल्लसन्नखमयूखशिखाभिरामौ ।
पादौ पदानि तव यत्र जिनेन्द्र ! धत्तः
पद्मानि तत्र विबुधाः परिकल्पयन्ति ॥ ३२ ॥

स्तोत्रं संक्षेपयन्नाह -

इत्थं यथा तव विभूतिरभूज्जिनेन्द्र !
धर्मोपदेशनविधौ न तथा परस्य ।
यादृक् प्रभा दिनकृतः प्रहतान्धकारा
तादृक् कुतो ग्रहगणस्य विकाशिनोऽपि ? ॥ ३३ ॥

गजभयहरं जिनं दर्शयन्नाह -

श्च्योतन्मदाविलविलोलकपोलमूल-
मत्तभ्रमद्भ्रमरनादविवृद्धकोपम् ।
ऐरावताममिममुद्धतमापतन्तं
दृष्ट्वा भयं भवति नो भवदाश्रितानाम् ॥ ३४ ॥

सिंहभयाहरामाह -

भिन्नेभकुम्भगलदुज्जवलशोणिताक्त-
मुक्ताफलप्रकारभूषितभूमिभागः ।
बद्धकमः कमगतं हरि गाधिपोऽपि
नाकामति क्रमयुगाचलसंश्रितं ते ॥ ३५ ॥

दावानलभयं दलयन्नाह -

कल्पान्तकालपवनोद्धतवह्निकल्पं
दावानलं ज्वलितमुज्जवलमुत्स्फुलिङ्गम् ।

विश्वं जिधत्सुमिव संमुखमापतन्तं
त्वन्नामकीर्तनजलं शमयत्यशेषम् ।। ३६ ।।

सर्पभयं निराकुर्वन्नाह -

रक्तेक्षणं समदकोकिलकण्डनीलं
कोधोद्धतं फणिनमुत्फणमापतन्तम् ।
आक्रामति कमयुगेन निरस्तशङ्क-
स्त्वन्नामनागदमनी हदि यस्य पुंसः ।। ३७ ।।

रणभयं हरन्नाह -

वल्गत्तुरङ्गगजगर्जितभीमनाद-
माजौ बलं बलवतामपि भूपतीनाम् ।
उद्यदिवाकरमयूखशिखापविद्धं
त्वत्कीर्तनात् तम इवाशु मिदामुपैति ।। ३८ ।।

सङ्ग्रामभयं निरस्यन्नाह -

कुन्ताग्रभिन्नगजशोणितवारिवाह-
वेगावतारतरणातुरयोधमीमे ।
युद्धे जयं विजितदुर्जयजेयपक्षा-
स्त्वत्पादपङ्कजवनाश्रयिणो लभन्ते ।। ३९ ।।

समुद्रभयं दूरीकुर्वन्नाह-

अम्भोनिधौ क्षुभितभीषणनकचक-
पाठीनपीछभयदोल्बणवाडवाग्नौ ।
रङ्गत्तरङ्गशिखरस्थितयानपात्रा -
स्त्रासं विहाय भवतः स्मरणाद् व्रजन्ति ।। ४० ।।

रोगभयं निन्दयन्नाह-

उद्भूतभीषणजलोदरभारमुग्ना :

शोच्यं दशामुपगताश्च्युतजीविताशाः ।

त्वत्पादपङ्कजरजोऽमृतदिग्धदेहा

मर्त्या भवन्ति मकरध्वजतुल्यरुपाः ॥ ४१ ॥

निगडबन्धभयं तिरस्कुर्वन्नाह-

आपादकण्ठमुरुशृङ्खलवेष्टिताङ्गा

गाढं बृहन्निगडकोटिनिधृष्टजङ्धाः ।

त्वन्नाममन्त्रमनिशं मनुजाः स्मरन्तः

सद्यः स्वयं विगतबन्धभया भवन्ति ॥ ४२ ॥

पूर्वोक्तान्यष्टभयानि निर्गमयन्नाह-

मत्तद्विपेन्द्र-मृगराज-दवानला-डहि-

सङ्ग्राम-वारिधि-महोदर-बन्धनोत्थम् ।

तस्याशु नाशमुपयाति भयं भियेव

यस्तावकं स्तवमिमं मतिमानधीते ॥ ४३ ॥

स्तवप्रभावसर्वस्वमाह-

स्तोत्रस्रजं तव जिनेन्द्र ! गुणैर्निबद्धां

भक्त्या मया रुचिरवर्णविचित्रपुष्पाम् ।

धत्ते जनो य इह कण्ठगतामजस्त्रं

तं मानतुङ्गमवशा समुपैति लक्ष्मीः ॥ ४४ ॥

इति श्रीमानतुङ्गाचार्य विरचितं भक्तामरस्तोत्रम्

# હિન્દી પ્રસ્તાવનાનું ગુજરાતી ભાષાંતર

આદિનાથ સ્તોત્ર એ જૈન ધર્મના વર્તમાન ચોવીશ તીર્થંકરોમાંનાં પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનની સ્તુતિ રૂપે છે. એના રચયિતા પ્રખર વિદ્વાન, પ્રાસાદિક કવિ, શ્રી માનતુંગાચાર્ય પોતાની પ્રતિજ્ઞામાં લખે છે કે, હું આદિ જિનેન્દ્રની સ્તુતિ કરીશ. એના ઉપરથી આ સ્તોત્રનું નામ આદિનાથ સ્તોત્ર છે અને આ ગ્રંથનો પ્રારંભ ભક્તામરપ્રણતમૌલિ ઈત્યાદિ શબ્દોથી કરેલ છે, એટલે એનું બીજું નામ ભક્તામર કહેવામાં આવે છે, આ સ્તોત્રનો પરિચય આપવાની કોઈ આવશ્યકતા જ નથી. કારણ કે, જૈન સમાજના શ્વેતામ્બર તેમજ દિગમ્બર પરંપરામાં ભાગ્યે જ કોઈ એવી વ્યક્તિ હશે કે જે ભક્તામરને ન જાણતી હોય.

આ સ્તોત્ર બહુ જ સુંદર અને હૃદયતલસ્પર્શી શબ્દસમૂહથી રચવામાં આવ્યું છે, એના શબ્દે શબ્દમાં ભક્તિરસનો સ્રોત વહે છે. જૈન સમાજમાં આની જે પ્રતિષ્ઠા છે તે તો છે જ પરંતુ અન્ય સમાજના સહૃદય વિદ્વાન જોવા પામે છે ત્યારે તેઓ પણ આની સુંદરતા પર મુગ્ધ થઈ કવિની પ્રશંસા કરવા લાગી જાય છે. જૈન સમાજમાં ભક્તામર સ્તોત્ર મંત્ર શાસ્ત્રના નામથી પણ પ્રખ્યાત છે. એના દરેક શ્લોકમાં બહુજ ખૂબી પૂર્વક મંત્રોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

આ સ્તોત્રના મહિમાનું આચાર્યશ્રીએ સ્વયં વર્ણન કર્યું છે તો પણ તેનું થોડું દિગ્દર્શન ઉચિત સમજીને અહિયાં કરવામાં આવે છે. વૃદ્ધ પરંપરા દ્વારા સાંભળવામાં આવે છે કે, ધારાનગરીના અધિપતિ રાજા ભોજને ત્યાં કાદમ્બરી ગ્રંથના કર્તા કવિ બાણભટ્ટ તથા તેમનાં સસરા મયૂર ભટ્ટજી રહેતા હતા. આ બંને કવિઓ પાસે મંત્રસિદ્ધિનો અધિક ચમત્કાર હતો. એક દિવસ સભામાં રાજા ભોજે કહ્યું કે, અમારા ધર્મમાં અધિક સિદ્ધિ છે. તે જ સભામાં જૈન ધર્માનુયાયી એક શ્રાવક બોલ્યા કે અમારા ધર્મમાં પણ સિદ્ધિને પ્રાપ્ત કરનાર એવા મહાપુરુષ છે કે, જે આપને સંતોષ આપી શકે છે. હાલમાં આજ નગરમાં માનતુંગાચાર્ય બિરાજમાન છે.

આ સાંભળીને રાજા ભોજે માનતુંગાચાર્યજીને બોલાવ્યા અને સિદ્ધિ જોવા માટે આચાર્યશ્રીની અનુમતિથી લોઢાની સાંકળોથી શરીરને જકડીને કેદખાનામાં બંધ કરી તાળાઓ લગાવી દીધાં પછી આચાર્યશ્રી ભક્તામરનો એક એક શ્લોક બનાવતા ગયા તે જ ક્રમે એક-એક તાળાં તૂટતાં તૂટતાં બારણાં ખુલતાં ગયાં. અંતિમ

શ્લોકે લોઢાની સાંકળ શરીરથી છૂટી નીચે પડી ગઈ, અને આચાર્ય શ્રી રાજાની સામે આવી ઊભા થઈ ગયા. આ પ્રમાણેનો ચમત્કાર જોઈ રાજા સંતુષ્ટ થયા. આ સ્તોત્રનો કેવળ મૂળપાઠ વાંચવાથી મનુષ્યનાં અત્યંત કઠિનમાં કઠિન કામ સિદ્ધ થઈ જાય છે. મોટી મોટી ભયંકર આપત્તિઓમાંથી છૂટી જાય છે. માટે સર્વ ધર્મપ્રેમી સજ્જનો પ્રતિદિવસ આ સ્તોત્રનો પાઠ કરે છે અને ધાર્મિક પરીક્ષામાં આજ દૃષ્ટિથી ભક્તામર સ્તોત્રને રાખ્યું છે. કારણ અરિહંત સિદ્ધ ભગવાનનાં ગુણગાન કરવાથી ઉત્કૃષ્ટ ભાવનાના કારણે તન્મય તદાકાર થવાથી તીર્થંકર ગોત્ર પણ બાંધી શકે છે માટે આશા છે કે જીજ્ઞાસુ વર્ગ આનો લાભ લઈ આત્મકલ્યાણ કરે.

श्री वीतरागाय नमः ।

श्री सन्मानतुंगाचार्य विरचित

## શ્રી આદિનાથ (ભક્તામર) સ્તોત્ર

(પ્રાણી માટે) ભક્તદેવોના મુગટોમાં (ઝગમગતા) મણીઓની કાંતિમાં વધારે પ્રકાશ ઉમેરનાર, પાપરૂપ અંધકારના સમૂહનો નાશ કરનાર, સંસાર સમુદ્રમાં ડૂબતાં લોકોને યુગની શરૂઆતમાં ટેકારૂપ જિનેશ્વરપ્રભુનાં બે ચરણોને બરાબર શ્રદ્ધા પૂર્વક પ્રણામ કરીને પહેલાં તે તીર્થંકર પરમાત્મા (શ્રી આદિનાથ પ્રભુ) ની હું પણ સ્તુતિ કરીશ, કે - જે (પરમાત્મા)ની સકળશાસ્ત્રોના તત્ત્વબોધથી ઉત્પન્ન થયેલી બુદ્ધિથી ચતુર દેવેન્દ્રોએ ત્રણ જગતને ગમી જાય છે તેવા ઉદાર આશયવાળા સ્તોત્રોએ સ્તુતિ કરી છે. ૧-૨

### સ્તુતિ કરવામાં મારી અશક્તિ

દેવોએ કે વિદ્વાનોએ સેવાએલા ચરણ મૂકવાના આસનવાળા ! હે પ્રભો ! બુદ્ધિ વગરનો છતાં બેશરમ હું (આપની) સ્તુતિ કરવા ઈચ્છું છું. ખરેખર ! નાનાં બચ્ચાં વિના પાણીમાં પડતું ચંદ્રનું પ્રતિબિંબ એકદમ પકડવાને બીજો કયો માણસ ઈચ્છે ! ૩.

## આપના અગાધ ગુણો વર્ણવાની કોઈનીય શક્તિ નથી

બુદ્ધિ વડે બૃહસ્પતિ જેવો છતાં પણ, ચંદ્ર જેવા ચમકતા આપના ગુણોનું વર્ણન કરવાને હે ગુણસાગર પ્રભો! કોણ સમર્થ છે? કલ્પાન્તકાળના પવનથી ઉછાળા મારતા મગરમચ્છોના ટોળાવાળા સમુદ્રને બે હાથથી કોણ તરી શકે છે? ૪.

## માત્ર ભક્તિને લીધે જ હું તૈયાર થઈ શક્યો છું.

તો પણ તેવોય હું શક્તિ વગરનો છતાં હે મુનિઓના સ્વામી! તમારા ઉપરની ભક્તિને લીધે જ સ્તુતિ કરવા તૈયાર થઈ શક્યો છું. પ્રીતિથી પોતાના બાલકના રક્ષણ માટે પોતાની શક્તિનો વિચાર કર્યા વિના જ સિંહની સામે શું હરિણી હુમલો નથી લઈ જતી? ૫.

## મારામાં બોલવાની શક્તિ પણ આપના પ્રભાવે જ આવી છે

જ્ઞાનીઓની મશ્કરીને પાત્ર અને થોડા જ્ઞાનવાળા મને તમારા ઉપરની ભક્તિ જ બોલાવે છે. ચૈત્ર મહિનામાં કોયલ જે મીઠા ટહૂકા કરે છે, તે ખરેખર સુંદર આંબાના ઘણા મહોરને લીધે જ હોય છે. ૬.

## આપની સ્તુતિનો પ્રભાવ

ભમરા જેવું કાળું આખા વિશ્વમાં ફેલાઈ ચૂકેલું છતાં બંધુયે રાત્રિનું અંધારું જેમ સૂર્યના કિરણોથી ભૂક્કો થઈ જઈ એકદમ નાશ પામે છે, તેમ તમારી સ્તુતિથી અનેક જન્મોની પરંપરાથી બંધાયેલું પ્રાણીઓનું પાપ ક્ષણવારમાં નાશ પામી જાય છે. ૭.

## એ બધું વિચારીને પણ આપની સ્તુતિ કરી રહ્યો છું

એમ વિચારીને, હે નાથ! થોડી બુદ્ધિનો છતાં પણ હું આપની આ સ્તુતિ આપના પ્રભાવથી જ શરૂ કરું છું તે સજ્જનોને ગમશે જ. કમળના પાંદડા ઉપર પડેલું (કમળના પ્રભાવથી) મોતી જેવું ચમકતું પાણીનું ટીપું ગમે છે ને? ૮.

## સ્તુતિ બદલે આપનું નામસ્મરણ પણ પાપનો નાશ કરે છે

તમારી તદ્દન નિર્દોષ સ્તુતિ તો દૂર રહો, પરંતુ તમારું નામ પણ જગતનું પાપ નાશ કરે છે. સૂર્ય તો દૂર રહ્યો, પરંતુ તેની પ્રભા યે પદ્મોના સમૂહને વિકસિત કરે જ છે. ૯.

## આપના ગુણોની સ્તુતિથી આપના જેવા થવાય છે

વિશ્વના શણગારરૂપ હે નાથ ! આપના સાચા ગુણો દ્વારા આપની સ્તુતિ કરનારા જગતમાં આપના જેવા થાય છે, તેમાં કાંઈ પણ આશ્ચર્ય નથી. અથવા, આ દુનિયામાં જ આશ્રયે રહેલાને સાધનો વડે જ પોતાના જેવો ન બનાવે, અરે ! તે સ્વામી શું કામનો ? ૧૦.

## આપનું દર્શન કર્યા પછી બીજું કંઈપણ જોવાનું મન થતું જ નથી

એકી નજરે દર્શન કરવા લાયક આપને જોયા પછી માણસની આંખ બીજે ક્યાંય સંતોષ પામતી જ નથી.

ચંદ્રના કિરણ જેવી કાન્તિવાળા ક્ષીર સમુદ્રનું પાણી પીધા પછી, દરિયાનું ખારું પાણી પીવાની ઈચ્છા (જ) કોણ કરે ? ૧૧.

## આપની અપૂર્વ શાન્તિનું કારણ

હે ત્રણ ભુવનના અપૂર્વ શણગાર સમાન પ્રભો શાન્તરસથી ચમકતા જે પરમાણુઓ વડે તમારી રચના થઈ છે. તે પરમાણુઓ પણ જગતમાં તેટલાં જ છે, કેમકે તમારા જેવું (પૃથ્વીમાં) બીજું રૂપ નથી જ. ૧૨.

## ચંદ્ર કરતાં યે આપના મુખની શોભા અવર્ણનીય છે

ત્રણેય જગતના દરેક દરેક ઉપમાઓને જીતી લેનારું અને દેવો, મનુષ્યો તથા નાગલોકોની આંખોને ગમેલું આપનું મોં ક્યાં ? અને ડાઘાથી મેલું જણાતું ચંદ્રનું બિંબ ક્યાં ? કેમકે દિવસે તે ખાખરાનાં પાંદડાં જેવું (ફીક્કું) હોય છે.૧૩.

## આપ સર્વોત્તમ ગુણી છો

સંપૂર્ણ ગોળ ખીલેલા ચંદ્રની સર્વ કળાઓ જેવા સ્વચ્છ તમારા ગુણો ત્રણ ભુવનનેય ટપી જાય છે, જેઓ ત્રણ જગતના એક જ નાથને ઓથે રહ્યા હોય, તેને મનમાં ફાવે તેમ ફરતાં કોણ રોકી શકે છે ? ૧૪.

## આપના મનની અડગતા મેરૂ જેવી છે

અપ્સરાઓને જો તમારા ચિત્તને જરા પણ વિકારને રસ્તે ન લઈ જઈ શકી, તો એમાં શું આશ્ચર્ય છે ? પહાડોને કંપાવતા પ્રલયકાળના પવન વડે પણ શું કોઈ દિવસ મેરૂનું શિખર ડોલ્યું છે ? ૧૫.

## આપ નવી જ જાતના દીવા છો

ધુમાડા અને દીવેટ વગરના તેલ પૂર્યા વગરના અને જગત આખામાં પ્રકાશ કરતા, હે નાથ ! તમે કોઈ જુદી જ જાતના દીવા છો. આ ત્રણ જગત આખાયે બતાવી આપો છો, છતાં પહારો, કંપાવનારાયે પવનના ઝપાટામાં કોઈ પણ દિવસ આવતા નથી. ૧૬.

## આપ નવા જ જાતના સૂર્ય છો

કોઈ દિવસ અસ્ત પામતા નથી, રાહુ પકડી શકતો નથી. એકી સાથે એકદમ જોઈ શકાય તેવી રીતે ત્રણે જગતને બતાવી આપો છો. વાદળાંની વચ્ચે આવી જઈને આપનો પ્રભાવ રોકાતો નથી, માટે હે મુનિઓના સ્વામી ! સૂર્ય કરતાં યે તમે લોકમાં ચડિયાતા પ્રભાવવાળા છો. ૧૭.

## આપ નવી જ જાતના ચંદ્ર છો

હંમેશા ઊગતું મોહરૂપી મહા અંધકારને નાશ કરી ચુકેલું રાહુના મોમાં ન સમાતું, વાદળોથી ન ઘેરાતું, અત્યંત તેજથી દીપતું અને જગતમાં ઉદ્યોત કરતું જુદી જ જાતના ચંદ્રના બિંબ જેવું તમારું મુખકમળ શોભી ઊઠે છે. ૧૮.

## આપના દર્શનથી જ પાપ અને અજ્ઞાન નાશ પામે છે

હે નાથ ! જો તમારા મુખ રૂપ ચંદ્રથી અંધકાર હઠી જાય છે, તો પછી રાત્રિમાં ચંદ્રનું શું કામ છે ? અને દિવસે સૂર્યનું શું કામ છે ? દુનિયામાં પાકેલા ચોખાથી લચી પડતા વનો હોય તો પાણીના ભારથી નીચે ઉતરી આવતા વરસાદની જરૂર જ શી છે ? ૧૯.

## તમે જ સર્વજ્ઞ છો

જ્ઞાન તમારામાં સ્થાન મેળવીને જેવું શોભે છે, તેવું વિષ્ણુ અને શંકર વગેરે અગ્રેસર દેવોમાં યે શોભતું નથી. ચમકતું તેજ રત્નોમાં જેટલી રીતે મહત્ત્વ પામે છે. પરંતુ તેટલી રીતે કિરણોથી ચળકતા કાચના ટુકડા પામતું જ નથી. ૨૦.

## હરિહરાદિકને જોવાથી અને આપનું દર્શન કરવાથી લાભ

હું માનું છું કે વિષ્ણુ અને મહાદેવ, વગેરેને (મેં) જોઈ લીધા, તે સારું જ થયું, કેમકે તેઓને જોયા ત્યારથી દિલ તમારામાં ચોંટી ગયું છે અને તમનેં આ જગતમાં જોવાથી શું (ફળ) ? જેથી કરીને હે નાથ ! બીજા જન્મોમાં પણ બીજો કોઈ પણ મારું મન ન જ લલચાવી શકે. (એ ફળ છે.) ૨૧.

## તમારી જ જનેતાને ધન્ય છે

સેંકડો સ્ત્રીઓ સેંકડો પુત્રોને જન્મ આપે છે, (પરંતુ) તમારા જેવા પુત્રને જન્મ આપનારી બીજી કોઈ મા નથી જ.

દરેક દિશાઓ નક્ષત્રો ધારણ કરે છે, પરંતુ સ્ફુરાયમાન કિરણોના સમૂહવાળા હજાર કિરણોના સ્વામી સૂર્યને તો માત્ર પૂર્વ દિશામાં જ જન્મ આપે છે. ૨૨.

## શૂરપુરુષ આદિત્યવર્ણ તમસઃ પુરસ્તાત્

## મૃત્યુંજય તરીકે યોગિઓ જેને ઓળખે છે, તે આપ જ છો

મુનિજનો - આપને પરમપુરુષ, અંધકારથી - અજ્ઞાનથી પર સૂર્યના જેવા તેજસ્વી અને નિર્મળ માને છે. આપની જ સેવા મેળવીને મૃત્યુને જીતે છે, કેમકે - હે મુનીન્દ્ર ! (આપ સિવાય) મોક્ષનો કલ્યાણકારી બીજો રસ્તો જ નથી. ૨૩.

## પરબ્રહ્મ અને ઈશ્વરના જે ગુણો અને નામો લેવાય છે, તે બધાં આપને જ લાગુ પડે છે માટે આપ જ ઈશ્વર છો

સંત પુરુષો આપને જ અવ્યય, વિભુ, અચિન્ત્ય, અસંખ્ય, આદ્ય, બ્રહ્મા, ઈશ્વર, અનન્ત, અનંગકેતુ, યોગીશ્વર, યોગના જ્ઞાતા, અનેક એક, જ્ઞાનમય અને નિર્મળ કહે છે. ૨૪.

## બુદ્ધ, શંકર, બ્રહ્મા અને પુરુષોત્તમ-વિષ્ણુ પણ આપ જ છો

વિદ્વાનોએ આપનું બુદ્ધિપૂર્વકનું જ્ઞાન સત્કાર્યું છે, માટે આપ જ બુદ્ધ છો. ત્રણ ભુવનમાં શાંતિ ફેલાવો છે, માટે આપ જ શંકર છો. હે ધીર પુરૂષ ! મોક્ષનો માર્ગ સ્થાપન કરનારા હોવાથી, આપ જ વિધાતા છો અને હે ભગવન્ ! આપ પુરૂષોત્તમ છો, તે તો જગજાહેર જ છે. ૨૫.

## એટલે હવે હું ફક્ત આપને જ નમસ્કાર કરું છું

હે નાથ ! ત્રણ ભુવનના દુઃખનો નાશ કરનારા આપને નમસ્કાર હો. પૃથ્વી પરના નિર્મળ આભૂષણરૂપ આપને નમસ્કાર હો. ત્રણ જગતના પરમેશ્વર આપને નમસ્કાર હો. અને હે જિનેશ્વર પ્રભો ! સંસારરૂપી સમુદ્રને શોષી જનાર આપને નમસ્કાર હો. ૨૬.

## સકળગુણોના ભંડાર અને તદ્દન નિર્દોષ તો આપ જ છો

હે મુનીશ ! મુનિઓના સ્વામી ! બીજે ક્યાંય જગ્યા ન મળવાથી તમામ ગુણોએ આપનો જ આશ્રય લીધો છે. ખરેખર તેમાં શું આશ્ચર્ય છે ? કેમકે જુદાજુદા સ્થાનોમાં ફેલાઈને રહી જવાથી ગર્વિષ્ઠ દોષો આપને સ્વપ્નમાં પણ કદી જોઈ શકયા જ નથી. ૨૭.

## અશોકવૃક્ષ પ્રાતિહાર્ય વડે આપની શોભા

વાદળાંની બાજુમાં રહેલા અંધકારના સમૂહને દૂર કરનાર અને જેનાં કિરણો ચારે તરફ ફેલાયેલ છે તેવા સૂર્યના બિંબ જેવું જ, ઊંચા અશોક વૃક્ષની નીચે રહેલું અને જેનાં કિરણો ઉંચે ફેલાયેલ છે, એવું આપનું નિર્મળ રૂપ શોભે છે. ૨૮.

## સિંહાસન પ્રાતિહાર્ય વડે આપની શોભા

આકાશમાં કિરણોરૂપી વેલડીઓના ચંદ્રવાને ફેલાવતા અને ઉંચા ઉદયાચળ પર્વતના શિખર ઉપર રહેલા સૂર્યના બિમ્બની માફક મણિઓના કિરણોની અણીઓથી વિચિત્ર લાગતા સિંહાસન ઉપર તમારું સોનેરી શરીર શોભે છે. ૨૯.

## ચામર પ્રાતિહાર્ય માટે આપની શોભા

ચંદ્ર જેવી સ્વચ્છ ઝરણાનાં પાણીની ધારાઓ જેમાંથી નીકળે છે, એવા સોનેરી અને ઉંચા મેરૂ પર્વતના શિખર માફક, નિર્મળ ઉછળતા સોનેરી ચામરોથી સારી રીતે શોભતું આપનું સોનેરી શરીર શોભે છે. ૩૦.

## ત્રણ-છત્ર પ્રાતિહાર્ય વડે આપની શોભા

સૂર્યનાં કિરણોનો પ્રતાપ રોકતાં ચંદ્ર જેવા મનોહર ઘણા મોતીઓની જાળથી ખૂબ શોભી ઉઠેલા અને (આપનું) ત્રણ ભુવનના સ્વામીપણું જાહેરાત કરતાં ઉંચે રહેલાં ત્રણ છત્રો ખૂબ શોભે છે. ૩૧.

ઉંચા અને ગંભીર શબ્દોથી દશે દિશાઓને પૂરિત કરનારાં, ત્રિલોકના લોકોના શુભ સમાગમની વિભૂતિને દેનારા જે દુંદુભી વાગે છે તે આપના ધર્મ રાજ્યની જયઘોષણા પ્રકટ કરે છે અને આકાશમાં આપના યશને જ પ્રકટ કરી રહે છે. ૩૨.

સુગંધ જળના બિન્દુઓથી શુભ અને મંદ પવનથી મંદાર સુંદર, નમેરું, સારાં પારિજાત અને સંતાનકાદિ વૃક્ષોના પુષ્પોની જે શ્રેષ્ઠ-વૃષ્ટિ આકાશમાં પડે છે તે જાણે કે આપના વચનોની દિવ્ય પંક્તિ પ્રસરી રહેતી હોય નહીં ? ૩૩.

હે વિભુ ! તમારા શોભાયમાન પ્રભામંડળની અભાતિશય પ, ત્રણ જગતના દ્યુતિમાન પદાર્થોની દ્યુતિનો તિરસ્કાર કરે છે અને પ્રકાશમાન સૂર્યની સમાન તેજસ્વી હોવા છતાં પણ ચન્દ્રમા સમાન શીતળ પ્રભા વડે રાત્રિને જીતે છે. ૩૪.

સ્વર્ગ અને મોક્ષનો માર્ગ બતાવવામાં ઈષ્ટ મિત્ર, સદ્ધર્મ અને વસ્તુનું સ્વરૂપ કહેવામાં ત્રણ લોકમાં એક જ ચતુર અને નિર્મળ અર્થ અને સમસ્ત ભાષા સ્વભાવ પરિણામાદિ ગુણોથી યુક્ત આપની દિવ્ય ધ્વનિ થાય છે. ૩૫.

## દેવો આપના ચરણ નીચે કમળ ધરે છે

હે જિનેન્દ્ર પ્રભુ ! ખીલેલાં સોનેરી તાજા કમળ જેવી કાન્તિવાળા ચમકતા નખના કિરણોની અણીઓથી શોભી ઊઠેલા આપનાં બે ચરણો જ્યાં પગલાં માંડે છે, ત્યાં દેવો કમળો ધરી જ દે છે. ૩૬.

## આવી આપના જેવી વિભૂતિ બીજાને છે જ નહીં

આ રીતે હે જિનેન્દ્ર દેવ ! ધર્મોપદેશ આપવામાં તમારી જે વિભૂત હોય છે, તેવી બીજાની હોતી જ નથી.

અંધકારનો નાશ કરવામાં સૂર્યની કાન્તિ જેવી ચમકતી હોવા છતાં ગ્રહોની કાન્તિ શી રીતે હોઈ શકે ? ૩૭.

## આપના ભક્તોને હાથીનો ભય રહેતો નથી

તમારા શરણાગતોને ટપકતા મદથી ખરડાયેલા ચપળ, લમણાનાં મૂળમાં ગાંડાતુર બનીને ઘુમતા ભમરાઓના ઘોંઘાટથી વધુને વધુ ખીજાયેલા ઐરાવત હાથી જેવા સામે આવતા ઉદ્ધત હાથીને પણ જોઈને લગાલેય બીક લાગતી જ નથી.

૩૮.

## આપના ભક્તોને સિંહનો ભય હોતો નથી

અહીં નાથેલા હાથીના કુંભસ્થળમાંથી નિકળતા ચોકખા લોહીથી ખરડાયેલા મોતીઓના ઢગલાથી જમીન શણગારનારો ફાળો ભરતો સિંહ પંજામાં આવેલ છતાં તમારા ચરણરૂપ અડગ પર્વત ઓથે રહેલા ઉપર હુમલો કરી જ શકતો નથી.

૩૯.

## આપના ભક્તને અગ્નિનો ભય હોતો નથી

આપના નામનું કીર્તનરૂપી પાણી કલ્પાન્તકાળ (દુનિયાનો વિનાશક) ના પવનના સપાટાથી ઉદ્ધથ થઈ ગયેલા અગ્નિ જેવા અનેક કણિઓને ઉછળતા ઝગમગ સળગતા કેમ જાણે આખી દુનિયાને ખાવા મથતા સામે ઘસ્યે આવતા હોય, તેવા તમામ દાવાનળને ઠારી નાંખે છે. ૪૦.

## આપના ભક્તને સાપનો ભય હોતો નથી

જે પુરૂષના મનમાં આપના નામરૂપી નાગદમની (વિદ્યા) હોય, તે પુરૂષ લાલ આંખોવાળા મદથી ભરેલા કોયલના ગળા જેવા કાળા ક્રોધથી ઉદ્ધત થયેલ અને ફેણ માંડીને સામે દોડ્યા આવતા સાપને નિર્ભય થઈને બન્નેય પગથી ઠોકર મારી શકે છે. ૪૧.

## આપના ભક્તને લડાઈનો ભય હોતો નથી

જેમ ઉગતા સૂર્યના કિરણોની અણીઓથી વિંધાઈને અંધકાર જલ્દી નાશ પામે છે, તેમ આપની સ્તુતિથી રણસંગ્રામમાં બળવાન રાજાઓનું પણ ઉછળતા ઘોડા અને હાથીના ગર્જારવથી ભયંકર ગાજતું લશ્કર જલ્દી નાશ પામે છે. ૪૨.

## આપના ભક્તને વિજય જ મળે છે

ભાલાઓની અણીઓ ઘોંચવાથી ચીરાઈ પડેલા હાથીના લોહીરૂપી પાણીના પૂરના વેગમાં ઉતરીને, તે તરી જવાને તૈયાર થયેલા યોદ્ધાઓથી ભયંકર બનેલી લડાઈમાં ન જીતી શકાય તેવા શત્રુઓને જીતી લઈને પણ તમારા ચરણ કમળના વનમાં છુપાયેલાઓ જીત જ મેળવે છે. ૪૩.

## આપના ભક્તોને દરિયામાં પણ ભય લાગતો નથી

ભયંકર મગરમચ્છોનાં ટોળાં તથા પાઠીન અને પીઠ નામના માછલાંવાળા અને ભયંકર આકરા વડવાનળ અગ્નિવાળા તથા ખળભળેલા સમુદ્રમાં ઉછળતા કલ્લોના શિખરે ચડી જતા વહાણવાળાયે લોકો આપના સ્મરણથી (કોઈપણ પ્રકારના) ત્રાસ વિના ચાલ્યા જાય છે. ૪૪.

## આપના ભક્તોને રોગ હેરાન કરી શકતા નથી

પ્રગટેલા ભયંકર જલોદર રોગના ભારથી વળી ગયેલા દયા ઉપજે એવી દશાને પામેલા જીવવાની આશા વગરના લોકો આપના ચરણ કમળની ધૂળરૂપી અમૃતથી લેપાયેલા શરીરવાળા થાય છે, ત્યારે કામદેવ જેવા રૂપાળા થઈ જાય છે. ૪૫.

### આપના ભક્તોના કેદખાનાનાં બંધનો જલ્દી તૂટી જાય છે

આપના નામરૂપ મંત્રનો જ રાત દિવસ જાપ જપતાં મનુષ્યો, પગથી માંડીને ગળા સુધી મોટી સાંકળથી આખે શરીરે મજબૂત વીંટાયેલા હોય અને તેઓની જાંઘ મોટી હેડને કાંઠે ઘસાતી હોય છતાં તરત જ પોતાની મેળે બંધીખાનાની બીકથી છૂટા થઈ જાય છે. ૪૬.

### આ સ્તોત્રથી આપની બરાબર સ્તુતિ કરનારને
### કોઈપણ જાતનો ભય રહેતો નથી

જે બુદ્ધિશાળી આપનું આ સ્તવન ભણે છે, તેના મદોન્મત્ત હાથી, સિંહ, દાવાનળ, સર્પ, લડાઈ, સમુદ્ર, મોટું પેટ થવાનો જલંદર રોગ અને બંધીખાના તરફથી આવેલા ભયો કેમ જાણે ભય પામ્યા હોય તેમ એકદમ નાશ પામી જાય છે. ૪૭.

### આ સ્તુતિથી આખર મોક્ષ લક્ષ્મી પ્રાપ્ત થાય છે

હે જિનેશ્વર દેવ! સુંદર અક્ષરોરૂપી રંગીત વિચિત્ર ફૂલોએ કરીને ભક્તિપૂર્વક મેં આપના ગુણોરૂપી દોરાથી ગૂંથેલી સ્તુતિરૂપ નાળાને આ લોકમાં જે માણસ કાયમ પોતાના ગળામાં પહેરી રાખે છે - યાદ કરે છે તે માન - સન્માન વડે ઉન્નતિ પામેલા પુરૂષને (માનતુંગસૂરિને) પોતાની મેળે લક્ષ્મી પ્રાપ્ત થાય છે. ૪૮.

॥ ઈતિ ભક્તામર સ્તોત્ર સમ્પૂર્ણ ॥

## ભક્તામર સ્તોત્ર એટલે

★ આરાધકની આધિ, વ્યાધિ અને ઉપાધિ દૂર કરતું એક ઔષધ.

★ પરમ ઉપકારી અને કલ્યાણકારી શ્લોકો - મંત્રો

★ ભક્તોને અમરત્વ આપતું એક ભક્તામર સ્તોત્ર.

## પરમેષ્ઠિનમસ્કારરૂપ મંગલસ્મરણ

ચારિત્રેષુ યશાખ્યાતં, જયેષુ કર્મણાં જયઃ ।
પરમેષ્ઠિનમસ્કારસ્તથા મંત્રેષુ વિદ્યતે ॥૧॥

ગોત્રેષુ તીર્થકૃદગોત્રં, યથા ગન્ધેષુ ચન્દનમ્ ।
પરમેષ્ઠિનમસ્કારસ્તથા મંત્રેષુ વિદ્યતે ॥૨॥

એષ પંચનમસ્કારઃ સર્વપાપપ્રણાશનઃ ।
મંગલાનાં ચ સર્વેષાં, પ્રથમં ભવતિ મંગલમ્ ॥૩॥

યશઃ કીર્તિ બલં લક્ષ્મીં, વિવિધં ચ મહોત્સવમ્ ।
નવં નવં પ્રમોદં ચ, લભતે નાત્ર સંશયઃ ॥૪॥

નવલક્ષજપાદસ્ય, ષટ્ષષ્ટિલક્ષયોનિકાઃ ।
ક્ષપયેન્માનવઃ શુદ્ધ-સ્તતો યાતિ પરાંગતિમ્ ॥૫॥

અષ્ટકોટયષ્ટલક્ષાણિ, સહસ્રાષ્ટકમેવ ચ ।
અષ્ટોત્તરં ચાષ્ટશતં, જપિત્વા તીર્થકૃદ્ ભવેત્ ॥૬॥

એતત્ સંસ્મૃત્ય ભાવેન, યત્ર યત્રૈવ ગચ્છતિ ।
તત્ર તત્ર ભવેત્ સિદ્ધિઃ, સર્વાભીષ્ટપ્રદાયિની ॥૭॥

ઈતિ પ્રથમં પરમેષ્ઠિનમસ્કારરૂપં મંગલસ્મરણં સંપૂર્ણમ્ ॥



## શ્રી વર્દ્ધમાન ભક્તામર સ્તોત્ર રૂપં

## द्वितीयमानन्दस्मरणम्

(वसन्ततिलकावृत्तम्)

શ્રી ઋષભદેવ ભગવાનનું ગુણસ્તોત્ર શ્રી માનતુંગજી આચાર્યે રચ્યું, શ્રી પાર્શ્વનાથ પ્રભુના ગુણનું સ્તોત્ર શ્રી સિધ્ધસેન આચાર્યે બનાવ્યું. તે પછી આવા ભક્તિભાવ ઉત્પન્ન કરનાર ચમત્કારિક સ્તોત્રની ખામી જૈન સમાજમાં હતી, તે ખામી પૂજ્ય શ્રી ઘાસીલાલજી મહારાજ સાહેબે શ્રી વીર વર્ધમાન પ્રભુની સ્તુતિનું આ સ્તોત્ર બનાવી પુરી પાડી છે. આ કાવ્ય અલૌકિક છે, ચમત્કારિક છે, ધર્મમાં જીવને પ્રેરે છે આ સ્તોત્ર શ્રી મહાવીર પ્રભુના ગુણગ્રામરૂપ છે અને ધર્મ પ્રત્યે ભાવ ઉત્પન્ન કરી આનંદ આપનાર સ્તોત્ર છે. આ સ્તોત્રના માધ્યમથી જે માણસ ભક્તિ કરવા તૈયાર થાય તેના દિલમાં ભક્તિભાવ જાગ્રત થાય છે અને અજ્ઞાન દૂર થાય છે. પ્રભુ હિંસક અને અહિંસક, ધર્મી અને અધર્મી, ક્રોધી અને પ્રેમી એ સર્વને સમાન ગણે છે. પ્રભુનું નામ લઈ જે કોઈ તેને નમસ્કાર કરે, તે સુખ, સંપત્તિ અને સિધ્ધિને પામે છે. મોક્ષ ધામમાં સિધાવે છે. પ્રભુની વાણી સાંભળવાથી મિથ્યાત્વ દોષ રદ થાય છે. પ્રભુની દેશનાથી પ્રાપ્ત થતાં ક્રિયા અને જ્ઞાનથી જીવ સંસાર-ભ્રમણને જીતે છે, અમર પદને પ્રાપ્ત કરે છે, ઉન્માર્ગમાંથી સત્ માર્ગમાં આવે છે. પ્રભુની ભક્તિ કરતાં તેમજ તેમના ગુણનું સ્મરણ કરતાં પ્રાણી સુખ પામે છે, આનંદ મેળવે છે, પ્રભુની ભક્તિ કરનારની પાસે હિંસા આદિ દોષો આવી શકતા નથી, દુઃખોનો નાશ થાય છે, શાંતિ થાય છે અને આ વિષમ પંચમ કાળમાં આત્મશુધ્ધિ મળે છે. પ્રભુની વાણી અમૃતમય છે અને તે રિધ્ધિ-સિધ્ધિ, શાંતિ આપનારી ઉજ્જવળ છે, કર્મ અને મોહરૂપી અંધકારનો નાશ કરનાર છે. પરમ પ્રભુની સ્તુતિ કરવાથી રાક્ષસ-પિશાચના ઉપસર્ગો, કષ્ટજનોની મૂઠ, અગ્નિ, શત્રુ અને ચોર-લૂંટારાનો ભય નાશ પામે છે. દારિદ્રય નષ્ટ થાય છે, શરીરની આધિ-વ્યાધિ મટે છે.

(૧)

ભક્તામર-પ્રવર-મૌલિ-મણિ-વ્રજેષુ,
જ્યોતિઃપ્રભૂત-સલિલેષુ સરોવરેષુ।
ચેતોલિ-મંજુ-વિકસત્કમલાયમાનં,
શ્રી-વર્દ્ધમાન-ચરણં શરણં વ્રજામિ ॥

જે ભક્તિવશ નત સુરશિરોમણિવૃન્દ સર મનરમ્ય છે,
તેમાં વિવિધમણિ જ્યોતિરૂપી જલ સદા સુખગમ્ય છે.
તે સરવિરાજિત ચરણ-પંકજ મનભ્રમરનું હરણ છે.
શ્રી વર્દ્ધમાન જિનેશના તે ચરણપંકજ શરણ છે.

(૧)

ભક્તિના ઉત્કર્ષ ભાવથી નમસ્કાર કરવા લચી પડેલા દેવોના મસ્તકોના મુગટમણિઓ, તેજ જાણે સરોવરો છે, તેમાં જ્યોતિરૂપ જલ ભરેલું છે. તેમાં પ્રભુનાં ચરણ પંચવર્ણી કમળવન સમાન શોભે છે અને ભવ્ય જીવોના મનરૂપી ભ્રમરોને આકર્ષે છે. તેવા શ્રી મહાવીર સ્વામીના ચરણોનું શરણ હું ગ્રહું છું.

(૨)

આનન્દ-નન્દન-વનં સવનં-સુખાનાં,
સદ્ભાવનં શિવ-પદસ્ય પરં નિદાનમ્।
સંસાર-પાર-કરણં કરણં ગુણાનાં,
નાથ ! ત્વદીય-ચરણં શરણં પ્રપદ્યે ॥

આનંદ નંદનવન મનોહર સુખજનક છે હે વિભો !
જે મુક્તિદાયક ચરણયુગ સદ્ભાવ-કારણ છે, પ્રભો !
સંસારસાગરતરણિ સમ્યગ્-જ્ઞાન ગુણની ખાણ છે,
હે નાથ ! સુંદર ચરણ તારા શરણ શુદ્ધ નિદાન છે.

(૨)

હે નાથ ! આપનાં ચરણો આનંદનું નંદન-વન છે. સદ્ભાવ ઉત્પન્ન કરનાર અને મોક્ષ પદ આપનાર છે, સંસારસાગર તારનાર સમ્યક્ જ્ઞાનાદિ અનેક ગુણોનો ભંડાર છે એવા હે નાથ ! આપના ચરણનું હું શરણ લઉં છું.

(૩)

સિદ્ધૌષધં સકલ - સિદ્ધિ-પદં સમૃદ્ધં,
શુદ્ધં વિશુદ્ધ-સુખદં ચ ગુણૈઃ, સમિદ્ધમ્ ।
જ્ઞાનપ્રદં શરણદં વિગતા-ધ-વૃન્દં,
ધ્યાનાસ્પદં શિવપદં શિવદં પ્રણૌમિ ॥

જે કર્મરૂપી રોગ માટે ઔષધી સુલલામ છે,
જે પૂર્ણ વિકસિત આત્મગુણથી સર્વથા અભરામ છે.
જે જ્ઞાનપ્રેરક અભયદાયક શાન્તિના વરધામ છે,
તે વીરભૂષણ ચરણયુગને વાર-વાર પ્રણામ છે.

(૩)

હે પ્રભુ ! આપનાં ચરણો, કર્મરૂપી રોગ માટે સિદ્ધ ઔષધ છે. શુદ્ધ, અવ્યાબાધ સુખનાં આપનાર છે. મૃદુલાદિ શુભ લક્ષણોથી યુક્ત છે. જ્ઞાનનો પ્રકાશ કરનાર, અભયના દેનાર શાંતિનાં ધામ છે. એવા ધ્યાનના આધારભૂત આપનાં ચરણને હું વારંવારં પ્રણામ કરું છું.!!!

(૪)

બાલો વિવેક-વિકલો નિજ-બાલ-ભાવા
દાકાશ-માન-મપિ કર્તુમિવ પ્રવૃત્તઃ ।
જ્ઞાના-ઘનન્ત-ગુણ વર્ણન કર્તુ-કામઃ,
કામં ભવામિ કરણાકર ! તે પુરસ્તાત્ ॥

બાલક વિવેકહીન જ્યમ્, નિજ બાલ ભાવે રાચતું,
આકાશને માપી લઉં ઈમ વિકલ થઈ એ ભાવતું,
એમજ પ્રભો ! તવ જ્ઞાન આદિ અનંત ગુણના ગાનમાં,
ઉદ્યત થયો છું ધૃષ્ટતાવશ તો મને કરજે ક્ષમા.

(૪)

જેમ બાળક બાલભાવે કૂદતું વિવેક વિના આકાશને માપી લેવા તૈયાર થાય છે, તેમ આપની આગળ આપના જ્ઞાનાદિ અનંત ગુણોનું ગાન કરવા હું તત્પર થયો છું તો મને ક્ષમા કરજો, પ્રભુ !

(૫)

સ્પર્શો મણિર્નયતિચેન્નિજ-સંનિધાનાત્,
લોહંહિરણ્ય-પદવી-મિતિ નાત્ર ચિત્રમ્ ।
કિન્તુ ત્વદીય-મનુચિન્તન-મેવ દૂરાત્,
સામ્યં તનોતિ તવ સિદ્ધિપદે સ્થિતસ્ય ॥

પારસમણીના સ્પર્શથી જડ લોહ પણ કંચન બને,
આ વાતનું આશ્ચર્ય શું ? આવું સદા નિશ્ચે બને.
આશ્ચર્ય તો છે આપનું આ ધ્યાન ગુણની ખાણ છે,
નર દૂરથી પણ ધ્યાન ધરતા થાય આપ સમાન છે.

(૫)

પારસમણિના સ્પર્શથી લોખંડ સોનુ બને છે તેમાં આશ્ચર્ય નથી. પણ આપ ઘણે દૂર છો છતાં આપનું ધ્યાન ધરવા માત્રથી જીવ આપસમાન બને છે તે ખરેખર આશ્ચર્ય છે.

(૬)

કુન્દેન્દુ-હાર-રમણીય-ગુણાન્ જિનેન્દ્ર !,
વક્તું ન પારયતિ કોપિ કદાપિ લોકે ।
કઃસ્યાત્ સમસ્ત-ભુવનસ્થિત-જીવ-રાશે-
ર્રે કૈક-જીવ-ગણના-કરણે સમર્થઃ ? ॥

કુન્દેન્દુ-મુક્તાહારસમ તુજ ધવલ ગુણગણની કથા,
હે નાથ ! કોણ સમર્થ જગમાં કહી શકે જે સર્વથા ?
છે કોણ એવો જગતમાં જે જીવરાશિ ગણી શકે ?
છદ્મસ્થ જનની શી દશા ? ભગવાન પણ ન કહી શકે.

(૬)

હે પ્રભુ ! જેમ સમસ્ત લોકના અનંત જીવ રાશિની એક એક જીવ કરીને સંખ્યાની ગણત્રી કરવા કોઈ શક્તિમાન નથી, તેમ આપના કુન્દ પુષ્પ, ચન્દ્ર અને મોતી સમાન નિર્મળ ગુણોનું વર્ણન કરવા કોઈ સમર્થ નથી.

(૭)

શકત્યા વિનાપિ મુનિનાથ ! ભવદગુણાનાં,
ગાને સમુદ્યત-મતિર્નહિ લજ્જિતોસ્મિ ॥
માર્ગેણ યેન ગરુડસ્ય ગતિ પ્રસિદ્ધા,
તેનૈવ કિં ન વિહગસ્ય શિશુ-પ્રયાતિ ? ॥

મુનિનાથ ! છું અસમર્થ તો પણ તુજ ગુણોના ગાનમાં,
જેવો થશે તેવો કરીશ હું યત્ન મારી જાણમાં.
જેની શરમ તેમાં મને ? આ વાત તો જગમાંય છે,
જે પંથ ખગપતિ જાય છે ત્યાં શું ન ખગશિશુ જાય છે ?

(૭)

હે મુનીશ્વર ! આપના ગુણોનું વર્ણન કરવા હું શક્તિહીન છું, છતાં ઉદ્યમવંત થાઉં છું તેની શરમ મને નથી. કારણ જે માર્ગે પક્ષીરાજ ગરૂડ ઉડે છે તે માર્ગે પક્ષીનું બચ્ચું શું નથી જતું ? અર્થાત્ - તે પણ એજ માર્ગે ઊડવાનો પ્રયાસ કરે છે.

(૮)

ત્વદ્વાક્-સુધા સુરુચિરેવ વિભો ! બલાન્માં,
વક્તું પ્રવર્ત્તયતિ નાથ ! ભવદગુણાનામ્,
યદ વર્દ્ધતે જલનિધિ-સ્તરલૈ-સ્તરંગૈ-,
સ્તત્રાસ્તિ ચન્દ્ર-કિરણો-દય એવ હેતુઃ ॥

પીયુષસમ તારી પ્રભો ! વાણી મને ખેંચી રહી,
જ્ઞાનાદિ તવ નિર્મળ ગુણોના ગાનમાં પ્રેરી રહી.
ચંચલ તરંગો ઉદધિના વધતા રહે દિન પૂર્ણિમા,
છે હેતુ ચન્દ્રોદય સદા હે નાથ ! તેના ગર્ભમાં !

(૮)

જેમ પૂર્ણિમાને દિવસે ઉગતા ચંદ્રના કિરણોના પ્રભાવથી સમુદ્રના ચંચલ તરંગો ઉછળે છે તેમ, હે પ્રભુ ! આપની અમૃતમયી વાણી પ્રત્યેની સુરુચિજ મને આપના જ્ઞાનાદિ નિર્મળ ગુણોનું વર્ણન કરવા બળથી મને પ્રેરે છે.

(૯)

અજ્ઞાન-મોહ-નિકરં ભગવન્ ! હૃદિસ્થં, .
હર્ત્તું પ્રભુ પ્રવચનં ભવદીયમેવ ।
ગાઢં સ્થિરં ચિરતરં તિમિરં દરીસ્થં,
હર્ત્તું પ્રભુઃ સુરુચિરા રુચિરેવ નાન્યત્ ॥

અજ્ઞાન મોહ સમૂહ જિનવર ! હૃદયમાં જે છે સદા,
તે દૂર કરવા શક્ત છે વાણી તમારી સર્વદા.
ચિર કાલથી ગદ્દર મહીં ઘેરું તિમિર જે વ્યાપ્ત છે,
તે દૂર કરવામાં જિનેશ્વક ! જ્યોતિ અણુ પર્યાપ્ત છે !

(૯)

જેમ લાંબા વખતથી ગુફામાં જામેલ અંધકારને દૂર કરવા પ્રકાશ સિવાય બીજો ઉપાય નથી, તેમ હે ભગવાન ! અનાદિ કાળથી હૃદયમાં રહેલ અજ્ઞાન મોહ-સમૂહના આવરણરૂપી અંધકારને દૂર કરવા માત્ર આપનો પ્રવચનરૂપી પ્રકાશ એ એક જ સમર્થ છે.

(૧૦)

વાક્યં પ્રમાણ-નય-રીતિ-ગુણૈ-ર્વિહીનં,
નિર્ભૂષણં યદપિ બોધિદ ! મામકીનમ્ ।
સ્યાદેવ દેવ-નર-લોક-હિયાત યુષ્મત્-
સંગાદ્ યથા ભવતિ શુક્તિ-ગતો-દબિન્દુઃ ॥

હે તરણતારણ નાથ ! મારું વચન જે ગુણહીન છે,
જે નય-પ્રમાણ-સુરીતિ-ભૂષણ-હીન તેમ મલીન છે.
તે પણ જગતમાં તવ કથાથી રમ્ય કહેવાશે તથા,
જલબિંદુ મોતી છીપયોગે થાય મનહરતુ યથા !

(૧૦)

હે તરણતારણ નાથ ! મારું કથન ગુણના પ્રભાવ આદિથી શૂન્ય છે, છતાં તે કથન દ્વારા આપના અનુપમ નિર્મળ ગુણો ગવાતા હોવાથી જેમ સ્વાતિ નક્ષત્રમાં પાણીનું બિન્દુ છીપમાં પડવાથી મોતી બને છે, તેમ મારું કથન આપના પ્રભાવશાળી

નામ અને ગુણોના સુયોગે આ લોક અને પરલોકમાં દેવ અને મનુષ્યને કલ્યાણનું સાધન થશે.

(૧૧)

આસ્તાં તવ સ્તુતિ-કથા મનસો પ્યગમ્યા,
નામાપિ તે ત્વયિ પરં કુરુતેડનુરાગમ્ ।
જમ્બીર-મસ્તુ ખલુ દૂરતરેડપિ દેવ !
નામાપિ તસ્ય કુરુતે રસનાં રસાલામ્ ॥

હે નાથ ! મનથી પણ અગમ્યા ગુણકથા તવ દૂર છે,
શુભ નામ પણ તારું જગાવે ભક્તિ દિલમાં પૂર છે,
આ વાત જગવિખ્યાત છે લિંબુ પડ્યું અતિ દૂર છે,
પણ નામ તેનું દ્રવિત કરતું જીભને, મશહૂર છે.

(૧૧)

હે પ્રભુ ! જેમ દૂર પડેલ લિંબુ, માત્ર યાદ કરવાથી મોંઢામાં પાણી લાવે છે, અને તેના રસનો સ્વાદ કરાવે છે, તેમ આપના કલ્યાણકારી નામનો જાપ કરનારના હૃદયમાં આપના નામનું ઉચ્ચારણ, આપના અપૂર્વ મહિમાવાન ગુણોની ભક્તિનો ભાવરસ ઉત્પન્ન કરે છે.

(૧૨)

નાના-મણિ-પ્રચુર-કાંચન-રત્ન-રમ્યં,
સ્વીયં પ્રયચ્છતિ પદં જનકઃ સુતાય ।
ત્વદ્-ધ્યાન-મેવ જિનદેવ ! પદં ત્વદીયં,
ભવ્યાય નિત્ય-સુખદં પ્રકટી કરોતિ ॥

ગણિ-રત્નરાશિ અનેકવિધ ધન કનક સંપદ સૌખ્યદા,
આપે પિતા નિજ પુત્રને પણ તે વિનશ્વર સર્વદા.
હે નાથ ! તારું ધ્યાન એક જ ભવ્યજન માટે તથા,
નિજ નિત્ય અનુપમ સુખદપદને પ્રગટ કરતું સર્વથા.

(૧૨)

પિતા પોતાના પુત્રને મણિ, રત્ન, સુવર્ણ વગેરે મૂલ્યવાન ધન-સંપત્તિનો વારસો આપે છે, તે નાશવંત છે. પણ હે જીતેન્દ્ર ભગવાન તેના કરતાં તો ભવ્ય જીવોને આપનું ધ્યાન, નિત્ય સુખદાયી, મોક્ષ પદ આપે છે જે એક માત્ર શાશ્વત છે.

(૧૩)

જ્ઞાના-દ્યનન્ત-ગુણ-ગૌરવપૂર્ણ-સિન્ધું,
બન્ધું ભવન્ત-મપહાય પરં ક ઈચ્છેત્ ? ।
પ્રાજ્યં પ્રલભ્ય ભુવન-ત્રિતયસ્ય રાજ્યં,
કઃ કામયેત કિલ કિંકરતા-મબુદ્ધિઃ ॥

જ્ઞાનાદિ સંખ્યાતીત ગુણગણ-રત્નગૌરવ સિન્ધુ છો,
અશરણ્યના છો શરણ બાંધવહીનના પણ બંધુ છો,
છોડી દયાના સિંધુ તમને કોણ બીજાને ગ્રહે ?
છે મૂર્ખ એવો કોણ ? જે તજિ રાજ્ય કિંકરના ચહે.

(૧૩)

હે પ્રભુ ! આપ જ્ઞાનાદિ અનંત ગુણોના સમુદ્ર છો, સંસારના અશરણ જીવોને શરણરૂપ છો, દયાના સાગર છો, બાન્ધવહીનના બંધુ છો. એવા આપનું શરણ છોડી કોણ બીજાને ઈચ્છે ? કારણ કોણ એવો મૂર્ખ હોય કે જે ત્રિભુવનનું રાજ્ય પ્રાપ્ત કર્યા છતાંયે તે ત્યજી દાસત્વની ઈચ્છા કરે ? અર્થાત્ કોઈ ન કરે.

(૧૪)

ત્વદ્-ગાત્રતા-પરિણતાઃ પરમાણવોપિ,
સર્વોત્તમા નિરુપમાઃ સુષમા ભવન્તિ ।
લબ્ધ્વા શરણ્ય ! શરણં ચરણં જનાસ્તે,
સિદ્ધા ભવેયુ-રિતિ નાથ ! કિમત્ર ચિત્રમ્ ॥

હે નાથ ! જ્યાં જડપુદ્ગલો તવ ગાત્રતા ધારણ કરે,
કલ્યાણકારી અતિમનોહર શ્રેષ્ઠતા જગમાં ધરે,
તો શી નવાઈ માનવી તવ ચરણનું શરણ ધરે,
ભગવંત ! જે તારી કૃપાથી મુક્તિપદને છે વરે.

(૧૪)

હે જીતેન્દ્ર ! આપના શરીરપણે પરિણમેલા જડ પરમાણુઓ પર સુંદર સર્વોત્તમ થઈ સુખશાંતિદાયક ઠર્યા છે, તો પછી હે પ્રભુ ! કોઈપણ આપના ચરણનું શરણ મેળવી સિદ્ધપદને પ્રાપ્ત કરે તેમાં શું આશ્ચર્ય છે !

(૧૫)

કશ્ચંડકૌશિક-સમં ભવ-સિન્ધુ-પારં,
નેતા સુદર્શન સમં ચ જગત્ત્રયેડપિ ।
હે નાથ ! તત્ કથય તે ચરણાંબુજસ્ય,
યેનોપમા ગુણલવેન ઘટેત લોકે ॥

ચંડકૌશિકને સુદર્શન-તુલ્યને સમભાવથી,
કોણ તવ વિણ હે પ્રભો ! તારી શકે સંસારથી ?
એવી જગતમાં વસ્તુ કોઈ હોય દરશાવો ખરી,
જેથી તમારા ચરણની પ્રભુ ! થાયં તુલના જે ખરી.

(૧૫)

ચંડકૌશિક જેવા પરમ ઝેરી, દ્રષ્ટિ વિષ સર્પ જેવા અધમને અને શીલવંતા સુદર્શન શેઠ જેવા ઉત્તમને, સમભાવથી ભવસિંધુ પાર કરાવનાર આપ સિવાય અન્ય કોઈ નથી. તો પછી હે નાથ ! દયા કરી આપ જ કહો કે કઈ વસ્તુથી આપના ચરણકમલની ઉપમા આપી શકાય ?

(૧૬)

લોકોત્તરં સકલમંગલ-મોદ-કન્દં,
શ્યન્દં વચો-મૃતરસસ્ય જગત્યમન્દમ્ ।
સ્વર્ગા-પવર્ગ-સુખદં ભવદાસ્ય-ચન્દં,
દષ્ટ્વા મુદં ભજતિ ભવ્ય-ચકોર-વૃન્દમ્ ॥

આ લોકમાં સૌથી સરસ આનંદ મંગલ-કંદ છે,
જે દેશનારૂપી સુધારસનો અનોખો સ્યંદ છે,
પ્રભુ ! સ્વર્ગ-મોક્ષ-પ્રદાનકારક આપનું મુખચંદ છે,
જોઈ નિરંતર હર્ષ પામે ભાવિ-ચકોરક-વૃંદ છે.

(૧૬)

હે પ્રભુ! સર્વ લોકમાં ઉત્તમ તથા સર્વ રીતે મંગલકારી એવું આપનું મુખરૂપી ચંદ્ર-મંડળ, આનંદ મંગળના ધામ સમોસરણમાં દેશનારૂપી અમૃતરસનો જેમાંથી ઝરો વહે છે તેવું મુક્તિધામ આપનારું મુખચંદ્ર જોઈ ચકોર પક્ષી જેવાં ભવ્ય જીવસમૂહો સદા હર્ષ પામે છે.

(૧૭)

ભ્રાન્ત્યાપિ ભદ્ર-મુદિત ભવદીય-નામ,
સિદ્ધેર્વિધાયિ ભગવન્! સુકૃતાનિ સૂતે ।
અજ્ઞાનતોપિ પતિતં સિતખંડ-ખંડમ્,
ધત્તે મુખે મધુરિમાણ-મખંડ-મેવ ॥

કલ્યાણકારી નામ તારું ભૂલથી પણ જે ગ્રહે,
હે નાથ! સંપદ-સિદ્ધિ-સુખ ને પુણ્ય સાચું તે લહે,
અજ્ઞાનથી સાકર તણો પણ ખંડ મુખમાં જાય છે,
મીઠાશ તેની જીભ ઉપર સર્વથા રહી જાય છે.

(૧૭)

જેમ અજાણપણે પણ મોઢામાં પડેલા સાકરના ગાંગડાની મીઠાશ જીભ ઉપર કાયમ રહી જાય છે. તેમ હે પ્રભુ! આપનું કલ્યાણકારી નામ ભૂલથી પણ કોઈ લ્યે તો તે સુખ, સંપત્તિ અને સાચું પુણ્ય મેળવે છે.

(૧૮)

યો મસ્તકં નમયતે જિન! તે ધ્રિપદ્મે,
સર્વર્દ્ધિ-સિદ્ધિ-નિચયઃ શ્રયતે તમેવ ।
તીર્થંકરઃ શુભકરઃ પ્રવિભૂય સોડસ્યં,
સ્થાનં પ્રયાતિ પરમં ધ્રુવ-નિત્ય-શુદ્ધમ્ ॥

હે નાથ! તારા ચરણ-પંકજમાં નમે જે સર્વદા.
અતિ રિદ્ધિ-સિદ્ધિ પૂર્ણ થાયે વિશ્વમાં જન તે સદા,
જે તીર્થંકર થઈને વલી કલ્યાણકારી થાય છે.
શુભ-નિત્ય સુખદાયી સુનિર્મલ સિદ્ધિપદમાં જાય છે.

(૧૮)

હે પ્રભુ ! આપનાં ચરણ કમલમાં જે જીવ પોતાનું મસ્તક નમાવી આપને સર્વદા નમસ્કાર કરે છે તેને આ જગતમાં સર્વ પ્રકારની રિદ્ધિ-સિદ્ધિ મળે છે. એટલું જ નહિ પણ નમસ્કાર કરનાર આત્મા તેના ફળરૂપે પુણ્યના ઉદય વડે ક્રમશઃ તિર્થંકર થઈ કલ્યાણ કરનાર બને છે અને શાશ્વત મોક્ષપદ પ્રાપ્ત કરે છે.

(૧૯)

પૃચ્છામિ નાવ-મધુના મુનિનાથ ! નિત્યં,
પ્રાપ્તા ત્વયા તરણ-તારણતા હિ કસ્માત્ ? ।
સા નોત્તરં વિતનુતે ત્વમપિ પ્રયાત્-,
સ્તદ્બ્રૂહિ કોઽસ્તિ પરિતોષકર-સ્તૃતીયઃ ॥

હું નાવને પૂછું પ્રભો ! આ તરણ-તારણની કલા,
શિખી ક્યાં ? આ પ્રશ્નનો ઉત્તર ન દેતી કાં ભલા ?
જિનવર ! તમે ચાલ્યા ગયા મારે હવે જાવું કહીં,
છે કોણ એવો ? પ્રશ્નનો ઉત્તર મને આપે અહીં.

(૧૯)

હે મુનિઓના નાથ ! હું આ નૌકાને નિત્ય પૂછું છું કે આ તરવા તારવાની કળા તું ક્યાંથી શીખી ? પરંતુ નૌકા મને કાંઈ ઉત્તર આપતી નથી, આપ પણ નિર્વાણ પામ્યા છો અને સિદ્ધિ ગતિમાં બિરાજ્યા છો, માટે પ્રભુ ! આપ જ મને કહો કે આ પ્રશ્નનો સંતોષકારક ઉત્તર આપે એવો ત્રીજો કોણ છે ? (સદ્ગુરૂ સિવાય કોઈ ઉત્તર આપી શકશે નહિ.)

(૨૦)

પીયૂષ-મત્ર નિજ-જીવન-સાર-હેતું,
પીત્વાઽઽપ્નુવન્તિ મનુજાસ્તનુમાત્રરક્ષામ્ ।
સ્વાદ્વાદ-સુન્દર-રુચં ભવતસ્તુ વાચં,
પીત્વા પ્રયાન્તિ સુતરા-મજરા-મરત્વમ્ ॥

પીયૂષને પીધા છતાં જે અમર માનવ ના બને,
આરોગ્યમય જીવન ભલે બહુ કાળ તે ધારણ કરે,
પણ આપની વાણી અલૌકિક અમર રસનું પાન છે,
પીતાં અમરપદ પ્રાપ્ત થાય (જે) સિદ્ધસુખની ખાણ છે.

(૨૦)

હે નાથ ! આ લોકમાં મનુષ્ય અમૃતરસ પીધા થકી લાંબો કાળ તંદુરસ્ત જીવન ગાળે છે પણ તેથી કાંઈ અમર બનતા નથી, પણ આપની અમૃતમય સ્યાદ્વવાદ વાણીનું જે ભવ્ય જીવ પાન કરી તેના અલૌકિક રસનો આસ્વાદ કરે છે તે અજર અમર મોક્ષપદને પ્રાપ્ત કરે છે.

(૨૧)

ચક્રી યથા વિપુલ-ચક્ર-બલાદખંડં,
ભૂમંડલં પ્રભુતયા સમલંકરોતિ ।
રત્ન-ત્રણેય મુનિનાથ ! તથા પૃથિવ્યાં,
જૈનેન્દ્ર-શાસન-પરાન્ ભવિનો વિધત્સે ॥

ષટ્ખંડમંડિત ભુવન-મંડલને પ્રભુ ! ચક્રી યથા,
કરીને. વિજય નિજ ચક્રથી તે વશ્ય કરતા સર્વથા,
જિન ! તેં હર્યું આ વિશ્વમાં મિથ્યાત્વને ત્રયરત્નથી,
જૈનેન્દ્રશાસનરત કર્યા ભવિ જીવને નિજ યત્નથી.

(૨૧)

હે પ્રભુ ! જેમ ચક્રવર્તી પોતાના ચક્રથી વિજય કરીને પોતાનું આધિપત્ય છ ખંડમાં જમાવે છે, તેમ આપ પણ આપના સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન, સમ્યક્ચારિત્ર રૂપી ત્રણ રત્ન ચક્રના બળ-પ્રભાવથી મિથ્યાત્વને હરી, શાસન પ્રણેતા બની આપ ભવ્યજીવને જૈનશાસનના પથ પર ચઢાવો છો.

(૨૨)

કાલસ્ય માન-મખિલં શશિ-ભાસ્કરાભ્યાં,
પક્ષ-દ્વયેન ગમને ગગનં ખગનામ્ ।

તદ્વદ્ ભવાનપિ ભવાદ્ ભગવન્ ! જનાનાં,
જ્ઞાન-ક્રિયો-ભય-વશા-દિહ મુક્તિમાહ ॥

જ્યમ જાણ થાયે સમયની રવિ-ચન્દ્રથી જગમાં સદા,
બે પાંખથી પંખી તણું ઊડવું ગગનમાં સર્વદા,
તેમજ ક્રિયા ને જ્ઞાનથી સંસારના ઉત્કર્ષનું,
કારણ બતાવ્યું નાથ ! તેં હિતકર સદા જીવો તણું.

(૨૨)

જેમ સમયની એટલે દિવસ-રાત્રિની જાણ જગતમાં સૂર્ય-ચંદ્રના ઉદય અને અસ્તથી થાય છે, અને જેમ પક્ષીઓ આકાશમાં બે પાંખ વડે ઊડી શકે છે તેમ, હે ભગવન્ ! ભવ્ય જીવોને સંસારથી ભિન્ન, અવિનાશી મોક્ષપદ પામવાને માટે જ્ઞાન અને ક્રિયા દ્વારા આપે મોક્ષમાર્ગ બતાવ્યો છે.

(૨૩)

આનાદિકં હૃદિગતં વિષમં વિષાકતમ્,
સંસાર-કાનન-પરિભ્રમણૈક-હેતુમ્ ।
મિથ્યાત્વ-દોષ મખિલં મલિનસ્વરૂપં,
ક્ષિપ્રં પ્રણાશયતિ તે વિમલઃ પ્રભાવઃ ॥

ચિર-કાળથી આગત વિષમતર હૃદયમાં બેઠેલ જે,
વિષયુક્ત ભવવન-ભ્રમણકારક મિલન બેઠેલ જે,
મિથ્યાત્વરૂપી દોષ જે દિન-રાત સંતાપી રહ્યા,
પુનિત તવ પુન્યે પ્રભો ! તે નષ્ટ થાતા છે રહ્યા.

(૨૩)

હે પરમાત્મા ! અનાદિ કાળથી સંસારી જીવ મિથ્યાત્વરૂપી અંધકારને કારણે ભવભ્રમણ કરે છે, અને મિથ્યાત્વરૂપી ઝેરના કેફથી જન્મ મરણનાં દુઃખો ભોગવે છે. આવા મલિનસ્વરૂપી મિથ્યાત્વના દોષને આપનો નિર્મળ પ્રભાવ સત્વર નાશ કરે છે.

(૨૪)

પ્રામાદિકા વિષય-મોહ-વંશ ગતા યે,
કર્ત્તવ્ય-માર્ગ વિમુખાઃ કુમતિ-પ્રસક્તાઃ
અજ્ઞાનિનો વિષય-ધૂર્ણિત-માનસાશ્ચ,
સન્માર્ગ-માનયતિ તાન્ભવતઃ પ્રભાવઃ ॥

જે જન પ્રમાદી વિષય-મોહ અધીન ધર્મવિહીન છે.
ઉન્માર્ગગામી પ્રાણિઓના સંગમાં જે લીન છે,
અજ્ઞાનવશ જે વિષય-મદિરાસક્ત અતિ દુર્ભાવ છે.
સન્માર્ગમાં તેને પ્રભો ! તુજ લાવનાર પ્રભાવ છે.

(૨૪)

હે નાથ ! આ સંસારમાં જે જીવો પ્રમાદી, વિષયી, મોહવશે કરીને કર્તવ્યવિમુખ જીવન ગુજારે છે, પાપીઓની સોબતમાં ઉન્માર્ગ જીવન જીવી રહ્યા છે, અજ્ઞાનને આધીન જેઓનું મન ઇંદ્રિયોના વિષયોનું ઉત્પત્તિસ્થાન બની રહ્યું છે એવાઓને આપનો પ્રભાવ સન્માર્ગમાં લાવે છે.

(૨૫)

કલ્પ-દ્રુમા-નિવ ગુણાંસ્તવ ચન્દ્ર-શુભ્રાન્
ચિન્તા-મણી-નિવ સમીહિત-કામ-પૂર્ણા ન્
જ્ઞાનાદિકાન્ જન-મનઃ પરિતોષ-હેતૂન્,
સંસ્મૃત્ય કો ન પરિતોષ-મુપૈતિ ભવ્યઃ ॥

જે ચંદ્રરશ્મિસમાન નિર્મળ આપના ગુણ સર્વદા,
સરવૃક્ષ ચિંતામણિ સમા શુભ કામનાપૂરક સદા,
શુભ જ્ઞાન આદિ અનંત-હિતકર સર્વ સૌખ્યનિધાન જે,
છે કોણ તેનું સ્મરણ કરતાં સુખ ન પામે પ્રાણ જે ?

(૨૫)

હે પ્રભુ ! ચંદ્રસમાન નિર્મળ શીતલ, કલ્પવૃક્ષ અને ચિંતામણિસમાન મનવાંછિત કામના પૂર્ણ કરનાર આપના ગુણોની સ્તુતિ કરીને કોણ ભવ્ય જીવ સંતોષ મેળવતા નથી ? અર્થાત્ સર્વ જીવો શાંતિ અનુભવે છે.

(૨૬)

ચિન્તામણિઃ સુરતરુ-ર્નિધય-સ્તથૈવ,
તેભ્યઃ સુખં ક્ષણિક-નશ્વર-માપ્નુવન્તિ ।
ત્વત્સેવિનો ભવિ-જનાધ્રુવ-નિત્ય-સૌખ્યં,
તસ્માદિતોઽપ્યધિકતાં સમુપૈષિ નાથ ! ॥

હે નાથ ! ચિંતામણિ તથા સુરવૃક્ષ નવનિધિ સર્વ જે,
તે છે વિનશ્વર ક્ષણિક લૌકિક આપતા સુખ સર્વ જે,
પણ આપની આરાધના ધ્રુવ નિત્ય સુખ દેતી સદા
જેથી જિનેશ્વર ! સર્વથી છો શ્રેષ્ઠ આ જગમાં સદા.

(૨૬)

સંસારી જીવ ચિન્તામણિ, કલ્પવૃક્ષ અને નવનિધાનના યોગ વડે ક્ષણિક અને નાશવંત સુખ મેળવે છે, પણ આપની આરાધના કરનાર ભવ્ય જીવો નિત્ય અને અવ્યાબાધ સુખને પ્રાપ્ત કરે છે તેથી આપ તે સર્વથી અધિક છો.

(૨૭)

ધ્વાન્તં ન યાતિ નિકટે રવિ-મંડલસ્ય,
ચિન્તામણેશ્ચ સવિધે ખલુ દુઃખલેશઃ ।
રાગાદિ-દોષ-નિચયા ભગવં-સ્તથૈવ,
નો યાંતિ કિંચિદપિ ! દેવ ભવત્સમીપે ॥

રવિકિરણમંડલ પાસમાં જ્યમ તિમિર ક્ષણ ટકતું નથી,
જ્યમ દુઃખ ચિંતામણિ નિકટ ક્ષણમાત્ર પણ ટકતું નથી,
ત્યમ રાગ આદિક દુર્ગુણો તવ પાસ ટકી શકતા નથી,
આ દોષ છે, તું દોષહર, વિદિત એ કોને નથી.

(૨૭)

જેમ સૂર્ય મંડળ પાસે અંધકાર આવી શકતું નથી. ચિન્તામણિ રત્ન પાસે દુઃખ માત્ર આવી શકતું નથી. તેમ હે દોષહર દેવ ! આપની અનુપમ પ્રભા આગળ રાગ આદિ અઢાર દોષોમાંથી કોઈ દોષ જરા પણ નજીક ફરકી શકતો નથી.

(૨૮)

શીતાંશુ-મંડલ-જલા-મૃત ફેનપુંજં,
પ્રોત્ફુલ્લિતેપ્સિત-સુપુષ્પ-વિશાલ-કુંજમ્
ધર્મં નિરૂપ્ય પરં ખલુ દુઃખભંજં,
નિત્યં વિકાસયસિ ભવ્યદ ! ભવ્ય-કંજમ્ ॥

જે ચન્દ્રમંડલસમ સલિલસમ અમૃત ફીણ સુપુંજસમ,
વિકસિત મનોરથ-પુષ્પનું જે એક વિસ્તૃતકુંજ સમ.
હે નાથ ! એવા દુઃખનાશક ધર્મના દાતા તમે,
જેના શ્રવણથી ભવિકમલ વિકસિત થઈ પ્રભુ છે તમે.

(૨૮)

હે પ્રભુ ! આપે જે ધર્મનો ઉપદેશ કરેલ છે તે ખરેખર દુઃખનો નાશ કરનાર છે. તે ચંદ્રમંડલ, જલ, અમૃત અને ફીણના પુંજ સમાન નિર્મળ અને શાંતિપ્રદ છે. મનોરથરૂપ, મનોહર ફૂલોનો વિશાળ લતામંડપ છે અને આપ ભવ્યરૂપી કમલોનો વિકાસ કરો છો.

(૨૯)

દૂરસ્થિતોપિ શિતરશ્મિ-રલં સ્વકીયૈઃ,
શુભ્રૈ-ર્વિકાસિ-કિરણૈઃ સુવિકાસભાવમ્ ।
અન્તર્ગતં વિતનુતે કિલ કૈરવાણાં,
તદ્-વદ્જિનેન્દ્ર ! ગુલ-રાશિરયં જનાનામ્ ॥

અતિ દૂરથી પણ ચંદ્રમા નિજ કિરણના ઉત્કર્ષથી,
વિકસિત કરે છે કૌરવોના અંતરોને હર્ષથી,
ત્યમ નાથ ! તારા આત્મદર્શક સૌમ્ય શુભ ગુણ વૃન્દ છે.
તેથી જગતમાં ભવ્ય-જનને સર્વથા આનંદ છે.

(૨૯)

જેમ ચંદ્રમા પોતાના કિરણોના પ્રભાવથી સરોવરમાં ઊગેલા કમળોના અંતરનો વિકાસ કરે છે. તેમ હે જીતેન્દ્ર ! આપના ઉજજવળ ગુણોના સમૂહનો ભવ્ય જનોના હૃદય પર પડવાથી સર્વથા આનંદ આપી ખિલવે છે.

(૩૦)

શીતાંશુ-રશ્મિ-નિકર-પ્રસરા-નુષંગાદ,
યચ્ચન્દ્રકાન્ત-ગણનઃ પરિતો દ્રવન્તિ ।
તદ-વતૂત્વદીય-મહિમ-શ્રવણેન ભવ્યાઃ,
શાન્તાં પ્રવૃદ્ધ-કરુણા દ્રવિતા ભવન્તિ ॥

જિનવર ! સુધાકર-કિરણનો સંયોગ પામી સર્વથા,
મણિવર પિંગલતા ચંદ્રકાંતક આ ધરાતલમાં યથા,
તેમ જ તમારો પરમ મહિમા શ્રવણ કરતાં સર્વદા,
ભવિજીવનના હૈયા થકી ઝરણા કરે છે જે સદા.

(૩૦)

હે પ્રભુ ! જેવી રીતે ચંદ્રનાં શીતળ કિરણોની નિર્મળ પ્રભા, પૃથ્વી ઉપરના શ્રેષ્ઠ ચંદ્રકાન્ત મણિને પીગળાવે છે. તેવી રીતે આપના અનુપમ મહિમાનું શ્રવણ કરતાં, ભવ્ય જીવોના હૈયામાંથી દયા અને અહિંસાનાં ઝરણાં ઝરે છે.

(૩૧)

દુઃખ -પ્રધાન-શિવ-વર્જિત-હીયમાને,
કાલે સદા વિષય-જાલ-મહા-કરાલે ।
ભવ્યા ભવત્પ્રવચનં શિવદં જિનેન્દ્ર !
પીત્વાડડત્મશાન્તિમુપયાન્તિ નિતાન્ત શુદ્ધામ્ ॥

જ્યાં મોક્ષપદથી રહિત ભવિજન દુઃખજાલ વિશાલ છે,
જ્યાં આયુબલ ઘટતા રહે આ વિષમ પંચમ કાલ છે,
એમાં પ્રભો ! તવ વચનરૂપી અમૃત-રસના પાનથી,
પામે ભાવિક-જન આત્મશુદ્ધિ શુદ્ધ તારા ધ્યાનથી.

(૩૧)

હે પ્રભુ ! ઉતરતા આ વિષમ પંચમકાળમાં સંસારી જીવો મોક્ષ પ્રાપ્ત કરી શકતા નથી. દુઃખનો ભાવ વૃદ્ધિ પામે છે, આયુષ્ય આદિ બળ ઘટતું રહે છે. એવા આ પાંચમા આરામાં ભવ્ય જનો આપના અમૃત રસથી ભરપૂર વચનનું પાન કરી આપનું ધ્યાન ધરવા થકી આત્મશાંતિ પ્રાપ્ત કરે છે.

(૩૨)

ષટ્કાયનાથ ! મુનિનાથ ! ગુણાધિનાથ !
દેવાધિનાથ ! ભવિનાથ ! શુભૈકનાથ ! ।
અસ્માન્ પ્રબોધય જિનાધિપ ! દૂરતોપિ,
કિં નો સ્મિતાનિ કુરુતે કુમુદાનિ ચન્દ્રઃ ? ॥

ષટ્કાયનાયક ! શુભવિધાયક ! ગુણનિકાયનિધાન હે !
હે દેવનાયક ! ભવિસહાયક ! નાથ ! જિનભગવાન હે !
કરીને કૃપા અમને જગાડો જ્ઞાન-રસના-પૂરથી,
જીન ! શું ન કરતો કુમુદવનને ચન્દ્ર વિકસિત દૂરથી ?

(૩૨)

હે જીન ભગવાન ! છ કાયના નાથ ! મુનિઓના સ્વામી ! જ્ઞાન દર્શન આદિ અનંત ગુણોના ધારક ! દેવોના નાયક ! કલ્યાણકારક ! ભવિજીવના સહાયક ! આપ ઘણે દૂર બિરાજો છો તો પણ કૃપા કરી અમને જ્ઞાનરસના પૂરથી વિકસિત કરો, કારણ ચંદ્રમા આકાશમાં ઘણે દૂર છે છતાં શું કુમુદોને પ્રફુલ્લિત નથી કરતો ? અર્થાત્ કરે છે.

(૩૩)

વૃક્ષોપિ શોકરહિતો ભવદાશ્રયેણ,
જાતસ્તતઃ સ યદશોક ઈતિ પ્રસિદ્ધઃ ।
ભવ્યાઃ પુનર્જિન ! ભવચ્ચરણાશ્રયેણ,
કિં નામ કર્મરહિતા ન ભવન્ત્યશોકાઃ ! ॥

કંકેલિ તરુ નિઃશોક થઈ પામી મદદ પ્રભુ ! આપની,
વિખ્યાત નામ અશોક પામ્યું એ જ અતિશય આપની,
તે શું નહીં પ્રભુવર ! તમારા ચરણના અવલંબથી,
નિઃશોક થઈ નિષ્કર્મ થાયે ભવ્યજન અવિલંબથી.

(૩૩)

હે પ્રભુ ! કંકલી નામનું વૃક્ષ આપના સંસર્ગથી શોકરહિત બની જગતમાં અશોક નામથી પ્રસિદ્ધિ પામ્યું. તો પછી હે નાથ ! ભવ્ય જીવ આપનાં ચરણોનો

આશ્રય લઈ કર્મરહિત થઈ અશોક (શોકરહિત) અવસ્થા પ્રાપ્ત કરે જ. તેમાં આશ્ચર્ય નથી.

(૩૪)

સિંહાસને મણિમયે પરિભાસમાનં,
નાથં નિરીક્ષ્ય કિલ સંદિહતે વિધિજ્ઞાઃ ॥
ઈન્દુઃ કિમેષ ? નહિ યત્ સકલંકરંકુઃ
કિં વા રવિર્ન સતુ ચંડતરપ્રકાશઃ ॥

મણિજડિત સિંહાસન-વિરાજિત આપને પ્રભુ ! દેખતા,
તત્ત્વજ્ઞ બુદ્ધ જનો વિવિધ સંદેહથી શંકિત થતા,
આ ચંદ્ર છે કે નહિ - નહીં તે તો કલંકિત જ્ઞાત છે,
આ સૂર્ય પણ હોયે નહી ક્યમ તાપ તેનો ખ્યાત છે.

(૩૪)

સમોસરણમાં મણિરત્નો જડિત સિંહાસને બિરાજમાન, તેમજ તેના પુંજરૂપ આપને જોઈ હે નાથ ! તત્ત્વજિજ્ઞાસુ બુદ્ધિમાન જનો આપના સ્વરૂપ વિષે શકાશીલ બને છે અને વિચાર કરે છે કે શું આ ચંદ્રમા હશે ? પણ ના, કારણ કે તે કલંકયુક્ત છે, તો શું સૂર્ય હશે ? તે પણ હોય નહિ. કારણ કે તેનો તાપ તો પ્રચંડ હોય છે.

(૩૫)

પુંજ-સ્ત્વિષા-મિતિ પુરા નિરણાયિ પશ્ચાદ
વ્યક્તાકૃતિ-સ્તનુધરોડય-મિતિ પ્રભુદ્ધૈઃ ।
ભવ્યૈઃ પુમાનિતિ પુનઃ પ્રશમ-સ્વભાવઃ,
કારુણ્ય-રાશિ-રિતિ વીરજિનઃ ક્રમેણ ॥

છે તેજનો આ પુંજ એવો પૂર્વતો નિર્ણય કર્યો,
આકાર જોઈ દેહધારી છે જ એવું મન ધર્યો,
આ પુરુષ છે એવી બધાની ધારણ ક્રમથી રહી,
અહ ! શાન્ત કરુણાસિન્ધુ છે એ વીરજિન જાણ્યું સહી.

(૩૫)

હે પ્રભુ ! ઉપર પ્રમાણે વિચાર કરવા છતાં બુદ્ધિમાન ભવ્ય જનોએ આપના સ્વરૂપ વિષે તે તેજનો પુંજ છે એમ નિર્ણય કર્યો. આકાર જોઈ દેહધારી પુરુષ છે એમ અનુમાન કર્યું, વિશેષ નજીક જતાં જાણ્યું કે આ શાન્તસ્વભાવવાળી કોક મહાન વ્યક્તિ છે. વળી વધુ નજીક જતાં નિર્ણય કર્યો કે આ તો બીજું કોઈ નહિ પણ કરુણાના સાગર વીર જીનેશ્વર ભગવાન છે.

(૩૬)

દેવૈ-રચિત-કુસુમ્-પ્રકરસ્ય વૃષ્ટયા,<br>
દિઙ્મંડલં સુરભિતં ભવતોડતિશેષાત્,<br>
સ્યાદ્વાદ-ચારુ-રચના-વચના-વલીનાં,<br>
વૃષ્ટયા ભવન્તિ ભવિનઃ પ્રશમે નિમગ્નાઃ ॥

સુરવૃન્દ જે હે નાથ ! વર્ષા અચિત પુષ્પોની કરી,<br>
સુરભિત કરી ચારે દિસા, એ આપની અતિશય ખરી,<br>
સ્યાદ્વાદ નયની ચારુરચનાયુક્ત વાણી સાંભળી,<br>
સહુ ભવ્યલોકો પ્રશમધારા - મગ્ન થાયે છે વળી.

(૩૬)

સમોસરણમાં હે પ્રભુ ! આપના અતિશય મહિમાથી પ્રેરાઈ દેવો અચિત્ત પુષ્પોની વૃષ્ટિ કરે છે તેથી દશે દિશાઓ (દિગમંડળ) સુગંધિત થઈ શુદ્ધવાતાવરણમય થઈ જાય છે, અને આપની અનેકાન્તવાદની સુંદર દિવ્યવાણી વરસે છે, તેનાથી ભવ્યજીવો શાંતિના સાગરમાં નિમગ્ન થઈ અપૂર્વ આનંદ અનુભવે છે.

(૩૭)

લોકોત્તરા સકલ-જીવ-વચો-વિલાલા,<br>
પીયૂષવત્ પરિણતા ભવદીય-ભાષા।<br>
સર્વર્દ્ધિ-સિદ્ધિ-ગુણવૃદ્ધિ-વિધાન-દક્ષા,<br>
સાક્ષાત્તનોતિ કુશલં સકલં સુલક્ષા ॥

સહુ જીવની ભાષાપણે પરિણત તમારી દેશના,
પીયૂષસમ અતિમધુર જીનવર ! મોહહર તવ દેશના,
આ દેશના શિવપદ-વિધાયક ઋદ્ધિ-સિદ્ધિ-વિધાયિની,
છે શાન્તિ આદિ અનંત નિજગુણરત્ન અનુપમ દાયિની.

(૩૭)

હે ભગવાન ! આપની દેશના (ધર્મોપદેશ) સર્વ જીવોની ભાષામાં સમજી શકાય તેવી છે. અમૃત સમાન, મધુર અને આકર્ષક છે. કલ્યાણકારી, સિદ્ધિ આપનાર, તેમજ શાંતિ આદિ અનુપમ ગુણરત્ન દેનાર છે.

(૩૮)

ગોક્ષીર-નીર-શશિ-કુન્દ-તુષાર-હાર-,
શુકલૈ-ર્વિયદ્-વિલસિતૈઃ શુભ-ચામરૌઘૈઃ,
ધ્યાનં સિતં તવ વિભો ! વિનિવેધતે યત્,
સર્વજ્ઞતા તદનુ કર્મ-મૂલ-નાશઃ ॥

દુગ્ધ-જલ-શશિ-કુન્દ-હિમ-મણિહાર સમ ઉજ્જવલ સહી,
ચામર ગગનતલલલિત જાણ્યે પ્રગટ કરતી છે સહી.
છે તમારું ધ્યાન જિનવર ! શુકલ પણ તેથી કહી,
સર્વજ્ઞતા નિશ્શેષ-કર્મ-સમૂલનાશક છે સહી.

(૩૮)

હે પ્રભુ ! ગાયનું દૂધ, નિર્મળ પાણી, ચંદ્ર, કુન્દપુષ્પ, ઝાકળ અને મોતીના હાર સમાન ઉજ્જવળ જે સફેદ ચામરો આપના ઉપર ચમકતાં ઢોળાઈ રહ્યાં છે તે આપનું શુકલધ્યાન, સર્વજ્ઞતા અને સર્વ કર્મનો નાશકર્તા આપ જ છો તેનાં સૂચક છે.

(૩૯)

આખંડલૈ-રવનિ-મંડલ-માગતૈ-સ્તૈ-,
ર્ભામંડલં તવ નુતં મુનિમંડલૈશ્ચ।
મોહા-ન્ધકાર-પરિહાર-કરં જિનેન્દ્ર !
તુલ્યં કથં ભવતિ તદ્ રવિમંડલેન ॥

સપ્રેમ ભૂમિ-તલ સમાગત ઈન્દ્રગણ મુનિઓ તથા,
તવ નાથ ! ભામંડલતણું વર્ણન કરે છે સર્વથા,
જે મોહ-તમ સંહારકારક સર્વસુખ અર્પી શકે,
તેની બરોબરી સૂર્યમંડલ નાથ ! કેમ કરી શકે ?

(૩૯)

હે નાથ ! પૃથ્વી પર ઉતરી આવેલા ઈન્દ્રો તથા પૃથ્વી પર રહેનારા મુનિઓ આપના ભામંડળની સ્તુતિ કરે છે, અને કહે છે - આપનું ભામંડળ મોહરૂપી અંધકારનો નાશ કરે છે તો તેને સૂર્યમંડળની ઉપમા (તુલના) કેમ આપી શકાય ? અર્થાત્ ન આપી શકાય. કારણ ભામંડળ તો દ્રવ્ય અને ભાવ બન્ને અંધકારનો નાશ કરે છે.

(૪૦)

યત્કર્મ-વૃન્દ-સુભટં વિકટં વિજેતા,
લોકત્રય-પ્રભુ-રસા-વતિશેષ-ધારી।
તસ્મા-જ્જિનેન્દ્ર-સરણિં શરણીકુરુધ્વં,
ભવ્યા ઈતિ ધ્વનતિ ખે કિલ દુન્દુભિસ્તે ॥

આ વિકટ કર્મસમૂહ-વેરી-ના વિજેતા એક છે,
અતિશયબલી ત્રણ ભુવનના જે નાથ પણ આ એક છે,
આવો જગતના ભવ્યજન ! આ નાથનું શરણું ગ્રહો,
એવું કહી વાગી રહી આ દુંદુભી ગગને અહો !

(૪૦)

હે નાથ ! આપના પ્રભાવથી આકાશમાં દુંદુભિનાદ થાય છે અને તે ચોક્કસ કહે છે "હે ભવ્ય જીવો ! આ વિકટ કર્મસમૂહ રૂપી વેરીના જીતનાર, ત્રણ લોકના નાથ, ચોત્રિસ અતિશયોના ધારક, જિનેન્દ્ર ભગવાન જે મોક્ષ માર્ગ બતાવે છે તેનું શરણ ગ્રહણ કરો."

(૪૧)

અત્યુજ્જવલં વિજિત-શારદ-ચન્દ્ર-બિમ્બં
સંમોદકં સકલ-મંગલ-મંજુ-કન્દમ્ ।
છત્રત્રયં તવ નિવેદયતે જિનેન્દ્ર !,
રત્નત્રયં પ્રભુપદં શિવદં દદાતિ ॥

અત્યંત ઉજ્જવલને વિજેતા શારદીય શશાંકના,
સંમોદદાયક કન્દ મંજુલ છે સકલ કલ્યાણના.
ત્રણ છત્ર છે પ્રભુ ! જે તમારા આ નિવેદિત છે કરે,
તે રત્નત્રય છે શિવવિધાયક ભવ્યજન માટે ...ખરે !!

(૪૧)

હે જીનેન્દ્ર ! સમવસરણમાં આપના ઉપર જે ત્રણ ઉજ્જવળ છત્રો ધરાય છે તેની પ્રભા શરદ ઋતુના ચન્દ્રની પ્રભાથી અત્યંત ઉજ્જવળ છે. વળી તે આપના સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન, સમ્યક્ ચારિત્ર રૂપ રત્નત્રયના તથા આપ પ્રભુપદ અને મોક્ષપદના દાતા છો તેનાં સૂચક છે.

(૪૨)

યત્ર ત્વદીય-પદ-પંકજ-સન્નિધાનં,
સન્ધાનભૂમિ-રસમાપિ સમા સમન્તાત્ ।
સર્વર્ત્તવશ્વ સુખદા વિલસન્તિ લોકા,
મન્યેનુ કલ્પતરુરેવ ભવત્-પદાબ્જમ્ ॥

હે નાથ ! તારાં ચરણ-પંકજ સન્નિહિત થાતાં જ જ્યાં,
વિષમ ભૂમિભાગ પણ અતિ ત્વરિત સમ થાતાં જ ત્યાં,
ફૂલે ફૂલે ઋતુ સાથ સર્વે મનુજ સર્વ સુખી બને,
આથી તમારાં ચરણ-પંકજ કલ્પતરુ લાગે મને.

(૪૨)

હે પ્રભુ ! આપનાં ચરણકમળો પૃથ્વી પર જ્યાં પગલાં ભરે છે તે ભૂમિ વિષમ હોય તો પણ સમ થઈ શાતાકારક થાય છે. સર્વ ઋતુઓ એકીસાથે આનંદદાયક નિવડે છે. તેથી આપનાં ચરણકમળ એજ કલ્પતરૂ છે.

(૪૩)

દિવ્યો ધ્વનિર્ગુણગણશ્ચ યશોપિ દિવ્યં,
દિવ્યાપિ ભાવસમતા પ્રભુતાપિ દિવ્યા ।
તસ્યાદ્ વિભો ! કવ તુલના ભુવનત્રયેપિ,
જ્યોતિર્ગણાઃ કિમિહ ભાનુસમા વિભાન્તિ ?

છે દિવ્ય તારું વચન જિનવર ! વળી ગુણગણ દિવ્ય છે,
જે દિવ્ય છે યશ દિવ્ય સમતા વળી પ્રભુતા દિવ્ય છે,
તેથી પ્રભો ! તવ સમ જગતમાં કોઈ બીજું છે નહીં,
તારા ભલે ચમકે કદી પણ સૂર્યસમ થાયે નહીં.

(૪૩)

હે પરમાત્મા ! આપની વાણી દિવ્ય છે, ગુણ દિવ્ય છે, આપનું યશ દિવ્ય છે. આપની ભાવસમતા દિવ્ય છે, અને પ્રભુતા પણ અનુપમ અને દિવ્ય છે. તેથી હે વિભુ ! આપના તુલ્ય જગતમાં બીજું કોઈ છે નહી. કારણ તારાના સમૂહ ચમકે છે, પણ તે કદી સૂર્ય જેવો પ્રકાશ આપી શકતા નથી.

(૪૪)

દિવ્યં પ્રભાવ-મવલોકય સુરાદયસ્તે,
પીયૂષ-સાર-વચનાનિ નિશમ્ય સમ્યક્ ।
આનન્દ-વારિધિ-તરંગ-નિમગ્ન-ચિત્તા-,
સ્તવદવર્ણના-ક્ષમતયા પ્રણમન્તિ ભાવાત્ ॥

તવ દિવ્ય મહિમા જોઈ સુરનર અસુર કિન્નર જ્યમ બધા,
પીયૂષસમ વાણી તમારી ભાગ્યવશ સુણતા કદા.
આનન્દસિન્ધુ તરંગમાં થઈ મગ્ન અતિ અનુરાગથી,
ગુણકીર્તને અસમર્થ થઈને નમ્ર બનતા ભાવથી.

(૪૪)

હે પ્રભુ ! આપનો દિવ્ય પ્રભાવ જોઈ ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષી અને વૈમાનિક દેવો વગેરે આપની અમૃતમય વાણી સાંભળતાં આનંદસાગરના તરંગમાં પ્રેમથી નિમગ્ન થઈ ભક્તિભાવથી આશ્ચર્યના આવેશમાં આપને નમસ્કાર કરે છે.

(૪૫)

તુભ્યં નમઃ સકલ-મંગલ-કારકાય,
તુભ્યં નમઃ સકલ-નિર્વૃતિ-દાયકાય।
તુભ્યં નમઃ સકલ-કર્મ-વિનાશકાય,
તુભ્યં નમઃ સકલ-તત્ત્વ-નિરૂપકાય।

તું છે સકલમંગલવિધાયક, નાથ ! હું તુજને નમું,
તું છે સકલસુખશાન્તિદાયક, નાથ ! હું તુજને નમું.
તું છે સકલનિજકર્મનાશક, નાથ ! હું તુજને નમું,
તું છે સકલતત્ત્વપ્રરૂપક, નાથ ! હું તુજને નમું.

(૪૫)

હે પ્રભુ ! સર્વ મંગળ કરનાર આપને હું નમસ્કાર કરું છું, સર્વ પ્રકારે સુખશાંતિ દેનાર આપને હું નમસ્કાર કરું છું. જ્ઞાનાવરણીય આદિ આઠે કર્મોનો ક્ષય કરનાર આપને હું નમસ્કાર કરું છું. સકલ તત્ત્વના પ્રરૂપક હે નાથ ! આપને હું નમસ્કાર કરું છું.

(૪૬)

તુભ્યં નમઃ સકલ-જીવ-દયા-પરાય,
તુભ્યં નમઃ શિવદ-શાસન-ભાસ્કરાય,
તુભ્યં નમઃ સકલ-લોક-શુભંકરાય,
તુભ્યં નમઃ સતતમસ્તુ જિનેશ્વરાય ॥

તું છે સકલજગજીવરક્ષક, નાથ ! હું તુજને નમું,
તું છે શિવદ-શાસન-પ્રભાવક, નાથ ! હું તુજને નમું.
તું છે સકલજગહિતવિધાયક, નાથ ! હું તુજને નમું,
તું છે દયાનિધિ શરણ, જિનવર ! સર્વદા તુજને નમું.

(૪૬)

હે પ્રભો ! સમગ્ર લોકના જીવોને અભયદાન દેનાર આપને હું નમસ્કાર કરું છું. મોક્ષપદ પ્રાપ્ત કરનાર, શાસનના સૂર્યસમાન આપને હું નમસ્કાર કરું છું. પ્રાણીમાત્રનું ભલું કરનાર આપને હું નમસ્કાર કરું છું. હે દયાનિધિ જીનેશ્વર ! આપને હું સર્વદા નમસ્કાર કરું છું.

(૪૭)

રક્ષઃ - પિશાચ-નિકરૈ-રદયો-પસૃષ્ટં,
દુર્વૃત્ત-દુષ્ટ-ખલ-સૃષ્ટ-વિસૃષ્ટ-મુષ્ટમ્ ।
દારિદ્રયય-દુઃખ-ગદ-જાલ-વિશાલ-કષ્ટં,
નષ્ટં-ભવ-ત્યખિલ-માશુ ભવત્પ્રભાવાત્ ॥

રાક્ષસ-પિશાચ-સમૂહથી ભીષણ થતા ઉપસર્ગ જે,
દુર્વૃત્ત-ખલ-અતિદુષ્ટથી સર્જિત વિસર્જિત મુષ્ઠ જે.
દારિદ્ર દુઃખથી જનિત સર્વે કષ્ટકર અતિકષ્ટ જે,
હે નાથ ! તારા તેજથી અતિ શીઘ્ર થાતા નષ્ટ તે.

(૪૭)

રાક્ષસ-પિશાચના ઉપસર્ગો, દુષ્ટ જનોની મૂઠ, દારિદ્રયના દુઃખમાંથી ઉત્પન્ન થતાં મહાન કષ્ટો તથા બધી જાતના રોગો વગેરે હે નાથ ! આપના તેજથી સઘળાં નાશ પામે છે.

(૪૮)

ચૌરારિ-સિંહ-ગજ-પન્નગ-દુષ્ટ-દાવ-,
હિંસ્રપ્રચાર-ખલબન્ધન-દુર્ગ-ભૂમૌ ।
સર્વં ભયં ભયકરં પ્રણિહન્તિ નાથ !
ત્વદ્ધ્યાનમાત્ર-મખિલં-ભુવનત્રયેસ્મિન્ ॥

અરિ ચોર સિંહ ગજેન્દ્ર પન્નગ દુષ્ટ દાવાનલ તથા
જે હિંસ્ર છે તેના ભ્રમણથી દુષ્ટ બન્ધનથી તથા
જે કષ્ટકર છે ભૂમિ તેમાં શુદ્ધભાવે છે ધરે,
જે આપનું શુભ્ર ધ્યાન તેના ભય ભયંકરને હરે.

(૪૮)

હે નાથ ! ચોર, દુશ્મન, સિંહ, હાથી, સર્પ, દાવાનળ આદિ સંહારક તત્ત્વોથી, તેમજ દુષ્ટ બંધનથી ઉત્પન્ન થતો ભય, એવા સર્વ પ્રકારના ભયંકર ભયના કારણોને દૂર કરવા આપનું ધ્યાનમાત્ર ભવ્ય જીવોને ત્રણ ભુવનમાં એકમાત્ર ઉપાય છે.

(૪૯)

સિંહો-રગ-પ્રખર-સૂકર-હિંસ્રજાલૈ-,
વ્યાપ્તા-ટવી-વિકટ-લુટક-કંટનાલૈઃ।
સર્વર્તુ-પુષ્પ-ફલ-પલ્લવ-શોભમાના,
સાનન્દનં ભવતિ તે સ્મરણાજ્જિનેન્દ્ર !॥

મૃગરાજ, પન્નગ પ્રખર-સૂકર આદિ હિંસક જાલથી
ભરપૂર અટવી જે વિકટ લુંટાક કંટક-નાલથી,
તે સર્વ ઋતુના પુષ્પ-ફલથી ઋદ્ધ થઈ અતિ શોભતી,
હે નાથ ! તારી યાદથી નંદનસદશ મનમોહતી.

(૪૯)

હે જીનેન્દ્ર ! સિંહ, સર્પ, સુવર, આદિ હિંસક પ્રાણીના વાસથી વિકરાળ, ચોર લૂંટારાના ત્રાસથી ભયાનક, તીક્ષ્ણ કાંટાની જાળ દુર્ગમ, એવી જે ઘોર અટવી છે તે આપનાં સ્મરણમાત્રથી સર્વ ઋતુના પત્ર, પુષ્પ, ફૂલથી શોભાયમાન થઈ નંદનવનસમાન આનંદદાયક બને છે.

(૫૦)

ઘોરા-તિઘોર-વિકટે સુભટેતિકષ્ટે,
ભ્રષ્ટે બલે વિવિધ-દુઃખ-શતૈ ર્વિશિષ્ટે।
શસ્ત્રા હતિ-પ્રવિચલ દ્રુધિર-પ્રવૃદ્ધે।
યુદ્ધે તનોતિ તવ નામ વિશુદ્ધશાન્તિમ્ ॥

વિકટ પ્રતિભટ પ્રકટ સંકટ-ઘોરથી પણ ઘોર હો,
વળી વિવિધ દુઃખસહસ્રથી બલ પ્રબલ ઓસરતું રહો,
જ્યાં વિવિધ શસ્ત્રાઘાતથી ધારારુધિર વહતી સહી,
ત્યાં શાન્તિદાયક નામ તારું શાન્તિ આપે છે સહી.

(૫૦)

હે પ્રભુ ! બન્ને પક્ષને મહાકષ્ટકારી દારૂણ યુદ્ધ જ્યાં ચાલતું હોય, શત્રુના અનેક ત્રાસથી ભૂખ, તૃષા આદિથી વ્યાકુળ સેનાબળ ઓસરતું હોય, રણમેદાને

શસ્ત્રથી ઘવાયેલ યોદ્ધાના શરીરમાંથી રૂધિરપ્રવાહ જોસભેર વહેતો હોય એવા ઘોર સંગ્રામમમાં પણ આપનું નામસ્મરણ ભવ્ય જીવોને શાંતિ આપે છે.

(૫૧)

સર્વર્દ્ધિ-સિદ્ધિદ-મિદં પરમં પવિત્રં,
સ્તોત્રં ચ યઃ પઠતિ વીર જિનેશ્વરસ્ય ।
ચિન્તામણિઃ સુરતરુઃ સકલાર્થ-સિદ્ધિઃ,
સંસેવિતું તમનુફલયિતું સમેતિ ॥

જે સ્તોત્રવર આ ઋદ્ધિદાયક સિદ્ધિદાયક સર્વદા,
શ્રી વર્દ્ધમાન જિનેન્દ્રનું જે ભાવથી રટતા સદા,
સહુ ઋદ્ધિઓ સહુ સિદ્ધિઓ સુરવૃક્ષ ચિન્તામણિ તથા.
આવી મળે અનુકૂલ થઈને તેહને સહુ સર્વથા.

(૫૧)

શ્રી વીર જીનેશ્વર ભગવાનનું પરમ પવિત્ર, સર્વદા રિદ્ધિસિદ્ધિ આપનાર આ સ્તોત્રને જે જીવ સદા ભાવથી ભણશે, તેને ચિન્તામણિ રત્ન, કલ્પવૃક્ષ અને અનેક પ્રકારની સિદ્ધિઓ અનુકૂળ આવી મળશે.

(૫૨)

શ્રી-વર્દ્ધમાન-શુભનામ-ગુણા-નુબદ્ધાં,
શુદ્ધાં વિશુદ્ધ-ગુણ-પુષ્પ-સુકીર્ત્તિ-ગન્ધામ્ ।
યો ઘાસિલાલ રચિતાં સ્તુતિ મંજુ-માલાં,
કંઠે બિભર્તિ ખલુ તં સમુપૈતિ લક્ષ્મીઃ ॥

શ્રી વર્દ્ધમાન જિનેન્દ્રના શુભનામરૂપી દોર છે,
તેમાં ગ્રથિત ગુણપુષ્પ નિર્મલ કીર્તિરૂપ સુગંધ છે,
જે ઘાસિલાલ-મુનીશકૃત, સ્તુતિમંજુમાલા કંઠમાં,
ધારણ કરે તે વરે ત્રણ લોક લક્ષ્મી લોકમાં.

(૫૨)

શ્રી વર્ધમાન પ્રભુના શુભ-નામ-રૂપી દોરામાં તેના શુદ્ધ, નિર્મળ ગુણરૂપી ફૂલોને ગૂંથી, કીર્તિરૂપ સુગંધથી ભરપૂર, પૂજ્ય ઘાસીલાલજી મહારાજ સાહેબે

બનાવેલ આ સ્તુતિરૂપ સુંદર માળાને જે ભવી જીવ કંઠમાં ધારણ કરશે તેને ત્રણ લોકનાં દ્રવ્ય અને ભાવલક્ષ્મી આપમેળે આવીને વરશે.

॥ ઈતિ શ્રી જૈનાચાર્ય-જૈનધર્મ દિવાકર-
પૂજ્યશ્રીઘાસીલાલવ્રતિવિરચિતં
શ્રી વર્દ્ધમાનભક્તામરસ્તોત્રં
સમ્પૂર્ણમ્

## શ્રી વર્દ્ધમાનજિનં વંદે
## મંગલાચરણ

मंगलं भगवान् वीरो,
मंगलं गौतमः प्रभुः ।
सुधर्मा मंगलं जंबू.-
जैनधर्मश्च मंगलम् ॥

अथ मंगलाष्टक (छंद)
(ચાલ-નમો અનન્ત ચોવીસી)

**બ્રાહ્મી શુભ મુહૂર્તે, ઉઠી પ્રાતઃકાલ,**
**મંગલાષ્ટક જપતે, કષ્ટ ટલે તત્કાલ,**
**ઋષભાદિજિનવર, ચોવીસોં જિનરાજ,**
**મુજ મંગલ દેતે, મિલે સભી સુખ સાજ - ૧**

# શ્રી મહાવીર સંકટમોચન અષ્ટક
## (મત્તંગ ચંદ છંદ)

ધર્મ સરૂપ વિલીન ભયો જગ, મેં અરૂ પાપ સરૂપ પસારો ।
રાજ્ય અખંડિત પાપનકો જબ, ધર્મહિ દીન સુદેશ નિકારો ॥
જીવન જીવનિ કૌ જબ સંકટ, પૂર્ણ તબૈ તુમને પગધારો ।
કો નહિ જાતન હૈ પ્રભુ વીર ! કિ સંકટમોચન નામ તુમ્હારો ॥૧॥

પાપવિનાશન દર્શન કો જબ, સેઠ સુદર્શન આય તુમ્હારો ।
મારગ અર્જુનમાલિ મિલૌ નિજ, દેહ વિષે ખલ યક્ષહિધારો ।
મારન તત્પર માલિ ભયૌ તબ, ધ્યાન સુદર્શનને તવ ધારો ॥
કો નહિ જાનત હૈ પ્રભુવીર ! કિ, સંકટમોચન નામ તુમ્હારો ॥૨॥

દુર્જન અર્જુન પાપ કિયે નર, નારિ હને બન કે હતિયારો ।
મારક કો ભી દિયો તુમને શિવ, તારક હૈ પ્રભુ નામ તિહારો ॥
જન્મજરાદિક ચોર સતાવત, હૈ યહ સંકટ દૂર નિવારો ।
કો નહિ જાનત હૈ પ્રભુ વીર ! કિ, સંકટમોચન નામ તુમ્હારો ॥૩॥

ભીષણ કૌશિક વાસ કરે અરૂ, ત્રાસ કરે વનજીવહિં ભારો ।
ધ્યાન ધરા ઉસકે બિલ ઉપર, ડંક દિયો તુમકો અતિ ખારો ॥
આપ દિયો ઉપદેશ-સુધા સબ, કૌશિક કો દુખસંકટ ટારો ।
કો નહિ જાનત હૈ પ્રભુ વીર ! કિ, સંકટમોચન નામ તુમ્હારો ॥૪॥

ગૌતમ ગર્વ નિમગ્ન હુએ પ્રભુ ! જીતને આયહુ પાસ તુમ્હારો ।
દેખત શાંત મનોહર સૂરત, ગર્વ ગયો સબ ભાગ બિચારો ॥
આપહિં કીન નિશંક ઉન્હે, જિનશાસન ભાર લિયો પ્રભુ સારો ।
કો નહિ જાનત હૈ પ્રભુ વીર ! કિ, સંકટમોચન નામ તુમ્હારો ॥૫॥

પીર હરો મુજ વીર ! કરો, ભવસાગર તીર તરંડ હમારો ।
હે જગનાથ ! જગત્પતિ ! પાવન ! મારકિ ભીષણ માર નિવારો ॥
જા વિધ આપ કિયૌ વશ મેં પ્રભુ ! સોહમ ઉપર તેજ પસારો ।
કો નહિ જાનત હૈ પ્રભુ વીર ! કિ, સંકટમોચન નામ તુમ્હારો ॥૬॥

સૂર્ય બસે નિજ મંડલ મેં પર ફેલ રહો જગ મેં ઉજિયારો ।
આપહિં તાર દિયે બહુ લેકિન, નામહિં તારદિયે નહિં પારો ॥
કયા ખગરાજકે મંત્રનસે નહિં, શિઘ્ર વિલાત ભુજંગ વિકારો ।
કો નહિ જાનત હૈ પ્રભુ વીર ! કિ, સંકટમોચન નામ તુમ્હારો ॥૭॥

તો ફિર ક્યોંકર હોય રહી અબ, દેર જબૈ મુઝ આયહુ વારો ।
પારસ કંચન લોહ કરે પર, આપહિ તો અપને સમધારો ॥
વર્ધમાન શ્રી વીરપ્રભુ ! તુમ શરણાગતકો ક્યોં નહિ તારો ।
કો નહિ જાનત હૈ પ્રભુ વીર ! કિ, સંકટમોચન નામ તુમ્હારો ॥૮॥

## શાન્તિનાથ પ્રભુની સ્તુતિ

(શાન્તિ જિણંદ સુખકાર) - એ રાગ.

શાન્તિ જિનેશ્વર નામ, લીલા લ્હેર કરાવે,
પરમ આનંદનું ધામ, સુખ અમૃત વરસાવે. (૨) ટેક.
પુણ્ય ઉદય જિનરાજ, શાંતિ જિન મન ભાવે,
અક્ષય સુખનું રાજ, અંતર જ્યોતિ જગાવે. (૧)

કલ્પતરૂ જિનવર નામ, મ્હારે મંગલાચારે,
અપૂર્વ સુખનું ધામ, આનંદ લ્હેર અમારે. (૨)

શાંતિ જિણંદ મ્હારે સહાય, ચિંતામણિ સુખકારે,
જે જે ચિંતવું મનમાંય, સૌ સુખ પ્રગટે મ્હારે. (૩)

શાન્તિ નંદન વનમાંય, સુખની લ્હેરો આવે,
અવિચલ શિવ સુખદાય, મ્હારું મનડું પાવે. (૪)

હોય સહસ્ર સાત સાલ, દીવાળી દિન ગાવે,
ધોરાજીમાં 'ઘાસીલાલ', આનંદ રંગ વરતાવે. (૫)

## શ્રી મહાવીર મંગલાષ્ટક

(શિખરિણી)

પ્રભુઃ શુદ્ધઃ સિદ્ધો ધવલગુણસિન્ધુર્ધુવમતિઃ,
પ્રબુદ્ધો નિઃક્ષુબ્ધો નિગમનિવિરુદ્ધો જિતરિપુઃ ॥
પ્રસિદ્ધઃ સિદ્ધીશોઽધમલપરિષિદ્ધો નિરુપમો,
મહાવીરઃ સ્વામી નયનપથગામી ભવતુ મે ॥ ૧ ॥

(હરિગીત)

અગણિત ગુણોં કે ધામ જો પ્રભુ શુદ્ધ ઔર વિશુદ્ધ હૈ,
જિતશત્રુ હૈ જો ક્ષોભહિન, પ્રશસ્ત ઔર પ્રભુદ્ધ હૈ ।
જો સિદ્ધ ભૂપ અનૂપ હૈ નિઃશેષ પાતક હાન હૈ,
મમ લોચનોં મેં સતત ભાસિત વીરવર ભગવાન હૈ ॥ ૧ ॥

(મૂલમ્)

નિરાધારાઽઽધારો વિહિતહિતસારો જિનવરો,
વિજિત્યાલં કાલં વસતિ સુવિશાલ શિવપદે ॥
મહાનન્દસ્યન્દઃ પ્રણતસુરવૃન્દઃ સુખકરો,
મહાવીરઃ સ્વામી નયનપથગામી ભવતુ મે ॥ ૨ ॥

(ભાષા)

અશરણ-શરણ દાતા તથા કલ્યાણકારી આપ્ત હૈ,
તપ નિયમ યમ સે જીત યમ્, કો વિશદ શિવપદ પ્રાપ્ત હૈ ।
આનન્દ નિર્ઝર વિનતનિર્જર ઔર સુખ કી ખાન હૈ,
મમ લોચનોં મેં સતત ભાસિત, વીરવર ભગવાન હૈ ॥ ૨ ॥

(મૂલમ્)

ભવભ્રાન્તિધ્વાન્ત-પ્રશમસવિતા સર્વજગતાં,
સતાં ધ્યાનાધારો વિગલિતવિકારો ગુણનિધિઃ ॥

પુનીતે યન્માર્ગો હરતિ સકલં કર્મનિકરં,
મહાવીરઃ સ્વામી નયનપથગામી ભવતુ મે ॥ ૩ ॥

(ભાષા)

નિશ્શેષ સદ્ગુણ કોશ હૈ જો વિગત સકલ વિકાર હૈ,
અજ્ઞાન નાશક ભાનુ યોગી-ધ્યાન કે આધાર હૈ।
જો માર્ગ જિનકા દૂર કરતા, કર્મ પુંજ મહાન હૈ,
મમ લોચનોં મેં સતત ભાસિત, વીરવર ભગવાન હૈ ॥ ૩ ॥

(મૂલમ્)

પરં જ્યોતિશ્ચન્દ્રં હૃતભુવનતન્દ્રં સિતતરં,
તથા શીતીભૂતં નિજમલમલં હર્તુમખિલમ્ ॥
નભસ્તદ્વદ્ભવ્યઃ શ્રયતિ યમમું સોડમરવિભુ-
ર્મહાવીરઃ સ્વામી નયનપથગામી ભવતુ મે ॥ ૪ ॥

(ભાષા)

સંસાર સુખકારી તથા જો પરમ જ્યોતિ સ્વરૂપ હૈ,
તમ હરણ કો આશ્રય કરે નભ નિજ વિચાર સ્વરૂપ હૈ।
ભવી જીવ ભી વૈસે પ્રભુકો હૃદય રખતે આન હૈ,
મમ લોચનોં મેં સતત ભાસિત વીરવર ભગવાન હૈ ॥ ૪ ॥

(મૂલમ્)

વિપજ્જાલજ્વાલાપ્રશમનમહામેઘસદશો -
યદિચ્છાહીનોડપિ શ્રમહરણદક્ષો મલયજઃ ॥
મહામિથ્યાધ્વાન્તોપચિતમનસાં તિગ્મકિરણો,
મહાવીરઃ સ્વામી નયનપથગામી ભવતુ મે ॥ ૫ ॥

(ભાષા)

આપત્તિ જ્વાલા કે નિવારક મેઘ કે ઉપમાન હૈ,
નિષ્કામ હોકર ભી પરિશ્રમ-હરણ ચન્દન ખાન હૈ।

મિથ્યાત્વ તમ સે મૂઢ મન કો સૂર્યરશ્મિસમાન હૈ,
મમ લોચનોં મે સતત ભાસિત વીરવર ભગવાન હૈ ॥-૫॥

(મૂલમ્)

તદેકવ્યાપારો જલધિજલમગ્નો ધૃતતલ -
સ્ત્વભાષોનિઃશ્વાસો ગલિતનિખિલાશો મૃગયતે,
મહારત્નં યોગી તદિવ યમિન્નં ચૈતિ કિલ સ,
મહાવીરઃ સ્વામી નયનપથગામી ભવતુ મે ॥ ૬ ॥

(ભાષા)

મૌનાવલમ્બી કામના સે રહિત મુનિ તલ્લીન હૈ,
વિનિરુદ્ધ શ્વાસોશ્વાસ હો સમ્પૂર્ણ ભાષા હીન હૈ।
મણિ કી તરહ જિસકા ગવેષણ કરત યતનાવાન હૈ,
મમ લોચનોં મેં સતત ભાસિત વીરવર ભગવાન હૈ ॥ ૬ ॥

(મૂલમ્)

પયઃ પીતં સ્ફીતં સુમધુરસિતાદ્યાઃ સમશિતાઃ,
કૃતા ભોગસક્તિસ્તદપિ નિજવાઞ્છા ન વિગતા ॥
યદીયધ્યાનેનાખિલભુવન રાજ્યં શિવસુખં,
મહાવીરઃ સ્વામી નયનપથગામી ભવતુ મે ॥ ૭ ॥

(ભાષા)

પર્યાપ્ત પય કા પાન મિશ્રી મધુર કા સેવન કિયા,
ભોગ ભોગે પર ન તૃષ્ણા-હીન હોત હૈ જિયા।
કિન્તુ કરતે ધ્યાન હી સબ સૌખ્ય કરતે દાન હૈ,
મમ લોચનોં મેં સતત ભાસિત વીરવર ભગવાન હૈ. ॥ ૭ ॥

(મૂલમ્)

પ્રતીરં ગંભીરં ભવજલધિતીરં જિગમિષુ,-
ર્મુનિર્ઘાસીલાલઃ શુભમકૃતવીરાષ્ટકમિદમ્ ॥

પઠેદ ભવ્યં નવ્યં પરમશિવસૌખ્યં શ્રયતિ યઃ,
મહાવીરઃ સ્વામી નયનપથગામી ભવતુ મે ॥ ૮ ॥

(ભાષા)

યહ વીર અષ્ટક લલિત ઘાસીલાલકૃત સુખ કાર હૈ,
ગમ્ભીર હૈ શુભ હૈ તથા સમ્પૂર્ણ શિવ આગાર હૈ ।
નવનવ કુશલ સુખ પ્રાપ્ત હો જો પ્રાપ્ત કરતા ગાન હૈ,
મમ લોચનોં મેં સતત ભાસિત વીરવર ભગવાન હૈ. ॥ ૮ ॥

## નવગ્રહ શાંતિ

ગુરુદેવં નમસ્કૃત્ય, ગ્રહશાંતિ વદામ્યહમ્ ।
વિધિવજ્જપમાત્રેણ, સમાધિં લભતે નરઃ ॥ ॥ ૧ ॥

જન્મસ્થાનેઽથવા રાશૌ, ગ્રસંતિ ગ્રહરાશયઃ ।
તદૈકભક્તજપતઃ સમારાધ્યતુ ખેચરાન્ ॥ ॥ ૨ ॥

હ્રૂઁ હ્રીઁ શ્રીઁ હૂઁ ઋષભાદિ, - વર્દ્ધમાન-જિનેશ્વરઃ ।
રક્ષંતુ માં સદા દેવા, - મન્દાદિગ્રહવિધ્રતઃ ॥ ॥ ૩ ॥

શનિ રાહુશ્ચ, કેતુશ્ચ, કુસ્થાનં ભજતે યદા ।
મુનિસુવ્રતનેમીનાં સુખં બીજાક્ષરૈર્જપાત્ ॥ ॥ ૪ ॥

મંગલે વિમલં ધ્યાયેત્, ગુરૌ ધ્યાયેચ્ચ પાર્શ્વકમ્ ।
શુક્રે સુમતિદેવ ચ, ચન્દ્રે ચન્દ્રપ્રભં મુદા ॥ ॥ ૫ ॥

બુધે સુવિધિનાથં ચ, સૂર્યેઽરં મનસા જપેત્ ।
શેષા જિનવરાઃ સર્વે રક્ષન્તુ મમ ગાત્રકમ્ ॥ ॥ ૬ ॥

ભાલે વામભુજે, નાભૌ, દક્ષિણે કરયોઃ પુનઃ ।
પશ્ચાદષ્ટદલે ચિત્તે, ધ્યાયેદ્ બીજૈર્જિનેશ્વરમ્ ॥ ॥ ૭ ॥

રોગશોકૌ ચ દારિદ્રયં, ચિત્તવિક્ષેપકારકરમ્ ।
આધિવ્યાધિ ઉપાધિશ્ચ ક્ષયં યાન્તિ ન સંશયઃ ॥ ॥ ૮ ॥

ૐ હ્રીઁ શ્રીઁ હૂઁ હ્રાઁ ચૈતાનિ, સંયોજ્ય પ્રભુનામતઃ ।
જપેત્ ત્રિસંધ્યં સંગોપ્ય, આષ્ટોત્તરશતં મુદા ॥ ॥ ૯ ॥

ડાકિનીશાકિનીત્યાદિ, દુષ્ટ-સર્પાશ્ચ સર્વથા ।
ગ્રહૈઃ કૃતાનિ વિઘ્નાનિ, નશ્યન્તિ ધ્યાનતો જિને ॥ ॥ ૧૦ ॥

ચક્રેશ્વર્યાદિદેવ્યશ્ચ, દિવ્યં દીવ્યન્તુ મેઽનિશમ્ ।
દેવી કાલી મહાકાલી સાનુકૂલા જિનાખ્યયા ॥ ॥ ૧૧ ॥

ગ્રહશ્રેણી પ્રભુધ્યાનાદનુગૃહણાતિ સર્વથા ।
નિઃસંશયં બ્રવીતીદં ઘાસીલાલો મુનિવ્રતી ॥ ॥ ૧૨ ॥

શનિરવિશશિભૌમાઃ સૌમ્યજીવો ચ શુક્રઃ
ગગનચરગણોઽયં, સિદ્ધિસૌખ્યં દદાતુ ।
જિનપતિજપનાન્મે, તુષ્ટિપુષ્ટી દદાતુ,
મમ જય-વિજયં સ્વાહાન્તમો હીઁ પુનઃ શ્રીઁ ॥ ॥ ૧૩ ॥

## अथ श्री जिनदेव नमस्काराष्टरकम्

तुभ्यं नमः सकललोकसुरक्षकाय,
तुभ्यं नमः सकललोकसुशिक्षकाय ।
तुभ्यं नमः सकललोकहितोत्सुकाय,
तुभ्यं नमः सकललोकविकाशकाय ॥ ॥१॥

तुभ्यं नमः सकललोकसुबोधकाय,
तुभ्यं नमः सकललोकपथेक्षकाय ।
तुभ्यं नमः सकललोकसुनायकाय,
तुभ्यं नमः सकललोकपवित्रकाय ॥ ॥२॥

तुभ्यं नमः सकललोकनिरीक्षकाय,
तुभ्यं नमः सकलदुष्कृतनाशकाय ।
तुभ्यं नमः सकलभव्यविमावकाय,
तुभ्यं नमः सकललोकसुलक्षकाय्र ॥ ॥३॥

(હરિગીતિકા છન્દ)

તુમ હો સકલ જગજીવ રક્ષક, ઈસલિયે તુમકો નમૂઁ ।
તુમ હો સકલ જગજીવ શિક્ષક, ઈસલિયે તુમકો નમૂઁ ॥
તુમ હો સકલ જગહિત પરાયણ, ઈસલિયે તુમકો નમૂઁ ।
તુમ હો સકલ સબ લોકદ્યોતક, ઈસલિયે તુમકો નમૂઁ ॥ ॥ ૧ ॥

તુમ હો સકલ જગજીવબોધક, ઈસલિયે તુમકો નમૂઁ ।
તુમ હો જગત કે માર્ગદર્શક, ઈસલિયે તુમકો નમૂઁ ॥
તુમ હો સદા સબ લોકનાયક, ઈસલિયે તુમકો નમૂઁ ।
તુમ હો સદા સબ લોકપાવક, ઈસલિયે તુમકો નમૂઁ ॥ ॥ ૨ ॥

તુમ હો સદા સબ લોકદર્શક, ઈસલિયે તુમકો નમૂઁ ।
તુમ હો સદા દુષ્કૃતવિનાશક, ઈસલિયે તુમકો નમૂઁ ।
તુમ હો સકલ ભવિકે વિભાવક, ઈસલિયે તુમકો નમૂઁ ।
તુમ હો સદા સબ લોકરક્ષક, ઈસલિયે તુમકો નમૂઁ ॥ ॥ ૩ ॥

तुभ्यं नमः सकलसद्गुणधारकाय,
तुभ्यं नमः सकलकर्मविमोचकाय ।
तुभ्यं नमः सकलसिद्धिविधायकाय,
तुभ्यं नमः सकलऋद्धिवितारकाय ॥ ॥४॥

तुभ्यं नमः सकलभावविभावकाय,
तुभ्यं नमः सकलभास्वरभासकाय ।
तुभ्यं नमः सकललोकविभूषकाय,
तुभ्यं नमः सकलकल्मषशोधकाय ॥ ॥५॥

तुभ्यं नमः सकलमंगलकारकाय,
तुभ्यं नमः सकलनिर्वृतिदायकाय ।
तुभ्यं नमः सकलकर्मविनाशकाय,
तुभ्यं नमः सकलतत्त्वनिरुपकाय ॥ ॥६॥

(હરિગીતિકા છન્દ)

તુમ હો સકલ ગુણ વૃન્દધારક, ઈસલિયે તુમકો નમૂઁ ।
તુમ હો સદા સબ કર્મ મોચક, ઈસલિયે તુમકો નમૂઁ ॥
તુમ હો સદા સબ સિદ્ધિકારક, ઈસલિયે તુમકો નમૂઁ ।
તુમ હો સદા સબ ઋદ્ધિદાયક, ઈસલિયે તુમકો નમૂઁ ॥ ॥ ૪ ॥

તુમ હો સકલભાવોં વિભાવક, ઈસલિયે તુમકો નમૂઁ ।
તુમ હો સકલભાસ્વરવિભાસક, ઈસલિયે તુમકો નમૂઁ ॥
તુમ હો સકલ જગકે વિભૂષક, ઈસલિયે તુમકો નમૂઁ ।
તુમ હો સકલકલ્મષવિશોધક, ઈસલિયે તુમકો નમૂઁ ॥ ॥ ૫ ॥

તુમ હો સકલમંગલવિધાયક, ઈસલિયે તુમકો નમૂઁ ।
તુમ હો સકલસુખશાંતિકારક, ઈસલિયે તુમકો નમૂઁ ॥
તુમ હો સકલનિજકર્મ નાશક, ઈસલિયે તુમકો નમૂઁ ।
તુમ હો સકલજગતત્ત્વભાષક, ઈસલિયે તુમકો નમૂઁ ॥ ॥ ૬ ॥

तुभ्यं नमः सकलजीवदयापराय,
तुभ्यं नमः शिवदशासनभास्कराय ।
तुभ्यं नमः सकललोकशुभङ्कराय,
तुभ्यं नमः सकलसिद्धिसुखेश्वराय ॥ ॥७॥

अज्ञानतो नतिरकारि पुरा न ते य, -
न्नत्याडधुना तव समो न नतिं करिष्ये ।
एतौ क्षमस्त्र जिनदेव ! ममापराधौ,
दोषावलोकनपराः किमु वीतरागाः ॥ ॥८॥

(માલિની છન્દ)

ह्विदि निहितजिनेन्द्रः स्तोत्रमेतत् पवित्रं,
पठति परमभक्त्या घासिलालमणीतम् ।
स भवति जिनरुपः कान्तसंसारकूपः,
शिवसुखमयरुपः प्राप्तिसिद्धस्वरुपः ॥

(હરિગીતિકા છન્દ)

તુમ હો સકલકરુણાપરાયણ, ઈસલિયે તુમકો નમૂઁ ।
તુમ હો શિવદશાસનપ્રભાવક, ઈસલિયે તુમકો નમૂઁ ॥
તુમ હો સકલજગજ્જીવશુભકર, ઈસલિયે તુમકો નમૂઁ ।
તુમ કો સકલશિવસૌખ્યસ્વામી, ઈસલિયે તુમકો નમૂઁ ॥ ॥ ૭ ॥

મૈંને કિયા યહ પૂર્વમેં, અપરાધ તેરા હે વિભો !
અજ્ઞાનવશ નહિ નત હુઆ, તેરે ચરણ મેં જો પ્રભોં ! ॥
અબ નમન કરકે નમન હોના, હૈ નહીં ફિર મોક્ષમેં,
અપરાધ યે દોનોં હમારે, માફ તુમ કરદો હમેં ॥ ॥ ૮ ॥

યહ વિમલ ઘાસીલાલ-કૃત, શિવસુખવિધાયક સ્તોત્ર હૈ,
નવનવકુશલદાતા સદા યહ, શુદ્ધ પરમ પવિત્ર હૈ ॥
નિજ હૃદયમેં જિનરાજ ધર, જો ભવ્ય પઢતા ભાવસે,
ભવપાર કર જિનરૂપ હોતા, સ્તોત્રકે અનુભાવસે ॥ ॥ ૯ ॥

॥ ઈતિ સમ્પૂર્ણમ્ ॥



श्रीविनयलाभगणिगुम्फितं

## ॥ पार्श्वभक्तामरम् ॥

(भक्तामरस्तोत्रस्य समस्याबन्धरचना)

पादारविन्दुमकरन्दरसैफलुब्ध-
मुग्धेन्दिरप्रवरनिर्जरवृन्दवन्धम् ।
'पार्श्वे'श्वरं प्रविततश्रियमद्वितीय -
मालम्बनं भवजले पततां जनानाम् ॥ १ ॥

सत्कायसुन्दरमनोवचनप्रयोग-
सम्पूर्णसाधनविधानगुणैकदक्षैः ।
यः सेवितः परमधार्मिकसिद्धसङ्घैः
स्तोष्ये किलाहमपि तं प्रथमं जिनेन्द्रमं ॥ २ ॥ (युग्मम्)

नाथ ! त्वदीयगुणसंस्तवनं चिकीर्षु -
र्लप्स्ये विदग्धजनहास्यपदं विमोहात् ।
मूढाद्दते मुकुरमध्यगतास्यबिम्ब-
मन्यः क इच्छति जनः सहसा ग्रहीतुम ? ॥ ३ ॥

कश्चिद् विपश्चिदिह नो जगति प्रभूष्णु -
र्यस्त्वद्गुणौधगणनां प्रकटीकरोति ।
को लङ्घयेद् गगनमाशु पदैः प्रसह्य ?
को वा तरीतुमलमम्बुनिधिं भुजाभ्याम् ? ॥ ४ ॥

मन्दोऽप्यहं गुणनिधे ! निजबुद्धिशक्त्या
त्वद्वर्णनां रचयितुं परमं यतिष्ये ।

धीरा द्रु (द्र?) वन्ति समरे हि तथाऽबलोऽपि
नाभ्येति किं निजशिशोः परिपालनार्थम् ? ॥ ५ ॥

त्वत्कीर्तिकीर्तनविधौ हि मनो मदीयं
हल्लेखतां व्रजति तत्र तवानुभावः ।
गुञ्जन्ति षट्पदगणाः सुरमौ मदान्धा-
स्तच्चारचूतकलिकानिकरैकहेतुः ॥ ६ ॥

भास्वत्प्रभानिचयचिन्मय ! सत्प्रकाशाद्
ध्यानात् तव प्रबलसन्तमसं हृदिस्थम् ।
दूरे प्रयाति विलयं खलु मोहजातं
सूर्यांशुभिन्नमिव शार्वरमन्धकारम् ॥ ७ ॥

ज्ञानं तथाविधमवीश ! न निर्मलं मे
प्रद्योतयिष्यति गुणस्तुतिशुद्धसङ्गः ? ।
प्रातर्यथा हरिमरीचियुतं(तः) कुशाग्रे
मुक्ताफलद्युतिमुपैति ननूदबिन्दुः ॥ ८ ॥

दोषानुषङ्गिपरदेवगणानपास्य
लीनानि योगिहृदयानि त्वयि प्रकामम् ।
हित्वैव दुष्टजलभूमिमतो भवन्ति
पद्माकरेषु जलजानि विकाशमाञ्जि ॥ ९ ॥

मिथ्यावशेन किल पूर्वभवे कुदेव-
सेवा कृता जिन ! मया न हिताय जाता ।
किं तेन विश्वजनवन्द्य ! निषेवितेन
भूत्याऽऽश्रितं य इह नात्मसमं करोति ? ॥ १० ॥

त्वद्भारतीं मरणजन्मजदोषहन्त्रीं
श्रुत्वा सुधीः प्रकुरुतेऽन्यगिरः क इच्छाम् ?
आकण्ठमद्भुतसुधारसपानतृप्तः
क्षारं जलं जलनिधे रसितुं क इच्छेत् ? ॥ ११ ॥

अत्यद्भुतं सुभगरुपधरं नरं सन्-
दृष्टवाऽनुरज्यति वशा वचनं न मिथ्या ।
त्वय्याश्रिता त्रिजगतः कमला हि तस्मात्
यत् ते समानमपरं नहि रुपमस्ति ॥ १२ ॥

त्वत्कीर्तिशुभ्रगुणसेन्तुलितुं(लने?) प्रवृत्त-
श्चन्दो निजांशुमिरहर्निशमल्पतेजाः ।
दोषाकरस्य न च सिद्धिमुपैति बिम्बं
यद् वासरे भवति पाण्डुपलाशकल्पम् ॥ १३ ॥

स्वर्गापवर्गसुखदानविधैकदक्षात्
त्राणच्युतान् चतुरशीतिकलक्षयोनौ ।
धर्माद्दते तव पृथग्भवदुःस्थजन्तून्
कस्तान् निवारयति सञ्चरतो यथेष्टम् ? ॥ १४ ॥

'रुद्रा'दिदैवतगणः क्षुमितः 'स्मरे'ण
रोमोद्गमोऽपि न कृतस्तव तेन कश्चित् ।
सर्वेऽचलाः प्रदलिताः प्रलयार्कतापात्
किं 'मन्दरा'द्रिशिखरं चलितं कदाचित् ? ॥ १५ ॥

श्रेयोदशोल्लसितशान्तरसप्रपूर्णः
प्लुष्टान्तरारिशलमोऽप्यतिनिष्कलङ्कः ।
ज्ञानार्चिरस्तमितमोहतमप्रपञ्चो
दीपोऽपरस्त्वमसि नाथ ! जगत्प्रकाशः ॥ १६ ॥

जाग्रद्दिवारजनिसाम्यविधिप्रकाशः
सङ्ख्यातिरिक्तभुवनाद(व)धिकप्रचारः ।
कुर्वन् विवेकिहृदयाम्बुजसत्प्रबोधं
सूर्यातिशायिमहिमाऽसि मुनीन्द्र ! लोके ॥ १७ ॥

पक्षद्वयाधिककलं निशि वासरेषु
तुल्यप्रभावमकलङ्कमनन्तमान्यम्
मार्तण्डराहुधनभीतिभिदं तवास्यं
विद्योतयज्जगदपूर्वशशाङ्कबिम्बम् ॥ १८ ॥

कोऽर्थः सुरद्रु-मणि-कामगवीभिरीश !
प्राप्तो मया स यदि ते परमप्रसादः ? ।
नित्योल्लसत्सुरसरिज्जलपूर्णदेशे
कार्यं कियज्जलधरैर्जलभारनम्रैः ? ॥ १९ ॥

मुक्तयैषकस्त्वयि निवेशयति स्वचित्तं
नैवान्यदैवतगणे धनदोषयुक्ते ।
यादृग् रमेत हृदयं चतुरस्य रत्ने
नैवं तु काचशकले किरणाकुलेऽपि ॥ २० ॥

निर्णाततत्त्वपदनिश्चलमानसानां
त्वत्पादपद्मपरिचारणतत्पराणाम् ।
पुंसामिहत्यकतिचित्सुखदो न देवः
कश्चिन्मनो हरति नाथ ! भवान्तरेऽपि ॥ २१ ॥

प्रज्ञा तवैव परमोच्चगुणाश्रया या
प्रादुश्चकार विमलद्युति केवलाख्यम् ।
सन्तीन्दुतारकभृतोऽन्यदिशोऽर्कबिम्बं
प्राच्येव दिग् जनयति स्फुरदंशुजालम् ॥ २२ ॥

प्राग्भूतसातिशययोगिजनप्रगीताद्
दुष्टाकर्मचयचङ्क्रमणैकलक्षात् ।
युष्मत्प्रवर्तितपथः परितोऽनवद्या-
त्रान्यः शिवः शिवपदस्य मुनीन्द्र ! पन्थाः ॥ २३ ॥

भावावभासनपराद्धतशुद्धबुद्धथा
निर्णीय तत्त्वमखिलं सकलागमस्य ।
त्वां विश्वनायकमनन्तसुखानुषक्तं
ज्ञानस्वरुपममलं प्रवदन्ति सन्तः ॥ २४ ॥

केचित् सुराः परुषभावपरीतचित्ता
बाढं परे स्फुरदनङ्गनिषङ्गवश्याः ।
मुक्तः सदैव भवभूरुहबीजसङ्गाद्
व्यक्तं त्वमेव भगवन् ! पुरुषोत्तमोऽसि ॥ २५ ॥

धौताष्टकर्मदलकश्मल ! निर्मलाय
ध्यानानलोद्धुषितदुर्ममतालताय ।
विश्वत्रय(यी) कृतगुणस्तुतिमङ्गलाय
तुभ्यं नमो जिन ! भवोदधिशोषणाय ॥ २६ ॥

सूक्ष्मेतरेषु च भवेषु निगोदजेषु
तिष्ठन्त्यनन्ततरकालमतीव दुःस्थाः ।
तैर्जन्तुभिर्बहुलकर्मवशाज्जिन ! त्वं
स्वप्नान्तरेऽपि न कदाचिदपीक्षितोऽसि ॥ २७ ॥

चञ्चत्तमालदलकज्जलनीलभासि
नीरन्ध्रन्तमसि दुष्कमठप्रक्लृप्ते ।
तस्मिन् विभाति वदनं परमं त्वदीयं
बिम्बं रवेरिव पयोधरपार्श्ववर्ति ॥ २८ ॥

धर्मध्वजोपरिलसत्कनकस्य कुम्भं
त्वत्प्रातिहार्यजनितं सुजनाः समीक्ष्य ।
तुल्योपमां विदधतीति किमूग्रबिम्बं
तुङ्गोदयाद्रिशिरसीव सहस्त्ररश्मैः ॥ २९ ॥

यस्मिन् गृहे सुकृतिनः कुरुषे निरीहः
सत्पारणां भवमहोदधितारणां त्वम् ।
कुर्वन्ति दैवतगणाः कनकस्य वृष्टि-
मुच्चैस्तटं सुरगिरेरिव शातकौम्भम् ॥ ३० ॥

अत्युज्जवलं तव यशः प्रथितं त्रिलोक्यां
शेषार्णवेन्दुभिषतः कृतरुपमेदम् ।
पातालमर्त्यदिवि सञ्चरते यथेष्टं
प्रख्यापयत् त्रिजगतः परमेश्वरत्वम् ॥ ३१ ॥

त्वज्जन्ममज्जनविधिं सविधिं सुमेरौ
कुर्वन्त एव वरतीर्थसमुद्भवानि ।
मृत्स्नादिमङ्गलमहौषधिजीवनानि
पद्मानि तत्र बिबुधाः परिकल्पयन्ति ॥ ३२ ॥

त्वत्केवलानुभवतेजतुलां लभेत
ज्ञानं न चेतरसुरस्य कषायवश्यात् ।
यादृग् मरीचिरचना हि सहस्त्ररश्मे-
स्तादृक् कुतो ग्रहगणस्य विकाशिनोऽपि ? ॥ ३३ ॥

गर्भाशयादनुसमुद्गतयोनियन्त्र-
पीडाकदम्बककदर्थितजन्तुराशिम् ।
भीमं चतुष्टयगतिप्रभवोग्रनागं
दृष्ट्वा भयं भवति नो भवदाश्रितानाम् ॥ ३४ ॥

येन प्रचण्डतरमूर्तिधरावनीश -
मुख्याडप्यनन्तजनता सकला प्रजग्धा ।
हिंस्त्रोग्रकालकुलसाध्वसदुर्मृगारि-
र्नाक्रामति कमयुगाचलसंश्रितं ते ॥ ३५ ॥

यस्मिन्नभिज्वलति द(दे) ह्यतिसारभूत-
मिष्टार्थनाशकमनर्थकरं परं च (तम्) ।
कोधानलं विमलशान्तरसप्रमोषं
तवन्नामकीर्तनजलं शमयत्यशेषम् ॥ ३६ ॥

वैषम्यदोषविषदूषितजीववर्गो
विद्विष्टदुष्टमदनाख्यमहोरगेन्द्रः ।
विश्वत्रयप्रभविता विलुठेन्न तस्य
त्वन्नामनागदमनी हृदि यस्य पुंसः ॥ ३७ ॥

अन्तर्गतप्रबलदुर्जयमोहसैन्यं
कामादिकोटिमटलुण्ठितधर्मधैर्यम् ।
चैतन्यविप्लुतिकरं च यथाडर्कतापात्
त्वत्कीर्तनात् तम इवाशु मिदामुपैति ॥ ३८ ॥

प्रागुग्रयोगघरयोगिविधूतधैर्ये
प्रौढाष्टकर्ममटभञ्जनघोरयुद्धे ।
तस्मिन्नभूतविजयं गुणसङ्धमुख्या-
स्त्वत्पादपङ्कजवनाश्रयिणो लभन्ते ॥ ३९ ॥

भूयिष्ठजन्मनिधनोरुगभीरनीर-
योगापयोगलहरीगदमीनभर्तुः ।
पारं त्वदीप्सितजना भवसागरस्य
त्रासं विहाय भक्तः स्मरणाद् व्रजन्ति ॥ ४० ॥

श्वित्रोपचित्रितविरुपनिरुपिताङ्गाः
स्वोपात्तदुर्ललितकर्मविपाकविद्धाः ।
तेऽपि त्वदीयपदपद्मपरीष्टिपुण्या-
न्मर्त्या भवन्ति मकरध्वजतुल्यरुपाः ॥ ४१ ॥

ये त्वामनन्यमनसः परमार्थरक्ता-
श्चिते चिदेकनिलयं परिचिन्तयन्ति ।
घोरानुभावघनकर्मजपाशबन्धात्
सद्यः स्वयं विगतबन्धमया भवन्ति ॥ ४२ ॥

देन्ती(?)मृगारिदववह्निभुजङ्गयुद्ध-
वारीशदुष्टगदबन्धनजं भयौघम् ।
तस्यान्तरङ्गमपि नश्यति दुःखजालं
यस्तावकं स्तवमिमं मतिमानधीते ॥ ४३ ॥

इत्थं जिनेन्द्रगुणसंस्तुतिमद्भुतार्थां
श्रुत्वा नरः श्रवणभूषणतां करोति ।
इष्टार्थसाधनपरा परिवर्धमाना
तं मानतुङ्गमवशा समुपैति लक्ष्मीः ॥ ४४ ॥

एवं श्री'मानतुंङ्गी' कृतिरतिरुचिरा सत्समस्यापदैस्तैः
सन्दब्धा 'पार्श्व'नाथस्तुतिरसमिलिताऽऽनन्दसन्दोहसारा ।
श्रीमच्छ्रीपाठकानां गुरुतर'विनया'ध'प्रमोदा'भिधानां
शिष्येण प्राप्य सेवां 'विनय'पदयुजा 'लाभ'नाम्ना सुखेन ॥४५॥

नमः श्रीपार्श्वपतये

श्रीविनयलामगणिगुम्फितं

## ॥ पार्श्वभक्तामरम् ॥

(भक्तामरस्तोत्रस्य समस्याबन्धरचना)

## શ્રી પાર્શ્વભક્તામરનું પર્યાલોચન

શ્રી પાર્શ્વ ભક્તામર એ પંડિત વિનયલાભગણિજીની કૃતિ છે. એમાં એકંદરે ૪૫ શ્લોકો છે, તે પૈકી પ્રથમના ૪૪ શ્લોકો ભક્તામર સ્તોત્રના ચતુર્થ ચરણની સમસ્યારૂપ છે, જ્યારે અંતિમ શ્લોક પ્રશસ્તિરૂપ છે. આ સમગ્ર કાવ્ય જૈનોના તેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથની સ્તુતિરૂપ છે એ વાતની આદ્ય તેમજ અંતિમ શ્લોક સાક્ષી પૂરે છે, પરન્તુ આ દ્વારા શ્રી પાર્શ્વનાથના જીવનવૃતાન્ત ઉપર કંઈ પણ પ્રકાશ પાડવામાં આવ્યો નથી, ઘણાખરા શ્લોકો તો ગમે તે જિનેશ્વરની સ્તુતિરૂપ ગણી શકાય તેવા છે. આધુનિક પાશ્ચાત્ય વિદ્વાનો શ્રી પાર્શ્વનાથને જૈન ધર્મના મૂળ સ્થાપક તરીકે સ્વીકારે છે.

સુંદર શરીર, શુભ ચિત્ત અને વિશુધ્ધ વચનના પ્રયોગો વડે સંપૂર્ણ સાધનના વિધાનરૂપ ગુણમાં અસાધારણ ચતુર એવા અત્યન્ત ધાર્મિક સિધ્ધના સંઘો વડે જે સેવાયેલા છે, તે ચરણ-કમલના કેસરના રસને વિષે અદ્વિતીયપણે લંપટ એવા મનોહર ભ્રમરના સમાન ઉત્તમ સુરોના સમૂહને પૂજનીય એવા, લક્ષ્મીનો અતિશય વિસ્તાર કરનારા, વળી સંસાર-સમુદ્રમાં પડતા (ડૂબતા) જનોના અદ્વિતીય આધારરૂપ તથા વળી વિશાળ શોભાવાળા એવા જિનેશ્વર પાર્શ્વનાથની હું પણ ખરેખર સ્તુતિ કરીશ. ૧-૨.

હે પ્રભુ ! તારા ગુણોનું સંકીર્તન કરવાની અભિલાષાવાળો હું અતિશય અજ્ઞાનને લીધે ચતુર જનોના હાસ્યના સ્થાનને પામીશ (કેમકે) મૂર્ખ સિવાય કયો અન્ય મનુષ્ય દર્પણના મધ્યને પ્રાપ્ત થયેલા (સૂર્યના અથવા ચન્દ્રના) મણ્ડલોને એકદમ ગ્રહણ કરવાને ઈચ્છે. ૩.

(હે નાથ !) તારા ગુણોના સમૂહની ગણનાને જે પ્રકટ કરે એવો કોઈ પ્રભાવશાળી (અથવા સમર્થ) વિદ્વાન જગતમાં નથી, (કેમકે) આ દુનિયામાં કોણ પગ વડે જલદી ગગનનું બળાત્કારપૂર્વક ઉલ્લંઘન કરે અથવા કોણ બે હાથ વડે સમુદ્ર તરી જવાને સમર્થ છે ? ૪.

હે ગુણોના ભંડાર ! તારી અનુજ્ઞા અનુસાર મારી બુધ્ધિબળ વડે મંદ એવો પણ હું તારી સ્તુતિ રચવાનો હું પ્રયાસ કરીશ, કેમકે જેમ પરાક્રમી (પુરૂષો) યુધ્ધમાં દોડે છે તેમ નિર્બળ (મનુષ્ય) પણ શું પોતાના બાળકના રક્ષણાર્થે સામો જતો નથી ? ૫.

(હે પરમેશ્વર !) તારી કીર્તિના કીર્તનના કાર્યને વિષે મારું મન જ્ઞાનતાને પામે છે તે તારો પ્રભાવ છે. મદાંધ ભ્રમરોના સમૂહો વસંત (ઋતુ)માં ગુંજારવ કરે છે તેમાં મનોહર આમ્ર-મંજરીના સમુદાયરૂપ અસાધારણ હેતુ છે. ૬.

(હે ઈશ્વર !) મોહથી ઉત્પન્ન થયેલું, હૃદયમાં રહેલું, અત્યન્ત દૃઢ તેમજ ગાઢ એવું અજ્ઞાન તેજસ્વી કાન્તિના સમૂહરૂપ સંપૂર્ણ ચૈતન્યના સુંદર પ્રકાશથી યુક્ત એવા તારા ધ્યાનથી સૂર્યનાં કિરણોથી ભેદાયેલા રાત્રિના અંધકારની જેમ દૂરથી ખરેખર વિનાશ પામે છે. ૭.

હે નાથ ! જેવી રીતે કુશના અગ્ર ભાગ ઉપરનું જળનું બિન્દુ સૂર્યનાં કિરણથી યુક્ત થતાં મૌકિતકની પ્રભાને પામે છે, તેવી રીતે મારા નિર્મળ જ્ઞાનને (પણ, શું તારા ગુણની સ્તુતિનો શુધ્ધ પ્રસંગ પ્રકાશિત નહિ કરે ? ૮.

દોષોથી યુક્ત (અથવા વ્યાપ્ત) એવા અન્ય સુરોના સમૂહોને દૂર તજીને યોગીઓનાં હૃદયો (હે નાથ !) તારે વિષે જ લીન થાય છે, કેમકે દુષ્ટ જલ-ભૂમિને ત્યજી દઈને કમળો સરોવરોમાં (જળ) વિકાસને ભજવનારાં બને છે (અર્થાત્ ખીલે છે) ૯.

હે તીર્થંકર ! પૂર્વ જન્મમાં મિથ્યાત્વને વશ થઈ મેં જે કુદેવની સેવા કરી તે ખરેખર કલ્યાણાર્થે ન થઈ. હે વિશ્વના લોકને પૂજનીય ! (પરમેશ્વર !) જે આ દુનિયામાં આશ્રિતને (સેવકને) સમૃધ્ધિ વડે પોતાના સમાન બનાવતો નથી, તેની સેવા કરવાથી શું ? ૧૦.

(હે નાથ !) મરણ અને જન્મથી જન્મના દોષોને હણનારી એવી તારી વાણીને સાંભળ્યા પછી કયો સુબુધ્ધિશાળી (મનુષ્ય) બીજાની (અથવા) બીજી વાણીની ઈચ્છા કરે ? કણ્ઠ સુધી અદ્‌ભુત અમૃત-રસના પાનથી તૃપ્ત બનેલો કોણ સમુદ્રના ખારા જળનો આસ્વાદ લેવાને ઈચ્છે ? ૧૧.

અત્યન્ત અદ્‌ભુત તેમજ સુભગ સૌન્દર્યને ધારણ કરનાર, એવા નરને રૂડી રીતે જોઈને નારી તેની અનુરાગિણી બને છે (એ) વચન અસત્ય નથી, તેથી કરીને (તો) ત્રૈલોક્યની લક્ષ્મીએ ખરેખર તારો આશ્રય લીધો છે, કેમકે તારા સમાન અન્ય રૂપ નથી. ૧૨.

વળી અલ્પ તેજવાળો ચન્દ્ર પોતાનાં કિરણો વડે તારી કીર્તિના જેવા શુભ્ર ગુણોની સંતુલના કરવા માટે દિવસ અને રાત મંડ્યો રહે છે, પરન્તુ (એ) ચન્દ્રનું મંડળ સિધ્ધિને પામતું નથી, કેમકે તે દિવસે ફિક્કા પલાશના (પત્ર) જેવું બને છે. ૧૩.

ચોર્યાસી લાખ યોનિમાં મરજી મુજબ ફરનારા, શરણ-રહિત, જુદા-જુદા (અર્થાત્ અનેક) ભવમાં દુઃખે કરીને રહેલા એવા પ્રસિધ્ધ જીવોને સ્વર્ગ અને મોક્ષનાં સુખ અર્પણ કરવામાં અસાધારણ રીતે ચતુર એવા તારા ધર્મ વિના કોણ (કુકર્મથી અટકાવે ? ૧૪.

મહાદેવ પ્રમુખ દેવોના સમૂહને કામદેવે ક્ષોભ પમાડ્યો. (પરન્તુ) તેનાથી તને (જરા પણ) રોમાંચ ન થયો. (આ વાત સ્વાભાવિક છે, કેમકે) પ્રલય (કાળ) ના સૂર્યના તાપથી બધા પર્વતો નાશ પામે છે, (પરન્તુ) શુ મેરૂ પર્વતનું શિખર કદાપિ પલાયમાન થાય છે ? ૧૫.

(હે નાથ !) કલ્યાણરૂપી દશા વડે ઉલ્લાસ પામેલા શાંત રસથી પરિપૂર્ણ એવો, વળી જેણે આંતરિક શત્રુરૂપ પતંગિયાઓને બાળી નાખ્યા છે એવો, સર્વથા કલંકથી મુક્ત, તેમજ વળી જેણે જ્ઞાનરૂપી તેજ વડે અજ્ઞાનરૂપી અંધકારના પ્રપંચને દૂર કર્યો છે એવો તું દુનિયાને પ્રકાશિત કરનારો અપૂર્વ દીપક છે. ૧૬.

હે યોગીશ્વર ! અહોનિશ સમતા કરવા રૂપ જાગૃત પ્રકાશથી યુક્ત, અસંખ્યાત ભુવન સુધી પ્રચારવાળો તથા વિવેકી (જનો)ના હૃદય-કમલનો સુંદર વિકાસ કરનારો એવો તું જગતમાં સૂર્યથી અધિક પ્રભાવશાળી છે. ૧૭.

હે નાથ ! ભ્રાતૃ-પક્ષ અને પિતૃ-પક્ષ એ ઉભય પક્ષમાં અધિક કળાવાળું, રાત્રે તેમજ દિવસે સમાન પ્રકાશવાળું, કલંકથી રહિત, અનંતને માન્ય, સૂર્ય, રાહુ અને મેઘના ભયને ભેદનારું તથા જગતને વિશેષતઃ પ્રકાશિત કરનારું વદન અપૂર્વ ચન્દ્રના મંડળ જેવું છે. ૧૮.

હે નાથ ! જો મેં તારો પ્રસિધ્ધ પરમ પ્રસાદ પ્રાપ્ત કર્યો છે, તો પછી દેવ-વૃક્ષ (ચિન્તા) મણિ તેમજ કામ-ધેનનું (મારે) શું પ્રયોજન છે ? (કેમકે) નિત્ય ઉલ્લાસ પામતી એવી ગંગાના જળ વડે પરિપૂર્ણ દેશના જળના ભાર વડે નીચા નમેલા મેઘોનું કેટલું કામ છે ? ૧૯.

મોક્ષનો અભિલાષી (જીવ) તારે જ વિષે પોતાનું મન પરોવે છે, પરંતુ અત્યન્ત દોષયુક્ત અન્ય સુરોના સમૂહને વિષે તે તેમ કરતો નથી. (એ વાત બરાબર છે, કેમકે) ચતુરનું હૃદય જેવું રત્નને વિષે રમે, તેવું તે કિરણોથી વ્યાપ્ત એવા કાચના કકડાને વિષે રમતું નથી. ૨૦.

હે નાથ ! તત્ત્વ-પદનો નિશ્ચય કરવાથી નિશ્ચળ ચિત્તવાળા બનેલા (અને એથી કરીને) તારા ચરણ-કમલની સેવા (કરવા)માં તત્પર એવા માનવોના મનને લૌકિક (અને તે પણ વળી) કેટલાંક સુખો આપનારો કોઈ દેવ ભવાંતરમાં પણ હરી શકે તેમ નથી, (તો આ ભવની) તો વાત જ શી ? ૨૧.

હે નાથ ! જેણે નિર્મળ - પ્રકાશવાળા કેવલ નામના (જ્ઞાનને) પ્રકટ કર્યું તે અતિશય ઊંચા ગુણોના આશ્રયરૂપ પ્રજ્ઞા તારી જ છે, (દાખલા તરીકે) ચન્દ્ર અને તારાઓને ધારણ કરનારી અન્ય દિશાઓ છે, (પરન્તુ) પૂર્વ દિશા જ ઝળહળતાં કિરણોના સમૂહવાળા સૂર્ય-મણ્ડળને જન્મ આપે છે. ૨૨.

હે યોગિરાજ ! પૂર્વે થઈ ગયેલા અતિશયધારી યોગિ-જન વડે ગવાયેલા એવા, વળી દુષ્ટ (જ્ઞાનાવરણીયાદિક) આઠ કર્મના સમૂહના ઉલ્લંઘનને વિષે અસાધારણ લક્ષણરૂપ તથા વળી પાપરહિત એવા તમે ચારે તરફ પ્રવતવિલા માર્ગથી અન્ય કોઈ મોક્ષ-સ્થાનનો માર્ગ નથી. ૨૩.

ભાવ ઉપર પ્રકાશ પાડવામાં અતિશય અદ્‌ભુત તેમજ નિર્મળ એવી મતિ વડે સર્વ શાસ્ત્રના સંપૂર્ણ તત્ત્વનો નિર્ણય કરીને (હે નાથ !) સંતો તને વિશ્વનો નાયક, અનંત સુખથી યુક્ત, જ્ઞાનસ્વરૂપી તેમજ નિર્મળ કહે છે. ૨૪.

કેટલાક દેવો નિર્દયતાથી ગ્રસ્ત ચિત્તવાળા છે અને અન્ય ઘણાખરા દેવો ખરેખર પ્રકાશમાન મદનના અત્યન્ત અંગને વશ છે (અર્થાત્ અતિશય કામાતુર છે), જ્યારે હે ભગવન્ ! પુરૂષોમાં શ્રેષ્ઠ એવો તું જ સંસારરૂપ વૃક્ષના (રાગ અને દ્વેષરૂપી) બીજના સંગથી સર્વદા મુક્ત છે. ૨૫.

જેણે (જ્ઞાનાવરણીયાદિક) આઠ કર્મોના સમૂહરૂપ પાપનું પક્ષાલન કર્યું છે એવા હે (પરમેશ્વર !) હે તીર્થંકર ! નિર્મળ એવા તથા વળી જેણે (શુભ) ધ્યાનરૂપ અગ્નિ વડે દુષ્ટ મમતાને બાળી મુકી છે એવી તેમજ જેના ગુણોની ત્રૈલોક્યે સ્તુતિ કરી છે એવા તથા કલ્યાણકારી તથા સંસાર-સાગરનું શોષણ કરનારા એવા તને નમસ્કાર (હોજો) ૨૬.

જે (જીવો) નિગોદ-જન્મ તેમજ અન્ય સૂક્ષ્મ તથા બાદર ભવોને વિષે અત્યન્ત અનંત કાળ સુધી અતિશય દુઃખી રહે છે, તેમનાથી (પોતાના) ભારે કર્મને લીધે તું સ્વપ્નાન્તરમાં પણ કદાપિ જોવાયો નથી. ૨૭.

તે દુઃખે કરીને આક્રમણ કરી શકાય એવા ગઢના જેવા તથા વળી હાલતા તમાબના દલના તેમજ કાજલના જેવી નીલ કાન્તિવાળા એવા તેમજ છિદ્રરહિત એવા ગાઢ અંધકારમાં સૂર્યના મેઘની સમીપ રહેલા મણ્ડળની જેમ તારું ઉત્તમ મુખ અધિક શોભે છે. ૨૮.

તારા પ્રાતિહાર્યથી ઉત્પન્ન થયેલ ધર્મધ્વજ ઉપરના ચળકતા સુવર્ણના કુંભને રૂડી રીતે જોઈને સજ્જનો ઊંચા ઉદયાચળની ટોચ ઉપરના સૂર્યના કિંચિત્ ઉષ્ણ મણ્ડળની સાથે સરખામણી કરે છે. ૨૯.

જેને ઘેર ઈચ્છા વિનાનો એવો તું ભવરૂપી મહાસાગરથી તારનારું સુંદર પારણું કરે છે, ત્યાં પુણ્યશાળી સુરોના સમૂહો સૂરગિરિના સુવર્ણમય ઉચ્ચ તટની જેમ સુવર્ણની વૃષ્ટિ કરે છે. ૩૦.

(હે નાથ !) અતિશય ઉજ્જવળ, ત્રૈલોક્યમાં પ્રસિધ્ધ થયેલા, બાકીના સમુદ્ર અને શશીના મિષથી અન્ય રૂપવાળી તેમજ ત્રણે લોકમાં (તારા) પરમ ઐશ્વર્યને પ્રકટપણે કહેતી એવી તારી કીર્તિ પાતાળ, મર્ત્ય અને સ્વર્ગ (એ ત્રણ લોક) માં મરજી મુજબ સંચરે છે. ૩૧.

મેરૂ (પર્વત) ઉપર (હે નાથ !) તારો વિધિપૂર્વક જન્માભિષેક કરનારા દેવો ત્યાં ઉત્તમ તીર્થમાં ઉત્પન્ન થયેલાં એવાં તથા સુગંધી માટી વગેરે મંગળ, મહૌષધિ તેમજ જળવાળાં એવાં પદ્મો રચે છે. ૩૨.

(હે નાથ !) અન્ય દેવનું જ્ઞાન કષાયને વશ હોવાને લીધે તારા કેવલ (જ્ઞાન) રૂપી અનુભવના તેજની તુલનાને ન પામે (એ યથાર્થ છે), કેમકે સૂર્યના કિરણોની જેવી રચના હોય, તેવી પ્રકાશિત ગ્રહોના સમુદાયનાં કિરણોની પણ ક્યાંથી હોય ? ૩૩.

ગર્ભાશયના (દુઃખ ભોગવ્યા) પછી ઉત્પન્ન થયેલી યોનિ-યન્ત્રની પીડાના સમૂહથી જેણે પ્રાણિ-વર્ગને કષ્ટ આપ્યું છે એવા ચતુર્ગતિરૂપ દીર્ઘ સંસારરૂપી ભયંકર હાથીને જોઈને આપનો આશ્રય લીધેલા (ભવ્ય જન) ને ભય થતો નથી. ૩૪.

જેણે અત્યન્ત પ્રચણ્ડ દેહને ધારણ કરનારા (રાવણ જેવા) પણ પૃથ્વીપતિઓ પ્રમુખ અનંત લોકોનું ભક્ષણ કર્યું, તતે ક્રૂર ભયંકર કાળના કુળને (પણ) ભયરૂપ (અર્થાત્ યમરાજના કરતાં પણ અતિશય ઘાતકી અને ભયંકર) એવો દુષ્ટ સિંહ તારા ચરણ યુગલરૂપ પર્વતનો રૂડી રીતે આશ્રય લીધેલા (પ્રાણી) નું આક્રમણ કરતો નથી. ૩૫.

જેને વિષે (અર્થાત્ જેના ઉદય દરમ્યાન) જીવોના અતિશય સારભૂત (તપ, શમ્, જ્ઞાન, દર્શન, સંયમ ઈત્યાદિ પદાર્થ) બળી જાય છે, તે, વાંચ્છિત વસ્તુ (મોક્ષ) ના વિનાશક, અનર્થકારી અને વળી નિર્મળ શાંત રસને લૂંટનાર એવા ક્રોધરૂપી અગ્નિને તારા નામ-કીર્તનરૂપી જળ સંપૂર્ણ રીતે શાંત કરે છે (ઓળવી નાખે છે) ૩૬.

(હે નાથ !) જે પુરુષના હૃદયમાં તારા નામરૂપી નાગ-દમની છે, તેને, જેણે વિષમતાના દોષરૂપી વિષથી પ્રાણીઓના સમૂહને દૂષિત કર્યો છે, એવો, ત્રૈલોક્યનો પરાભવ કરનારો તેમજ અત્યન્ત દ્વેષી તથા દુષ્ટ એવો મદન નામનો મોટો સર્પરાજ સ્પર્શ (પણ) કરે નહિ, (તો પછી બાધાનો કરેજ શાનો ?) ૩૭.

જેમ સૂર્યના પ્રતાપથી અંધકાર નાશ પામે છે તેમ કામાદિક યોધ્ધાઓ દ્વારા જેણે ધર્મ અને ધૈર્ય લૂંટાવ્યો છે તેમજ જે ચૈતન્યનો વિનાશ કરનાર છે એવી આંતરિક, પરાક્રમી અને દુર્જય મોહની સેના તારા કીર્તનથી નાશ પામે છે. ૩૮.

(હે નાથ !) તારાં ચરણ-કમલરૂપ વનનો આશ્રય લેનારા મનુષ્યો ગુણોના સમૂહ વડે પ્રધાન (બની), સુપ્રસિધ્ધ તથા ઉગ્ર યોગને ધારણ કરનારા યોગીઓએ પણ જેને વિષે ધૈર્ય ત્યજી દીધું છે એવા તેમજ ઉદધત આઠ કર્મરૂપ યોધ્ધાઓ વડે ભંગાણ પડેલા ભયંકર યુધ્ધમાં પૂર્વે નહિ (પ્રાપ્ત) થયેલા એવા વિજયને પામે છે. ૩૯.

તને પ્રાપ્ત કરવાની અભિલાષા રાખનારા લોકો ઘણાં જન્મ અને મરણરૂપ બહુ ઊંડા જગને તથા (પુત્ર, પત્ની, પ્રમુખ પરિવારના) યોગનો વિયોગ કરનારા તરંગોને તેમજ રોગરૂપ મત્સ્યોને ધારણ કરનારા એવા સંસાર-સાગરના પારને તારા સ્મરણથી નિર્ભય પણે પામે છે. ૪૦.

પોતે ગ્રહણ કરેલાં દુષ્ટ મેષ્ટાવાળાં કર્મના વિપાક વડે વીંધાયેલા અને (એથી કરીને તો) સફેદ કોઢ વડે ચીતરાયેલો હોવાથી જેમનો દેહ કદરૂપો દેખાય છે એવા પ્રસિધ્ધ માનવો પણ તારા ચરણ-કમળના અર્ચનના પુણ્યથી મદનના સમાન સૌન્દર્યવાળા થાય છે. ૪૧.

(હે પ્રભુ !) ઉત્તમ વસ્તુના રાગી અને (એથી કરીને તો) (તારા સિવાય) અન્યને વિષે જેનું ચિત્ત (રમતું) નથી એવા જે (માનવો) ચૈતન્યના અદ્વિતીય ધામરૂપ તારું ચિંતન કરે છે, તે (સજ્જનો) ભયંકર પ્રભાવવાળા ધન કર્મોથી ઉત્પન્ન થતા પાશના બંધના ભયથી મુક્ત થાય છે. ૪૨.

(હે નાથ !) જે બુધ્ધિશાળી (માનવ) તારા આ સ્તોત્રનો પાઠ કરે છે, તેનો હાથી, સિંહ, દાવાનલ, સર્પ, સંગ્રામ, સમુદ્ર, કુષ્ટ, રોગ અને કારાગૃહથી ઉત્પન્ન થતો ભયનો સમૂહ (તેમજ) આંતરિક દુઃખોનો સમુદાય પણ નાશ પામે છે. ૪૩.

આ પ્રમાણે આશ્ચર્યકારક અર્થવાળી જિનેશ્વરના ગુણોની સુંદર સ્તુતિને શ્રવણ કરીને તેને જે નર કર્ણના અલંકારરૂપ બનાવે છે, માનથી ઉન્નત પુરુષની સમીપ લક્ષ્મી શીઘ્ર આવે છે. ૪૪.

આ પ્રમાણે વિનય પદથી યુક્ત એવા લાભ (અર્થાત્ વિનય લાભ) નામના શિષ્યે શ્રીયુત પાઠકવર્ગ વિનયપ્રમોદ એવા મેહાનામધારી (ગણિ)ની સુખેથી સેવા પ્રાપ્ત કરીને અતિશય મનોહર તેમજ આનંદના સમૂહથી શ્રેષ્ઠ એવી શ્રીમાનતુંગ

(કવીશ્વર)ની કૃતિને પ્રસિધ્ધ તેમજ સુંદર સમસ્યાપદો વડે પાર્શ્વનાથની સ્તુતિના રસથી યુક્ત કરી ગૂંથી. ૪૫.

આ પદ્ય ઉપરથી એમ સ્પષ્ટ જોઈ શકાય છે કે આ સંપૂર્ણ કાવ્ય શ્રીમાનતુંગસૂરિએ રચેલ ભક્તામર - સ્તોત્રમાં (ચતુર્થ) ચરણની પૂર્તિરૂપ છે. વિશેષમાં આ કાવ્ય દ્વારા તેના કર્તાએ શ્રી પાર્શ્વનાથની સ્તુતિ કરેલી છે. આ ઉપરાંત સ્તુતિકારે પોતાને શ્રી વિનયપ્રમોદ મુનિ રાજના શિષ્ય તરીકે ઓળખાવી પોતાનું વિનયલાભ એવું નામ સૂચન કર્યું છે.

स्रग्धराच्छन्दसि रचितं

## ।। श्रीशारदाष्टकम् ।।

ऐं ह्रीं श्रीं मन्त्ररुपे ! विबुधजननुते ! देवदेवेन्द्रवन्द्ये !
चञ्चचन्द्रावदाते ! क्षपितकलिमले ! हारनीहारगौरे !
भीमे ! भीमाट्टहासे ! भवभयहरणे ! भैरवे ! भीमरुपे !
ह्वां ह्वीं ह्वूंकारनादे ! मम मनसि सदा सारदे ! देवि ! तिष्ठ ।।१।।

જેનું સ્વરુપ ऐं ह्रीं श्रीं રૂપ મંત્ર છે એવી (હે સરસ્વતી !) હે પણ્ડિત માનવોથી નમન કરાયેલી (શારદા !) હે સુરો તેમજ સુરપતિઓને (પણ) પૂજનીય (ભારતી) ! હે ચપળ ચન્દ્રમાના જેવી ઉજ્જવળ (શ્રુત-દેવતા !) જેણે કલિ(યુગ)ના કર્દમ (કાદવ)નો નાશ કર્યો છે એવી (મૌક્તિક) હાર તેમજ હિમના જેવી હે ગૌર (વર્ણી) ! હે (અજ્ઞાનીને) ભયંકર ! હે ભયાનક અટ્ટહાસ (કરનારી દેવી) હે સંસૃતિ (સંસારં) ની ભીતિને હરનારી ! હે ભૈરવા ! હે વિકરાળ રૂપવાળી ! ह्वां ह्वीं ह्वूं એ શબ્દવાળી શારદાદેવી ! તુ સદા મારા મનમાં રહે. ૧.

हापक्षं (क्षे?) बीजगर्भे ! सुरवररमणीर्वन्दितेडनेकरुपे !
कोपं वंलं (ध्य ?) विधेयं धरित धरिवरे ! योगिनां योगर्गम्ये !
हं हं सः स्वर्गराजैः प्रतिदिननैमिते ! प्रस्तुतालापयाये
दैत्येन्द्रैर्ध्यायमाने ! ममम‌नसि सदा सारदे ! देवि ! निष्ठ ॥२॥

હારૂથી પક્ષવાળી અને જેના ગર્ભમાં બીજ છે એવી ! દેવોની ઉત્તમ પ્રમદાઓથી પૂજાયેલી ! હે અનેક રૂપવાળી ! ......... હે યોગીઓને યોગ દ્વારા ગમ્ય ! हं हंसः (એ મંત્રાક્ષરોપૂર્વક) દેવલોકના ઈન્દ્રો વડે પ્રતિદિન પ્રણામ કરાયેલી ! હે દૈત્યરાજ વડે ધ્યાન કરાયેલી શારદા. ૨.

दैत्यैदैत्यारिनाथैर्नमितपदयुगे ! भक्तिपूर्व त्रिसन्ध्यं
यक्षैं सिद्धैश्च नम्रैरहमहभिकया देहक्रान्त्योडतिकान्तैः ।
षां ईं ॐ प्रस्फुटामाक्षरवरमृदुमा सुस्वरेणा सुरेणा-
डन्यन्तं प्रोद्गीयमाने ! मम मनसि सदा सारये ! देवि ! निष्ठ ॥३॥

દેહની દ્યુતિ વડે અતિશય મનોહર તેમજ નમ્ર એવા દૈત્ય તેમજ દૈત્યના દુશ્મનો (અર્થાત્ દેવો)ના સ્વામીઓને યક્ષોએ તેમજ સિધ્ધોએ જેના ચરણયુગલને હું પહેલો હું પહેલો એવી બુધ્ધિથી ભક્તિપૂર્વક પ્રાતઃકાળે મધ્યાહને અને સાયંકાલે નમસ્કાર કર્યા છે એવી હે ભારતી ! षां ई ॐ રૂપ સ્પષ્ટ પ્રભાવાળા અક્ષર વડે ઉત્તમ તેમજ મૃદુ એવા સુસ્વરથી અસુર દ્વારા અતિશય ઉચ્ચ રીતે ગવાયેલી હે શારદા. ૩.

क्षां क्षीं क्षूं ध्येयरुपे ! हन (र?) विषमविषंस्थावरंजङ्गर्मच
संसारे संसृतानांतव चरणयुर्ग सर्वकालं नराणाम् ।
अव्यक्ते व्यक्तरुपे ! प्रणत नरवरे ! ब्रह्मरुपे ! सुरुपे !
ऐं क्लं क्रूं योगिगम्ये ! मम मनसि सदासारदे ! देवि ! तिष्ठ ॥४॥

ક્ષાં ક્ષીં ક્ષૂં વડે ધ્યેય રૂપવાળી ! તારું ચરણ-યુગલ સંસારમાં પરિભ્રમણ કરતા મનુષ્યોના સ્થાવર તેમજ જંગમ એવા વિષમ વિષનો નાશ કરનારું થાઓ. હે

અવ્યક્ત ! હે સ્ફુટ રૂપવાળી ! જેને ઉત્તમ મનુષ્યોએ પ્રણામ કર્યો છે એવી ! હે બ્રહ્મસ્વરુપી ! હે સુંદર રૂપવાળી ! હે ऐं क्लं क्रूं મંત્રાક્ષર વડે યોગીઓને ગમ્ય !શારદા. ૪.

सम्पूर्णात्यन्तशोमेः शशधरधवलै रासलावण्यभूतै-
र्रम्यैर्व्यक्तैश्च कान्तैद्धि (नि) जकरनिफरैश्चन्द्रिकाकारमासैः ।
अस्माकीर्न नितान्तोदितमनुदिवसं कल्मषं क्षालयन्ती
श्रीं श्रां श्रूं मन्त्ररुपे ! मम मनसि सदा सारदे ! देवि ! तिष्ठ ।।५।।

હે क्षां क्षीं क्षूं મંત્ર સ્વરૂપી શારદા દેવી ! પરિપૂર્ણ તેમજ અતિશય શોભાવાળાં ચન્દ્રના જેવા શ્વેતારસ અને લાવણ્યમય, રમ્ય, સ્ફુટ, મનોહર, ચન્દ્રિકાના આકાર જેવી પ્રભાવાળા એવા પોતાના હસ્ત-સમૂહ વડે નિરંતર ઉદય પામેલા એવા અમારા પાપનું પ્રતિદિન પ્રક્ષાલન કરતી સારદા મારા મનમાં રહે. ૫.

र्मास्वत्यद्मासनस्थे ! जिनसुर्खनिरते ! पद्महस्ते ! प्रशस्ते !
ज्रां ज्रीं ज्रं ज्रः पवित्रे ! हर हर दुरितं दुष्टसंजुष्टचेष्टम् ।
वाचालामिः ! स्वशक्त्या त्रिदशयुवतिमिः प्रत्यहं पूज्ययाये !
यञ्चचन्द्राङ्करालै (गरागे) ! मम मनसि सदा सारदे ! देवि ! तिष्ठ ।।६।।

હે દેદીપ્યમાન પદ્માસનને વિષે રહેલી ! હે તીર્થંકરના વહનવિષે આસકતા હે પદ્મ જેવા હસ્તવાળી ! હં પ્રશંસનીય ! હે ज्रां ज्रीं ज्रं ज्रः મંત્રાક્ષર વડે પવિત્ર (દેવી) ! તું દુષ્ટજનોની કરાયેલી ચેષ્ટાથી યુક્ત એવા (અમારા) પાપને દૂર કર દૂરકર. વાચાલા દિવ્યાંગનાઓ વડે પ્રતિદિન આત્મશક્તિ અનુસાર જેના યાદ પૂજનીય છે એવી ! અસ્થિર ચન્દ્રના જેવા (મનોહર) દેહના વર્ણવાળી સારદા. ૬.

नम्रीभूतक्षितीशाद्रभटमणि मुकुटोद्रधृष्ट पादारविनये ! ।
पद्मास्ये ! पद्मनेत्रे ! गजर्पतिगमने ! हंसयाने ! प्रमाणे ! ।
कीर्ति श्री बृद्धिचक्रे ! जय विजय जये ! गौरिगान्धारियुक्ते ! ।
ध्येयाध्येयस्वरुपे ! मम मनसि सदा सारदे ! देवि ! तिष्ठ ॥७॥

જેનાં ચરણ-કમલ નમેલા પૃથ્વીપતિઓના દેદીપ્યમાન મણિમયી મુકુટોથી સ્પર્શાયેલા છે એવી હે (દેવી !) હે પદ્મના જેવા મુખવાળી ! હે કમલનયને ! હે ઐરાવતના જેવી ચાલવાળી ! હે હંસરૂપી વાહનવાળી ! હે પ્રમાણ સ્વરૂપી ! હે કીર્તિ અને લક્ષ્મીની વૃધ્ધિના સમૂહરૂપ ! હે જય અને વિજય વડે વિજયશીલ ! હે ગૌરિ અને ગાન્ધારિથી યુક્ત, હે ધ્યાનને ગોચર તેમજ અગોચર એવા સ્વરૂપવાળી ! શારદા.૭.

विद्युज्जालांशुशुभ्रां प्रवरभणिमयीमक्षमालां सुरुपां
हँस्ताज्जे धारयन्ती दिनमनु (प्रतिदिन ?) पढतामष्टकं सारदं च ।
नागेन्द्रैरिन्द्रचन्द्रैर्मनुजमुनिगणैः संस्मुता यां च देवी
सो कल्याणानि देवी मम मनसि सदा सारदे ! देवि ! तिष्ठ ॥८॥

સૌદામિની ! (વીજળી) ની જ્વાલાનાં કિરણોથી જેમ ઉજ્જવળ તથા સર્વોત્તમ મણિઓથી નિર્મિત તથા સુંદર રૂપવાળી એવી જપમાળાને હસ્તકમલમાં ધારણ કરનારી એવી જે દેવી નાગેન્દ્રો, ઈન્દ્રો તથા ચન્દ્રો વડે તેમજ માનવો અને મુનિઓના સમૂહ વડે સ્તુતિ કરાયેલી, તે સરસ્વતીના અષ્ટકનો પ્રતિદિન (?) પાઠ કરનારાઓનું કલ્યાણ કરનારી હે સારદાદેવી ! તું મારા. ૮.

આ અષ્ટક તેમજ શ્રી શારદા-સ્તોત્ર તથા સરસ્વતી-સ્તવ દક્ષિણવિહારી મુનિવધ શ્રી અમરવિજયના શિષ્ય - રત્ન શ્રી ચતુરવિજય પાસેથી સુલભ થયેલ છે.

सरस्वती (ति !) माभागे ! वरदे ! कामरुपिणि ! ।
विश्वरुपे ! विशालाक्षि (क्षे!) देहि विद्यां नमोडस्तुते ॥

श्रीधर्मसिंहसूरिविरचितं

## ।। सरस्वती-भक्तामरम् ।।

भक्तामरभ्रमरविभ्रमवैभवेन
  लीलायते कमसरोजयुगो यदीयः ।
निध्नन्नरिष्टभयभित्तिमभीष्टभूमा-
  वालम्बनं भवजलेपततां जनानाम् ।। १ ।। - वसन्ततिलका

भत्वैव यं जनयितारमरंस्त हस्ते
  या संश्रितां विशदवर्णलिपिप्रसूत्या ।
'ब्राह्मी'मजिह्मगुणगौरवगौरवर्णी
  स्तोष्ये किलाहमपि तं प्रथमं जिनेन्द्रम् ।। २ ।। - युग्मम्

मातर ! मतिं सति ! सहस्रमुखीं प्रसीद
  नालं मनीषिणि मयीश्वरि ! भक्तिवृत्तौ ।
वक्तुं स्तवं सकलशास्त्रनयं भवत्या
  मन्यः क इच्छति जनः सहसा ग्रहीतुम ? ।। ३ ।।

त्वां स्तोतुमत्र सति ! चारुचरित्रपात्रं
  कर्तुं स्वयं गुणदरीजलदुर्विगाह्यम् ।
एतत् त्रयं विदुपगूहयितुं सुरार्द्रि
  को वा तरीतुमलमम्बुनिधिं भुजाभ्याम् ? ।। ४ ।।

त्वद्वर्णनावचनमौक्तिकपूर्णमेक्ष्य
  मातर् ! न भक्तिवरटा तव मानसं मे ।
प्रीतेर्जगन्नयजनध्वनिसत्यताया
  नाभ्येति किं निजशिशोः परिपालनार्थम् ? ।। ५ ।।

वीणास्वनं स्वसहजं यदवाप सूर्च्छां
श्रोतुर्नं किं त्वयि सुवाक् ! प्रियजल्पितायाम् ।
जातं न कोकिलरवं प्रतिकूलभावं
तच्चारुचूतकलिकानिकरैकहेतुः ॥ ६ ॥

त्वन्नाममन्त्रमिह भारतसम्भवानां
भक्त्यैति भारति ! विशां जपतामधौधम् ।
सद्यः क्षयं स्थगितभूवलयान्तरिक्षं
सूर्यांशुभिन्नभिव शार्वरमन्धकारम् ॥ ७ ॥

'श्रीहर्ष' - 'माघ' -वर'भारवि' - 'कालिदास'-
'वाल्मीकि'-'पाणिनि'-'ममट्ट'महाकवीनाम् ।
साम्यं त्वदीयचरणाब्जसमाश्रितोऽयं
मुक्ताफलद्युतिमुपैति ननूदबिन्दुः ॥ ८ ॥

विद्यावशारसिकमानसलालसानां
चेतासि यान्ति सुदृशां धृतिमिष्टमूर्ते ! ।
त्वच्यर्वभत्विषि तथैव नवोदयिन्यां
पद्माकरेषु जलजानि विकाशमाञ्जि ॥ ९ ॥

त्वं किं करोषि न शिवे ! न समानमानान्
त्वत्संस्तवं पिपठिषो विदुषो गुरुहः ।
किं सेवयन्नुपकृतेः सुकृतैकहेतुं
भूत्याश्रितं य इह् नात्मसमं करोति ? ॥ १० ॥

यत् त्वत्कथामृतरसं सरसं निपीय
मेघाविनो नवसुधामपि नाद्रियन्ते ।
श्रीरार्णवार्ण उचितं मनसाऽप्यवाप्य
क्षारं जलं जलनिधेरशितुं क इच्छेत् ? ॥ ११ ॥

जैना वदन्ति वरदे ! सति ! साधुरुपां
त्वामामनन्ति नितरामितरे 'भवानीम्' ।
सारस्वतं भतविभिन्नमनेकमेकं
यत् ते समानमपरं न हि रुपमस्ति ॥ १२ ॥

मन्ये प्रभूतकिरणौ श्रुतदेवि ! दिव्यौ
त्वत्कुण्डलौ किल विडम्बयतस्तमायाम् ।
मूर्तं दृशामविषयं भविमोक्ष पूष्णो
यद् वासरे भवति पाण्डुपलाशकल्पम् ॥ १३ ॥

ये व्योमवातजलवह्निमृदां चयेन
कार्यं प्रहर्षविमुखांस्त्वहते श्रयन्ति ।
जातानवाम्ब ! जडताद्यगुणानणून मां
कस्तान् निवारयति सञ्चरतो यथेष्टम् ? ॥ १४ ॥

अस्मादृशां वरमवाप्तमिदं भवत्याः
'सत्या'व्रतोरु विकृतेः सरणिं न यातम् ।
किं चोधमेन्द्रमनघे ! सति ! 'सारदे'ऽत्र
किं मन्दराद्रिशिखरं चलितं कदाचित् ? ॥ १५ ॥

निर्माय शास्त्रसदनं यतिभिर्ययैकं
प्रादुष्कृतः प्रकृतितीव्रतपोमयेन ।
उच्छेदितांहउलपैः सति ! गीयसे चिद् -
दीपोऽपरस्त्वमसिनाऽथ जगत्प्रकाशः ॥ १६ ॥

यस्या अतीन्द्रगिरी'राङ्गिरस'प्रशस्य-
स्त्वं शाश्वती स्वमतसिद्धिमही महीयः ।
ज्योतिष्मयी च वचसां तनुतेज आस्ते
सूर्यातिशायि महिमाऽसि मुनीन्द्रलोके ॥ १७ ॥

स्पष्टाक्षरं सुरभि सुभ्रु समृदशोभं
जेगीयमानरसिकप्रियञ्चमेष्टम् ।
देदीप्यते सुमुखि ! ते वदनारविन्दं
विधोतयज्जगदपूर्वशशाङ्कबिम्बम् ॥ १८ ॥

प्राप्नोत्यमुत्र सकलावयवप्रसङ्गि-
निष्पत्तिमिन्दुवदने ! शिशिरात्मकत्वम् ।
सिक्तं जगत् त्वदधरामृतवर्षणेन
कार्यं कियज्जलधरैर्जलभारनम्रैः ? ॥ १९ ॥

मातस्त्वयी मम मनो रमते मनीषि-
मुग्धागणे न हि तथा नियमाद् भवत्याः ।
त्वस्मिन्नमेयपणरोचिषि रत्नजातौ
नैवं तु काचशकले किरणाकुलेऽपि ॥ २० ॥

चेतस्त्वयि श्रमणि ! पातयते मनस्वी
स्याद्वादिनिम्ननयतः प्रयते यतोऽहम् ।
योगं समेत्य नियभव्यवपूर्वकेन
कश्चिन्मनो हरतिनाऽथ भवान्तरेऽपि ॥ २१ ॥

ज्ञानं तु सम्यगुदयस्यनिशं त्वमेव
व्यत्यासंशयधियो मुखरा अनेके ।
गौराङ्गि ! सन्ति बहुभाः ककुभोऽर्कमन्याः
प्राच्येव दिग् जनयति स्फुरदंशुजालम् ॥ २२ ॥

यो रोदसीभृतिजनी गमयत्युपास्य
जाने स एव सुतनु ! प्रथितः पृथिव्याम् ।
पूर्वं त्वयाऽऽदिपुरुषं सदयोऽस्ति साध्वि !
नान्यः शिवः शिवपदस्य मुनीन्द्रपन्थाः ॥ २३ ॥

दीव्यद्धयानिलयमुन्मिषदक्षिपङ्कं
पुण्यं प्रपूर्णहृदयं वरदे ! वरेण्यम् ।
त्वद्धूधनं सधनरश्मि महाप्रभावं
ज्ञानस्वरुपमंगल प्रवदन्ति सन्तः ।। २४ ।।

कैवल्यमात्मतपसाऽखिलविश्वदर्शि
चक्रे ययाऽऽदिपुरुषः प्रणयां प्रमायाम् ।
जानामि विश्वजननीति च देवते ! सा
व्यक्तं त्वमेव भगवन् पुरुषोत्तमोऽसि ।। २५ ।।

सिद्धान्त एधिफलदो बहुराज्यलाभो
न्यस्तो यया जयति विश्वजनीनपन्थाः ।
विच्छित्तये भवततेरिव देवि ! मन्था-
स्तुभ्यं नमो जिनभवो दधिशोषणाय ।। २६ ।।

मध्या कालविहृतौ सवितुः प्रभायां
सैवेन्दिरे ! गुणवती त्वमतो भवत्याम् ।
दोषांश इष्टचरणैरपरैरमिज्ञैः
स्वप्रान्तरेऽपि न कदाचिदपीक्षितोऽसि ।। २७ ।।

हारान्तरस्थमयि ! कौस्तुममत्र गात्र-
शोभां सहस्त्रगुणयत्युदयास्तगिर्योः ।
वन्द्याऽस्यतस्तव सतीमुपचारि रत्नं
बिम्बं रवेरिव पयोधरपार्श्ववर्ति ।। २८ ।।

अज्ञानमात्रतिमिरं तव वाग्विलासा
विद्याविनोदिविदुषां महतां मुखाग्रे ।
निघ्नन्ति तिग्मकिरणा निहिता निरीहे !
तुङ्गोदयाद्रिशिरसीव सहस्त्ररश्मेः ।। २९ ।।

पृथ्वीतलं द्वयमपायि पवित्रयित्वा
शुभ्रं यशो धवलयत्यधुनोर्ध्वलोकम् ।
प्राग् लङ्घयत् सुमुखि ! ते यदिदं महिम्ना-
मुच्चैस्तटं सुरगिरेरिव शातकौम्भम् ॥ ३० ॥

रोमोर्मिमिर्भुवनमातरिव त्रिवेणी-
सङ्गं पवित्रयति लोकमदोहङ्गवर्ति ।
विभ्राजते भगवति ! त्रिवलीपथं ते
प्रख्यापयत् त्रिजगतः परमेश्वरत्वम् ॥ ३१ ॥

भाष्योक्तियुक्तिगहनानि च निर्मिमीषे
यत्र त्वमेव सति ! शास्त्रसरोवराणि ।
जानीगहे खलु सुवर्णमयानि वाक्य-
पद्मानि तत्र विबुधाः परिकल्पयन्ति ॥ ३२ ॥

वाग्वैभवं विजयते न यथेतरस्या
'ब्राह्मि !' प्रकामरचनारुचिरं तथा ते ।
ताडङ्कयोस्तव गभस्तिरतीन्दुमानवो-
स्तादृक कुतो ग्रहगणस्य विकाशिनोडपि ? ॥ ३३ ॥

कल्याणि ! सोपनिषदः प्रसभं प्रगुह्य
वेदानतीन्द्रजदरो जलधौ जुगोप ।
भीष्मं विधेरसुरमुग्ररुषाडपि यस्तं
दृष्ट्वा भयं भवति नो भवदाश्रितानाम् ॥ ३४ ॥

गर्जद्घनाघनसमानतनूगजेन्द्र-
विष्कम्भकुम्भपरिरम्भजयाधिरुढः ।
द्वेष्योडपि भूप्रसरदश्वपदातिसैन्यो
नाकामति कमयुगाचलसंश्रितं ते ॥ ३५ ॥

मांसासृगस्थिरसशुक सलज्जमज्जा-
स्नायूदिते वपुषि पित्तमरुत्कपाद्यैः ।
रोगानलं चपलितावयवं विकारै-
स्त्वन्नामकीर्तनजलं शमयत्यशेषम् ॥ ३६ ॥

मिथ्याप्रवादनिरतं व्याधिकृत्यसूय-
मेकान्तपक्षकृतकक्षविलाक्षितास्यम् ।
चेतोऽस्तभीः स परिभर्दयते द्विजिह्वं
त्वन्नामनागदमनी हृदि यस्य पुंसः ॥ ३७ ॥

प्राचीनकर्मजनितावरणं जगत्सु
प्रौढयं मदाढ्यदृढमुद्रितसान्द्रतन्द्रम् ।
दीपांशुपिष्टमयि ! सद्मसु देवि ! पुंसां
त्वत्कीर्तनात् तम इवाशु भिदामुपैति ॥ ३८ ॥

साहित्यशाब्दिकरसामृतपूरितायां
सत्तर्ककर्कशमहोर्मिमनोरमायाम् ।
पारं निरन्तरमशेषकलन्दिकायां
त्वत्पादपङ्कजवनाश्रयिणो लभन्ते ॥ ३९ ॥

संस्थैरुपपर्युपरि लोकमिलौकसो ज्ञा
व्योम्नो गुरुज्ञकविभिः सह सख्यमुच्चैः ।
अन्योऽन्यमान्यमिति ते यदवैमि मात-
स्त्रासं विहाय भवतः स्मरणाद् व्रजन्ति ॥ ४० ॥

देवा इयन्त्यजनिम्ब ! तव प्रसादात्
प्रोप्नोत्यहो प्रकृतिमात्मनि मान्त्वीयाम् ।
व्यक्तं त्वचिन्त्यमहिमा प्रतिभाति तिर्यङ्
मर्त्या भवन्ति मकरध्वजतुल्यरुपाः ॥ ४१ ॥

ये चानवधपदवीं प्रतिपद्य पद्मे !
त्वच्छिक्षिता वपुषि वासरतिं लभन्ते ।
नोऽनुग्रहात् तव शिवास्पदमाप्य ते यत्
सद्यः स्वयं विगतबन्धभया भवन्ति ।। ४२ ।।

इन्दोः कलेव विमलाऽपि कलङ्कमुक्ता
गङ्गेव पावनकरी नजलाशयाऽपि ।
स्यात् तस्य भारति ! सहस्त्रमुखी मनीषा
यस्तावकं स्तवमिमं मतिमानधीते ।। ४३ ।।

योऽहञ्जयेऽकृत जयोऽगुरुषेऽमकर्ण-
पादप्रसादमुदितो गुरुधर्मसिंहः ।
वाग्देवि ! भूम्नि भवतीभिरमिज्ञसद्धे
तं मानतुङ्गमवशा समुपैति लक्ष्मीः ।। ४४ ।।

## શ્રી વર્દ્ધમાન ભક્તામર સ્તોત્ર રૂપ

## श्री धर्मसिंहसूरि विरचितम्

## ।। सरस्वती - भक्तामरम् ।।

### શ્રી સરસ્વતી ભક્તામરની સમીક્ષા

શ્રી ધર્મસિંહસૂરિએ 'સરસ્વતી ભક્તામર' ઉપર સ્વોપજ્ઞ ટીકા રચી છે. એટલું જ નહિ, પરંતુ અવતરણરૂપે આપેલા શ્લોકની પણ તેમણે વ્યાખ્યા કરી છે. વિશેષમાં પ્રથમના બે શ્લોકની ટીકાના પ્રાન્તમાં મંગળ તેમજ અભિધેયાદિક અનુબંધોના સંબંધમાં પણ તેમણે વિચાર કર્યો છે.

વળી આ કાવ્યમાં તેમણે શ્રીમાનતુંગસૂરિ પ્રણિત મૂળ ભક્તામર સ્તોત્રની જેમ પ્રથમના બે શ્લોકોને પરસ્પર સંબંધવાળા રચ્યા છે. અર્થાત્ અત્રે પણ યુગ્મ છે. આ બે શ્લોકોમાં ચાર-ચાર અર્થો કરીને કવિરાજે પોતાની કુશળતા સિધ્ધ કરી આપી છે. મૂળ શ્લોકોની વ્યાખ્યા કરતાં કવિરાજે ઘણીવાર સમાસ-વિગ્રહ પણ કર્યો છે, પરન્તુ તેમાં તેમ કરતાં સમાસના નામનો પણ નિર્દેશ કર્યો છે. ખાસ કરીને આ સ્તોત્રમાં 'અપ્રચલિત' શબ્દો નજરે પડતા નથી. એ કવિરાજનું શબ્દ-કોષ પરત્વેનું વિશિષ્ટ જ્ઞાન સૂચવે છે. તેમણે કોષોનો પણ રૂડો રીતે અભ્યાસ કર્યો હોય એમ જણાય છે.

વાંછિત વિષયને હસ્તમાં રચી, તે વિશાળ જ્ઞાનવાળા (અથવા પ્રથમ) જિનેશ્વરનો (અર્થાત્ બ્રહ્માનો) નિર્મળ વર્ણવાળી લિપિરૂપી ઉત્પત્તિ દ્વારા આશ્રય લીધેલી એવી તેમજ (વરદાન દેવારૂપ) સરલ ગુણ-ગૌરવ વડે સુંદર રૂપવાળી તે (બ્રહ્માની પુત્રી) સરસ્વતીની હું પણ નક્કી સ્તુતિ કરીશ

અથવા

વાંછિત વિષયને રચી, તે પ્રથમ જિનેશ્વર (ઋષભદેવ) ના અક્ષરોની લિપિરૂપી પ્રસૂતિ દ્વારા આશ્રય લીધેલી એવી તેમજ (ક્ષમાદિક) સરલ ગુણોના મહત્ત્વ વડે નિર્મળ સ્તુતિવાળી તે (ઋષભદેવની પત્ની) બ્રાહ્મીને હું પણ ખરેખર સ્તવીશ

અથવા

વાંછિત વિષયને આશ્રય લીધેલી એવી તેમજ સરલ ગુણ-ગૌરવને લીધે (અર્થાત્ જમણા હાથ વડે લખાતી હોવાને લીધે) ઉજ્જવલ અક્ષરવાળી બ્રાહ્મી (નામની અક્ષર લિપિને) હું પણ નક્કી સ્તવીશ. ૧-૨

હે માતા ! હે ઉત્તમ શીલવાળી હોવાને લીધે સાધ્વી (અથવા) અક્ષર રૂપ લિપિના શાશ્વતપણાએ કરીને હે સતી ! હે (વરદાનાદિક દેવાવાળી હોવાને લીધે) ઈશ્વરી ! એકદમ સમસ્ત શાસ્ત્રોના નૈગમાદિક સાત પ્રકારના નેયરૂપા માર્ગને ગ્રહણ કરવાની (અર્થાત્ જાણવાની) તેમજ (અભીષ્ઠ દેવતાના ગુણરૂપ) સ્તોત્ર કહેવાની ઈચ્છા રાખનારા એવા તેમજ ભક્તિની પ્રવૃત્તિમાં કુશળ (અર્થાત્ ભક્તિ કરવામાં તત્પર) એવા માટે વિષે તું સહસ્ત્રમુખી બુદ્ધિ આપ (અર્થાત્ તું મને હજાર પ્રકારની

પ્રજ્ઞાથી વિભૂષિત કર), (કેમકે) આપશ્રી વડે સત્કારાયેલો કયો મનુષ્ય (અનેક શાસ્ત્રોનો જાણકાર થવામાં તેમજ ઈષ્ટદેવની સ્તુતિ કરવામાં સમર્થ (થતો) નથી. ૩.

હે સતી ! મનોહર ગુણોના ભાજનરૂપ એવી તારી સ્તુતિ કરવાને, (લાખ યોજનની ઊંચાઈવાળા) મેરૂ પર્વતનું આલિંગન કરવાને તેમજ બે હાથ વડે સમુદ્રને તરી જવાને એ ત્રણ (કાર્યો) કે જે (મનોજ્ઞતા, ઉન્નતિ, ગંભીરતા ઈત્યાદિ) મનોહર ગુણીના આધારભૂત છે તેમજ જે (ઉદારતાદિક) ગુણો, ગુફાઓ અને જળ વડે મુશ્કેલીથી પાર પામી શકાય તેમ છે તેને સ્વયં કરવાને (અર્થાત્ પોતાની મતિ વડે તેનો નિશ્ચય કરવાને) અત્ર (અર્થાત્ આ સ્તોત્રના પ્રારંભને વિષે અથવા મહાન વિચાર કરવા જેવી વસ્તુઓને વિષે) કયો પણ્ડિત સમર્થ (થાય) ? (અથવા જો કોઈ પણ સમર્થ હોય, તો તે) સર્વવ્યાપક બ્રહ્મા છે. ૪.

હે જનની ! તારા બાળક જેવા મારા માનસને તારી સ્તુતિનાં વચનો રૂપી મુક્તાફળથી પરિપૂર્ણ જોઈને ત્રિભુવનના લોકોની ઉક્તિની સત્યતાવાળી પ્રીતિનો નિર્વાદ કરવાને અર્થે તું શું તારી ભક્તિરૂપી હંસી તે માનસ પ્રતિ આવતી નથી કે ? (અર્થાત્ આવે છે જ, કેમકે માનસ સરોવર પ્રતિ રાજહંસી જાય છે જ એ વાત તો આબાલ - ગોપાલ પ્રસિધ્ધ છે. ૫.

જેની વાણી સુંદર છે એવી હે (શ્રુત-દેવતા) ! તું પ્રિય બોલે છે, ત્યારે જો વીણાનો સ્વાભાવિક સ્વર (પણ) મુરછર્કાને પામ્યો તો પછી જેનું પ્રસિધ્ધ મનોહર આમ્રની મંજરીઓનો સમુદાય અદ્વિતીય કારણ છે એવો તે કોકિલાનો શબ્દ (અર્થાત્ તેનો ટહૂકો) શું શ્રોતાને પ્રતિકૂળ ન લાગે ? (અર્થાત્ તારા મધુર શબ્દરૂપી) અમૃતનું પાન કર્યા પછી વીણાનો સ્વર તેમજ કોકિલાનો ટહૂકો કટુ લાગે એમાં શી નવાઈ ? ૬.

હે સરસ્વતી ! આ લોકને વિષે ભક્તિપૂર્વક તારા નામરૂપી મંત્રનો જાપ જપનાર એવા તેમજ ભરતક્ષેત્રમાં જન્મેલા એવા મનુષ્યોનો પાપ-સમૂહ કે જેણે મનુષ્ય લોકનો તેમજ સ્વર્ગલોકનો નિરોધ કર્યો છે (અર્થાત્ જેણે ઊર્ધ્વ ગતિનો નિરોધ કર્યો છે) તે પાપ-સમૂહ ભૂમંડળનું તેમજ આકાશનું આચ્છાદન કરીને રહેલા એવા તેમજ રાત્રિસંબંધી એવા સૂર્યનાં કિરણોથી જોડાયેલા અંધકારની જેમ નાશ પામે છે. ૭.

જેમ કમળનો આશ્રય લીધેલું જળનું બિન્દુ મુક્તાફળની પ્રભાને નક્કી પામે છે, તેમ (હે સરસ્વતી !) તારા ચરણ-કમલનો આશ્રય લીધેલો એવો આ (હું તારો સેવક) શ્રી હર્ષ, માઘ, ઉત્તમ, ભારવિ, કાલિદાસ, વાલ્મીકિ, પાણિનિ અને મમટ્ટ જેવા મહાકવિયોની તુલાનાને પામું છું. ૮.

જેની મૂર્તિ વલ્લભ છે એવી હે (સરસ્વતી) ! જેની વિદ્યારૂપી વિલાસિની (વનિતા) ના (શૃંગારાદિક) રસિક જ્ઞાનને વિષે અભિલાષા છે. એવા (અથવા જેની વિદ્યારૂપી વનિતાને વિષે રસિક મનથી અભિલાષા છે એવા) તેમજ જેની દૃષ્ટિ સારી છે એવા (અર્થાત્ સમ્યગ્ - જ્ઞાનરૂપ ઉપયોગવાળા) ના આનંદને ભજનારાં ચિત્તો તારે વિષે આનંદ પામે છે (અર્થાત્ તારા સંસર્ગમાં વિદ્યા-વિલાસી જનો હર્ષિત બને છે) તેવી જ રીતે સરોવરોમાંના વિકાસને પામનારાં પદ્મો નવીન ઉદયવાળી એવી (અર્થાત્ પ્રાતઃકાલની) સૂર્યની પ્રભાને વિષે આનંદ પામે છે. (અર્થાત્ સૂર્યોદય થવાથી તે પદ્મો ખીલી રહે છે. ૯.

સરસ્વતી - સ્તોત્રના પઠનનો પ્રભાવ :-

હે કલ્યાણિની ! તારા સ્તવનનો પાઠ કરવાની અભિલાષા રાખનારા એવા પંડિતોને શું તું જ્ઞાન-સહિત સત્કારવાળા (અથવા) (તારા) સમાન જ્ઞાનવાળા એવા) નથી નથી કરતી ? (અર્થાત્ કરે છે જ) ઉપકાર (કરવા) નો જેનો મહાન વિચાર છે એવો જે (જન) અત્ર પુણ્યના અદ્વિતીય કારણરૂપ એવા સંપત્તિ વડે આશ્રય કરાયેલા (ધનાઢય) ને સેવે છે, તેને શું તે (ધનાઢ્ય) પોતાના તુલ્ય (અથવા પોતાની જેમ લક્ષ્મીવાન્) બનાવતો નથી વારું ? ૧૦.

સરસ્વતી - સ્તોત્રના રસની અપૂર્વતા :-

તારા સ્તવનરૂપી અમૃતના રસનું અત્યન્ત (અર્થાત્ આકંઠ) પાન કર્યા પછી પંડિતો નવીન અમૃતનો પણ જે સ્વીકાર કરતા નથી, (તે યુક્ત છે, કેમકે) (મનોવલ્લભ હોવાને લીધે) યોગ્ય એવું ક્ષીરો દધિનું જળ મળ્યા પછી કોણ (લવણ) સમુદ્રના ખારા જળનો આસ્વાદ લેવાને મનથી પણ ઈચ્છે ? ૧૧.

સારસ્વત રૂપની અનેકતા :-

હે સતી ! હે વરદાન દેનારી (દેવી) ! જે કારણને લીધે તારા તુલ્ય અન્ય સારસ્વતરૂપ નક્કી નથી, (પરન્તુ) તે તારું એક રૂપ મતોમાં વિશેષ ભેદ પામેલું (હોવાથી) અનેક છે, તેથી કરીને (તો) જૈનો તને સાધુ-સ્વરુપી કહે છે, જ્યારે અન્ય (દર્શનીયો) તને ખરેખર ભવાની કહે છે.

અથવા

હે સતી ! હે વરદાન દેનારી (સરસ્વતી) ! જનો તને સાધુ-સ્વરુપી કહે છે (કેમકે બ્રાહ્મી એ સાધ્વી હતી), જ્યારે અન્ય (શૈવો) તને ખચિત ભવાની કહે છે, કેમકે તારું જ્ઞાન યુક્ત તેમજ અપૂર્વ એવું સારસ્વત રૂપ ખરેખર એક નથી, પરન્તુ (છ) દર્શનોમાં વિશેષતઃ ભેદને પામેલું (હોવાથી) તે અનેક છે. ૧૨.

મા સરસ્વતી જુદાં જુદાં નામોથી ઓળખાય છે - (૧) ભારતી, (૨) સરસ્વતી, (૩) શારદા, (૪) હંસગામિની, (૫) વિદ્વન્માતા, (૬) વાગીશ્વરી, (૭) કુમારી, (૮) બ્રહ્મચારિણી, (૯) ત્રિપુરા, (૧૦) બ્રાહ્મણી, (૧૧) બ્રહ્માણી, (૧૨) બ્રહ્મવાદિની, (૧૩) વાણી, (૧૪) ભાષા, (૧૫) શ્રુતદેવી, (૧૬) ગો.

શ્રુત-દેવતાનાં કુણ્ડળોની પ્રભા :-

હે શ્રુત-દેવતા ! બહુ કિરણવાળાં તેમજ દિવ્ય એવાં તારાં બે કુણ્ડળો સૂર્યના તેમજ ચન્દ્રના મણ્ડળને ખરેખરે વિડંબના પમાડે છે, જેથી કરીને સૂર્યનું મણ્ડળ રાત્રિને વિષે નેત્રોને અગોચર બને છે (તે તેમ થાય છે, તે યુક્ત છે, કેમકે તેજસ્વી વ્યક્તિ પોતાનો આત્મા વિડંબના યુક્ત થતાં અદૃશ્ય બને છે) અને ચન્દ્રનું મણ્ડળ દિવસના (પાકી ગયેલા પાત્રની જેમ) પાણ્ડુ પલાશના જળ જેવું (નિસ્તેજ) થાય છે (આ પણ ન્યાય-સંગત છે, કેમકે જેની પ્રકૃતિ જડ હોય તેનું અપમાન થાય તો પણ તે નિસ્તેજ થયો થકી વિલક્ષ પણ જડ ઊભો રહે છે. ૧૩.

હે માતા ! તું મારું રક્ષણ કર, કેમકે જે મૂર્ખતાદિક દોષો ગગન, પવન, જળ, અગ્નિ અને પૃથ્વીના સમૂહે કરીને દેહનો આશ્રય લે છે. તે (પોતાના) શરીરમાંથી ઉત્પન્ન થયેલા એવા, વળી સૂક્ષ્મ તથા પ્રકૃષ્ટ હર્ષથી વિમુખ (અર્થાત્ સદ્‌બુધ્ધિની વૃધ્ધિના નિરોધક, એવા મૂર્ખતાદિક દોષોને તારા વિના કોણ (શરીરથી) યથેષ્ટ રીતે

નિવારે ? (અર્થાત્ મૂર્ખતાદિક દોષોને શરીરમાંથી યથેષ્ટ રીતે દૂર કરવા તારા સિવાય અન્ય કોઈ સમર્થ નથી. ૧૪.

હે પાપ-રહિત ! હે સતી ! હે શારદા ! અત્ર (અર્થાત્ આ સ્તોત્રના આરંભમાં) આપશ્રીની પાસેથી પ્રાપ્ત કરેલું તેમજ વળી સત્યવળી (અથવા સીતા) ના વ્રતના સમાન ગરિષ્ટ એવું અમારા જેવાનું આ (નવીન શાસ્ત્ર રચવામાં કારણરૂપ) વરદાન વિકારના માર્ગને પ્રાપ્ત થયું નહિ, એમાં શું આશ્ચર્ય (અથવા એમાં શું કહેવા જેવું) છે ? (કેમકે) શું ઈન્દ્ર-સંબંધી (અર્થાત્ જેનું ઈન્દ્ર સાન્નિધ્ય કરે છે એવા) મેરૂ પર્વતનું શિખર કદાપિ ચલિત થાય ખરું કે ? ૧૫.

(તેં મને વરદાન આપ્યું) ત્યાર પછી હે સતી ! જે (તેં) અદ્વિતીય શાસ્ત્રરૂપી ગૃહનું નિર્માણ કરીને જગતના પ્રકાશક એવા અને (એથી કરીને તો) અપૂર્વ એવા જ્ઞાન-દીપકને પ્રકટ કર્યો, તે તું સ્વભાવથી ઉત્કૃષ્ટ તપમય એવી તલવાર વડે પાપરૂપી સગુચ્છક વલ્લીને કાપી નાખનારા મુનિયો દ્વારા ગવાય છે (અર્થાત્ મુનિવરો તારી સ્તુતિ કરે છે) ૧૬.

(હે સતી !) જેણે મેરૂ પર્વતનું અતિક્રમણ કર્યું છે એવા (અર્થાત્ મેરૂના કરતાં પણ વધારે સ્થિર તેમજ ઉચ્ચ) તથા વળી બૃહસ્પતિને (પણ) પ્રશંસા કરવા યોગ્ય એવો જેનો વચનોનો મહિમા તથા જેના દેહનું ગરિષ્ટ તેમજ સૂર્યથી પણ અધિક તેજ (અર્થાત્ જેના લિપિરૂપી દેહની મનોહર રચના) એ બન્ને યોગીશ્વર (ગણધર) લોકમાં (માનનીય) વર્તે છે, તે સ્વ મતને વિષે (જ્ઞાનાદિક) લક્ષ્મીના ઉત્પત્તિ સ્થાનરૂપ (અથવા જૈન મતને વિષે સિધ્ધિ) શિલા નામથી પૃથ્વીરૂપ અથવા શૈવ મતને વિષે (એણિમાદિક આઠ) સિધ્ધિઓનાં ઉત્પત્તિ-સ્થાનરૂપ એવી તેમજ સર્વોત્તમ કાન્તિવાળી એવી તું શાશ્વતી વર્તે છે. ૧૭.

સરસ્વતીના વદન - કમલની શોભા :-

હે સુન્દર વદનવાળી (સરસ્વતી) ! જેને વિષે (અકારાદિ બાવન) અક્ષરો સ્પષ્ટ છે એવું, તથા સુગંધયુક્ત, તેમજ વળી સુંદર ભવાંવાળું એવું, તથા વળી રૂડી રીતે વૃધ્ધિ પામેલી શોભાવાળું, તેમજ ગીતમાં અભિલાષીને પ્રિય એવા પંચમ (રાગ) વડે મનોહર એવું, તેમજ વળી જગતનો વિશેષતઃ પ્રકાશ કરનારું એવું અને વળી

અસાધારણ ચન્દ્રના મણ્ડળ (સમાન ગોળ એવું) તારું વદન-કમળ અતિશય શોભે છે. ૧૮.

હે ચન્દ્ર-મુતિ (શારદા) ! તારા અધરોમાંથી (સ્રવતા) અમૃતની વૃષ્ટિથી સિક્ત બનેલું જગત શીતળતાને તેમજ સમસ્ત (સમૃધ્ધિ, રસ અને સિધ્ધિરૂપી) અવયવોને સંપાદન કરાવનારી એવી નિષ્પત્તિને (પણ) પામે છે. (તો પછી) જળના ભાર વડે નમ્ર બનેલા એવા મેઘોનું શું કામ છે ? ૧૯.

હે માતા ! જેમ મારું મન તારે વિષે રમે છે, તેમ તે આપશ્રીથી હીન એવી ચતુર મુગ્ધાઓના સમૂહને વિષે (પણ) તે નક્કી રમતું નથી. કેમકે એ તો દેખીતી વાત છે કે, મારા (જેવા કોઈ પણ રત્ન-પરીક્ષકનું) મન જેનો ક્રય અમેય છે એવી પ્રભાયુક્ત (અર્થાત્ અતિશય તેજદાર હોવાને લીધે અમૂલ્ય એવા) રત્ન-જાતિને વિષે જેવું રમે, તેવું તો કિરણોથી વ્યાપ્ત એવા (પણ) કાચના કકડાને વિષે નહિ (જ) રમે. ૨૦.

હે (અષ્ટ કર્મ વડે ઉત્પન્ન થયેલા) ખેદને હરનારી (અથવા (રાગ-દ્વેષરૂપી) શ્રમથી રહિત) ! કોઈક (સ્વકપોલ કલ્પિત વિચારને પ્રકટ કરનાર) મનસ્વી (કદાચ, મારા મનને અન્ય ભવમાં પણ સ્યાદ્વાદેની પરૂપણા કરનારા (તીર્થંકરો) ના (નૈગમાદિક) ગંભીર નયથી ભ્રષ્ટ કરે એટલા માટે નિશ્ચય અને વ્યવહારની એક સ્થાને યોજના કરીને (અર્થાત્ નિશ્ચય અને વ્યવહાર એમ બન્નેથી યુક્ત જૈન માર્ગ છે એ વાત ને હૃદયમાં ધારણ કરીને) (સપ્તભંગી સ્વરૂપી) તારા વિષે મારા મનને હું નિશ્ચળ કરું છું. ૨૧.

હે ગૌર (વર્ણી) દેહવાળી (શારદા) ! તું જ સર્વદા સમ્યગ્ જ્ઞાનને પ્રાપ્ત કરે છે (અર્થાત્ તારું જ જ્ઞાન સમ્યગ્ છે, (બાકી) વિપર્યય અને સંશયથી યુક્ત મતિવાળા તો અનેક વાચાળ છે (અર્થાત્ તેઓ મિથ્યાજ્ઞાની છે) ઘણાં નક્ષત્રોથી યુક્ત એવી દિશાઓ તો (ઘણી) છે, પરન્તુ સ્ફુરાયમાન કિરણોનો સમૂહવાળા એવા સૂર્યને જન્મ આપનારી (અર્થાત્ તેના ઉદયથી વિભૂષિત બનનારી) દિશાતો પૂર્વ જ છે. ૨૨.

જેનું શરીર સુંદર છે એવી હે (સરસ્વતી) ! હે (સંયમાદિક ગુણે કરીને મોક્ષને સાધનારી) સાધ્વી ! જે સ્વર્ગ અને પૃથ્વી (વિષે) નાં જન્મ અને મરણોના

સર્વથા અંત આણે છે, તે જ તેં આદીશ્વરની પૂર્વે ઉપાસના કરીને પૃથ્વીને વિષે વિસ્તારેલો એવો તથા કૃપાયુક્ત અને (તેમ હોઈ કરીને) કલ્યાણકારી શિવ-પદનો કેવલીઓએ (બતાવેલો) માર્ગ છે (એ સિવાય મોક્ષનો) કોઈ અન્ય માર્ગ નથી એમ હું વિચારું છું. ૨૩.

હે વરદાન દેનારી (શારદા) ક્રીડા કરતી કૃપાના નિવાસ-સ્થાનરૂપ (અર્થાત્ અતિશય દયાળુ), વળી જેને વિષે વિકસ્વર નેત્ર-કમલો છે એવા તથા પવિત્ર, તેમજ જેનું હૃદય (અનેક ગ્રંથો વડે) પરિપૂર્ણ છે એવા, વળી અતિશય શ્રેષ્ઠ, તથા વળી નિબિડ કિરણોથી યુક્ત તેમજ મહાપ્રભાવશાળી એવા તારા દેહને પણ્ડિતો નિર્મળ જ્ઞાનસ્વરૂપી કહે છે. ૨૪.

હે દેવી ! જેણે પુરુષોને વિષે ઉત્તમ એવા આદિ-પુરુષ (ઋષભદેવ) ને સ્નેહી બનાવ્યા (અર્થાત્ હસ્તના આલંબન વડે જગતની વિધિના સંચાલક બનાવ્યા) તેમજ જેણે પોતે તપ કરીને સમસ્ત વિશ્વને દેખનારી (અર્થાત્ લોકાલોક પ્રકાશક) તેમજ મહિમાયુક્ત એવી કેવલ જ્ઞાનંતાને પ્રમાણ રૂપે સિધ્ધ કરી આપી તેમજ તેને તું જગદમ્બા જાણું છું, તે તું છે (એમ) સ્પષ્ટ (જોઈ શકાય છે) ૨૫.

હે દેવી ! જેનું ફળ વધતું જાય છે એવો, વળી જે દ્વારા ગણાં રાજ્યનો લાભ છે એવો, તથા જગતમાં સમસ્ત લોકને હિતકારી એવા માર્ગરૂપ, તેમજ તીર્થંકર દ્વારા જેની ઉત્પત્તિ છે એવો તથા વળી દહીંના શોષણાર્થે અતિશય ધૃતની પ્રાપ્તિ કરાવનારા એવા મન્થનદણ્ડ જેવો (આ) સિધ્ધાન્ત ભવોની શ્રેણિમાં ઉચ્છેદ માટે જે (તારાથી) સ્થાપન કરાયો, તો તને નમસ્કાર હોજો. ૨૬.

હે ઈન્દિરા ! તેજ તું ગુણયુક્ત છે, એથી કરીને તો જેમ મધ્યાહ્ન સમયે વિહરણવાળા સૂર્યના તેજને વિષે રાત્રિનો લેશ પણ જોવામાં આવતો નથી, તેમ તારે વિષે પણ જેમનું ચારિત્ર પ્રિય છે એવા (અર્થાત્ મુનિવરો) વડે તેમજ અન્ય (અજૈન) ચતુર (જનો) વડે પણ સ્વપ્નાન્તરમાં પણ કદાપિ અવગુણનો લેશ પણ જોવાયો નથી. ૨૭.

અયિ (શ્રુત-દેવતા) ! તારા સ્તનોની સમીપ રહેનારું એવું તેમજ વળી (તેં કણ્ઠમાં પહેરેલા) હારના મધ્યમાં રહેલું (અર્થાત્ તેમાં પોરવેલું) એવું કૌસ્તુભ

(નામનું) રત્ન કે જે ઉદયાચલ અને અસ્તાચળની સમીપ જનારા સૂર્યના મણ્ડળ જેવું (ગોળ) છે, તે રત્ન અવતારા દેહની શાશ્વતી શોભાને સહસ્રગુણી કરે છે, એથી કરીને તું વંદન કરવાને યોગ્ય છે. ૨૮.

(યાચનાથી રહિત હોવાને લીધે ) હે નિઃસ્પૃહા ! અથવા (વરદાન દેનારી હોવાને લીધે) જેની લોકો અત્યન્ત વાચ્છા રાખે છે એવી હે સરસ્વતી ! જેમ ઉચ્ચ ઉદયગિરિ ઉપર રહેલાં સૂર્યનાં કિરણો વિશ્વવ્યાપી અંધકારનો નાશ કરે છે, તેમ તારી વાણીના વિલાસો પ્રખર તેમજ (ચૌદ) વિદ્યાના (પઠન પાઠનાદિક) વિનોદયુક્ત વિદ્વાનોની જિહ્‌વાગ્રે રહ્યા થકા (સંશયાદિક) અજ્ઞાન માત્ર રૂપી અંધકારનો વિનાશ કરે છે. ૨૯.

હે સુંદર વદનવાળી (સરસ્વતી) ! પ્રથમ તો (જન્મ-મૃત્યુરૂપી) સંકટોથી વ્યાપ્ત એવા (અર્થાત્ મલિન) એવા (નાગ-લોક અને મૃત્યુ-લોકરૂપી) બે પૃથ્વી-તલોને પવિત્ર કરીને જે આ તારી કીર્તિ ઉજ્જવળ (તેમજ તીર્થંકરના જન્મ-સ્નાત્રના) કળશના જેવી (અથવા) (વાચ્છિતદાયક હોવાથી કામકુમ્ભના જેવી) (બની) છે, તે મહિમાઓના અતિશય વડે જાણે સુમેરૂના સુવર્ણમય તટનું ઉલ્લંઘન કરતી ન હોય તેમ હમણાં સ્વર્ગ-લોકને શ્વેત (અર્થાત્ નિર્મળ) બનાવી રહી છે. ૩૦.

હે જગદમ્બા ! હે જ્ઞાનવતી ! તારા દેહમાં રહેલો અને વળી ત્રિભુવનના પરમેશ્વરપણાનું કથન કરનારો એવો આ તારો નિવલીનો માર્ગ (ગંગા, યમુના અને સરસ્વતીરૂપી) ત્રિવેણીના સંગમની માફક (અર્થાત્ પ્રયાગતીર્થની જેમ) રોમરૂપી કલ્લોલો વડે જગતને પવિત્ર કરે છે તેમજ તે વિશેષતઃ શોભે છે. ૩૧.

વળી, હે સતી ! જ્યાં (અર્થાત્ જે પ્રસ્તાવને વિષે) તુંજ ભાષ્યની ઉક્તિ અને યુક્તિઓ વડે ગહન એવાં શાસ્ત્રરૂપી સરોવરો રચે છે, ત્યાં (અર્થાત્ તે પ્રસ્તાવને વિષે અથવા તે રચનાને વિષે) ખરેખર પણ્ડિતો સુંદર તેમજ પ્રચુર વર્ણવાળાં વાક્યરૂપી (સુવર્ણમય) કમળો રચે છે. ૩૨.

## બ્રાહ્મીનો વાગ્વૈભવ તેમજ તેનાં કુણ્ડળોની કાન્તિ

હે બ્રાહ્મી ! રચના વડે અત્યન્ત મનોહર એવો તારો વાણી-વૈભવ જેવો વિજય વર્તે છે, તેવો અન્યનો નથી. (પરન્તુ આ હકીકત વ્યાજબી છે, કેમકે) ચન્દ્ર

અને સૂર્યનું (પ્રભામાં) અતિક્રમણ કરનારાં (અર્થાત્ તેના કરતાં પણ વધારે તેજસ્વી) એવાં તારો કુણ્ડળોની જેટલી કાન્તિ છે, તેટલી કાન્તિ હૃદયમાં આવેલા (અર્થાત્ ઉગેલા) એવા ગ્રહોના સમુદાયની પણ (ખરેખર) ક્યાંથી હોય ? ૩૩.

હે ભદ્રે ! જેણે ઈન્દ્રના ભયની (પણ) અવગણના કરી છે એવા જે દૈત્યે બ્રહ્માના રહસ્યાત્મક (ચાર) વેદોને બળાત્કારપૂર્વક ગ્રહણ કરીને તીવ્ર ક્રોધ વડે તેને સમુદ્રમાં સંતાડ્યા, તે ભયંકર દૈત્યના દર્શનથી (પણ) તારા સૈનિકોને (લેશતઃ પણઃ ભય નથી. ૩૪.

ગર્જના કરતા એવા મેઘના સમાન (શ્યામવર્ણ) દેહવાળા ગજેન્દ્રના વિસ્તીર્ણ કુમ્ભના આલિંગનાર્થે તેમજ વિજય મેળવવાને માટે તેના ઉપર આરૂઢ થયેલો એવો તેમજ ભૂમિને વિષે યુધ્ધ કરવાને માટે જેનું અશ્વો તેમજ પાયદળોનું લશ્કર કટિબધ્ધ થઈ રહ્યું છે એવો શત્રુગણ પણ (હે ભદ્રે) ! તારા ચરણયુગલરૂપી પર્વતોનો આશ્રય લીધેલાને પીડા કરી શકતો નથી. ૩૫.

(હે ભદ્રે !) માંસ, શોણિત, અસ્થિ, રસ, વીર્ય, સલજ્જમજ્જા અને સ્નાયુ (એ સાત ધાતુ) વડે ઉત્પન્ન થયેલા શરીરને વિષે પિત્ત, વાયુ અને કફ આદિ વિકારોથી ચપળતા પામી ગયાં છે. (નાડી, ઉચ્છ્વાસ ઈત્યાદિ) અવયવો જેનાથી એવા વ્યાધિરૂપી સમસ્ત અગ્નિને તારા નામના કીર્તનરૂપી જળ શાંત કરે છે. ૩૬.

(હે ભદ્રે !) જે પુરુષના હૃદયમાં તારા નામરૂપી સર્પને વશ કરનારી જડી છે, તે નિર્ભય ચિત્તવાળો હોઈ કરીને અસત્ય પ્રલાપોને વિષે અત્યન્ત આસક્ત, વિશેષતઃ ઈર્ષ્યાળુ તેમજ એકાન્ત પક્ષનો અંગીકાર કરવાથી વિલક્ષ વદનવાળા બનેલા એવા દુર્જન (રૂપી સર્પ) ને ચૂર્ણ કરે છે (અર્થાત્ તેને વશ કરી લે છે.) ૩૭.

હે દેવી ! પ્રાચીન કર્મો વડે ઉત્પન્ન થયેલાં એવાં (જ્ઞાનાવરણાદિક) આવરણો જેને વિપે છે એવી તેમજ જેને વિષે વળી સર્વની અધિકતા વડે ધન આલસ્યનું મજબૂત મુદ્રણ થયું છે એવી મનુષ્યોની મૂર્ખતા દુનિયાઓને વિષે તારા સંકીર્તનથી ગૃહોને વિષે દીપકનાં કિરણોથી ચૂર્ણિત થયેલા અંધકારની જેમ નાશ પામે છે. ૩૮.

હે દેવી ! નિરંતર તારાં ચરણ-કમલરૂપી વનનો આશ્રય લેનારા (કાવ્યાદિક) સાહિત્ય અને વ્યાકરણના રસામૃતથી પરિપૂર્ણ એવી તેમજ પણ્ડિતોમાં તર્કરૂપી કઠોર તેમજ મોટા કલ્લોલો વડે મનોહર એવી સર્વ વિદ્યાને પાર પામે છે. ૩૯.

હે માતા ! મર્ત્ય - લોકવાસી પંડિતો તારું સ્મરણ કરવાથી ત્રાસરહિત બનીને નક્ષત્રયુક્ત આકાશના ઉપર, ઉપર આવેલા લોકને વિષે રહેલા એવા બૃહસ્પતિ, બુધ અને શુક્ર સાથે એક બીજાને અતિશય માન્ય એવી મિત્રતા પામે છે (અર્થાત્ માનવોની દેવો સાથે અને દેવોની માનવો સાથે પણ મૈત્રી થાય છે. ૪૦.

હે માતા ! તારા સ્વરુપને વિષે અચિન્ત્ય મહિમાનો સ્પષ્ટ રીતે પ્રતિભાસ થાય છે (અર્થાત્ તારો મહિમા અપૂર્વ છે), (કેમકે) તારી કૃપા વડે અહો ! તિર્યંચ મનુષ્ય-સંબંધી પ્રકૃતિને પામે છે (અર્થાત્ તિર્યંચ ભવનો ત્યાગ કરીને મનુષ્ય ભવ પામે છે) વળી મનુષ્યો મદનના સમાન સ્વરૂપવાળા બને છે અને દેવો તો યોનિ-રહિત એવા જન્મને પામે છે. ૪૧.

વળી હે લક્ષ્મી ! તારી પાસેથી શિક્ષા પામેલા (અર્થાત્ તારા વરદાન વડે વિભૂષિત બનેલા) એવા જે (મનુષ્યો) (સ્વાદ્વદરૂપી) દોષ-રહિત સ્થાનને પ્રાપ્ત કરીને માતાના શરીરમાં નિવાસ કરવામાં પ્રીતિ રાખતા નથી (અર્થાત્ જેઓ ગર્ભાવતારથી વિમુખ બને છે, તેઓ તે કારણને લીધે તારી કૃપા વડે મુક્તિ-પદવીને પ્રાપ્ત કરીને પોતાની મેળે તત્કાળ (અષ્ટકર્મના) બંધના ભયથી મુક્ત બને છે. ૪૨.

હે સરસ્વતી ! જે બુધ્ધિશાળી (મેં રચેલા) આ તારા સ્તોત્રનું પઠન કરે, તેની બુધ્ધિ ચન્દ્રની સહસ્ત્ર-મુખી કલાની જેમ નિર્મળ અને કલંક-રહિત તેમજ સહસ્ત્રમુખી ગંગા (નદી) ની જેમ પવિત્ર કરનારી અને વળી જડને વિષે અભિપ્રાય રહિત એવી નક્કી થાય. ૪૩.

હે વાગ્-દેવી (એકાન્તવાદીઓના) અહંકારને જીતનારા એવા, વળી (અનાચારી) હોવા છતાં પણ પોતાને ગુરુ કહેવડાવનારા એવા) કુગુરુઓને બંધન-કર્તા (અર્થાત્ તેમને નિરંતર બનાવનારા એવા) વળી રોગ, દુઃખ અને ઋણરૂપી બંધનના પરાભવને લીધે હર્ષિત (અર્થાત્ રોગાદિકથી મુક્ત હોવાને લીધે હર્ષિત) એવા બહુવિધ (સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપી ચતુર્વિધ) ચતુર સંઘને વિષે (પોતાના ગૌરવને લીધે) વૃધ્ધિ પામેલો એવો જે ગરિષ્ઠ (દશવિધ) ધર્મને વિષે સિંહ સમાન (મનુષ્ય) આપશ્રી વડે વિજયી થયો, તે સત્કાર વડે ઉન્નત (બનેલા) મનુષ્યોની સમીપ સ્વતંત્ર લક્ષ્મી જાય છે

અથવા

હે વાગ્દેવી ! ગુરુ શ્રી ખેમકર્ણના ચરણ-પ્રસાદથી હર્ષ પામેલો એવો જે હું (સ્યાદ્વાદરૂવી માર્ગને પ્રતિપાદન કરનારો જૈન) આચાર્ય ધર્મસિંહ (એકાન્તવાદી એવા જૈનેતરોના) અભિમાનને મોહનારા એવા તથા વળી બહુવિધ તેમજ ચતુર એવા સંઘને વિષે તારા વડે (અર્થાત્ તારા વરદાનના પ્રસાદથી) વિજયી બન્યો, તે (ગુરૂના તેમજ તારા કૃપાપાત્ર બનવારૂપ) સત્કાર વડે ઉન્નત (અર્થાત્ અન્ય મનુષ્યો કરતાં અધિક મહિમાવાળા એવા મને) સ્વતંત્ર (આત્મિક) લક્ષ્મી સદા સેવે છે.

૪૪.

श्रीभावप्रभसूरिविरचितं

## ।। श्रीनेमिभक्तामरम् ।।

(नेमिसम्बोधनापरनामकम्)

श्रीसरस्वत्यै नमः । श्री इष्टदेवतायै नमः । श्रीगुरुभ्यो नमः ।

भक्तामर ! त्वदुपसेवन एव 'राजी-
मत्या' ममोत्कमनसो दृढतापनुत् त्वम् ।
पद्माकरो वसुकलो वसुखोडसुखार्ता-
वालम्बनं भव जले पततां जनानाम् ।। १ ।। वसन्ततिलका

पित्रोर्मुदे सह मयोपयमं यदीन्द्र !
नोरीकरिष्यसि तदा तव काऽत्र कीर्तिः ? ।
जग्राह यो हि गृहिकर्म विधाय वृत्तं
स्तोष्ये किलाहमपि तं प्रथमं जिनेन्द्रम् ।। २ ।।

रम्यं गृहं च रमणी रमणीयराढां
भोगान् समं प्रवरबन्धुजनैरपास्य ।

तारुण्ययुग् 'यदु'पते ! त्वद्गतेऽङ्ग दीक्षा-
मन्यः क इच्छति जनः सहसा ग्रहीतुम् ? ।। ३ ।।

रोद्धुं क्षमो जिनं ! करोऽपि ममाबलाया-
स्त्वामुद्बलं हि भवदागमजातवीर्यः ।
न स्यान्मुनीश ! लवणेशगृहीतशक्तिः
को वा तरीतुमलमम्बुनिधिं भुजाभ्याम् ? ।। ४ ।।

भद्रं चकर्थ पशवेऽपि यथा तथा त्वं
तूर्णं कृपापर ! ममैह्यसुरक्षणार्थम् ।
रिष्टाश्रितां खलु धवो महिलां समन्तुं
नाभ्येति किं निजशिशोः परिपालनार्थम् ? ।। ५ ।।

तीक्ष्णं वचोऽप्यभिहितं मयका हितं यत्
तत् ते भविष्यतितरां फलवृद्धिसिद्ध्यै ।
यद्धेलिधाम तपतीश ! भृशं निदाघे
तच्चारुचूतकलिकानिकरैकहेतुः ।। ६ ।।

आगच्छ कृच्छ्रहर ! हृच्छयचित्रपुङ्ख-
लक्षीकृतां कृशतनुं क्षम ! रक्ष मां त्वम् ।
त्वत्सङ्गमे क्षयमुपैष्यति मेऽतिदुःखं
सूर्यांशुभिन्नमिव शार्वरमन्धकारम् ।। ७ ।।

उद्यत्तडिद्घनघनाघनगर्जितेऽहि-
भुग्भाविते नमासि नौ नमसीन ! देहे ।
धर्मोत्कटादिरिव दन्तुरतां विषण्णो
मुक्ताफलद्युतिमुपैति ननूदबिन्दुः ।। ८ ।।

पश्येद्दशीति सखिता मदनादरः किं ?
नृत्यन् मयूरनिकरोऽब्दघटां समीक्ष्य ।
मैत्र्या भवन्ति भगवन् ! प्रभया प्रकर्षं
पद्माकरेषु जलजानि विकाशभाञ्जि ॥ ॥ ९ ॥

किं त्वं स नैव चल ! काऽडगतिका तवैषा
जन्याः प्रसूर्जनयिता सहजाश्च जामिः ।
श्यामाऽप्यहं च इति वर्गभिभं विवाह-
भूत्याऽऽश्रितं च इह नात्मसमं करोति ॥ १० ॥

दृष्ट्वा भवं तमनिमेषविलोकनीयं
नान्यत्र तोषमुपयाति मदीयचक्षुः ।
पीत्वा पयः शशिकरद्युति दुग्धसिन्धोः
क्षारं जलं जलनिधेरशितुं क इच्छेत् ? ॥ ११ ॥

राज्ञो महामृगमदाकुलमण्डलस्य
दैत्यारिमार्गगमनस्य तमोऽदितस्य ।
चक्षुष्य ! चारुचतुराक्षिगतस्य किञ्च
यत् ते समानमपरं न हि रुपमस्ति ॥ १२ ॥

त्वत्सद्वियोगवनमेव गता तथापि
तीव्रातपोद्धतपराभवभाविताऽहम् ।
'शैवेय' ! देव ! जलजाङ्कित ! जातमेतद्
यद् वासरे भवति पाण्डुपलाशकल्पम् ॥ १३ ॥

व्याहारमेड इव मे यदि मो शृणोषि
शब्दादिकं सुखमिदं व्रज हारि हित्वा ।
नेतर्नरा भुवि भवन्ति गताङ्कुशा ये
कस्तान् निवारयति सञ्चरतो यथेष्टम् ? ॥ १४ ॥

ध्यानं विधेहि कुरु रैवतके तपांसि
विद्धीति मां हरिसुतोऽस्थिरमाशु कर्ता ।
यज्जन्ममात्रलधुगात्रजिनांह्रितो नो
किं मन्दराद्रिशिखरं चलितं कदाचित ? ॥ १५ ॥

तत्रोषितं निधुवनाय समागतास्त्वां
देव्यः समं सहचरैः सुतनुं समीक्ष्य ।
वक्ष्यन्ति मोहिततरा इति कामरुपो
दीपोऽपरस्त्वमसि नाथ ! जगत्प्रकाशः ॥ १६ ॥

त्वद्ध्यानभाज्यपि पुनर्मयि नो गताया-
मिष्टार्थबाधकबृहद्विरहान्धकारम् ।
सद्धर्मधाम्नि सहजोद्यमधौतदोषः
सूर्यातिशायिमहिमाऽसि मुनीन्द्रलोके ॥ १७ ॥

वक्त्रं जिनात्र वसतः प्रणिधानभाजो
विश्वासतो मृगशिशुव्रजचुम्बितं सत् ।
सद्दश्यते बहुललक्षणभावितं ते
विद्योतयज्जगदपूर्वशशाङ्कबिम्बम् ॥ १८ ॥

उद्योग एव भवता कियतां किमर्थं ?
किं वाऽथ ते नु वरवस्तुन उनमस्ति ? ।
त्वामेव वीक्ष्य शितिभं समुदो मयूर्यः
कार्यं कियज्जलधरैर्जलभारनम्रैः ? ॥ १९ ॥

इच्छावरं वरमिति स्वजनेन नुन्ना
वच्मीत्यहं द्रुतकराब्जनिरुद्धकर्णा ।
रत्ने यथा जनतया कियतेऽभिलाषो
नैवं तु काचशकले किरणाकुलेऽपि ॥ २० ॥

भव्ये ! मनोहरवरो भविता भवत्याः
किं 'नेमिना'ऽसहशुचा च किमित्थमाल्या ? ।
वाच्यं किमत्र यदि मे न भवानिवान्यः
कश्चिन्मनो हरति नाथ ! भवान्तरेऽपि ॥ २१ ॥

अस्या न दूषणमतो हि भवानसह्यो-
ऽबाधः कृतान्तजनको भवतीश ! सोऽपि ।
साताय सर्वजगतां च 'शिवा' यमर्कं
प्राच्येव दिग् जनयति स्फुरदंशुजालम् ॥ २२ ॥

चेतश्चभच्चरिकरीषि दरीश्रितानां
तीव्रैर्व्रतैर्विषमरैवतशृङ्गसङ्गी ।
आदर्शधाम्नि धृतकेवलचकिवत् किं
नान्यः शिवः शिवपदस्य मुनीन्द्र ! पन्था : ? ॥ २३ ॥

पूर्णं व्रतेन भवतु क्रियया गतैः किं ?
कष्टैः कृतं च तपासाऽस्त्वलमन्यकृत्यैः ।
चेत् केवलं शिवसुखाब्जविकाशहेतुं
ज्ञानस्वरुपममलं प्रवदन्ति सन्तः ॥ २४ ॥

बालश्चिखेलिथ सुरैः कृतनर्मकर्मैः-
र्धीरो भवंश्च समितौ भुवनेषु जिष्णुः ।
सत्त्वात् पुनः स च गृहीति किमत्र गण्यो
व्यक्तं त्वमेव भगवन् ! पुरुषोत्तमोऽसि ॥ २५ ॥

पूर्वं प्रभो ! प्रबलपूरितपाञ्चजन्यः
केपेङ्गि'ताच्युत'भुजो हसितोऽस्य दारैः ।
मौनं श्रितः परिणये विमुखोऽधुनैवं
तुभ्यं नमो जनभवोदधिशोषणाय ! ॥ २६ ॥

त्वं चे'च्छिवा'त्मज इतीश ! शिवाय मे किं ?
'नारिष्टनेमि'रिति चेदशुमच्छिदेऽपि ।
स्वैर्वा निरुक्तवशतो मयि सानुकूलः
स्वप्रान्तरेऽपि न कदाचिदपीक्षितोऽसि ॥ २७ ॥

वेत्थेति नाद्रिवसते ! विशदं ध्रुवं त्वां
सौवं मतं प्रतिविभातभिदं ब्रवीति ।
रागीभवद् विकचकोकनदाश्रियाऽरं
बिम्बं रवेरिव पयो धरपार्श्ववर्ति ॥ २८ ॥

स्वामिन् ! 'समुद्रविजया'वनिपालसूनो !
स्तादीश्वरोऽत्र यदहार्यगतिं तवेमाम् ।
कान्तिं निवारयति विष्णुपदोदितां क-
स्तुङ्गदयाद्रिशिरसीव सहस्त्ररश्मेः ॥ २९ ॥

सारेच्छुदुर्लभमतोऽफलमेव मन्ये
मुख्यं महेश ! महतोऽप्यपरोपकृत् ते ।
सिद्धागमार्थवरमुच्चदशं स्वरुप-
मुच्चैस्तटं सुरगिरेरिव शातकौम्भम् ॥ ३० ॥

उच्चोपलासनमशीतकरातपत्रं
वातोच्चलद्विततनिर्झरचामरं च ।
देवार्चित ! त्रिकमिहास्तु तवैवमेव
प्रख्यापयत् त्रिजगतः परमेश्वरत्वम् ॥ ३१ ॥

उक्तेष्वमीषु वचनेषु मयाऽभूतानि
जानीध्वमाद्दतरुषाऽप्यनुरागयुक्तया ।
नेत्रादिषु प्रथितसाम्यगुणेन मे हि
पद्मानि तत्र विबुधाः परिकल्पयन्ति ॥ ३२ ॥

मत्स्वाम्यहं च मुखनेत्रजितावमुष्या
नीतोष्णतामिति मदेन मृगेण मन्ये ।
दाहाय मे प्रकृतिरीश ! विधोर्यथाऽस्ति
तादृक् कृतो ग्रहगणस्य विकाशिनोऽपि ? ॥ ३३ ॥

अत्रैव पश्य परमां पर ! कैरविण्यां
ज्योत्स्नाप्रिये च वितनोति रतिं शशाङ्कः ।
स्नेहान्वितः परिवृढो विमुखोऽयनं हि
दृष्ट्वाऽभयं भवति नोभवदाश्रितानाम् ॥ ३४ ॥

माकन्दवृन्दवनराजिपदे निरेनो-
ऽसह्योऽप्यहो ! सकलकेवलसम्पदाप्तेः ।
सालत्रयं भविभूतं भुवि मोहभूपो
नाक्रामति क्रमयुगाचलसंश्रितं ते ॥ ३५ ॥

इत्युत्सुका गतिविनिर्जितराजहंसी
'राजीमती' दृढमतिः सुसती यतीशम् ।
इन्द्रैः स्तुतं ह्युपययाविति नोऽसुखाग्निं
त्वन्नामकीर्तनजलं शमयत्यशेषम् ॥ ३६ ॥

मत्तालिपाटलमलीमसकामभोगी
योगीश ! दुर्धरकषायफटोत्कटाक्षः ।
जप्यो जवेन जठराप्तजनोऽपि तेन
त्वन्नामनागदमनी हृदि यस्य पुंसः ॥ ३७ ॥

कालोपमं विशददर्शनकृत्यशून्यं
पक्षद्वयात् सदसतो धृततर्कजालम् ।
मिथ्यात्विशासनभिदं मिहिरांशुविद्धं
त्वत्कीर्तनात् तम इवाशु भिदामुपैति ॥ ३८ ॥

रत्नत्रयं निरुपमं नरराजहंसाः
संवित्तिदर्शनचरित्रमयप्रकाशम् ।
क्षित्याप्तसंसृतिपरिश्रमदुःखदाहं
त्वत्पादपङ्कजवनाश्रयिणो लभन्ते ॥ ३९ ॥

वित्तेन साधकतमेन सुनद्धभावात्
कैवल्यनार्युरसिजैकरसाभिलाषाः ।
सम्यक्प्रमादसुभृतोऽव्ययतां त्वदीयात्
त्रासं विहाय भवतः स्मरणाद् व्रजन्ति ॥ ४० ॥

पीत्वा वचो जिनपतेरधिगम्य दीक्षां
साऽथार केवलमनन्तसुखं च मोक्षम् ।
आश्रित्व सिद्धवरवस्त्वगदा हि के नो
मर्त्या भवन्ति मकरध्वजतुल्यरुपाः ? ॥ ४१ ॥

काँस्कान् नवानि हसिताब्जशुचीन् गुणांस्ते
येऽनादितो विषमबाणमटेन नद्धाः ।
राज्ञि त्वयीश ! मनुजाः सति सार्वभौमे
सद्यः स्वयं विगतबन्धमया भवन्ति ॥ ४२ ॥

सद्ब्रह्मचार ! जिन ! 'यादव'वंशरत्न !
'राजीमती'नयनकोकविरोकितुल्य !
जुष्टः श्रिया सकलयैकपदे भवेत् स
यस्तावकं स्तवमिमं मेतिमानधीते ॥ ४३ ॥
हारावलीं नुतिभिमां द्युतिसन्ततीद्धां
कण्ठे दधाति 'महिमाप्रभ'सूरिराजः ।
यस्ते सदैव रुचिराश्रित'भावरत्नां'
तं 'मानतुङ्गम'वशा समुपैति लक्ष्मीः ॥ ४४ ॥

# નેમિ ભક્તામરની સમીક્ષા

નામ -

આ કાવ્યના કર્તાએ અવતરણના દ્વિતીય પદ્યમાં સૂચવ્યા મુજબ એનું નામ નેમિ - સંબોધન છે, પરન્તુ જે ભક્તામર - સમસ્યાના કાવ્યમાં જે તીર્થંકરના ગુણ, ગાનો હોય, તે તીર્થંકરનું ભક્તામર સાથે નામ જોડીને તે કાવ્યનું નામ રાખવા અને અભિલાષા થવાથી અને તેમ કરવું અનુચિત નહિ લાગવાથી તે કાવ્યનું તેનું નામ રાખ્યું છે.

વિષય -

રાજીમતીની સાથે લગ્ન-ગાંઠથી જોડાવાને માટે નેમિનાથ પ્રભુ શ્રીકૃષ્ણ પ્રમુખ યાદવોની સાથે લગ્ન-મંડપ સુધી આવી તોરણેથી પોતાનો રથ પાછો ફેરવી જાય છે તે પ્રસંગથી આ કાવ્યનો પ્રારંભ કરવામાં આવ્યો છે. તેમાં વિરહિણી રાજીમતીના ઉદ્દ્ગારો એ આ કાવ્યનો મુખ્ય વિશેષ છે.

છંદ અને અલંકાર -

આ કાવ્ય છંદની બાબતમાં તો વીર-ભક્તામરને મળતું આવે એ દેખીતી વાત છે. વળી યાદ-પૂર્તિરૂપ અલંકાર પણ આ બન્ને કાવ્યોમાં મુખ્ય અલંકાર છે.

આ કાવ્યનો વિષય તીર્થંકરના ગુણો ગાવાનો છે.

નેમિ-ભક્તામરમાં તો આ અવસર્પિણીમાં થઈ ગયેલા અખંડ બ્રહ્મચારી બાવીસમા તીર્થંકરના લગ્ન-પ્રસંગથી માંડીને તેમના જીવનચરિત્રની રૂપરેખા દોરવામાં આવી છે. ચોવીસ તીર્થંકરોમાં આ બે તીર્થંકરો પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ, સોળમાં તીર્થંકર શ્રી શાંતિનાથ અને તેત્રીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથની જેમ વિશેષ લોકપ્રિય છે.

આ નેમિ ભક્તામરમાં એકના એક પદ્યમાંથી જેટલા અર્થો થઈ શકે તેટલા સૂચવી શકાય તેમ છે. વળી આમાં ચરણનો અન્ય રીતે પદચ્છેદ કરી નવીન અર્થ પણ સૂચવી શકાય છે. આ કાવ્યનો વિષય તીર્થંકરના ગુણો ગાવાનો છે. વળી આમાં

તો આ અવસર્પિણીમાં થઈ ગયેલા અખંડ બ્રહ્મચારી બાવીસમાં તીર્થંકરના લગ્ન-પ્રસંગથી માંડીને તેમના જીવન ચરિત્રની રૂપરેખા દોરવામાં આવી છે. ચોવીસ તીર્થંકરોમાં પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ, સોળમાં તીર્થંકર શ્રી શાંતિનાથ અને તેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથની જેમ વિશેષ લોકપ્રિય છે. વળી આનું 'રાજ્યર્દ્ધિવૃધ્ધિ' એવું અપર નામ પણ વીર ભક્તામર સ્તોત્રની માફક આપવામાં આવ્યું નથી.

## વિરહિણી રાજીમતીના ઉદ્‌ગારો -

હે સુરેશ્વર ! જેમ અત્યન્ત સંતાપનો નાશ કરનારો એવો, તથા કિરણ વડે (વ્યાપ્ત છે) મણ્ડળ જેનું એવો અથવા (ભૂષણરૂપ હોવાથી મહાદેવને સુખકારી એવો) તેમજ શોભના ભંડારરૂપ ચન્દ્ર અમૃતનું પાન કરવાને માટે (અધીરા બનેલા અને એથી કરીને) દુઃખથી પીડાતા એવા (ચંકોર) પક્ષીજનોનો આધાર છે. તેમ (અથવા જેમ ચક્રવાકના વિરહરૂપી) કઠોર તાપને હરનારો, પદ્મોને (વિકસિત કરનાર હોવાથી તેની) ખાણરૂપ તેમજ કિરણો (અથવા તેજ) વડે મનોહર એવો શુભ (અર્થાત્ ગ્રહણાદિકથી મુક્ત) સૂર્ય જલાશય પાસે (વસનારા ચક્રવાક) પક્ષીજનોના (યુગલને રાત્રિ આવી પડતાં વિરહરૂપી) દુઃખની પીડા જ્યારે પ્રાપ્ત થાય છે ત્યારે તેનો આધાર બને છે, તેમ (સમ્યગ્દર્શનાદિક) રત્નોની (પ્રાપ્તિમાં) કુશળ એવો તું તારી જ સેવા (કરવામાં) આતુર છે મન જેનું એવી હું જે (ઉગ્રસેનની પુત્રી) રાજીમતી તેનો આધાર થા. ૧.

હે નાથ ! જો તું માતા-પિતાના હર્ષની ખાતર મારી સાથે લગ્ન સ્વીકારશે નહિ (અર્થાત્ મારું પાણિગ્રહણ નહિ કરશે) તો આ જગતમાં તારી શી આબરુ ? (વિશેષમાં જે નાભિ-નન્દને) (વિવાહાદિકઃ) ગૃહસ્થનું કાર્ય કર્યા બાદ દીક્ષા ગ્રહણ કરી તે પ્રથમ જિનેશ્વરની (તો) હું પણ નક્કી સ્તુતિ કરીશ (અથવા હે મૃગાક્ષી ! અત્ર આવ, મારી પાસે બેસ, ઈત્યાદિ) સંબોધનથી રહિત એવું (અર્થાત્ લગ્ન કર્યા વિનાનું) ગૃહસ્થ કર્મ કરીને જે (તેં) દીક્ષા ગ્રહણ કરી તે તું જિનેશ્વર (અરિષ્ટનેમિ) ની પ્રથમ તો હું પણ સ્તુતિ નહિ કરીશ (કેમકે તેં અનુચિત કાર્ય કર્યું છે. ૨.

અથવા

હે સ્વામિન્ ! જો તું માતા-પિતાને ખુશી કરવાને માટે મારી સાથેનાં લગ્ન કબૂલ રાખશે નહિ, તો તારી આબરુ ખરાબ ગણાશે (વળી) સૂર્ય સમાન (તેજસ્વી) એવા ગૃહસ્થના કર્મના વિધાનનો લાભ છે જેમાં એવા (અર્થાત્ સોળ હજાર સુંદરીઓની સાથે લગ્ન-ગાંઠથી જોડાવાના એવા) વૃત્તને જેણે ગ્રહણ કર્યું, તે નારાયણના થકી ખરેખર (સૌથી) પહેલાં હું પણ સ્તુતિ કરીશ, (કેમકે તું તો બીકણ હોવાને લીધે કે નિરુદ્યમી હોવાને લીધે એક નારીનો પણ નિર્વાહ કરવા અસમર્થ છે, જ્યારે નારાયણ તો સોળ હજાર સુંદરીઓનું પૂરું કરવા સમર્થ છે) (અથવા જે મહાદેવે) ખરેખર (પાર્વતીનું પાણિગ્રહણ કરવારૂપ) ગૃહસ્થને યોગ્ય કાર્ય કરીને (ભિક્ષાટનરૂપી) વૃત્તને ગ્રહણ કર્યું. તે મહાદેવ (વૃષભેશ્વર) ની હું પણ ખરેખર પ્રથમતઃ સ્તુતિ કરીશ (કારણ કે ભીખ માગીને પણ તે પોતાની પત્નીનો નિર્વાહ કરવા સર્વદા કટિબધ્ધ છે, જ્યારે તું તો ધનિક હોવા છતાં તે કાર્ય કરી શકતો નથી. ૨.

હે યદુનાથ ! મનોહર મંદિરને તથા ચિત્તાકર્ષક સૌન્દર્યવાળી સુંદરીને તેમજ ઉત્તમ બંધુજનોની સાથેના ભોગોને (એકદમ) ત્યજી દઈને તારા સિવાય કયો અન્ય યુવક એકદમ દીક્ષા લેવાને ઈચ્છે. ૩.

હે વીતરાગ ! આપના સિધ્ધાન્ત (અથવા આગમન) થી ઉત્પન્ન થયું છે બળ જેને વિષે એવો મારો અબળાનો પણ હસ્ત પ્રબળ પરાક્રમવાળા આપને રોકવાને (અર્થાત્ તોરણેથી નહિ પાછા ફરવા દેવામાં) ખરેખર સમર્થ છે, કેમકે યોગીશ્વર ! લવણ( સમુદ્ર)ના સ્વામી પાસેથી પ્રાપ્ત કર્યું છે પરાક્રમ જેણે એનો કોણ સમુદ્રને બે હાથ વડે તરી જવામાં સમર્થ ન થાય ? ૪.

હે દયા (કરવા) માં તત્પર (નાથ) ! જેમ તેં પશુનું પણ કલ્યાણ કર્યું તેમ તું મારા પ્રાણના રક્ષણ અર્થે (મારી સમીપ) સત્વર આવ, પોતાના બાળકના બચાવ અર્થે કષ્ટમાં સપડાયેલી એવી અપરાધી ભાર્યાની સમ્મુખ શું તેનો પતિ ખરેખર જોતો નથી ? ૫.

હે નાથ ! મેં જે કઠોર (અપ્રિય) પણ હિતકારી વચન (આપને) કહ્યું, તે વચન (રાજ્યાદિક સમૃધ્ધિના સુખની પ્રાપ્તિરૂપ) ફળની વૃધ્ધિની સિધ્ધિને માટે થશે, (કેમકે) ગ્રીષ્મ (ઋતુ) માં સૂર્ય કિરણ અત્યંત તપે છે, (પરન્તુ) તેથી કરીને તો તે મનોહર આમ્ર મંજરીના અદ્વિતીય હેતુરૂપ બને છે. ૬.

હે કષ્ટ-નિવારક (નાથ) ! તું આવ. હે સમર્થ (સ્વામિન્) ! કંદર્પનાં બાણો વડે વીંધાયેલી તેમજ દુર્બળ દેહવાળી એવી મને (તું કામદેવના આઘાતથી) બચાવ. હે જિન ! તારો સંયોગ થશે, ત્યારે મારું (વિરહરૂપી) અતિશય દુઃખ સૂર્યનાં કિરણો વડે ભેદાયેલા રાત્રિ સંબંધી અંધકારની જેમ નાશ પામશે. ૭.

જ્યારે શ્રાવણ માસમાં આકાશ મયૂર (ના શબ્દ) થી મિશ્રિત થયેલા તેમજ સ્ફુરાયમાન સૌદામિનીથી અલંકૃત બનેલા તેમજ ગાઢ એવા મેઘની ગર્જનાથી યુક્ત બને છે, ત્યારે ઊષ્ણતાના ઉત્કર્ષને લીધે જેમ ખિન્ન થયેલો કામદેવ મુક્તાફળના જેવી પ્રભાવથી હન્તુરતાને પ્રાપ્ત કરે તેમ આપના બેના દેહ ઉપરનું જલ-બિન્દુ મુક્તાફળની પ્રભાને પામશે. ૮.

. હે જ્ઞાની ! મેઘ માલા જોઈને મયૂરોનો સમુદાય નૃત્ય કરે છે અને સૂર્યની પ્રભાને લીધે તો સરોવરોમાં કમળો અત્યન્ત વિકસિત થાય છે. મિત્રતા તો આવી છે તે તું જો. મારા તરફ તું કેમ અનાસક્ત છે ! (અથવા મારી સાથે તું એક શબ્દ પણ કેમ બોલતો નથી, અથવા મદન પ્રતિ કેમ આસક્ત નથી, અથવા કંદર્પ રહિત (ચારિત્રાદિક વસ્તુને) પ્રતિ કેમ પ્રીતિ રાખે છે ?) ૯.

હે (સર્વદા) ચપળ (ચિત્તવાળા નાથ) ! જાનૈયા, જનની, જનક, બંધુ અને ભગિની (અથવા કુળ-સ્ત્રી) તેમજ હું યુવતિ એવા આ પોતાના સમાન (કુટુંબ) સમુદાયને જે વિવાહની (સુંદર વસ્ત્ર, આભૂષણ, ભોજન, વિલેપન ઈત્યાદિ) સમૃધ્ધિ વડે આશ્રિત કરતો નથી, એવો જે તું (છે) તેના આગમનથી શું ? (અર્થાત્ તું અત્ર નહિ આવ્યો હોત, તો સખીઓમાં મારી હાંસી થાય નહિ) (અથવા આ તારી શી દશા છે અથવા આ તારું શું જ્ઞાન છે ? (તે હું જાણી શકતી નથી, પરન્તુ ભવિષ્યમાં સ્ત્રી વિના તું દુઃખી થશે એમ મને લાગે છે, કેમકે ગોળ વિનાનો કંસાર, તેવો સ્ત્રી વિનાનો સંસાર) તેમજ વળી તે તું છે ? ના (અકિંચિત્કર હોવાથી તું નિરર્થક છે) (અથવા તે તું નથી જ ? (તે જ તું સ્વેચ્છાચારી છે) અથવા તે તું શું પુરુષ છે, (કેમકે ક્ષત્રિયનો ધર્મ તો શરણાગત અબળાનું રક્ષણ કરવાનો છે) અથવા હે (બાલ્યાવસ્થામાં જ નહિ પરન્તુ) સર્વદા ચપળ ! તે તું ખરાબ છે. ૧૦.

(હે નાથ !) (વિવિધ પ્રકારનાં ભોગ, લીલા, લલના ઈત્યાદિથી મનોહર અત એવ) નિર્નિમેષ જોવા લાયક એવા પ્રસિધ્ધ સંસારને જોયા બાદ સુંદર સાંસારિક

ભોગ-વિલાસથી વિમુખ એવા મુનિ-ધર્મરૂપી) અન્ય સ્થળે મારું નેત્ર સંતોષ પામતું નથી. (અથવા દેવની જેમ દર્શનીય એવા આપને જોયા પછી મારું નેત્ર અન્યત્ર સંતોષ પામતું નથી (કેમકે) ચન્દ્રનાં કિરણોના સમાન પ્રભાવાળા ક્ષીર-સમુદ્રના જલનું પાન કર્યા બાદ (લવણ) સમુદ્રનાં ખારાં જલનો આસ્વાદ લેવાને કોણ ઈચ્છે ? ૧૧.

(મારું નેત્ર અન્યત્ર સંતોષ પામતું નથી, કેમકે) વળી હે સુભગ ! (લાંછનરૂપી) મૃગની કસ્તૂરિકા વડે અથવા કસ્તૂરિકાદિક સુગંધી દ્રવ્યો વડે વ્યાપ્ત છે મંડળ જેનું એવા, વળી દેવોના માર્ગને વિષે (અર્થાત્ આકાશને વિષે) ગમન છે જેનું એવા, તથા અંધકાર અથવા રાહુથી અખંડિત (અથવા રાત્રિને વિષે ઉદય છે જેનો એવા) તેમજ મનોહર ચતુરોની આંખને વિષે રહેલા (અથવા મનોહર (પરન્તુ વિરહ વેદનાથી વ્યાકુળ એવી) વનિતાઓના દુશ્મનરૂપ) એવા ચન્દ્રની સમાન જેમ અન્ય રૂપ નથી, (અથવા ઐરાવત નામના) ગજેન્દ્રના મદથી આપ્ત છે મણ્ડળ જેનું એવા, દૈત્યરૂપી દુશ્મનોના માર્ગમાં (પણ, ગમન છે જેનું એવા, અજ્ઞાનથી રહિત તેમજ મનોહર તથા કુશળ મનુષ્યો (ને અતિશય વલ્લચ હોવાથી તે) ની આંખને વિષે રહેલા એવા ઈન્દ્રના રૂપ સમાન જેમ અન્ય રૂપ નથી) તેમ કુંજરોના મદ (જળ) વડે વ્યાપ્ત છે દેશ જેનો એવા, વળી કૃષ્ણ (વાસુદેવ) ના (અથવા દેવોના) માર્ગને વિષે ગમન છે જેનું એવા (અર્થાત્ કૃષ્ણ કે દેવો જેની આગળ ચાલે છે એવા) પાપ વડે અખંડિત તેમજ મનોહર તથા ચતુર એવા જનોના દુશ્મન રૂપ (અથવા મનોહર તેમજ ચતુર મનુષ્યોના તેમને વિષે રહેલા અથવા તેમની સાથે ગમન છે જેમનું એવા) તારા સમાન ખરેખર અન્ય રૂપ નથી. ૧૨.

હે શિવા-નન્દન ! હે દેવ ! હે શંખના લાંછનથી લાંછિત (જિનેશ્વર) ! હું તારા સમાન સુંદર પક્ષીનો યોગ છે જેને વિષે એવા વનમાં ગઈ તોય પણ (તારા વિરહરૂપી) સખ્ત સંતાપના પરાભવથી પીડિત છું, જેથી કરીને પ્રકાશમાન (આપરૂપી) દિવસ હોતે છતે આવન (ક્ષુધાર્ત હોવાને લીધે) ફિક્કા પડી ગયેલા રાક્ષસના જેવું (ખાવા ધાપ) છે. ૧૩.

હે નાયક ! જો બહેરાની માફક તું મારું વચન સાંભળતો નથી, તો (પછી) આ શબ્દાદિક મનોહર સુખને છોડીને જા. જે મનુષ્યો જગતમાં નિરંકુશ હોય છે, તેની ઈચ્છા મુજબ ફરતા જનોને કોણ અટકાવે ? ૧૪.

હે નેમિ (નાથ) ! (ભલે) તું ધ્યાન ધર (અર્થાત્ યોગી બન) અને રૈવંત પર્વતના ઉપર તપશ્ચર્યાઓ (પણ) કરે, પરન્તુ કામદેવ મને સત્વર અસ્થિર કરશે, એમ જાણ (અર્થાત્ યાદ રાખજે કે તારા ધ્યાનમાંથી તને કામદેવ જરૂર જ ચલિત કરશે) કેમકે તરતના જ જન્મેલા (અને એથી કરીને) લપ દેહવાળા એવા (વીર) જિનેશ્વરના ચરણથી મેરૂ પર્વતનું શિખર શું કદાપિ ચલાયમાન થયું નથી કે ? ૧૫.

પોતાના મિત્રોની સાથે કામક્રીડાર્થે આવેલી તેમજ અતિશય મોહ પામેલી એવી દેવીઓ ત્યાં (રૈવતક પર્વત ઉપર) રહેલા એવા તેમજ સુંદર દેહવાળાં એવાં તને જોઈને કહેશે કે હે નાથ ! કંદર્પના સમાન રૂપવાળો (અથવા ઈચ્છિત રૂપવાળો) એવો તું જગતને વિષે પ્રકાશ પાડનારો અપૂર્વ દીપક છે. ૧૬.

(હે જિન !) જેણે શુભ ધર્મ-મંદિરરૂપ એવા યોગીશ્વર લોકોને વિષે સ્વાભાવિક ઉદ્યમ વડે (કર્મ-મલરૂપી) રાત્રિનું પ્રક્ષાલન કર્યું છે એવો તેમજ સૂર્ય કરતાં અધિક મહિમાવાળો એવો તું છે, પરન્તુ તારું ધ્યાન ધરનારી (હોવા છતાં) પણ વાચ્છિત વસ્તુના બાધક તેમજ નિરતીનું વિરહરૂપી અંધકારને પ્રાપ્ત થયેલી એવી હું (રાજીમતી) તેને વિષે તું તેવો નથી (અર્થાત્ ભલે તું યોગિ-જનોની કર્મરૂપી રાત્રિનો અંત લાવનાર હોવાથી તેમના સંબંધમાં તો તું સૂર્ય કરતાં વધારે પ્રભાવશાળી હો, પરન્તુ મારા વિરહરૂપી અંધકારનો તું નાશ નહિ કરી શકતો હોવાથી હું તને સૂર્ય કરતાં કેવી રીતે ચડિયાતો ગણું ? ઉલટો તેમ તેનાથી ઉતરતો ગણવો જોઈએ, કેમકે તે તો અંધકારનો નાશ જરૂર જ કરે છે. ૧૭.

હે જિન ! અહિઆ (રૈવતક પર્વત ઉપર) વસનારા તથા સમાધિયોગથી યુક્ત એવા તારા (નિશ્ચલતા તેમજ નિર્બળતાને લીધે) વિશ્વાસથી હરણના બાળકોના સમુદાય વડે ચુંબિત થયેલું એવું, વળી અનેક લક્ષણોથી લક્ષિત એવું તેમજ વિશ્વને પ્રકાશમય કરનારું એવું સુખ અસાધારણ ચન્દ્રના બિંબના સમાન (લોકોથી) જોવાય છે. ૧૮.

(હે નાથ !) આ (તપશ્ચર્યા, ધ્યાન, સમાધિ ઈત્યાદિ) ઉદ્યમ તું શાને માટે કરે છે ? શું (ઉત્તમ રાજ્યરૂપી) શ્રેષ્ઠ વસ્તુથી કંઈક અપૂર્ણ છે ? શ્યામવર્ણી એવા તને જ જોઈને મયૂરીઓ હર્ષિત થઈ જાય છે, તો પછી જળના ભાર વડે નમ્ર બનેલા

એવા મેઘોનું (તેમને) શું કામ છે ? (તેવી જ રીતે તને ઉત્તમ રાજ્યાદિક સામગ્રી મળેલી હોવા છતાં તું કેમ તપશ્ચર્યા કરે છે ? (તારે શાની ખોટ છે ?) ૧૯.

(નેમિનાથને મૂકીને) અન્ય વરને વર એમ સંબંધીઓ દ્વારા પ્રેરણા આપેલી હું કરકમળ વડે શીઘ્ર કાન ઢાંકી દઈ એમ કહું છું કે જેમ લોકો રત્ન વિષે અભિલાષા રાખે છે, તેમ તેઓ કિરણો વડે પણ વ્યાપ્ત એવા કાચના કકડા વિષે રાખતા નથી. ૨૦.

હે નાથ ! જ્યારે આપની જેમ કોઈ અન્ય (પુરૂષ) આ ભવમાં તેમજ ભવાન્તરમાં પણ મારું મન હરનાર નથી, તો પછી હે મનોહર (મૃગાક્ષી) ! આપ (રાજીમતી) ને મનોહર વર મળશે, વાસ્તે નેમિથી શું (અર્થાત્ તો પછી નેમિનાથનું શું કામ છે ?) વળી અસલ શોકથી પણ સર્યું, એમ સખીથી કેમ કહેવાય ? ૨૧.

હે નાથ ! (સમુદ્ર વિજય નૃપતિની પટરાણી) શિવારૂપી (કલ્યાણકારી) પૂર્વ જ દિશા સ્ફુરાયમાન કિરણોના સમુદાયવાળા એવા જે આપ (નેમિ) સૂર્યને આખી આલમના સુખને અર્થે જન્મ આપે છે, તે આપ પણ (કઠોર પ્રકૃતિવાળા હોવાને લીધે) અસહ્ય, ઉચ્છૃંખલ અને (હું વિરહી હોવાને લીધે મારા પ્રતિ) મરણદાયક છે (અર્થાત્ આપ તો દુઃખના હેતુ થઈ પડ્યા છે) એથી કરીને એનો દોષ નથી. ૨૨.

હે યોગીશ્વર ! વિષમ રૈવત (પર્વત) ના શિખર ઉપર રહેલો એવો તું તીવ્ર (તપસ્યાદિક) વ્રતો વડે ગુફામાં વસનારા (જનોના) ચિત્તને અતિશય આશ્ચર્ય ચકિત કરે છે, (પરન્તુ આ કષ્ટકારી માર્ગ સિવાય) દર્પણુ - ભુવનમાં કેવલ (જ્ઞાન) પ્રાપ્ત કરનારા એવા (ભરત) ચક્રવર્તીની જેમ શું મુક્તિ પદનો (કોઈ) અન્ય કલ્યાણકારી માર્ગ નથી વારુ ? ૨૩.

(હે નાથ !) જો સન્તો, જ્ઞાનના સ્વરુપને નિઃસહાયી તથા નિર્મલ તેમજ મુક્તિના સુખરૂપી કમલના વિકાસના કારણરૂપ કહે છે, તો પછી વ્રતથી તેમજ ક્રિયા વડે (પણ) સર્યું ? (વિહારાદિક) ગમનોથી શું ? (લોગાદિક) કષ્ટો (પણ) શા કામનાં ? તપશ્ચર્યાથી સાર્થકતા અને અન્ય (ધર્મભાસરૂપી) કાર્યોથી પણ બસ થયું (અર્થાત્ આ બધી ક્રિયાએ નકામી છે) ૨૪.

જેમણે ક્રીડાનાં કૃત્યો કર્યાં છે એવા દેવોની સાથે બાળક હોઈ કરીને તે જેમ ક્રીડા કરી તેમજ (ઈર્યાદિક પાંચ) સમિતિને વિષે (અથવા યુધ્ધ કે સભામાં) તે ગૃહસ્થ છે (અને તું તો યોગી છે) એથી કરીને હે ભગવન્! તું અત્ર પુરુષોત્તમ ગણી શકાય તેમ છે ખરો કે ? ૨૫.

હે નાથ ! પહેલાં તો તે પ્રકૃષ્ટ પરાક્રમ વડે પાંચ જન્ય (નામનો શંખ) પૂર્યો હતો, ત્યાર બાદ તેં પ્રકાશ (યુક્ત અખાડા) માં કૃષ્ણનો હસ્ત વાળ્યો હતો. વળી ત્યાર પછી જલાશયને વિષે એની પત્નીઓએ તને હસી કાઢ્યો હતો. ત્યાર બાદ લગ્નના સંબંધમાં તેં મૌંન ધારણ કર્યું હતું અને હમણાં તું આમ વિમુખ થયો છે તો તેથી લોકોના (અથવા મારા જેવા મનુષ્યના) સંસાર-સમુદ્રનું શોષણનો લાભ છે જે દ્વારા એવા (હે નાથ !) તને નમસ્કાર હોજો. ૨૬.

(હે નાથ !) જો તું શિવા (દેવી) નો નન્દન હોય, તો પછી મારા કલ્યાણાર્થે કેમ થતો નથી ? વળી જો તું અરિષ્ટનેમિ હોય, તો પછી મારા અશુભનું છેદન કેમ કરતો નથી ? અથવા નિરૂકતને લીધે તું અનુકૂળ હોવો જોઈએ તથાપિ તું તારા સ્વ(જનો) વડે પણ સ્વપ્નમાં પણ કદાપિ મારા પ્રતિ અનુકૂળ જોવાયો નથી. ૨૭.

જેનો (રૈવત) પર્વતના ઉપર નિવાસ છે એવા (હે નાથ !) જેમ રવિનું બિમ્બ (સર્વદા) વિકસ્વર પદ્મોની લક્ષ્મી સાથે રકતતાનું આચરણ કરે છે (અર્થાત પદ્મની જેમ પોતે પણ રક્ત બને છે, તેમ તું મારી સાથે રાગી થા) એમ (આ) પર્વતની પાસે વહેતું જળ તને નિર્મલ, નિશ્ચિત તેમજ અત્યન્ત એવો પોતાનો અભિપ્રાય પ્રત્યેક પ્રભાને કહે છે એ તું જાણતો નથી. (કેમકે એની તને ખબર હોય, તો તું આમ મારા પ્રતિ પણ વિરકત રહે ખરો કે ? ૨૮.

હે નાથ ! હે સમુદ્રવિજય (નામના) નૃપતિના નન્દન (અહિઆ (અર્થાત્ આ ગિરનાર ગિરિ ઉપર) તું ઈશ્વર (મહાદેવ) હો, કારણ કે કૃષ્ણના (ક્રીડા-) સ્થાન (રૂપી આ પર્વત) ઉપર ઉદયમાં આવેલ (અથવા આકાશની જેમ ઉદયમાં આવેલ (અર્થાત્ નિરર્થક) અથવા આકાશમાં (નહિ કે સકલ મનોહર વસ્તુથી મનમોહક એવી ભૂમિને વિષે) ગયેલ (અથવા) તેમજ (કોઈથી પણ) તે હરી શકાય, એવી ગતિ છે જેની એવો (અથવા પર્વત અતિ ગમન છે જેનું એવી (અથવા પર્વતના

સમાન) (હઠવાળી) ગતિ છે જેની એવી) તારી શોભાને, ઉચ્ચ ઉદયાચળના શિખરને વિષે (રહેલા) આકાશને વિષે ઉદયમાં આવેલી તેમજ અહાયે એવી કાન્તિથી જેમ કોણ નિવારી શકે ? ૨૯.

હે મહાપ્રભુ ! જેમ પ્રૌઢ એવા મેરૂ પર્વતનું પણ મુખ્ય, સુવર્ણમય, પ્રસિધ્ધ (ચન્દનાદિક) વૃક્ષો તેમજ (અન્ય) વસ્તુઓ વડે ઉત્તમ, વળી ઉચ્ચ દશાવાળું એવું તેમજ ઉન્નત એવું શિખર અન્ય જનોને નહિ ઉપકાર કરનારું (હોવાથી) તેમજ ધનની ઈચ્છા રાખનારને દુર્લભ (હોવાથી) નિરર્થક છે, તેમ મહાનુભાવ જેવા તારા પણ પ્રધાન, વળી દેવોના આગમનને લઈને શ્રેષ્ઠ (અથવા (જિન-પ્રણીત) આગમોનો હેતુ પ્રસિધ્ધ હોવાને લીધે ઉત્તમ) તથા વળી (ગુણ સ્થાનની અપેક્ષાએ) ઉચ્ચ અવસ્થાવાળા એવા સ્વરુપને (સાધારણ મતિવાળાને તે અગમ્ય હોવાને લીધે અથવા વિષમ સ્થાનમાં તારો વાસ હોવાથી તારાં દર્શન પણ દુર્લભ હોવાને લીધે) અન્ય (જનો) પ્રતિ ઉપકાર નહિ કરનારું) (હોવાને લીધે) તેમજ શ્રેષ્ઠની ઈચ્છા રાખનારને દુર્લભ હોવાને લીધે હું નિરર્થક માનું છું. ૩૦.

હે સુરો વડે પૂજિત (પ્રભુ) ! અત્ર (અર્થાત્ આ પર્વતને વિષે) ત્રિભુવનના પરમેશ્વરપણાને જાહેર કરનારો એવો તારો (૧) ઉચ્ચ પત્થરરૂપી આસન, (૨) સૂર્યરૂપી છત્ર અને (૩) પવન વડે ઊંચા જતા તેમજ વિસ્તીર્ણ એવા ઝરારૂપી ચામર એ ત્રણનો સમુદાય આવા જ હો. ૩૧.

(હે નેમિનાથ !) જેણે કોપ ધારણ કર્યો છે એવી (અર્થાત્ મારો અનાદર કરતા હોવાથી તમારા પ્રતિ ગુસ્સે થયેલી એવી) હું હોવા છતાં પણ મારાથી પ્રીતિપૂર્વક ઉચ્ચારાયેલાં આ વચનોને વિષે તમે અમૃતની કલ્પના કરો, કેમકે પણ્ડિતો મારા નેત્રે (મુખ) આહિમાં પ્રસિધ્ધ સાદૃશ્ય ગુણ હોવાને લીધે કમલની કાપના કરે છે. ૩૨.

હે નાથ ! મારો સ્વામી તેમજ હું આ (રાજીમતી) નાં મુખ અને નેત્રો વડે જીતાયા એથી કરીને (કોપાયમાન થયેલા) હરણ વડે કસ્તૂરી દ્વારા ઉષ્ણતાને પામેલી એવી ચન્દ્રની (શીતળ) પ્રકૃતિ (પ્રભુ) જેમ મારા પરિતાપાર્થે છે, તેવી પ્રકૃતિ પ્રકાશમાન એવા ગ્રહોના સમુદાયની પણ ક્યાંથી હોઈ શકે એમ હું માનું છું. ૩૩.

હે શ્રેષ્ઠ (સ્વામી !) (અથવા મારા જેવા તરફ પ્રતિકૂળ હોવાથી) હે શત્રુ ! તું અહિ આજે જો. ચન્દ્ર કુમુદિની પ્રતિ તેમજ ચકોર (પક્ષી) પ્રતિ (કેવી) ઉત્કૃષ્ટ પ્રીતિનો વિસ્તાર કરે છે. તેનું કારણ એ છે કે પ્રીતિ યુક્ત સ્વામી આ બે (કુમુદિની અને ચકોર) ના જેવા આશ્રિત (જનો) નો માર્ગ (કે તેમનું ગૃહ) નિર્ભય જોઈને તેનાથી વિસુખ થતો નથી (અર્થાત્ તે સેવકના માર્ગ અથવા ગૃહ તરફ સંગમાર્થે જાય છે. ૩૪.

સર્વજ્ઞતાનો પ્રભાવ -

હે પાપરહિત (પ્રાણ-નાથ) ! આમ્ર (વૃક્ષો)ના સમુદાયોથી યુક્ત વનોની શ્રેણિના સ્થાનમાં (અર્થાત્ ગિરનાર પર્વત ઉપર) જેને સંપૂર્ણ કેવલ (જ્ઞાન) રૂપી લક્ષ્મીની પ્રાપ્તિ (થઈ) છે એવા તારા ચરણ-યુગલ રૂપી પર્વતો વડે આશ્રિત તેમજ ભવ્ય (જીવોના આગમન) વડે પૂર્ણ એવા ત્રણ ગ્રહોનું અસહનીય (પ્રતાપવાળો) એવો મોહરાજ (પણ) આક્રમણ કરતો નથી એ આશ્ચર્ય છે. ૩૫.

રાજીમતીનું નેમિનાથ પાસે ગમન -

(મારા પ્રાણનાથ પાસે મોહરાજા પણ મીણ જેવો બની જાય છે) એમ (જાણીને) આતુર બનેલી એવી, વળી ગતિ વડે જેણે રાજહંસીને (પણ) પરાજિત કરી દે એવી, તથા વળી નિશ્ચલ મતિવાળી એવી તેમજ ઉત્તમ સાધ્વી એવી રાજીમતી (હે નાથ !) તારા નામના કીર્તનરૂપી જલ અમારા સમસ્ત દુઃખાગ્નિને નક્કી શાંત કરે છે. એમ ઈન્દ્રો વડે સ્તુતિ કરાયેલા એવા, પોતાના સ્વામી) મુનીશ્વર (નેમિનાથ) ની સમીપ ગઈ. ૩૬.

અહો ! જે મનુષ્યના હૃદયમાં તારા નામરૂપી નાગ-દમની છે, તેનાથી દુર્ધર (ક્રોધાદિક) કષાયરૂપી ફેણો વડે તીવ્ર નેત્રવાળો (અથવા હુદર્ધર કષાયો જેવાં કે કપટોને રુચી ઉન્મત્ત છે નેત્રો જેનાં એવો) તેમજ ઝડપથી જેના ઉદરને વિષે મનુષ્યો પ્રાપ્ત થયો છે એવો (અર્થાત્ વેગપૂર્વક મનુષ્યોનું ભક્ષણ કરી ગયેલો એવો) ઉન્મત્ત ભ્રમરોના સમુદ્રની જેમ કાળો કામદેવરૂપી સર્પ (વેગપૂર્વક) જીતી શકાય છે.

૩૭.

જેમ સૂર્યનાં કિરણોથી ભેદાયેલું અંધારું સત્વર નાશ પામે છે, તેમ તારા કીર્તનથી આ (મૃત્યુદાયક હોવાથી) કાલકૂટની ઉપમાવાળું નિર્મળ દર્શનના કૃત્યથી રહિત તથા વળી જેણે (એકાન્ત) સત્ અને (એકાન્ત) અસત્ એમ બે પક્ષથી તર્ક-જાળ પાથરી છે એવું મિથ્યાત્વીઓનું શાસન શીઘ્ર નાશ પામે છે. ૩૮.

(હે નાથ !) તારા ચરણ-કમળરૂપી વનનો આશ્રય લેનાર યથાર્થ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ પ્રકાશવાળા એવા તથા વળી જેને વિષે સાંસારિક પરિશ્રમ સંબંધી દુઃખના સંતાપનો નાશ થયો છે એવા તેમજ ઉપમા રહિત એવા રત્ન-ત્રયને પ્રાપ્ત કરે છે. ૩૯.

જેમાં પ્રસિધ્ધ એવા ઉત્તમ કરણ વડે (હેય-જ્ઞેયાદિક) પદાર્થો અતિશય બાંધ્યા છે એવા તથા વળી જેને વિષે શુભ જ્ઞાન છે. એવા તારા સ્મરણથી મુક્તિરૂપી મહિલાના સ્તનોના (મર્દનરૂપી) અદ્વિતીય સ્વાદની જેમને અભિલાષા છે એવાં પ્રાણીઓ સંસારના ત્રાસને ત્યજી દઈને (અર્થાત્ તેનાથી મુક્ત થઈને) અક્ષયપણાને પામે છે. ૪૦.

## રાજીમતીને કેવલજ્ઞાનની પ્રાપ્તિ અને તેનું મુક્તિગમન -

ત્યારબાદ (અર્થાત્ પોતાના પ્રાણનાથ નેમિનાથની સ્તુતિ કર્યા બાદ તે) જિનેશ્વરનાં વચન (રૂપી અમૃત) નું પાન કરીને અને દીક્ષા ગ્રહણ કરીને તે રાજીમતીએ કેવળ (જ્ઞાન) ને અને (ત્યાર પછી) અનન્ત સુખાત્મક મોક્ષને (પણ) પ્રાપ્ત કર્યાં, કારણકે સિધ્ધ (વૈદ્ય) ની ઉત્તમ (રસાયનરૂપી) વસ્તુનો આશ્રય લઈને (અર્થાત્ તે રસાયનનું સેવન કર્યા બાદ) રોગરહિત (બનેલા) એવા કયા માનવો મદનના સમાન રૂપવાળા થતા નથી. ૪૧.

હે નાથ ! હું વિકસ્વર કમલના સમાન પવિત્ર એવા તારા કયા - કયા ગુણોની સ્તુતિ કરું ? (કહેવાનો મતલબ એ છે કે તારા ગુણો અનન્ત હોવાથી, હું તે કહેવા અસમર્થ છું) જે માનવો અનાદિ (કાળથી) મહનરૂપી સુભટ વડે (સંસારરૂપી બંદીખાનામાં) બંધાયેલા છે, તેઓ જ્યારે તું ચક્રવર્તી રાજા થયો છે ત્યારે સત્વર પોતાની મેળે જેમની બંધનની ભીતિ વિશેષતઃ ગયેલી છે એવા બને છે (અર્થાત્ તેઓ સંસારભયથી સર્વથા મુક્તલની મુક્તિ-રમણીને વરે છે. ૪૨.

(બાલ-બ્રહ્મચારી હોવાને લીધે) સુંદર બ્રહ્મચર્યવાળા એવા હે (નેમિનાથ) ! હે (રાગ-દ્વેષના ઉપર વિજય મેળવેલા) તીર્થંકર ! હે યાદવ વંશને વિષે રત્ન (સમાન) ! હે રાજીમતીના નેત્રરૂપી ચક્રવાકને (આનંદ આપવામાં) સૂર્ય સમાન (જે બુધ્ધિમાન આ તારાં સ્તવનનું અધ્યયન કરે છે) તે એકદમ સમસ્ત લક્ષ્મી વડે સેવિત બને છે (અર્થાત્ તે અપૂર્વ લક્ષ્મીનો સ્વામી થાય છે. ૪૩.

(હે નાથ !) જેના મહિમાની પ્રભા સર્વત્ર (પ્રસરેલી) છે એવા જે પણ્ડિતરાજ કાન્તિની શ્રેણિ વડે પ્રકાશિત એવી તથા મનોહર તેમજ પરોવેલાં ભાવરૂપી રત્નોવાળી એવી આ તારી હારાવલીરૂપી સ્તુતિ કણ્ઠમાં ધારણ કરે છે, તે માનથી ઉન્નત (મનુષ્ય) ની સમીપ સ્વતંત્ર એવી લક્ષ્મી સર્વદા જાય છે (અર્થાત્ જે મનુષ્ય તારાં યશોગાન ગાય છે તે સર્વદા ધનિક જ રહે છે) ૪૪.

उपाध्यायश्रीधर्मवर्धनगणिविरचितम्

## ।। वीरभक्तामरम् ।।

(‘राज्यर्द्धिवृद्धि’इत्यपरनामकम्)

अथ वीरप्रभोः पूर्वभवोल्लेखस्तन्नामसार्थकता च-

राज्यर्द्धिवृद्धिभवनाद् भवने पितृभ्यां
श्री ‘वर्धमान’ इति नाम कृतं कृतिभ्याम् ।
वस्याद्य शासनमिदं वरिवर्ति भूमा-
वालम्बनं भवजले पततां जनानाम् ।। १ ।। - वेसन्ततिलका

श्री‘आर्षभिः’ प्रणमति स्म भवे तृतीये
गर्भस्थितं तु मधवाडस्तुत सप्तविंशे ।
यं ‘श्रेणिका’दिकनृपा अपि तुष्टुवुश्च
स्तोष्ये किलाहमपि तं प्रथमं जिनेन्द्रम् ।। २ ।। - युग्मम्

अथ तृतीयकाव्ये श्रीभगवतो महावीरस्वामिनो बलधिक्यमाह-

'वीर !' त्वया विदधताऽऽमलिकीं सुलीलां
बालाकृतिरछलकृदारुरुहे सुरो यः ।
तालायमानवपुषं त्वहते तमुच्च-
मन्यः क इच्छति जनः सहसा ग्रहीतुम् ॥ ३ ॥

अथ चतुर्थकाव्येन श्रीभगवतो विद्याधिक्यमाह-

शक्रेण पृष्टमखिलं त्वमुवक्थ यत् तद्
जैनेन्द्रसंज्ञकमिहाजनि शब्दशास्त्रम् ।
तस्यापि पारमुपयाति न कोऽपि बुद्धया
को वा तरीतुमलमम्बुनिधिं भुजाभ्याम् ? ॥ ४ ॥

उपदेशाधिक्यमाह-

धर्मस्य वृद्धिकरणाय जिन ! त्वदीया
प्रादुर्भवत्यमलसद्गुणदायिनी गौः ।
पेयूषपोषणपरा वरकामधेनु-
र्नाभ्येति किं निजशिशोः परिपालनार्थम् ॥ ५ ॥

कर्मक्षये भगवतो नाम्नो माहात्म्यमाह-

छिद्येत कर्मनिचयो भविनां यदाशु
त्वन्नामधाम किल कारणमीश ! तत्र ।
कण्ठे पिकस्य कफजालमुपैति नाशं
तच्चारुचूतकलिकानिकरैकहेतुः ॥ ६ ॥

भगवता मिथ्यात्वं हतं, तदन्यदेवेषु स्थितमित्याह-

'देवार्य'देव ! भवता कुमतं हतं तन्-
मिथ्यात्ववत्सु सततं शतशः सुरेषु ।

संतिष्ठतेऽतिमलिनं गिरिगह्वरेषु
सुर्यांशुभिन्नमिव शार्वरमन्धकारम् ॥ ७ ॥

भगवतो नाम्न आधिक्यमाह-

त्वन्नाम 'वीर' इति देव ! सुरे परस्मिन्
केनापि यद्यपि धृतं न तथापि शोभाम् ।
प्राप्नोत्यमुत्र मलिने किमृजीषपृष्ठे
मुक्ताफलद्युतिमुपैति ननूदबिन्दुः ? ॥ ८ ॥

भगवतो ज्ञानोत्पत्तिविशेषमाह-

ज्ञाने जिनेन्द्र ! तवे केवलनाम्नि जाते
लोकेषु कोमलमनांसि भृशं जहर्षुः ।
प्रद्योतने समुदिते हि भवन्ति किं नो
पद्माकरेषु जलजानि विकाशभजञ्जि ? ॥ ९ ॥

सेवके उपकारविशेषमाह-

वादाय देव ! समियाय य 'इन्द्रभूति-'
स्तस्मै प्रधानपदवीं प्रददे स्वकीयाम् ।
धन्यः स एव भुवि तस्य यशोऽपि लोके
भूत्याऽऽश्रितं य इह नाऽऽत्मसमं करोति ॥ १० ॥

भगवतो वचनमाधुर्यमाह-

गोक्षीरसत्सितसिताधिकमृ(मि)ष्टमिष्ट-
माकर्ण्य ते वच इहेप्सति नो परस्य ।
पीयूषकं शशिमयूखविभं विहाय
क्षारं जलं जलनिधे रसितुं क इच्छेत् ? ॥ ११ ॥

भगवतो रुपाधिक्यमाह-

अङ्गुष्ठमेकमणुभिर्भणिजैः सुरेन्द्रा
निर्माय चेत् तव पदस्य पुरो धरेयुः ।
पूष्णोऽग्र उल्मुकमिवेश ! स दृश्यते वै
यत् ते समानमपरं न हि रुपमस्ति ॥ १२ ॥

भगवद्दर्शने मिथ्यात्वं नोद्घटतीत्याह-

उज्जाघटीति तमसि प्रचुरप्रचारं
मिथ्यात्विनां मतमहो न तु दर्शने ते ।
काकारिचक्षुरिव वा न हि चित्रमत्र
यद् वासरे भवति पाण्डुपलाशकल्पम् ॥ १३ ॥

कषायभङ्गे भगवतो बलवत्वमाह-

वन्या द्विपा इव सदैव कषायवर्गी
भञ्जन्ति नूतनतरुनिव सर्वजन्तून् ।
सिंहातिरेकतरसं हि विना भवन्तं
कस्तान् निवारयति सञ्चरतो यथेष्टम् ? ॥ १४ ॥

उपसर्गसहने भगवतो दृढतां दर्शयन्नाह-

द्विट्'सङ्गमे'न महतामुपसर्गकाणां
या विंशतिस्तु ससृजे जिन ! नक्तमेकम् ।
चित्तं चचाल न तया तव झञ्झया तु
किं मन्दराद्रिशिखरं चलितं कदाचित् ? ॥ १५ ॥

भगवानपूर्वदीपोऽस्तीत्याह्-

निःस्नेह ! निर्दश ! निरञ्जन ! निःस्वभाव !
निष्कृष्णवर्त्म ! निरमत्र ! निरङ्कुशेश ! ।

नित्यद्युते ! गतसमीरसमीरणात्र
डीपोऽपरस्त्वमसि नाथ ! जगत्प्रकाशः ॥ १६ ॥

अथ सूर्यादप्यतिशयवान् भगवानित्याह्-

विस्तारको निजगवां तमसः प्रहर्ता
मार्गस्य दर्शकं इहासि च सूर्य एव ।
स्थाने दुर्दिनहतेः करणाद् विजाने
सूर्यातिशायिमहिमाऽसि मुनीन्द्र ! लोके ॥ १७ ॥

अथ चन्द्रादपि त्वद्यशोऽधिकमित्याह-

प्रह्लादकृत् कुवलयस्य कलानिधानं
पूर्णश्रियं च विदधच्च यशस्त्वदीयम् ।
वर्वर्ति लोकबहुकोकसुखंकरत्वाद्
विद्योतयज्जगदपूर्वशशाङ्कबिम्बम् ॥ १८ ॥

भगवता (यत्) सांवत्सरिकं दानं दत्तं तदाह-

यद् देहिनां जिनवराब्दिकभूरिदानै-
र्दौःस्थ्यं हतं हि भवता किमु तत्र चित्रम् ? ।
दुर्भिक्षकष्टदलनात् क्रियते सदौप-
कार्यं कियज्जलधरैर्जलभारनम्रैः ? ॥ १९ ॥

भगवच्चरणदर्शने फलाधिक्यमाह-

यादृक सुखं भवति ते चरणेऽत्र दृष्टे
तादृक परर्भुवदनेऽपि न देहभाजाम् ।
प्राप्ते यथा सुरमणौ भवति प्रमोदो
नैवं तु काचशकले किरणाकुलेऽपि ॥ २० ॥

भक्तो भगवत्सेवां प्रार्थयन्नाह-

एवं प्रसीद जिन ! येन सदा भवेऽत्र
त्वच्छासनं लगति मे सुमनोहरं च ।
त्वत्सेवको भवति यः स जनो मदीयं
कश्चिन्मनो हरति नाथ ! भवान्तरेऽपि ॥ २१ ॥

जिनस्य भामण्डलम्-

भामण्डलं जिन ! चतुर्मुख ! दिक्‌चतुष्के
तुल्यं चकासदवलोक्य सभा व्यमृक्षत् ।
सूर्यं समा अपि दिशो जनयन्ति किं वा
प्राच्येव दिग् जनयति स्फुरदंशुजालम् ? ॥ २२ ॥

लोकैर्यः शिवः शिव इति ध्यायते स भगवानेवेत्याह-

शम्भुर्गिरीश इह दिग्वसनः स्वयम्भू-
र्मृत्युञ्जयस्त्वमसि नाथ ! महादिदेवः ।
तेनाम्बिका निजकलत्रमकारि तत् त्वन्-
नान्यः शिवः शिवपदस्य मुनीन्द्र ! पन्थाः ॥ २३ ॥

सर्वशास्त्राध्ययनादपि सम्यक्त्वमधिकमिति दर्शयन्नाह-

जानन्ति यद्यपि चतुर्दश चारु विधा
देशोनपूर्वदशकं च पठन्ति सार्थम् ।
सम्यक्त्वमीश ! न धृतं तव नैव तेषां
ज्ञानस्वरुपममलं प्रवदन्ति सन्तः ॥ २४ ॥

पुरुषोत्तमोऽयं वीर एवेत्याह-

नृणां गणा गुणचणाः पतयोऽपि तेषां
ये ये सुराः सुरवराः सुखदास्तकेऽपि ।

कृत्वाऽञ्जलिं जिन ! चरिकति ते स्तुति तद्
व्यक्तं त्वमेव भगवन् ! पुरुषोत्तमोऽसि ॥ २५ ॥

संसारसागरशोषकाय प्रणामः-

रोगा झषा बहुमहामकराः कषाया-
श्चिन्तैव यत्र वडवाग्निरसातमम्भः ।
वार्धिर्भवः सर इव त्वयका कृतस्तत्
तुभ्यं नमो जिन ! भवोदधिशोषणाय ॥ २६ ॥

भवद्दर्शनालाभे विडम्बना-

यद् यस्य तस्य च जनस्य हि पारवश्य-
मानश्यकं जिन ! मया वरिवस्ययाऽऽक्षम् ।
तत् तर्कयामि बहुमोहतया मया त्वं
स्वप्नान्तरेऽपि न कदाचिदपीक्षितोऽसि ॥ २७ ॥

स्तनन्धयस्य भगवतो स्वमस्वरुपमाह-

रम्येन्द्रनीलरुचिवेषभृतो जनन्याः
पार्श्वं श्रितस्य धयतश्च पयोधरं ते ।
रुपं रराज नवकाञ्चनरुक् तमोघ्नं
बिम्बं रवेरिव पयोधरपार्श्ववर्ति ॥ २८ ॥

प्रभोर्जन्म्-

'इक्ष्वाकु'नामनि कुले विमले विशाले
सद्रत्नराजिनि विराजत उद्भवस्ते ।
दोषापहारकरणः प्रकटप्रकाश-
स्तुङ्गोदयाद्रिशिरसीव सहस्त्ररश्मेः ॥ २९ ॥

नाथस्य जन्माभिषेकः

स्नानोदकै र्जिन(र्जनि)महे सुरराजिमुक्तै-
गत्रि पतद्भिरपि नूनमनेजमानम् ।
दृष्ट्वा भवन्तममराः प्रशशंसुरीश-
मुच्चैस्तटं सुरगिरेरिव शातकौम्भम् ।। ३० ।।

वप्रत्रयविचारः-

ये त्रिपदक्षिणतया प्रभजन्ति 'वीरं'
ते स्युर्नरा अहभिवाद्भुतकान्तिभाजः ।
वप्रत्रयं वददिति प्रविभाति तेऽत्र
प्रख्यापयत् त्रिजगतः परमेश्वरत्वम् ।। ३१ ।।

भगवत्संस्मरणे सुरसान्निध्यमाह-

कान्तारवर्त्मनि नराः पतिताः कदाचिद्
दैवात् क्षुधा च तृषया परिपीडिताङ्गाः ।
ये त्वां स्मरन्ति च गृहाणि सरांसि भूरि-
पद्मानि तत्र बिबुधाः परिकल्पयन्ति ।। ३२ ।।

भगवश्चितस्थिरतामाह्-

संनिश्चला जिन ! यथा तव चित्तवृत्तिः
कस्यापि नैवमपरस्य तपस्विनोऽपि ।
यादृक् सदा जिनपते ! स्थिरता ध्रुवस्य
तादृक् कुतो ग्रहगणस्य विकाशिनोऽपि ? ।। ३३ ।।

अथ भगवदर्शने जन्मवैरिणामपि विरोधो न भवतीत्याह-

ओत्वाखवोऽहिगरुडाः पुनरेणसिंहा
अन्येऽङ्गिनोऽपि च मिथो जनिवैरबन्धाः ।

तिष्ठन्ति ते समवसृत्यविरोधिनं त्वा
दृष्टवा भयं भवति नो भवदाश्रितानाम् ॥ ३४ ॥

भगवच्चरणशरणगतं न कोऽपि पराभवतीत्याह-

यस्ते प्रणश्य चमरोंऽह्रितले प्रविष्ट-
स्तं हन्तुमीश ! न शशाक भिदुश्च शक्रः ।
तद् युक्तमेव बिबुधाः प्रवदन्ति कोऽपि
नाकामति कमयुगाचलसंश्रितं ते ॥ ३५ ॥

भगवन्नामतोऽति(पि)भयं न भवतीत्याह्-

पूर्वं त्वया सदुपकारपरेण तेजो-
लेश्या हता जिन ! विधाय सुशीतलेश्याम् ।
अद्यापि युक्तमिदमीश ! तथा भयाग्निं
त्वन्नामकीर्तनजलं शमयत्यशेषम् ॥ ३६ ॥

भगवद्विहारे ईतयो न भवन्तीत्याह-

तुर्यारके विचरसि स्म हि यत्र देशे
तत्र त्वदागमत ईतिकुलं ननाश ।
अद्यापि तद्भयमहर्मणिधामरुपात्
त्वत्कीर्तनात् तम इवाशु भिदामुपैति ॥ ३७ ॥

भगवत्पादसेवाफलम्-

निर्विग्रहाः सुगतयः शुभमानसाशाः
सच्छुक्लपक्षविभवाश्चरणेषु रक्ता ।
रम्याणि मौक्तिकफलानि च साधुहंसा-
स्त्वत्पादपङ्कजवनाश्रयिणो लभन्ते ॥ ३९ ॥

भगवद्वचनश्रद्धानात् कामितप्राप्तिर्भवतीत्याह-

संसारकाननपरिभ्रमणश्रमेण
क्लान्ताः कदापि दधते वचनं कृतं ते ।
ते नाम कामितपदे जिन ! देहभाज-
स्त्रासं विहाय भवतः स्मरणाद् व्रजन्ति ॥ ४० ॥

भगवद्रूपं दृष्ट्वा सुरुपा अपि स्वरुपमदं मुञ्चन्तीत्याह-

सर्वेन्द्रियैः पटुतरं चतुरस्त्रशोभं
त्वां सत्प्रशस्यमिह दृश्यतरं प्रदश्य ।
तेऽपि त्वजन्ति निजरुपमदं विभो ! ये
मर्त्या भवन्ति मकरध्वजतुल्यरुपाः ॥ ४१ ॥

निर्बन्धनं जिनं ध्यायन्तो निर्बन्धना भवन्तीत्याह-

छित्त्वा दृढानि जिन ! कर्मनिबन्धनानि
सिद्धस्त्वमापिथ च सिद्धपदं प्रसिद्धम् ।
एवं तवानुकरणं दधते तकेऽपि
सद्यः स्वयं विगतबन्धमया भवन्ति ॥ ४२ ॥

भगवत्स्तोत्राध्ययनात् सर्वोपद्रवनाशो भवतीत्याह-

न व्याधिराधिरतुलोऽपि न मारिरारं
नो विड्वरोऽशुभतरो न दरो ज्वरोऽपि ।
व्यालोऽनलोऽपि न हि तस्य करोति कष्टं
यस्तावकं स्तवमिमं मतिमानधीते ॥ ४३ ॥

भगवत्स्तवो मौक्तिकहारः कण्ठे धार्य इत्याह-

त्वत्स्तोत्रमौक्तिकलतां सुगुणां सुवर्णा
त्वन्नामधामसहितां रहितां च दोषैः ।

कण्ठे य ईश ! कुरुते धृत'धर्मवृद्धि'-
स्तं 'मानतुङ्गम'वशा समुपैति लक्ष्मीः ।। ४४ ।।

अथ प्रशस्तिः-

रसगुणमुनिभूमेडब्दे (१७३६)डत्र भक्तामारथैः
चरमचरपादैः पूरयन् सत्समस्याः ।
सुगुरु'विजयहर्षा'वाचकास्तद्विनेय-
श्चरमजिननुतिं ज्ञो 'धर्मसिंहो' व्यधत्त ।। १ ।। - मालिनी

## વીર ભક્તામરની સમીક્ષા

વીર-ભક્તામર કાવ્યનો 'રાજ્યદિર્ધવૃધ્ધિ' પદથી પ્રારંભ થયો હોવાથી તેના કર્તા ઉપાધ્યાય શ્રીધર્મવિર્ધનમણિ એને 'રાજ્યદિર્ધવૃધ્ધિ' એ નામથી ઓળખાવે છે. આમ કરવામાં તેમણે ભક્તામર સ્તોત્ર, કલ્યાણમંદિર સ્તોત્ર, સંસાર-દાવાનલની સ્તુતિ ઈત્યાદિ નામો રાખવામાં જે હેતુ સમાયેલો છે એનુ અત્ર અનુકરણ કર્યું હોય એમ લાગે છે. ચોવીસમાં તીર્થંકર વીર પ્રભુનું ચરિત્ર એ આ ભક્તામરની પાદ-પૂર્તિરૂપ કાવ્યનો વિષય હોવાથી તેને 'વીર-ભક્તામર' ના નામથી પણ ઓળખાવી શકાય છે.

વિષય -

આ કાવ્ય વીર પ્રભુના જીવનના મુખ્ય પ્રસંગો ઉપર પ્રકાશ પાડે છે, કેમકે એમાં વીર પ્રભુના પૂર્વ ભવો, તેમની બાલ-ક્રીડા, તેમનું નિશાળ-ગરણું, તેમણે દીક્ષા લીધી તે પૂર્વે દીધેલું સાંવત્સરિક દાન, તેમણે મણ્ડકૌશિકને કરેલો પ્રતિબોધ, તેજોલેશ્યાથી પરિતપ્ત બનેલા ગોશાળક ઉપર તેમણે શીતલેશ્યા મૂકીને કરેલો ઉપકાર, સંગમે કરેલા ઉપસર્ગોને ધૈર્યપૂર્વક સહન કરવાની તેમની મનોવૃત્તિ અને શક્તિ, તેમના શરણપૂર્વક ચમરેન્દ્રનો ઉત્પાત, તેમણે પ્રાપ્ત કરેલું કેવલજ્ઞાન, તેમનો ઉપદેશ મહિમા, તેમની વાણીની મધુરતા, તેમણે ઈન્દ્રભૂતિ ઉપર કરેલો અનુપમ ઉપકાર, તેમનું અસાધારણ રૂપ, તેમની ભામણ્ડલાદિક વિભૂતિઓ ઈત્યાદિ બાબતોનો અત્ર ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત કેટલેક સ્થળે તો સમસ્ત જિનેશ્વરોને લાગુ

પડે એવી તેમની સ્તુતિ પણ કરવામાં આવી છે.

### છંદ અને અલંકાર -

આ સમસ્ત કાવ્ય શ્રીમાનતુંગસૂરિએ રચેલા ભક્તામર સ્તોત્રની પાદપૂર્તિરૂપ હોવાથી તે 'વસંતતિલકા' વૃત્તમાં રચવામાં આવ્યું છે. તેમજ તેના પાદ-પૂર્તિરૂપ અલંકાર મુખ્ય છે, જોકે અર્થાન્તરન્યાસ, વ્યતિરેક ઈત્યાદિ અલંકારો પણ તેમાં દષ્ટિગોચર થાય છે. વળી બારમા અને તેરમા શ્લોકમાં અનેક અવ્યયોનું અસ્તિત્ત્વ, સોળમા શ્લોકમાં 'નિર્' અવ્યયનો અનેક વાર કરવામાં આવેલ પ્રયોગ તેમજ એ શ્લોકનો ભાવ, વળી ઉપમાન અને ઉપમેય બન્નેને લાગુ પડતાં પદોથી અલંકૃત ૧૭મા, ૧૮મા, ૨૮મા, ૩૯મા તથા ૪૪મા શ્લોકો અને તેમાં ખાસ કરીને ૩૯મો શ્લોક એ કાવ્યમાંના અલંકારની વિશેષતા સૂચવે છે.
(શ્રી ભક્તામર સ્તોત્રની પાદપૂર્તિરૂપ કાવ્ય-સંગ્રહ (પ્રથમ વિભાગ ગ્રંથમાંથી)

ઉપાધ્યાય શ્રી ધર્મવર્ધન ગણિકૃત વીર-ભક્તામર તથા શ્રીભાવપ્રભસૂરિકૃત

### નિમે-ભક્તામર -

આ કાવ્યનો વિષય તીર્થંકરના ગુણો ગાવાનો છે. વીર ભક્તામરમાં તો જૈનોના ચોવીસમા અને આ અવસર્પિણીની અપેક્ષાએ અંતિમ તીર્થંકરનું લગભગ સંપૂર્ણ જીવન આલેખવામાં આવ્યું છે.

## શ્લોકાર્થ

વર્ધમાન (મહાવીર) સ્વામીના પૂર્વ ભવો તેમજ તેમના નામની સાર્થકતા-

(પોતાના) મહેલમાં રાજ્ય-સંપત્તિની વૃધ્ધિ થવાને લીધે, સારાં કૃત્યો કરનારાં (અથવા પુણ્યશાળી અર્થવા તેજસ્વી) એવાં માતા-પિતાએ જેનું વર્ધમાન એવું નામ પાડ્યું, તેમજ સંસાર-સમુદ્રમાં પડતા (અથવા ડૂબતા) મનુષ્યોના આધારભૂત એવું જેનું આ શાસન અત્યારે (આં પંચમ કૌલમાં પણ) પૃથ્વી ઉપર સર્વોત્કૃષ્ટપણે વર્તે છે, તથા વળી પહેલવહેલાં તો જેને શ્રી ઋષભ(દેવ)ના પુત્ર (ભરત, ચૈક્રવર્તા) ત્રીજા ભવમાં પ્રણામ કરતા હતા અને (ત્યાર પછી) ગર્ભાવાસમાં રહેલા એવા જેને સત્તાવીસમાં (અંતિમ) ભવમાં (સૌધર્મ દેવલોકના શક્ર) ઈન્દ્ર સ્તવતા હતા, તેમજ જેની શ્રેણિક પ્રમુખ પૃથ્વીપતિઓએ પણ સ્તુતિ કરી, તે (પોતાના પિતાશ્રીની રાજ્ય-

સંપત્તિની વૃધ્ધિના કારણભૂત હોવાને લીધે તેમજ અત્યોર પણ તેનું જ શાસન ચાલતું હોવાને લીધે) વિસ્તીર્ણ છે લક્ષ્મી (અથવા શોભા) જેની એવા (વર્ધમાન, વીર, મહાવીર, દેવાર્થ ઈત્યાદિ નામોથી પ્રસિધ્ધ) જિનેશ્વરની હું (ધર્મવર્ધનમણિ) પણ ખચિત સ્તુતિ કરીશ. ૧-૨

## મહાવીર સ્વામીનું અલૌકિક પરાક્રમ -

હે વીર (જિનેશ્વર) ! બાળકના સમાન આકારવાળા અને (એથી સાબિત થતા) કપંટ કરનારા એવા જે દેવના ઉપર આમલકીની સુક્રીડા કરતો થકો તું આરૂઢ થયો, તે તાડના (વૃક્ષ) સમાન દેહવાળા અને (અત એવ) ઉચ્ચ એવા દેવને એકદમ વશ કરવાને તારા સિવાય કયો અપર મનુષ્ય ઈચ્છા કરે. ૩.

## વીર પ્રભુનું અપૂર્વ વિદ્યા-બલ -

સૌધર્મેન્દ્રે પૂછેલા (પ્રશ્નના ઉત્તર તરીકે) જે સર્વ, તે કહ્યું, તે આ લોકોને વિષે જૈનેન્દ્ર નામના વ્યાકરણ તરીકે (પ્રસિધ્ધ) થયું. આ વ્યાકરણ (ગહન હોવાને લીધે) બુધ્ધિ વડે કોઈ પણ તેનો માર પામતો નથી અથવા હાથ વડે સાગરને તરી જવામાં કોઈ સમર્થ છે ખરો કે ? ૪.

## પ્રભુનો ઉપદેશ-મહિમા -

હે વીતરાગ (પરમાત્મા) નિર્મલ તેમજ ઉચિત ગુણોને અર્પણ કરનારી એવી તારી વાણીનો ધર્મની વૃધ્ધિ કરવાને માટે પ્રાદુર્ભાવ થાય છે (તે યોગ્ય જ છે, કેમકે) શું નવીન દૂધની પુષ્ટિ (કરવા)માં તત્પર એવી ઉત્તમ કામધેનુ પોતાના બાળકનું રક્ષણ કરવાને અર્થે સમ્મુખ જતી નથી કે ? ૫.

## કર્મ-ક્ષયનું કારણ નાથનું નામ -

હે પરમેશ્વર ! જેથી સંસારી (જીવો) નાં કેર્મનો સમુદાય સત્વર છેદાઈ જાય છે, તેમાં તારું નામરૂપી તેજ નક્કી કારણ છે, (જેમકે) કોકિલાના કણ્ઠને વિષે (બાઝેલી) કફની જાલ-નાશ પામે છે, તેમાં મનોહર આમ્ર-મંજરીનો સમુદાય અદ્વિતીય કારણ છે. ૬.

ભગવાને મારી હઠાવેલ મિથ્યાત્વને મળેલો આશ્રય -

હે દેવાર્ય દેવ ! જે અતિશય મલિન એવા દુષ્ટ મતનો આપે નાશ કર્યો, તે, જેમ રવિનાં કિરણો વડે ભેદાયેલો (કૃષ્ણ પક્ષની) રાત્રિ-સંબંધી (સમસ્ત) અંધકાર પર્વતોની ગુફાઓને વિષે હંમેશા રહે છે, તેમ તે કુમત (પણ) સેંકડો મિથ્યાત્વી (ઉન્માર્ગી) દેવોને વિષે નિરંતર રહે છે. ૭.

પ્રભુના નામની વિશેષતા -

હે પરમેશ્વર ! જોકે કોઈકે તારું વીર એવું નામ અન્ય દેવને વિષે સ્થાપન કર્યું, તો પણ તે ત્યાં શોભા પામતું નથી, (કેમકે) આ લોકને વિષે ઋજીષ પાવની મલિન પીઠ ઉપર (રહેલું) જલનું બિન્દુ શું મુક્તાફળની કાન્તિને ખરેખર પામે કે ? ૮.

પ્રભુના કેવલ જ્ઞાનનો મહિમા -

હે જિનેશ્વર ! જ્યારે તને કેવળ એ નામનું જ્ઞાન (કેવલજ્ઞાન) ઉત્પન્ન થયું, ત્યારે (સ્વર્ગ, મર્ત્ય અને પાતાળ એ ત્રણે) લોકને વિષે (ભવ્ય પ્રાણીઓનાં) કોમળ, ચિત્તો, અત્યન્ત આનંદ પામ્યાં, કેમકે જ્યારે સૂર્યનો ઉદય થાય છે, ત્યારે શું (કમલના સમૂહવાળાં) સરોવરોને વિષે કમલો વિકરવર થતાં નથી કે ? ૯.

પ્રભુનો સેવક પ્રતિ અનુપમ ઉપકાર -

હે દેવાધિદેવ ! જે ઈન્દ્રભૂતિ (આપની સાથે) વાદ કરવાને આવ્યા, તેને આપે સ્વકીય ઉત્તમ પદ (ગણધર-પદ) અર્પણ કર્યું. આ કૃત્ય યોગ્ય જ છે, કેમકે જે મનુષ્ય પોતાનો આશ્રય લીધેલા (સેવક)ને આ જગતમાં ઋધ્ધિ વડે પોતાના સમાન કરે છે, તે જ ખરેખર પૃથ્વી ઉપર પ્રશંસનીય છે અને જગતમાં તેની જ કીર્તિ (ધન્યવાદને પાત્ર) છે. ૧૦.

પ્રભુની વાણીની મધુરતા -

(હે જગન્નાથ !) ગાયના દૂધથી તેમજ ઉત્તમ અને ઉજ્જવળ એવી શર્કરાથી પણ વધારે નિર્મલ (અથવા મધુર) તથા પ્રિય એવું તારું વચન શ્રવણ કર્યા બાદ અન્યના વચનનું શ્રવણ કરવા (કોઈ પણ મનુષ્ય) અત્ર ઈચ્છતો નથી. (કેમકે)

ચન્દ્રનાં કિરણોના જેવા (નિર્મલ) અમૃતને (અથવા અમૃત સમાન જલને) મૂકીને (લવણ) સમુદ્રનાં ખારાં જલનો સ્વાદ લેવાને કોણ ઈચ્છે ? ૧૧.

### વીર પ્રભુનું અનુપમરૂપ -

હે પરમેશ્વર ! (ચન્દ્ર કાન્તાદિક) રત્નોમાંથી ઉત્પન્ન થયેલા પરમાણુઓ વડે (કદાચ) એક અંગૂઠો (નવીન) બનાવીને જો દેવેન્દ્રો તારા ચરણના અંગૂઠાની આગળ ધરે, તો તે નક્કી સૂર્યની સામે અંગારા જેવો દેખાય છે, જેથી કરીને (ખાતરી થાય છે કે) નક્કી તારા સમાન અન્ય રૂપ આ જગતમાં નથી. ૧૨.

### જિન દર્શનથી મિથ્યાત્વનો નાશ -

હે જિનેશ્વર ! અહો ! અત્યન્ત પ્રચાર છે જેનો એવું મિથ્યાત્વીઓનું દર્શન અજ્ઞાનને વિષે અતિશય પ્રકટ થાય છે, પરન્તુ તારા દર્શનને વિષે તેમ થતું નથી. (એ આશ્ચર્ય છે) અથવા ખરેખર એમાં કંઈ આશ્ચર્ય નથી, કેમકે (એ સ્વાભાવિક છે કે ) ઘુવડ (પક્ષી) ની આંખ દિવસના (ધોળાં અને) પીળા એવા ખાખરાના પાંદડા જેવી (અર્થાત્ નિસ્તેજ) થાય છે, (જ્યારે) રાતે અંધારામાં તો તે લીલા લહેર ઉઠાવે છે. ૧૩.

### કષાયનો નાશ કરવામાં પ્રભુનું અપૂર્વ બળ -

(હે પરમાત્મા !) જેમ જંગલી હાથીઓ નવીન વૃક્ષોને ભાંગી નાખે છે, તેમ કષાયના વર્ગો સમસ્ત પ્રાણીઓનો નાશ કરે છે. (આ પ્રમાણે) મરજી મુજબ વર્તનારા તે (કષાયરૂપી કુંજરોને) ખરેખર સિંહ કરતાં પણ અધિક પરાક્રમ છે, જેનું એવા આપ સિવાય (અન્ય) કોણ અટકાવે ? ૧૪.

### ઉપસર્ગો સહન કરવામાં પ્રભુની દૃઢતા -

હે વીતરાગ ! (અભવ્ય હોવાને લીધે સજ્જનોના નિત્ય) દ્વેષી એવા સંગમે જે મોટા વીસ ઉપસર્ગો એક રાત્રિમાં કર્યા, તેથી કરીને તારું ચિત્ત ચળ્યું નહિ (તે યુક્ત જ છે, કેમકે) તું (મુસળધાર) વૃષ્ટિયુક્ત એવા પ્રચણ્ડ પવનથી પણ મેરૂ ગિરિનું શિખર કદાપિ ચલાયમાન થાય છે કે ? ૧૫.

## પ્રભુની અપૂર્વ દીપકતા -

હે પ્રભુ ! હે રાગ (અને દ્વેષ) થી રહિત (ચોવીસમા જિનેશ્વર) ! અવિદ્યમાન છે દશા જેને વિષે એવા હે (નન્દિવર્ધનના બાંધવ) ! હે (કર્મરૂપી) લેપથી રહિત (મહાવીર) ! હે નિષ્કાંચન (વર્ધમાન) ! હે મલિન માર્ગથી બહાર નીકળી ગયેલા એવા (સિધ્ધાર્થ-સુત) ! હે પાત્ર-રહિત (અર્થાત્ હસ્તરૂપી) પાત્ર વડે ભોજન કરનારા મહેશ્વર ! (હે પરતન્ત્રતારૂપી) અંકુશથી મુક્ત (યશોદા-પતિ) ! હે (ત્રૈલોક્યના) સ્વામી ! સ્થાયી છે (કેવલ જ્ઞાનરૂપી) પ્રકાશ જેનો એવા હે (ગૌતમાદિક ગણધરોના ગુરુ) જતું રહ્યું છે (ક્રોધાદિરૂપ) પવન વડે કમ્પન જેનું એવા હે ! (યોગીશ્વર !) તું આ દુનિયામાં (સમસ્ત) જગતને વિષે પ્રકાશ (પડે) છે જેનો એવો અપૂર્વ દીપક છે. ૧૬.

## સૂર્ય કરતાં પણ પ્રભુનો અધિક મહિમા -

(હે જગદીશ) પોતાની વાણીરૂપી કિરણોનો વિસ્તાર કરનારો, અજ્ઞાનરૂપી અંધકારનો વિનાશ કરનારો, સન્માર્ગનો પદર્થક એવો તું જ આ જગતને વિષે સૂર્ય છે. તે (વાત) યોગ્ય છે, (પરન્તુ) તું (તો) દુર્દિનનો નાશ કરનારો હોવાને લીધે, હું એમ તર્ક ઊઠાવું છું કે હે મુનીશ્વર ! તું લોકને વિષે સૂર્ય કરતાં પણ અધિક મહિમાવાળો છે. ૧૭.

## પ્રભુના યશચન્દ્રની અપૂર્વતા -

(હે જિનેશ્વર) ! જગતના ઉપર વિશેષ પ્રકાશ પાડનારો, ભૂમંડળ (વાસી પ્રાણીઓ)ને આનંદ આપનારો, કળાનો ભંડાર એવો તેમજ સંપૂર્ણ શોભાને ધારણ કરનારો એવો તારો યશ (રૂપી ચન્દ્ર) ચન્દ્ર-વિકાસી કમળને આનંદ ઉપજાવનારા, કલાના નિધિરૂપ એવા તેમજ સંપૂર્ણ લક્ષ્મીને ધારણ કરનારા એવા (લૌકિક) ચન્દ્ર કરતાં અનેક જનરૂપી ચક્રવાકને શુભકારી હોવાને લીધે અત્યન્ત વર્તે છે. ૧૮.

## પ્રભુએ દીધેલું સાંવત્સરિક દાન -

હે જિનેશ્વર ! જે આપે (એક, વર્ષ પર્વે સુવર્ણનાં દાનો દઈને પ્રાણીઓની દરિદ્રતાનો નાશ કર્યો, તેમાં શુ આશ્ચર્ય છે ? (કેમકે) જલ ભાર વડે નમ્ર બનેલા એવા મેઘો દ્વારા દુકાળના દુઃખનું દલન થવાને લીધે કેટલો (બધો તારો ઉપકાર

કરાય છે) ૧૯.

**પ્રભુનાં ચરણ-દર્શનનો પ્રભાવ -**

(હે આ અવસર્પિણી કાલમાં થઈ ગયેલા અંતિમ જિનેશ્વર !) જ્યારે અત્ર તારા ચરણનાં દર્શન થાય છે, ત્યારે પ્રાણીઓને જેટલું સુખ થાય છે, તેટલું અન્ય દેવના વંદનના પણ દર્શનથી થતું નથી. (પરન્તુ આ હકીકત યથાર્થ છે, કેમકે) સુર-મણિ મળવાથી જે આનંદ થાય છે તે કિરણો વડે વ્યાપ્ત (અર્થાત્ ચકચકિત) એવો કાચનો કકડો મળવાથી થતો નથી. ૨૦.

**પ્રભુ સેવાની પ્રાર્થના -**

હે તીર્થંકર ! તું એવો પ્રસન્ન થા કે જેથી કરીને આ ભવને વિષે મને તારું શાસન સર્વદા અત્યન્ત ચિત્તાકર્ષક લાગે અને વળી હે સ્વામિન્ ! જે કોઈ તારો સેવક હોય, તે મનુષ્ય અન્ય ભવને વિષે પણ મારું ચિત્ત હરે (અર્થાત્ ભવાન્તરમાં પણ તારો સેવક મને પ્રિય લાગે એમ હું ઈચ્છુ છું). ૨૧.

**જિનેશ્વરનું ભામણ્ડલ -**

હે તીર્થંકર ! હે ચાર વહનવાળા (સ્વામિન્) ! (સમવસરણમાં આપના) ભામંડળને ચારે દિશામાં સરખી રીતે પ્રકાશતું જોઈને (ત્યાં બેઠેલી બાર) પર્ષદા વિનેર્કે કરતી હતી કે શું સર્વે દિશાઓ, સ્ફુરાયમાન છે કિરણોનો સમૂહ જેનો એવા સૂર્યને ઉત્પન્ન કરે છે ? ફક્ત પૂર્વ જ દિશા તેમ કરે છે ? ૨૨.

**જિનેશ્વર જ ખરેખર શંભુ છે -**

હે નાથ ! આ જગતમાં તું (સુખનું કારણ હોવાથી) શંભુ છે, તું (વાણીનો સ્વામી હોવાથી) ગિરીશ છે, (વસ્ત્ર રહિત હોવાને લીધે) તું દિગમ્બર છે, (સ્વયં બુધ્ધ હોવાને લીધે) તું સ્વયંભૂ છે (મૃત્યુનો પરાજય કરેલો હોવાથી) તું મૃત્યુંજય છે, અને તું (મહાપ્રમાણવાળી દ્વાદશાંગીની શરૂઆત કરનાર હોવાથી) મહાદેવ છે (બાકી આ નામધારી મહાદેવ તો) અંબિકાને સ્ત્રી તરીકે સ્વીકારે છે ('અંબિકા'નો અર્થ માતા પણ થાય છે એ વ્યંગ્યાર્થ છે, વાસ્તે હે યોગીશ્વર ! તારા સિવાય અન્ય કોઈ શિવ નથી તેમજ મોક્ષ-પદનો માર્ગ નથી. ૨૩.

હે નાથ ! જો કે (જે મનુષ્યો) ચૌદ વિદ્યાઓ સારી જાણે છે તેમજ કંઈક અપૂર્ણ એવાં દશ પૂર્વોનું અર્થ સહિત પઠન (પણ) કરે છે, છતાં પણ જો તેમણે તારું સમ્યકત્વ (યથાર્થ દર્શન) ધારણ કર્યું નથી, તો તેના જ્ઞાન-સ્વરૂપને સજ્જનો નિર્મલ કહેતા નથી જ. ૨૪.

## મહાવીર જ પુરુષોત્તમ છે -

હે વીતરાગ ! ગુણોએ કરીને વિખ્યાત એવા માનવોના સમુદાયો તેમજ તેના સ્વામીઓ (ચક્રવર્તી પ્રમુખ નૃપતિઓ) તેમજ સુખ અર્પણ કરનારા જે દેવો તથા જે દેવેન્દ્રો છે તેઓ પણ બે હાથ જોડીને તારી અતિશય સ્તુતિ કરે છે, તેથી એ સ્પષ્ટ (સિધ્ધ થાય) છે કે હે ભગવન્ ! તું જ પુરુષોને વિષે ઉત્તમ છે (તું જ નારાયણ છે, બાકીના બીજા તો નામધારી જાણવા) ૨૫.

હે જિનેશ્વર ! જ્યાં રોગ રૂપી મત્સ્યો છે, (ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર) કષાયોરૂપી ઘણા મોટા મગરો છે, ચિંતા જ એ વડવાનલ છે અને દુ:ખને જલરૂપ છે, તે સંસારરૂપી સમુદ્રને તે (જ) સરોવર જેવો કરી દીધો છે, તેથી કરીને સંસારરૂપી સાગરનું શોષણ કરનારા એવા તને (મારા) પ્રણામ (હોજો). ૨૬.

## પરતંત્રતાનું કારણ -

હે વીતરાગ ! મારે જેવા તેવા મનુષ્યની (પણ) અવશ્ય (ભોગવવાની એવી) પરતંત્રતા સેવારૂપે પ્રાપ્ત થઈ છે (અર્થાત્ મારે ગમે તેવા માનવની ગુલામગીરી પણ કરવી પડે છે) તેથી હું એમ તર્ક કરું છું કે પ્રચુર અજ્ઞાનપણાને લીધે મારાથી તું સ્વપ્નમાં પણ કદાપિ જોવાયો નથી (અર્થાત્ હું પરતંત્રતારૂપી વિડંબનાથી વ્યાકુળ રહું છું એ જ બતાવી આપે છે કે સ્વપ્નમાં પણ હું તારાં દર્શન કરવાને ભાગ્યશાળી થયો નથી) ૨૭.

## સ્તન-પાન કરતી વેળાએ પ્રભુનું રૂપ -

(હે નાથ !) મનોહર ઈન્દ્રતીથ (નામના રત્ન) ના જેવી કાંતિવાળા એવા (અર્થાત્ શ્યામ) વેશને ધારણ કરનારી માતાની સમીપતાનો આશ્રય કરેલા એવા તેમજ તેના સ્તનનું પાન કરનારા એવા તારું (નૂતન સુવર્ણના) જેવી પ્રભાવાળું તેમજ અજ્ઞાનનો નાશ કરનારું ! રૂપ નવીન કાંચનના જેવી કાંતિવાળું તેમજ અંધકારનો અંત આણનારું એવું મેઘની પાસે રહેલા રવિના બિંબની જેમ શોભતું હતું. ૨૮.

પ્રભુનો જન્મ -

(હે તીર્થરાજ !) 'ઈક્ષ્વાકુ' નામના નિર્મળ તેમજ વિસ્તીર્ણ તથા ઉત્તમ (પુરુષરૂપ) રત્નો વડે શોભતા એવા વંશને વિષે દોષોનો નાશ કરનારો તારો જન્મ ઉદયાચળના ઉચ્ચ શિખરને વિષે રાત્રિનો અંત આણનારા એવા સૂર્યના પ્રસિધ્ધ પ્રકાશની માફક વિશેષતઃ શોભે છે. ૨૯.

પ્રભુનો જન્માભિષેક -

જન્મ-મહોત્સવને વિષે દેવ-પંડિતએ મુકેલાં અને શરીરના ઉપર પણ પડતાં એવાં સ્નાન-જલો વડે પણ આપ પ્રભુને નિશ્ચળ જોઈને દેવો મેરૂ પર્વતના સુવર્ણમય અને ઊંચા (તથા નિશ્ચળ) એવા તટની જેમ આપની ખચિત પ્રશંસા કરતા હતા. ૩૦.

સમવસરણના ગઢો -

જે મનુષ્યો ત્રણ પ્રદક્ષિણાએ કરીને વીર (પ્રભુ)ની સેવા કરે છે, તેઓ મારી માફક આશ્ચર્યજનક પ્રભાવાળા થાય (છે) એમ કહેતાં અને વળી (હે જિનેશ્વર ! તારો) ત્રૈલૌક્યના પરમેશ્વરપણાને વિશેષ પ્રકારે જણાવનારા એવા તારા (સમવસરણના) ત્રણ ગઢો આ જગતમાં અત્યન્ત શોભે છે. ૩૧.

ભગવત્-સ્મરણનો મહિમા -

કદાચિત્ દૈવ-યોગે કરીને અરણ્યના માર્ગમાં (ભૂલા) પડેલા એવા તેમજ ક્ષુધા અને તૃષાથી અતિશય પીડા પામેલું છે શરીર જેમનું એવા જે મનુષ્યો (આવા સંકટ સમયમાં) તારું સ્મરણ કરે છે, (તેમને માટે) દેવો તે સ્થળમાં બહુ છે લક્ષ્મી જેને વિષે એવાં ગૃહો તેમજ ઘણાં છે પદ્મો જેને વિષે એવાં સરોવરો રચે છે. ૩૨.

પ્રભુની મનોવૃત્તિની નિશ્ચલતા -

હે વીતરાગ ! જેવી રીતે તારી મનોવૃત્તિ અત્યન્ત નિશ્ચળ છે, તેવી રીતે અન્ય કોઈ તપસ્વીની પણ નથી, હે જિનેશ્વર ! જેવી જાતની ધ્રુવ (ના તારા) ની સ્થિરતા છે, તેવી સ્થિરતા પ્રકાશમાન એવા ગ્રહોના સમુદાયની પણ ક્યાંથી હોઈ શકે ? ૩૩.

### પ્રભુ દર્શનનું માહાત્મ્ય -

(હે નાથ !) તારા સમવસરણમાં તને વિરોધ વર્જિત (અર્થાત્ સૌમ્ય દૃષ્ટિવાળો) જોઈને બિલાડીઓ ઉંદરોની વચ્ચે, સર્પ ગરૂડોની વચ્ચે અને હરણો સિંહની વચ્ચે તેમજ જન્મથી વેરભાવ વહન કરનારાં એવાં અન્ય પ્રાણીઓ પણ અરસપરસ (સાથે) રહે છે. (એ ઉપરથી જોઈ શકાય છે કે) આપનો આશ્રય લીધેલા (જીવો) ને ભય હોતો નથી. ૩૪.

### પ્રભુ ચરણ-સેવાનો પ્રતાપ -

હે નાથ ! જે ચમરે નાસીને તારા ચરણ-તલમાં પ્રવેશ કર્યા, તેને હણવાને (સૌ ધર્મ દેવલોકનો સ્વામી) શક્ર તેમજ વજ્ર (પણ) સમર્થ થયા નથી, તેથી કરીને કોઈપણ તારા ચરણ-યુગલરૂપી પર્વતોનો રૂડી રીતે આશ્રય કરેલા (પ્રાણી)નું આક્રમણ કરતો (અર્થાત્ પરાભવ કરી શકતો) નથી એમ વ્યાજબી જ (વાત) દેવો (અથવા પંડિત) કહે છે. ૩૫.

### પ્રભુના નામનો મહિમા -

હે જિન ! સજ્જનો પ્રતિ (અથવા સારો) ઉપકાર કરવામાં તત્પર એવા તેં પૂર્વે (અર્થાત્ છદ્મસ્થ અવસ્થામાં) સુંદર શીત-લેશ્યા મૂકીને (વૈશિકાયના તાપશો ગોશાળકના ઉપર મૂકેલી) તેજોલેશ્યાનો નાશ કર્યો, તેવી રીતે હે નાથ ! આ ન્યાય છે કે આજે પણ તારા નામનું કીર્તન-રૂપી જળ સમસ્ત ભયરૂપી અગ્નિને શાંત કરે છે. ૩૬.

### નાથના નામનું ગૌરવ -

(હે વીતરાગ !) જે કારણને લીધે (સર્પના) દરના મુખ સમીપ ઊભા રહેલા એવા તારા વચનનું શ્રવણ કરીને ચણ્ડકૌશિક સર્પ શાંતિ પામ્યો, તે કારણને લીધે હાલમાં પણ જે મનુષ્યના હૃદયમાં તારા નામરૂપી નાગદમની છે, તેનો આ દુનિયામાં નાગ સ્પર્શ (પણ) કરતો નથી. ૩૭.

### પ્રભુના વિહારનો પ્રતાપ -

(હે જિનેશ્વર !) ચોથા આરામાં જે દેશમાં તું વિચરતો હતો, ત્યાં તારા આગમનથી (અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ઉંદર, તીડ, પોપટ, સ્વચક્ર, અને પરચક્ર એ સાત) ઈતિનો સમૂહ નાશ પામતો હતો (વળી) જેમ સૂર્યના પ્રશસ્ત તેજ વડે અંધકાર નાશ પામે છે, તેમ હજુ પણ તારા સંકીર્તનથી તે (ઈતિ-સમુદાય) નો ભય નષ્ટ થાય છે. ૩૮.

### પ્રભુની ચરણ-સેવાનું ફળ -

તારાં ચરણ-કમળનાં વનનો આશ્રય લેનારા, વિગ્રહથી વિમુખ, સારી ગતિને પ્રાપ્ત થયેલા, સુંદર માનસને વિષે અભિલાષા છે જેમને એવા, સારા શુકલ પક્ષરૂપ વિભવવાળા અને વળી ચરણને વિષે રક્ત એવા સાધુરૂપી હંસો મૌકિતક ફળો પામે છે. ૩૯.

### ભગવત્સ્મરણથી ઈષ્ટ સ્થાનની પ્રાપ્તિ -

હે વીતરાગ ! (જે જીવો) કોઈક વાર (પણ) તારા વચનને ક્રિયાઅહિત ધારણ કરે છે (અર્થાત્ તદનુસાર વર્તન કરે છે, તે સંસારરૂપી વનમાંના પરિભ્રમણના શ્રમથી ખિન્ન થયેલા (જીવો, તારા સ્મરણથી ત્રાસ-રહિત થઈને ઈચ્છિત સ્થાનમાં (નિર્વાણ-નગરમાં) ખરેખર જાય છે. ૪૦.

### પ્રભુનું અલૌકિકરૂપ -

હે નાથ ! જે પ્રાણીઓ કામદેવના સમાન રૂપવાળા હોય છે, તેઓ પણ સમસ્ત ઈન્દ્રિયો વડે મનોહર, (સમ-) ચતુરસ્ત્ર (સંસ્થાન) વડે શોભતા, સજ્જનોને પ્રશંસા કરવા લાયક તેમજ વળી આ લોકને વિશે અતિશય દર્શનીય એવા તને જોઈને પોતાના રૂપનો અભિભાવ ત્યજી દે છે, (અર્થાત્ તારું રૂપ અનુપમ છે) ૪૧.

હે જિન ! કર્મનાં મજબૂત બંધનોને છેદીને તું સિધ્ધ થયો અને વળી પ્રસિધ્ધ એવા મુક્તિ-પદને (પણ) પામ્યો. આવી રીતે જેઓ તારું અનુકરણ કરે છે, તેઓ પણ પોતાની મેળે સત્વર બંધનના ભયથી રહિત બને છે. ૪૨.

ભગવાન સ્તોત્રના પઠનથી સર્વ ઉપદ્રવ્યોનો નાશ -

(હે નાથ !) જે બુધ્ધિશાળી (મનુષ્ય) આ તારા સ્તોત્રને ભણે છે, તેને અસાધારણ વ્યાધિ, આધિ, મરણ, શત્રુનો સમુદાય, રાજ્ય શત્રુનો ઉપદ્રવ, અત્યન્ત અશુભ ભય કે જ્વર (દુષ્ટ કુંજર અથવા) સર્પ કે અગ્નિ એમાંથી કોઈપણ દુઃખ દેવાને (સમર્થ) નથી. ૪૩.

પ્રભુના સ્તોત્રરૂપી હારનું કંઠમાં ધારણ -

(હે ઈશ્વર !) ધારણ કરી છે ધર્મની વૃધ્ધિને જેણે એવો જે (ધર્મવર્ધનગણિ) સુંદર ગુણથી યુક્ત, સુશોભિત વર્ણવાળા, તારા નામરૂપી તેજથી યુક્ત અને દોષોથી રહિત એવા તારા સ્તોત્રરૂપી મૌક્તિક-હારને કંઠમાં (ધારણ) કરે છે, તે અભિમાનથી પ્રૌઢ (માનતુંગ)ની સમીપ પરતંત્ર (અથવા સ્વતંત્ર) લક્ષ્મી જાય છે. ૪૪.

रसगुणमुनिभूमेडल्दे (१७३६) भक्तामरस्यैः
चरमचरमपादैः पूरयन् सन्समस्याः ।
सगुरु 'विजयहर्षा' वाचकास्तादिनैय-
श्चरमजिमनुर्तिं ज्ञो 'धर्मसिंहो' ल्यधत्त ॥ - मोलिनी
॥ इत्युपाध्याय श्री धर्मवर्धनगणिकृतं श्रीभक्तामर स्तोत्र
समस्यारुप - श्री वीरजिनस्तवनं तद्वत्तिर्थ ॥

**પરમ કલ્યાણકારી પ્રભાવક શ્રી ભક્તામર સ્તોત્ર**

જૈન શાસનની મહાન વિભૂતિ પ્રચંડ પ્રભાવકારી આચાર્ય શ્રી માનતુંગસુરીશ્વર મહારાજે આજથી ૧૩૦૦ વર્ષ પહેલાં ભોજરાજાના શાસન દરમિયાન મયૂર પંડિત અને કવિ બાણના ચમત્કારો સામે પડકાર ઝીલીને જૈન ધર્મનો પ્રભાવ દર્શાવતા ભક્તામર સ્તોત્રની રચના કરી હતી.

ભક્તામર સ્તોત્રની આરાધના દ્વારા મનોકામના સિદ્ધ કરવા માટે શાસ્ત્રમાં દર્શાવેલ વિધિ તથા દરેક શ્લોકો અને મંત્રોનું શુદ્ધિપૂર્વક સ્મરણ કરવું જરૂરી છે.

श्रीलक्ष्मीविमलमुनिवर्यविरचित्तम्

## ॥शान्ति-भक्तामरम् ॥

श्री'शान्ति'मङ्घ्रिसमवायहितं सुरेन्द्रा
लोकान्तिका इति गिराडभिदधुर्यमाशु ।
तीर्थं विधेहि परिहाय नृराज्यभोगा-
वालम्बनं भवजले पततां जनानाम् ॥ १ ॥ - वसन्ततिलका

'शका'र्च्यपादकमलं विमलप्रतापं
व्यापादिताखिलखलारिनृपेन्द्रवर्गम् ।
क्षीणाष्टकर्मवञ्चकभूतां त्रयाणां
स्तोष्ये किलाहमपि तं प्रथमं जिनेन्द्रम् ॥ २ ॥ - युग्मम्

श्रुत्वेति वार्षिकमदाः प्रतिपादनं त्वं
भव्याय पापवनवह्न्यभूतायमानम् ।
सारं स्वभावसुखदं जिन ! तत्र दान-
मन्यः कि इच्छति जनः सहसा ग्रहीतुम् ? ॥ ३ ॥

आत्तं व्रतं युगरस (६४) प्रमितं सहस्त्रं
स्त्रीणां त्वया निहितमुक्तिहृदा विहाय ।
त्वामन्तरेण वनितोदभृतं किलान्यः
को वा तरीतुमलमम्बुनिधिं भुजाभ्याम् ? ॥ ४ ॥

आदाय नाथ ! चरणं त्रिजगत्पिता त्वं
मोहाधिमत्तनुमतोडपि चिकित्ससि स्भ ।
चित्रं न तत्र गदिनोडपि हि नैव वैद्यं
नाभ्येति किं निजशिशोः परिपालनार्थम् ? ॥ ५ ॥

सर्वव्रतं क्षितिभृतो जगृहुस्तवानु
तत्कारणं करणनागहरे ! त्वमेव ।

आह्लादयत्यपि वनं सुरभिर्जनान् यत्
तच्चारुचूतकलिकानिकरैकहेतुः ॥ ६ ॥

अज्ञानमाशु कठिनं दलितं त्वया तद्
ध्यानज्ज्वलज्ज्वलनज्योत्स्त्रमयेन विश्वम् ।
ज्ञानेन सोज्ज्वलगुणेन हि पञ्चमेन
सूर्यांशुभिन्नमिव शार्वरमन्धकारम् ॥ ७ ॥

मान्यानि तानि विबुधैः कमलानि कान्त्यं
गच्छन्ति त्वत्पदभितानि च यानि योग्यम् ।
उच्चं विषक्तसुरनाथशिरः परं न
पद्माकरेषु जलजानि विकाशभाञ्जि ॥ ८ ॥

मर्त्योऽन्तिके व्रजति तेऽमृततां मुनीन्द्र-
स्योत्पन्नसारगुणकेवलदर्शनस्य ।
मुक्तयङ्गनारभणवारिधरस्य शुक्तौ
मुक्ताफलद्युतिमुपैति ननूदबिन्दुः ॥ ९ ॥

त्वत्पादपद्ममभिपूज्य भजन्ति पादयं
पद्मानि किं तदुचितं न वितीर्णवित्त ! ।
ब्रह्मस्वरुपमय ! तस्य हि सेव्या किं
भूत्याऽऽश्रितं य इह नात्मसमं करोति ? ॥ १० ॥

पीत्वा वचस्तव नृभिर्न पिपास्यतेऽन्यद्
ध्वस्तासमानरसभाप्तनयं गताध ! ।
मिथ्यादृगुक्तभूमुसिन्धुपयः पिबानां
क्षारं जलं जलनिधेरशितुं क इच्छेत् ? ॥ ११ ॥

चन्द्रः कलङ्कभृदहर्पतिरेव ताप-
युक्तः किलार्द्धतनुतन्विरुपमापतिश्च ।
विश्वेश्वशेषगुणभाक् शमभावपूर्णे
यत् ते समानमपरं नहि रुपमस्ति ॥ १२ ॥

ख्यातं क्षितौ तव मतं यदबुद्धिना तद्
ज्ञातं न दोष इह तेऽपि न पश्यतीदम् ।
धूको खेर्धुतिमदेव हि मण्डलं च
यद् वासरे भवति पाण्डुपलाशकल्पम् ॥ १३ ॥

शान्त्यन्यदेवमव(वि?)बोधयुतं गुरुं च
धर्मं श्रयन्तत्यचमतोन्नतशांसना ये ।
पुंसो विधौतपरवाद ! विना भवन्तं
कस्तान् निवारयति सञ्चरतो यथेष्ठम् ? ॥ १४ ॥

अभ्रारवेण न जितं भवतः स्वरं तत्
किं भूतवह्नि(३५)मितिगुर्गुणभारपूर्ण् ।
प्रास्तोपतापविषदाहमनेन वाग्भिः
किं मन्दराद्रिशिखरं चलितं कदाचित् ? ॥ १५ ॥

एकत्र जन्मनि पदें च गते त्वया द्वे
या चक्रवर्तिपदवी खलु सा च मुक्ता ।
'इक्ष्वाकु'भूपतिषु तीर्थकरोऽत एव
दीपोऽपरस्त्वमसि नाथ ! जगत्प्रकाशः ॥ १६ ॥

क्षित्याः पदैर्हततमः ! स्मरणेन शश्वत्
सद्भूत्पयोजमवबोधमुपैत्यरं ते ।
गोपाशनाशकरदर्शन एष चात्र
सूर्यातिशायिमहिमाऽसि मुनीन्द्र ! लोके ॥ १७ ॥

आस्यार्णवाद् रदनदीधतिपूतवर्त्मा-
सङ्ख्येयसारगुणरत्नचयाद् वचस्ते ।
उच्छिन्ननाशममृताच्छिशिरं स्वभावै-
र्विद्योतयज्जगदपूर्वशशाङ्कबिम्बम् । ॥ १८ ॥

वाङ्नीरदैः प्रशमिताः सदशेषजीवाः
प्रक्षालितार्तिमलराशिभिरेव सन्ति ।
नाथ ! प्रफुल्लवृषकल्पनगैस्तु ते तत्
कार्यं कियज्जलधरैर्जलभारनम्रैः ॥ ॥ १९ ॥

प्रीतिर्यथा त्वदुदिते समये मुनीनां
कस्मिंस्तथा न गतराग ! विरोधवाचि ।
ज्योत्सनाप्रियस्य विधुरोचिषि मुद् यथाऽस्ति
नैवं तु काचशकले किरणाकुलेऽपि ॥ २० ॥

आरोपितं समयपर्वतसानुदर्यां
हृद्यैस्तवोच्चलितचित्तजचित्रकायाम् ।
सम्भाव्य तद्विषयतस्करकान् न तेषां
कश्चिन्मनो हरति नाथ ! भवान्तरेऽपि ॥ २१ ॥

चैतन्यमाप्त ! विदुषां निजकं व्यनक्ति
त्वद्वाग् वृषाञ्चितपदी चिरकालनष्टम् ।
मीनाकरस्य निशि नन्दधिया सुधांशुं
प्राच्येव दिग् जनयति स्फुरदंशुजालम् ॥ २२ ॥

सिद्धान्तवर्त्मनि पलायितदुर्मनीष-
दस्यौ तवागुरमृतं ननु यान्ति भूत्वा ।
एष्यन्ति ये स्वगुणभारभृता हि नाथ !
नान्यः शिवः शिवपदस्य मुनीन्द्र ! पन्थाः ॥ २३ ॥

आराध्य शासनमपास्तकुशासनं ते-
ऽन्ये ज्ञानिनः स्युरपि विस्मय एष नार्हन् ! ।
अन्येभ्य एकमिदमेव पृथग्विधं यं (यद् ?)
ज्ञानस्वरुपममलं प्रवदन्ति सन्तः ॥ २४ ॥

त्वां सेवते दिननिशं निजकेवलश्रीः
प्रक्षीणमोहदनुजं ससुदर्शनं सा ।

अध्यासितोपशमसागरमध्यमस्माद्
व्यक्तं त्वमेव भगवन् ! पुरुषोत्तमोऽसि ॥ २५ ॥

देवाः परे स्वमपि तारयितुं न हीशा
आत्मश्रितान् कथमिमे प्रभवेयुरत्र ? ।
नत्यादि तेषु च वृथाऽऽश्रितवैभवाय
तुभ्यं नमो जिन ! भवोदधिशोषणायय ॥ २६ ॥

ये त्वां विमुच्य परकीयविभून भजन्त्य-
विज्ञाततत्त्वमधुरैर्वरतत्त्वकीर्णः ।
नाम्ना प्रशान्तभविपापजसाध्वसस्तै :
स्वप्रान्तरेऽपि न कदाचिदपीक्षितोऽसि ॥ २७ ॥

दुर्भव्यविग्रहिवपुर्ज्वलतीह नाथा-
भ्यासे कथं तव चितामृतसारशीते ? ।
ज्ञातो मयाऽस्य सहजो न भवेत् किमुष्णं
बिम्बं रवेरिव पयोधरपार्श्ववर्ति ? ॥ २८ ॥

त्वत्तोऽन्यवादिनिचयो हि दवीयसोऽपि
भीत्वा प्रणश्यति निरीह ! विदर्पसिंहात् ।
अश्वेतितावनितलाग्रतमोभरः किं
तुङ्गोदयाद्रिशिरसीव सहस्त्ररश्मे : ॥ २९ ॥

अंह्रिद्वयं सुखरा अवमन्य नाकं
संसारकृच्छ्रभिदुरं निवसन्ति नित्यम् ।
नानांह्रिपीठसुमनोरचिताग्रभाग-
मुच्चैस्तटं सुरगिरेरिव शातकौम्भम् ॥ ३० ॥

आहवाऽपचेतनमहो ! प्रसवीयवृन्दं
त्वां स्मेरता लभत एव कथं विहस्य ? ।
पत्रैः परश्रियमतो दिवि भो ! त्वदीयं
प्रख्यापयत् त्रिजगतः परमेश्वरत्वम् ॥ ३१ ॥

सम्भाव्य भद्र ! भवदीयगुणाञ् श्रितास्त्वा-
मर्च्या भवेयुरपि नैतदसत्यमत्र ।
यत् ते कमौ श्रयति पीठमतिप्रणिम्नं
पद्मानि तत्र बिबुधाः परिकल्पयन्ति ॥ ३२ ॥

सालोकलोकमणिहारसुनायकस्य
यादक् प्रताप इह दीव्यति ते सखेडलम् ।
ध्मातान्यशास्त्रमद ! सोष्णकरस्य ताप-
स्तादृक कुतो ग्रहगणस्य विकाशिनोऽपि ? ॥ ३३ ॥

साटोपकोपशितिरोपनिरोधकारं
मोहप्रवेशपिहितारिसन्निभं ते ।
दिव्यं कुतश्चन यथार्थतया स्वरुपं
दृष्ट्वा भयं भवति नो भवदाश्रितानाम् ॥ ३४ ॥

कन्दर्पसर्पपतिदाहसुपर्णरुप !
नष्टज्वलत्स्मयहुताशन ! लोलुपाऽपि ।
तुण्निम्रगा स्वयमतीर्थमिषाम्बुपङ्क्ता
नाकामति कमयुगाचलसंश्रितं ते ॥ ३५ ॥

दिश्येत मुक्तिरिति वा नहि सेवयाऽस्य
मिथ्या विमर्शनमदोऽस्ति मदोज्झितस्य ।
संसारदुःखनिचितं यदिं पापवह्निं
त्वन्नामकीर्तनजलं शमयत्यशेषम् ॥ ३६ ॥

फूत्कारनिर्गतगरप्रसरद्दवाग्नि-
धूम्रीकृतत्रिजगतीजनसद्गुणौधः ।
दंदश्यते जिन ! न तं स्मयदन्दशूक-
स्त्वन्नामनागदमनी हृदि यस्य पुंसः ॥ ३७ ॥

निर्दस्युमित्रर्तर ! यद्यसि वीतराग-
स्त्वद्रागिणां कथमनन्तभवोद्भवात्कम् ।

आदित्यतः किमु न तु त्वदवाङ्मुखानां
त्वत्कीर्तनात् तम इवाशु भिदामुपैति ? ॥ ३८ ॥

सन्तप्रदीप्रतनीयमनोज्ञमूर्त्ते !
उद्गच्छदूर्मिचलभावविनाशरुपम् ।
सद्ध्यानगन्धमिह कोविदचञ्चरीका-
स्त्वत्पादपङ्कजवनाश्रयिणो लभन्ते ॥ ३९ ॥

माहात्म्यमद्भुततरं जिन ! तावकीनं
कैश्चित् कुशाग्रअतिशालिमिरप्यगम्यम् ।
निःसङ्गतां त्वयि सरागदृशोडपि मर्त्या-
स्त्रासं विहाय भवतः स्मरणाद् व्रजन्ति ॥ ४० ॥

यैरापि ते विशदधर्मतटाकतीर-
मुत्फुल्लबोधकमलं शुचि हंसतुल्यैः ।
तेडसारभोगपरिखां न तु भोक्तुमीशा
मर्त्या भवन्ति मकरध्वजतुल्यरुपाः ॥ ४१ ॥

स्वर्नर्मशर्मपरिभोगविपाकरुपो
धर्मोडस्ति योडमितसुखाकर आपदस्तः ।
तं प्राप्य कर्मनृपबद्धनिजस्वरुपाः
सद्यः स्वयं विगतबन्धभया भवन्ति ॥ ४२ ॥

स्वर्गस्ये भोग इह हस्त इवास्ति तस्य
भूयिष्ठपुण्यकणकीलितजीवितस्य ।
कैवल्यनिर्वृतिवदान्यसमं प्रशस्तं
यस्तावकं स्तवमिमं मतिमानधीते ॥ ४३ ॥

उद्यन्ति चित्तसरसि स्तवतोयजानि
'शान्ते'जिनस्य करुणाच्छजलौधभाजि ।
नुर्यस्य सच्छतदलप्रमुखासनस्था
तं मानतुङ्गमवशा समुपैति लक्ष्मीः ॥ ४४ ॥

श्रीकीर्तिनिर्मिलगुरोश्चरणप्रसादाद्
भक्त ामरस्तवनपादतुरीयमाप्त्वा ।
पादत्रयेण रचितं स्तवनं नवीनं
लक्ष्मीसितेन मुनिना विमलस्य शान्तेः ।। ४५ ।।

श्रीलक्ष्मीविमलमुनिवर्यविरचित्तम्

## ।।शान्ति-भक्त ामरम् ।।

## શ્રી શાન્તિભક્તામરનું સિંહાવલોકન

શ્રી લક્ષ્મી વિમલ મુનિરાજે રચેલું શાન્તિ ભક્તામર ભક્તામર સ્તોત્રના ચતુર્થ ચરણની સમસ્યારૂપ હોવાથી તે વીર ભક્તામર, નેમિ ભક્તામર અને સરસ્વતી ભક્તામરને યાદપૂર્તિ અલંકારની તેમજ છંદની દૃષ્ટિએ મળતું આવે એ સ્વાભાવિક છે, પરન્તુ અત્ર વિશેષતા એ છે કે આ કાવ્ય પૂર્વોક્ત કાવ્યોની માફક સ્વોપણ ટીકાથી વિભૂષિત નથી. આ કાવ્યમાં તેના કર્તાએ અવતરણરૂપે કોઈ શ્લોક રચ્યો નથી, એથી કરીને આ અંશમાં તે નેમિ ભક્તામરને મળતું આવે છે, પરંતુ આમાં વીર ભક્તામરની જેમ અંતમાં પ્રશસ્તિરૂપે પૃથક્ શ્લોક રચાયેલો હોવાથી તે નેમિભક્તામર તેમજ સરસ્વતી ભક્તામરની મર્દશે જૂદું પડે છે. આ કાવ્યમાં શ્રી શાન્તિનાથની સ્તુતિ કરવામાં આવી છે, એટલે વિષયની પ્રધાનતાની દૃષ્ટિએ તે વીર ભક્તામર, સરસ્વતી ભક્તામર કાવ્યોથી ભિન્ન છે, પરન્તુ શ્રી શાન્તિનાથ પણ લોકપ્રિય તીર્થંકરો પૈકી એક છે એ દૃષ્ટિએ વિચાર કરતાં તો તેની પૂર્વોક્ત કાવ્યની સાથેની સમાનતા નિહાળી શકાય છે.

આ સ્તોત્રમાં શ્રી શાન્તિનાથના જીવન ઉપર પ્રકાશ પાડનારા પ્રસંગો દૃષ્ટિગોચર થતાં નથી. આ કાવ્ય દ્વારા તો એમના સંબંધમાં એટલું જાણી શકાય છે કે તેઓ ઈસ્વાકું કુળના હતા તેમજ તેમને ૬૪૦૦ પત્નીઓ હતી વળી તેઓ એક જ ભવમાં ચક્રવર્તી તેમજ તીર્થંકર એ બે પદો પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થયા હતા. તેમણે દીક્ષા લીધી તે પૂર્વે તેમણે સવિત્સરિક દાન દીધું હતું એ હકીકત તેમજ કેવલજ્ઞાન

પ્રાપ્ત થયા પછી તેમણે ગંભીર સ્વરપૂર્વક, તેમજ પાંત્રીસ વાણીના ગુણોએ કરીને યુક્ત એવી સાતે નયોને અવલંબીને દેશના આપી ભવ્ય જીવોના અજ્ઞાનનો નાશ કર્યો હતો. તેમજ અનેક જીવો પર ઉપકાર કરવાને માટે તેમણે અન્યાન્ય સ્થળે કરેલા વિહાર, દેશના સમયે દેવકૃત વિભૂતિઓનો સદ્‌ભાવ અને આયુષ્ય પૂર્ણ થતાં તેમનું મુક્તિગમન એ વાત પણ આ કાવ્યમાં નજરે પડે છે પરન્તુ એ તો પ્રત્યેક તીર્થંકરના જીવન સાથે સંબંધ ધરાવનારી હકીકત છે.

### લોકાન્તિક દેવોની શાન્તિનાથને વિજ્ઞપ્તિ -

મનુષ્યના તેમજ રાજ્ય (પદવી)ના ભોગોને ત્યજી દઈને (ભવ્ય) પ્રાણીઓના સમુદાયને કલ્યાણકારી એવા તેમજ સંસાર-સમુદ્રમાં પડતા જનોને આધારભૂત એવા તીર્થને તું શીઘ્ર પ્રવર્તાવ એમ જેને લોકાન્તિક દેવેન્દ્રોએ વાણી દ્વારા કહ્યું તે શકને પૂજ્ય એવાં ચરણ-કમલવાળા, વિમળ પ્રતાપવાળા, વળી સમસ્ત શઠ અને શત્રુરૂપ એવા ક્ષોણીધરના સમૂહનો જેણે નાશ કર્યો છે એવા, તેમજ (શાન્તિનાથ, કુન્થુનાથ અને અરનાથ) એ ત્રણ તીર્થંકરરૂપ ઉત્તમ ચક્રવર્તીઓમાં (ચક્રવર્તી તેમજ તીર્થંકર તરીકે) પ્રથમ એવા જિનેશ્વર શ્રી શાન્તિ(નાથ)ને હું પણ સ્તવીશ. ૧-૨

### પ્રભુએ દીધેલું સાંવત્સરિક દાન -

એ પ્રમાણેનું (લોકાન્તિકનું) કથન શ્રવણ કર્યા બાદ હે તીર્થંકર ! તેં ભવ્ય (જન) ને પાપરૂપી દાવાનળ પ્રતિજળના સમાન (અર્થાત્ પાપાગ્નિને શાન્ત કરનારું) તથા ઉત્તમ તેમજ સ્વાભાવિક સુખને અર્પણ કરનારું એવું વાર્ષિક ધન ત્યાં (અર્થાત્ ગજપુરમાં) દીધું. (ભવ્યજન સિવાય આ ધનને) એકદમ ગ્રહણ કરવાને બીજો કોણ ઈચ્છે ? ૩.

### પ્રભુએ લીધેલી દીક્ષા -

ચોસઠ હજાર (૬૪,૦૦૦) સ્ત્રીઓનો ત્યાગ કરીને મુક્તિને વિષે હૃદય સ્થાપન કરેલા (અર્થાત્ મુક્તિ-મહિલાને મળવા ઉત્સુક) એવા તે વ્રતનું ગ્રહણ કર્યું (અર્થાત્ દીક્ષા લીધી) અથવા તારા સિવાય બીજો કોણ વનિતારૂપી જળથી પૂર્ણ એવા સમુદ્રને (યથાર્થ જ્ઞાન અને ક્રિયારૂપી) બે હાથ વડે તરી જવાને સમર્થ થઈ શકે ? ૪.

પ્રભુએ કરેલી મોહની ચિકિત્સા -

હે નાથ ! ચારિત્ર્ય ગ્રહણ કરીને (કેવલજ્ઞાન પ્રાપ્ત કરી) ત્રૈલોક્યના પિતા (સમાન બનેલા) એવા તે મોહનીય (કર્મ)ની પીડાથી ત્રસ્ત જીવોની પણ ચિકિત્સા કરી તેમાં કંઈ આશ્ચર્ય નથી, કેમકે રોગી એવા પણ પોતાના બાળકના બચાવને માટે મનુષ્ય વૈદ્યની પાસે શું જતો નથી ? ૫.

પ્રભુનો અપૂર્વ સંયમ -

તારી પાછળ પૃથ્વીપતિઓએ (પણ) સંપૂર્ણ વ્રત (સર્વવિરતિ ચરિત્ર) ગ્રહણ કર્યું તેનું કારણ છે (પાંચ) ઈન્દ્રિયોરૂપી હાથી-પ્રતિ સિંહ સમાન ! તુંજ છે. જે માટે સુવાસ મનુષ્યો પ્રતિ અન્ય વનને પણ પ્રીતિકર બનાવે છે. તેમાં મનોહર આમ્ર-મંજરીનો સમુદાય અસાધારણ કારણ છે (અર્થાત્ આમ્રમંજરીમાંથી એવી સુગંધી નીકળે છે કે એથી કરીને બાકીનું બધું ધન પણ બહેકી રહે છે અને તેથી આ વનના કોઈપણ ભાગમાં બેઠેલું પ્રાણી આનંદ પામે છે. ૬.

કેવલજ્ઞાની પ્રભુએ કરેલ અજ્ઞાનનો નાશ -

જેમ રાત્રિ-સંબંધનો સમસ્ત ગાઢ અંધકાર સૂર્યનાં કિરણોથી નાશ પામે છે, ધ્યાનરૂપી અતિશય દેદીપ્યમાન અગ્નિની પ્રભાથી વ્યાપ્ત તેમજ ઉજજવળ ગુણોએ કરીને યુક્ત એવા પંચમ (અર્થાત્ કૈવલ) જ્ઞાન વડે તેં સુપ્રસિધ્ધ, સમસ્ત તેમજ કઠણ એવા અજ્ઞાનનો સત્વર નાશ કર્યો. ૭.

જે કમળો ઉચ્ચ તથા વળી સુરપતિનું મસ્તક જેને વિષે અત્યંત આસક્ત છે એવા તેમજ યોગ્ય એવા તારા ચરણને પામેલાં છે, તે (કમળો) વિબુધોને માન્ય છે તેમજ તે મનોહરતાને પામે છે, પરન્તુ સરોવરોમાં વિકરવર થનારાં (કિન્તુ તારા ચરણનો આશ્રય ન લેનારાં એવાં) કમળો વિબુધોને માન્ય નથી તેમજ તે મનોહરતાને પામતાં નથી. ૮.

(જેમ) જળનું બિન્દુ શુક્તિમાં મૌકિતકની પ્રભાને પામે છે, (તેમ હે નાથ !) તું કે જે મુનીશ્વર છે તથા વળી જેને વિષે ઉત્તમ ગુણ અને કેવલદર્શન ઉત્પન્ન થયેલાં છે તેમજ જે મુક્તિરૂપી મહિલાની સાથે ક્રીડા કરવામાં મેઘસમાન છે તેની સમીપમાં માનવ મોક્ષપણાને પામે છે. ૯.

જેણે (દીક્ષા સમયે એક વર્ષ સુધી) ધન અર્પણ કર્યું છે એવા (હે નાથ !) હે બ્રહ્મસ્વરૂપી (પરમેશ્વર) ! તારાં ચરણ-કમલનું અર્ચન કરીને પદ્મો શોભાને પામે છે, તે શું યોગ્ય નથી ? (તે યોગ્ય છે, કેમકે નહિ તો) જે પોતાના સેવકને સંપત્તિ (રૂપ વિષયમાં) પોતાના સમાન કરતો નથી, તેની સેવાથી શું ? (અર્થાત્ તેની સેવા કરવાથી સર્યું) ૧૦.

જેનાં (સમસ્ત) પાપો ગયેલાં છે એવા હે (નાથ !) જેણે અસમાન રસનો નાશ કર્યો છે એવા તેમજ (સાત) નયોથી યુક્ત એવા તારા વચન (રૂપી) અમૃતનું પાન કર્યા પછી મનુષ્યો અન્ય મિથ્યા - દૃષ્ટિઓનાં વચન (રૂપી ખારું જળ) પીવાની ઈચ્છા રાખતા નથી (તે યુક્ત છે, કેમકે ગંગા નદીના જળને પીનારામાંનો કોણ સમુદ્રનું ખારું જળ પીવાને ઈચ્છે ? ૧૧.

ચન્દ્ર કલંકી છે અને સૂર્ય તાપયુક્ત જ છે. વળી પાર્વતીના પતિના અર્ધઅંગમાં ખરેખર અર્ધાંગના છે. એથી કરીને દુનિયાઓમાં સમસ્ત ગુણને ભજનારું તથા શમ-ભાવથી પરિપૂર્ણ એવું તારા જેવું અન્ય રૂપ નથી. ૧૨.

(હે નાથ !) તારો જે સિધ્ધાન્ત પૃથ્વી ઉપર પ્રસિધ્ધ છે, તે પણ બુધ્ધિ-રહિત (જને) ન જાણ્યો, તેમાં તારો દોષ નથી. કેમકે જે સૂર્યનું આ પ્રકાશમય મણ્ડલ દિવસે શ્વેતવર્ણી પલાશનાં (પત્રના) સમાન હોય છે, તેને ઘુવડ જોતો જ નથી. ૧૩.

(સ્યાદ્વાદરૂપી) ઉન્નત શાસનની જેમણે અવગણના કરી છે એવા જે માનવો શાન્તિ (નાથ)થી અન્ય દેવને, બોધ વિનાના ગુરુને તેમજ (અજ્ઞાનમય) ધર્મને માને છે, તેવા મરજી મુજબ ચાલનારાને, પરના વાદનું જેણે વિશેષતઃ ખણ્ડન કર્યું છે એવા હે નાથ ! આપ સિવાય કોણ રોકે ? ૧૪.

પાંત્રીસ વાણીના ગુણ-સમૂહથી ભરપૂર તેમજ જેણે વાણીઓ દ્વારા સંતાપ વિષ અને દાહને અત્યન્ત દૂર કર્યો છે એવો આપનો સ્વર શું આ મેઘની ગર્જનાથી જીતાયો નહિ ? (ના, તે ન જીતાયો તે વ્યાજબી છે, કેમકે) શું મેરૂ પર્વતનું શિખર કદાપિ (વાયુથી) ચલિત થયું છે ખરું ? ૧૫.

હે નાથ ! વળી એક જન્મને વિષે તેં (ચક્રવર્તીના તેમજ તીર્થંકરના એમ) બે પદ પ્રાપ્ત કર્યાં, તેમાં વળી જે ચક્રવર્તીની પદવી હતી, તે તેં ખરેખર ત્યજી દીધી.

એથી કરીને ઈક્ષ્વાકુ (વંશના) રાજાઓમાં તુંજ તીર્થંકર જગતના પ્રકાશરૂપ અનન્ય દીપક છે. ૧૬.

હે મુનીશ્વર ! ચરણોથી (અર્થાત્ અનેક સ્થળોમાં વિહાર કરીને) પૃથ્વીમાંના અજ્ઞાન (રૂપ અંધકાર) નો જેણે નાશ કર્યો છે એવા હે (નાથ !) તારા સ્મરણથી સજ્જનોનું હૃદયરૂપી કમળ સર્વદા અત્યન્ત વિકાસ પામે છે. (કેમકે અન્ય ઉન્માર્ગી જનોની) વાણીરૂપી પાશનો નાશ કરનારા દર્શનવાળો એવો આ તું આ લોકમાં સૂર્યથી અધિક મહિમાવાળો છે. ૧૭.

(હે નાથ !) અગણિત ઉત્તમ ગુણરૂપી રત્નના સમુદાયવાળા એવા તારા મુખરૂપી સમુદ્રમાંથી (નીકળતું) તારું વચન કે જેનો માર્ગ દાંતનાં કિરણો વડે પવિત્ર થયો છે, વળી જેણે મૃત્યુનો નાશ કર્યો છે તથા વળી જે સ્વભાવો વડે અમૃત કરતાં શીતળ છે તેમજ જે જગતને પ્રકાશિત કરે છે તે તારું વચન અસાધારણ ચન્દ્રના બિમ્બ (સમાન) છે. ૧૮.

હે નાથ ! જેણે પીડારૂપી મલના સમુદાયનું પ્રક્ષાલન કર્યું છે એવાં તથા વળી જેથી ધર્મરૂપી કલ્પવૃક્ષ વિકસ્વર થયું છે એવાં તારાં વચનરૂપી મેઘો વડે સમસ્ત સાધુજીવો શાંત થયા છે જ (ઉપશય પામ્યા છે જ), તેથી જળના ભાર વડે નીચા નમેલા એવા મેઘોનું (હવે) શું કામ છે ? ૧૯.

હે વીતરાગ ! આપે કહેલા સિધ્ધાન્તને વિષે જેવી મુનિયોને પ્રીતિ છે, તેવી વિરોધી વચનવાળા (અન્ય) કોઈને વિષે નથી. જેવી ચન્દ્રપ્રભાના વલ્લભને ચન્દ્રના કિરણને વિષે પ્રીતિ છે, તેવી પ્રીતિ (તેને) કિરણથી વ્યાપ્ત એવા પણ કાચના કકડાને વિષે (થતી) નથી. ૨૦.

પ્રસિધ્ધ વિષયરૂપી ચોરોનો વિચાર કર્યા પછી હે નાથ ! જેઓએ પોતાના હૃદયને તારા સિધ્ધાન્તરૂપી પર્વતના શિખરની ગુફામાં કે જેમાં થી કંદર્પરૂપી ચિત્તો નાશી ગયો છે, તેમાં આરોપણ કર્યું, તેમના મનને ભવાંતરમાં પણ કોઈ હરનાર નથી. ૨૧.

હે આપ્ત ! ધર્મ વડે યુક્ત એવાં પદવાળી તારી (જ) વાણી પણ્ડિતોના ઘણા સમયથી નષ્ટ (તિરોહિત) થયેલા ચૈતન્યને પ્રકટ કરે છે. (આ હકીકત યોગ્ય છે) કેમકે રાત્રે સમુદ્રની વૃધ્ધિની બુધ્ધિથી પૂર્વ જ દિશા સ્ફુરાયમાન કિરણોના સમૂહવાળા

ચન્દ્રને જન્મ આપે છે. ૨૨.

જે (જીવો) પોતાના (જ્ઞાનાદિક) ગુણોના સમૂહથી ભરપૂર છે, તેઓ જ્યાંથી દુર્મતિરૂપ ચોર પલાયન કરી ગયો છે એવા તારા સિધ્ધાન્તને માર્ગે થઈને ખરેખર મોક્ષે ગયો છે, જાય છે અને જશે, કેમકે હે યોગીશ્વર ! (આ સિવાય) બીજો કોઈ મોક્ષ-માર્ગનો કલ્યાણકારી માર્ગ નથી. ૨૩.

હે તીર્થંકર ! સન્ત (પુરુષો) જેને જ્ઞાનસ્વરુપી તેમજ (અષ્ટ કર્મરૂપી) મળથી રહિત તથા અદ્વિતીય કહે છે, તેવા તારા શાસનને કે જેણે કુશાસનને પરાસ્ત કર્યું છે તેને આરાધીને અન્ય (અજૈનો) પણ જ્ઞાનીઓ થાય તેમાં (કંઈ) આશ્ચર્ય નથી. (કેમકે) અન્ય (શાસનો) થી આ જ (શાસન) જુદી જાતનું છે. ૨૪.

જેણે મોહરૂપી અસુરનો અંત આણ્યો છે, વળી જે (કેવલ દર્શનરૂપી) સુદર્શનથી યુક્ત છે તેમજ જે ઉપશમરૂપી સાગરના મધ્યમાં બેઠો છે એવા તને સુપ્રસિધ્ધ નિજ કેવલ (જ્ઞાન) રૂપી લક્ષ્મી અહોનિશ સેવે છે, આથી કરીને સ્પષ્ટ રીતે તું જ પુરુષોત્તમ છે. ૨૫.

(જ્યારે) અન્ય દેવો પોતાને પણ (સંસાર-સાગરમાંથી) તારવાને સમર્થ નથી, (તો પછી) તેમનો આશ્રય લીધેલા (જીવોને) તો એ (દેવો) કેવી રીતે તારવાને શક્તિમાન થાય ? (એથી કરીને) તેમને વિષે નમન (વંદન, પર્યુપાસન, ભક્તિ, બહુમાન) ઈત્યાદિ ફોગટ છે, (વાસ્તે) હે વીતરાગ ! જેની (કેવલજ્ઞાનરૂપી) સંપત્તિએ આશ્રય લીધો છે એવા તેમજ સંસાર-સાગરના શોષનારા એવા તને (મારો) નમસ્કાર (હો) ૨૬.

(હે નાથ !) જેઓ તને મુકીને અન્ય દેવોને ભજે છે, તે (તારા) તત્ત્વના માધુર્યથી અપરિચિત (જનોએ) નામ વડે જેણે ભવ્યના પાપથી ઉત્પન્ન થતા ભયનો અત્યન્ત અન્ત આણ્યો છે એવા તેમજ ઉત્તમ તત્ત્વોથી વ્યાપ્ત એવા તને સ્વપ્ને પણ કદાપિ જોયો નથી. (કેમકે જેઓ તારા તત્ત્વને પણ જાણતા ન હોય, તેમને તને જોવાની ઈચ્છા પણ ન થાય એ સ્વાભાવિક છે.) ૨૭.

હે નાથ ! પુષ્ટ અમૃતના બળે કરીને શીતળ એવા તારી સમીપમાં કેમ આ સંસારમાં દુર્ભવ્યનો કલેશકારી દેહ બળે છે ? (ઠીક) એનો સ્વભાવ મેં જાણ્યો. (કેમકે) સૂર્યનું મેઘની સમીપ રહેનાર બિમ્બ ઉષ્ણ ન થાય ? ૨૮.

હે નિઃસ્પૃહી ! જેણે પૃથ્વી-તલાગ્રને શ્યામ બનાવ્યો છે એવો અંધકારનો સમૂહ (પણ) ઉચ્ચ ઉદયાચલના શિખર ઉપર (રહેલા) સૂર્યથી ભય પામીને જેમ નાશ પામે છે તેમ વધારે દૂર એવા પરન્તુ નિરાભિમાનીને વિષે સિંહ સમાન એવા તારાથી ભય પામીને શું અન્ય (પાખંડરૂપ) વાદીઓનો સમુદાય ખરેખર વિનાશ પામે છે ? ૨૯.

હે નાથ ! સ્વર્ગનો તિરસ્કાર કરીને સુરેન્દ્રો સંસારના કષ્ટને ભેદનારા એવા તેમજ વિવિધ પ્રકારનાં પાદ-પીઠો ઉપર (રહેલાં) પુષ્પો વડે જેનો અગ્ર ભાગ રચાયો (વ્યાપ્ત) છે એવા તથા વળી મેરૂ પર્વતના સુવર્ણમય ઉચ્ચ તટના જેવા એવા તારા ચરણ-યુગલમાં સર્વદા વસે છે. ૩૦.

હે (નાથ !) એથી કરીને સ્વર્ગમાં પણ તારું ત્રૈલોક્યનું પરમેશ્વરપણું પ્રસિધ્ધ કરનારો એવો ચૈતન્ય - રહિત પુષ્પનો સમૂહ (પણ) ઉત્તમ શોભવાળા એવા તને પ્રાપ્ત કરીને (અર્થાત્ તારો આશ્રય લેવાથી) અહો વિકસ્વર થઈને પત્રો વડે કેમ વિકાસ પામે છે જ ? ૩૧.

હે કલ્યાણકારી (જિનેશ્વર) ! આપના ગુણોથી ભાવના ભાવ્યા બાદ આપનો આશ્રય લીધેલા એવા (જીવો) આ દુનિયામાં પૂજનીય પણ બને એ (કથન) કંઈ ખોટું નથી, કેમકે અતિશય નીચું એવું જે પાદ-પીઠ તારાં ચરણોનો આશ્રય લે છે, તે પાદ-પીઠના ઉપર દેવતાઓ પદ્મો રચે છે. ૩૨.

જેણે અન્ય શાસ્ત્રોનો ગર્વ દળી નાખ્યો છે એવા હે મિત્ર ! પ્રકાશયુક્ત લોકરૂપી રત્નોના હારના સુનાયક એવો તારો પ્રતાપ આ દુનિયામાં અત્યન્ત પ્રકાશે છે. કેમકે સૂર્યનો જેવો તાપ છે, તેવો વિકાશી એવા ગ્રહોના સમુદાયનો પણ ક્યાંથી હોય ? ૩૩.

(હે નાથ !) વચન-પ્રહારથી યુક્ત એવા કોપરૂપી કૃષ્ણ આરોપનો નિરોધ કરનારા તેમજ મોહના પ્રવેશને અટકાવનાર, આવરણના સમાન એવા તારા સ્વરુપનું વાસ્તવિક રીતે દર્શન કર્યા પછી તારા આશ્રિતોને ક્યાંથી પણ ભય થતો નથી. ૩૪.

હે કંદર્પરૂપી સર્પરાજને બાળવામાં ગરુડ સમાન ! (જેણે) જાજ્વલ્યમાન અભિમાનરૂપી અગ્નિનો નાશ કર્યો છે એવા હે (નાથ !) કુતીર્થ તથા કષ્ટરૂપી જળના

કચરાવાળી તેમજ સ્વયં લાલચું એવી તૃષ્ણા નદી તારા ચરણ-યુગલરૂપી પર્વતનો આશ્રય લીધેલા (જીવ) નું આક્રમણ કરતી નથી. ૩૫.

નાથના નામ-કીર્તનનો પ્રભાવ -

હે નાથ ! જો તારા નામના કીર્તનરૂપી જળ સંસારનાં દુઃખથી વ્યાપ્ત એવા સમસ્ત પાપરૂપી અગ્નિને બૂઝાવી દે છે, તો પછી આ મદ-રહિત એવી તારી સેવાથી મુક્તિ મળે કે કેમ એવો વિચાર (કરવો) ફોગટ છે. ૩૬.

હે તીર્થંકર ! જે પુરુષના હૃદયમાં તારા નામરૂપી નાગ-દમની છે, તેને દર્પરૂપી સર્પ કે જેણે ફુંફાડામાંથી નીકળેલા ઝેરમાંથી પ્રસરના દાવાનલ વડે ત્રૈલોક્યના મનુષ્યના સદ્‌ગુણોના સમૂહને ધૂમવર્ણી બનાવ્યો છે તે કરડતો નથી. ૩૭.

જેને (કોઈ) શત્રુ કે (કોઈ) મિત્ર નથી એવા હે (નાથ !) જો તું વીતરાગ છે, તો પછી તારા પ્રતિ નમ્ર મુખવાળા તેમજ તારા રાગી એવા (જનો) નું અનન્ત ભવથી ઉત્પન્ન થયેલું અજ્ઞાન જેમ સૂર્યથી અંધકાર નાશ પામે છે, તેમ કેમ ખરેખર સત્વર નાશ પામે છે ? ૩૮.

રૂડી રીતે તપાવેલા તેમજ ચળકતા સુવર્ણના જેવી મનોહર મૂર્તિવાળા (હે નાથ !) તારા ચરણ-કમલરૂપ વનનો આશ્રય લેનારા પંડિતરૂપી ભમરાઓ જેમાંથી કિલ્લોલો ઉછળી રહ્યાં છે એવા તેમજ ચપળ સ્વભાવનો નાશ કરવાના સ્વભાવવાળા એવા ઉત્તમ ધ્યાનરૂપી સુગંધને આ લોકમાં પામે છે. ૩૯.

હે વીતરાગ ! તારો અતિશય આશ્ચર્યજનક પ્રભાવ કુશાગ્ર બુધ્ધિવાળા એવાં કોઈને પણ ગમ્ય નથી, (કેમકે) તારે વિષે સરાગ દૃષ્ટિવાળા એવા પણ માનવો તારા સ્મરણથી ત્રાસ તજીને મુક્તિને પામે છે. ૪૦.

હંસના જેવા જે માનવોને પવિત્ર તથા વિકસ્વર જ્ઞાન-કમલવાળા એવા નિર્મળ ધર્મરૂપી તળાવના નીરને પ્રાપ્ત કર્યું છે, તે મદન સમાન રૂપવાળા માનવોને નિઃસાર ભોગરૂપી ખાઈને ભોગવવાને સમર્થ નથી. ૪૧.

સ્વર્ગની ક્રીડાના સુખના પરિભોગના વિપાકરૂપ જે ધર્મ સુખની ખાણરૂપ છે તેમજ આપત્તિને દૂર કરનારો છે, તે ધર્મને પામીને કર્મરાજા વડે પોતાનું સ્વરૂપ બંધાયું છે (અર્થાત્ આચ્છાદિત થયું છે) એવા જીવો સત્વર પોતાની મેળે બંધનના ભયથી મુક્ત બને છે. ૪૨.

જે બુધ્ધિશાળી (માનવ) કેવલજ્ઞાનના સુખના દાતા સમાન તથા પ્રશંસાને પાત્ર એવા આ તારા સ્તોત્રનું અધ્યયન કરે છે, તે અત્યન્ત પુણ્યનાં કણો વડે બાંધેલા આયુષ્યવાળા (જન)ના હસ્તમાં જેણે સ્વર્ગના ભોગ આ દુનિયામાં (આવી રહે) છે. ૪૩.

જે મનુષ્યના દયારૂપી નિર્મળ જળના સમુદાયને ભજનાર, ચિત્તરૂપી સરોવરને વિષે (સોળમા) તીર્થંકર શાન્તિ (નાથ)ના સ્તવનરૂપી કમળો ઊગે છે, તે અભિમાનથી ઉચ્ચ મનુષ્યની સમીપ રૂડા કમળ પ્રમુખ આસન ઉપર બેઠેલી સ્વતંત્ર એવી લક્ષ્મી આવે છે. ૪૪.

શ્રી કીર્તિવિમલ ગુરુની ચરણ કૃપાથી લક્ષ્મીવિમલ મુનિએ 'ભક્તામર સ્તોત્ર'નું ચોથું ચરણ લઈને ત્રણ (નવીન) ચરણો વડે નિર્મળ શાન્તિ (નાથ) નું સ્તોત્ર રચ્યું. ૪૫.

## श्री महावीर चालीसा

### दोहा

शीश नवा अरिहन्त को, सिद्धन करुँ प्रणाम ।
उपाध्याय आचार्य का, ले सुखकारी नाम ।
सर्वसाधुऔरसरस्वती, जिनमंदिरसुखकार ।
महावीर भगवान को, मन मंदिर मे धार ।।

### चौपाई

जय महावीर दयालु स्वामी, वीर प्रभु तुम जग में नामी ।
वर्धमान है नाम तुम्हारा, लगे हृदय को प्यारा प्यारा ।।

शांति छवि और मौहनी मूरत, शान हँसीली सोहनी सूरत ।
तुमने वेश दिगम्बर धारा, कर्मशत्रु भी तुम से हारा ।।

क्रोध मान और लोभ भगाया, माया ने तुमसे डर खाया ।
तू सर्वज्ञ सर्व का ज्ञाता, तुझको दुनिया से क्या नाता ॥

तुझमें नहीं राग और द्वेषा, वीतराग तू हित उपदेशा ।
तेरा नाम जगत में सच्चा, जिसको जाने बच्चा-बच्चा ॥

भूत प्रेत तुम से भय खावें, व्यंतर राक्षस सब भागे जावें ।
महाव्याध मारी न सतावें, महा विकराल काल डर खावें ॥

काला नाग होय फन धारी, या हो शेर भयंकर भारी ॥
न हो कोई बचाने वाला, स्वामी तुम्हीं करो प्रतिपाला ॥

अग्नि दवानल सुलग रही हो, तेज हवा से भडक रही हो ।
नाम तुम्हारा सब दुख खोवें, अग्नि एकदम ठण्डी होवे ॥

हिंसामय था भारत सारा, तब तुमने कीना निस्तारा ।
जन्म लिया कुंडलपुर नगरी, हुई सुखी तब परजा सगरी ॥

सिद्धारथ जी पिता तुम्हारे, त्रिशला के आँखो के तारे ।
छोडे सभी झंझट संसारी, स्वामी हुए बाल ब्रह्मचारी ॥

पंचम काल महा दुखदाई, चाँदमपुर महिमा दिखलाई ।
टीले में अतिशय दिखलाया, एक गाय का दूध गिराया ॥

सोच हुआ मन में ग्वाले के, पहुँचा एक फावडा लेके ।
सारा टीला खोद बगाया, तब तुमने दर्शन दिखलाया ॥

जोधराज को दुख ने घेरा, उसने नाम जपा जब तेरा ।
ठण्डा हुआ तोप को गोला, तब सबने जयकारा बोला ॥

मंत्री ने मंदिर बनवाया, राजा ने भी दरब लगाया ।
बडी धर्मशाला बनवाई, तुमको लाने की ठहराई ॥

तुमने तोडी बीसों गाडी, पहिया खसका नहीं अगाडी ।
ग्वाले ने जो हाथ लगाया, फिर तो रथ चलता ही पाया ॥

पहिले दिन वैशाख बदी के, रथ जाता है तीर नदी के ।
मीन गूजर सब ही आते, नाच-कूदकर सब चित उमगाते ।।

स्वामी तुमने प्रेम निभाया, ग्वाले का तुम मान बढाया ।
हाथ लगे ग्वाले का जब ही, स्वामी रथ चलता है तब ही ।।

मेरी है टूटी सी नैया, तुम बिन कोई नहीं खिखैया ।
मुझ पर स्वामी जरा कृपा कर, मैं हूँ प्रभू तुम्हारा चाकर ।।

तुमसे मैं अरु कुछ नहीं चाहूँ, जन्म-जन्म तेरे दर्शन पाउँ ।
चालीसे को 'चन्द्र' बनावें, वीर प्रभु को शीश नवावें ।।

नित चालीसहिं बार, पाठ करे चालीस दिन ।
खेय सुगंध अपार, वर्धमान के सामने ।।
होय कुबेर समान, जन्म दरिद्री होय जो ।
जिसके नहिं संतान, नाम वश जग में चले ।।

।। इति श्री महावीर चालीसा ।।

## आरती - पंच परमेष्ठी

इह-विधि मंगल आरती कीजै, पंच परमपद भज सुख लीजै । टेक ।।
पहली आरती श्रीजिनराजा । भव-दधि पार उतार जिहाजा ।।
दूसरी आरती सिद्धन केरी । सुमिरन करत मिटै भव फेरी ।।
तीजी आरती सूर मुनिन्दा । जनम-मरण दुख दूर करिन्दा ।।
चौथी आरती श्री उवज्झाया । दर्शन देखत पाप पलाया ।।
पांचमी आरती साधु तिहारी । कुमतिविनाशन शिव अधिकारी ।।
छट्ठी ग्यारह प्रतिमा धारी । श्रावक वंदों आनन्दकारी ।।
सांतवी आरती श्रीजिनवाणी 'द्यानत' सुरग-मुक्ति सुखदानी ।।

।। इति ।।

# आरती - श्री पार्श्वनाथ जी की

ॐ जय पारस देवा स्वामी जय पारस देवा ।
सुर नर मुनिजन तुम चरणन की करते नित सेवा ।। ॐ जय०

पौष वदी ग्यारस काशी में आनंद अति भारी । स्वामी आनन्द०
अश्वसेन पिता वामा माता उर लीनों अवतारी ।। ॐ जय०

श्याम वरण नवहस्त काय पग उरग लखन सोहैं । स्वामी उरग०
सुरकृत अति अनुपम पा भूषण सबका मन मोहैं ।। ॐ जय०

जलते नाग नागिन को मंत्र नवकार दिया । स्वामी मंत्र०
हरा कमठ का मान ज्ञान का भानु प्रकाश किया ।। ॐ जय०

मात पिता तुम स्वामी मेरे, आस करुं किसकी । स्वामी आस०
तुम बिन दाता और न कोई शरण गहूं जिसकी ।। ॐ जय०

तुम परमातम तुम अध्यातम तुम अन्तर्यामी । स्वामी तुम०
स्वर्ग मोक्ष के दाता तुम हो त्रिभुवन के स्वामी ॐ जय०

दीनबन्धु दुःख हरण जिनेश्वर, तुमही हो मेरे । स्वामी तुम०
दो शिवधाम को वास दास, हम द्वार खडे तेरे ।। ॐ जय०

विपद विकार मिटाओ मन का, अर्ज सुनो दाता । स्वामी अर्ज०
सेवक द्वै कर जोड प्रभु के चरणों चित लाता ।। ॐ जय०

## आरती - श्री भगवान महावीर

ओम् जय महावीर प्रभो, स्वामी जय महावीर प्रभो ।
आरति झिलमिल करते, सन्मति जगे विभो ।। टेक ।।

सिद्धारथ पितु मां त्रिशला कर, कुन्डलपुर आए । स्वामी...
मेरु पर अभिषेख इन्द्र कर, जन मन हरषाए ।। स्वामी...

ओम् जय महावीर प्रभो, स्वामी जय महावीर प्रभो ।
आरती झिलमिल करते, सन्मति जगे विभो ।।

भरी जवानी बने दिगम्बर, बालयती वीरा । स्वामी...
चन्दन आहार लेकर तारी, हरी भव्य पीरा ।। स्वामी...

ओम् जय महावीर प्रभो, स्वामी जय महावीर प्रभो ।
आरति झिलमिल करते, सन्मति जगे विभो ।।

तप करि केवलज्ञान जगाया, सद् उपदेश दिया ।। स्वामी...
सत्य अहिंसा स्याद्वाद को, जन जन जगा दिया ।। स्वामी...

ओम् जय महावीर प्रभो, स्वामी जय महावीर प्रभो ।
आरति झिलमिल करते, सन्मति जगे विभो ।।

सन्मति वीरा वर्धमान, अतिवीर धरा भाए । स्वामी...
वीतराग सर्वज्ञ हितैषी, तीर्थंकर ध्याए । स्वामी...

ओम् जय महावीर प्रभो, स्वामी जय महावीर प्रभो ।
आरति झिलमिल करते, सन्मति जगे विभो ।।

पावापुर कार्तिकामावस्या, सिद्ध शिला राजे । स्वामी...
भक्तीफल सन्मति सिद्धाचल, भव दुख सब क्षाजे ।। स्वामी...

ओम् जय महावीर प्रभो, स्वामी जय महावीर प्रभो ।
आरति झिलमिल करते, सन्मति जगे विभो ।।

ओम् जय महावीर प्रभो, स्वामी जय महावीर प्रभो ।
आरति झिलमिल करते, सन्मति जगे विभो ।।

## શ્રી ભક્તામર સ્તોત્રનો ચમત્કારિક પ્રભાવ

શ્રી ભક્તામર સ્તોત્રમાં શ્લોકો અને ગર્ભિત મંત્રો રહેલાં છે. તેનું વિધિપૂર્વક, શુદ્ધિપૂર્વક, એકાગ્રતાથી અને ભક્તિભાવથી રટણ કરવામાં આવે તો આરાધકની ઈચ્છા પરિપૂર્ણ થાય છે.

ભક્તામર સ્તોત્રનું રટણ શરૂ કરતી વખતે શ્રી આદિશ્વર ભગવાનની પ્રતિમા સ્થાપિત કરીને અષ્ટ પ્રકારની પૂજા કરવી. જપનો પ્રારંભ સફેદ, પીળા અથવા લાલ રંગના ઊનના આસન ઉપર બેસીને કરવો. ચૈત્ર, જેઠ અને અષાઢ મહિનાઓ છોડીને દિવસના પ્રથમ બે પ્રહર એટલે કે બાર વાગ્યા પહેલાં પૂર્વ કે ઉત્તર દિશામાં મુખ રાખી આરાધના કરવાથી આરાધકને યોગ્ય ફળની પ્રાપ્તિ થાય છે.

શ્લોક-૧ : રિદ્ધિ-સિદ્ધિ, સૌભાગ્ય, સંપત્તિ અને લક્ષ્મી પ્રાપ્ત થાય છે.
શ્લોક-૨ : દૃષ્ટિદોષ - નજરબંધીના દોષ દૂર થાય અને શત્રુનો પરાજય થાય.
શ્લોક-૩ : બાળકને નજર લાગી હોય (દૃષ્ટિદોષ) તે દૂર થાય છે.
શ્લોક-૪ : પાણીનો ભય દૂર થાય, વહાણ ડૂબતું બચે છે.
શ્લોક-૫ : આંખના તમામ રોગો અને પીડા દૂર થાય છે.
શ્લોક-૬ : જ્ઞાનની પ્રાપ્તિ, વાણી શુદ્ધિ અને બુદ્ધિનો વિકાસ થાય છે.
શ્લોક-૭ : સાપનું ઝેર દૂર થાય છે.
શ્લોક-૮ : ગૂમડાં તથા કોઈ પણ ઘાની પીડા દૂર થાય છે.
શ્લોક-૯ : ચોર, ધાડપાડુ, ડાકુઓનો ઉપદ્રવ દૂર થાય છે.
શ્લોક-૧૦ : વાદ-વિવાદમાં વિજય થાય, હડકાયા કૂતરાનું ઝેર ચઢતું નથી.
શ્લોક-૧૧ : ખોવાઈ ગયેલી વસ્તુ પાછી મળે, વરસાદ આવે છે.
શ્લોક-૧૨ : સ્ત્રીને આકર્ષી શકાય, હાથીને વશ કરી શકાય.
શ્લોક-૧૩ : ચોરનો અને ભૂત-પ્રેતનો ભય દૂર થાય.
શ્લોક-૧૪ : સરસ્વતી પ્રસન્ન થાય અને લક્ષ્મીની વૃદ્ધિ થાય.
શ્લોક-૧૫ : વીર્યરક્ષા, શક્તિ વધે, સૌભાગ્ય વધે.
શ્લોક-૧૬ : અગ્નિનો ભય દૂર થાય, સભામાં પ્રતિસ્પર્ધી હારે.
શ્લોક-૧૭ : પેટના રોગો, જેવા કે જલોદર, જઠર રોગ વગેરે દૂર થાય.

શ્લોક-૧૮ : ધર્મમાં સ્થિરતા મળે અને વાવાઝોડાનો ભય ટળે.

શ્લોક-૧૯ : બીજાની વિદ્યાની અસર ન થાય, આજીવિકા પ્રાપ્ત થાય.

શ્લોક-૨૦ : પુત્રપ્રાપ્તિ, સૌભાગ્ય, સંપત્તિ અને વિજય મળે.

શ્લોક-૨૧ : સ્વજનો તથા અન્યને આકર્ષિત કરી શકાય.

શ્લોક-૨૨ : ભૂત, પિશાચ, ચૂડેલ વગેરે દૂર થાય.

શ્લોક-૨૩ : શરીર રક્ષાને માટે સહાયક બને છે.

શ્લોક-૨૪ : મસ્તકના રોગો, આધાશીશી દૂર થાય.

શ્લોક-૨૫ : અગ્નિનો ભય ટળે, ગરમ પદાર્થ ઠંડો પડી જાય.

શ્લોક-૨૬ : પ્રાણાન્ત કષ્ટ દૂર થાય, સ્ત્રીને પ્રસૂતિની પીડામાં રાહત થાય.

શ્લોક-૨૭ : શત્રુઓનો ભય દૂર થાય.

શ્લોક-૨૮ : સુખ, સૌભાગ્ય, કીર્તિ, લક્ષ્મી, પદવી મળે ને વધે.

શ્લોક-૨૯ : અફીણ, ધતુરો, આકડો, વીંછીનું ઝેર ઊતરી જાય.

શ્લોક-૩૦ : પ્રવાસ દરમિયાન હિંસક પ્રાણીઓ તથા તમામ ભય દૂર થાય.

શ્લોક-૩૧ : સુખ-સાહ્યબી મળે, ચામડીના રોગ મટે.

શ્લોક-૩૨ : ધન-સૌભાગ્ય, પ્રતિષ્ઠા-સમ્માન પ્રાપ્ત થાય.

શ્લોક-૩૩ : શત્રુઓ, શત્રુતા છોડીને વશમાં આવે.

શ્લોક-૩૪ : હાથી, સર્પને વશ કરી શકાય, તેનો ભય ટળે.

શ્લોક-૩૫ : સિંહ, વાઘ વગેરે હિંસક પ્રાણીઓનો ભય ટળે.

શ્લોક-૩૬ : અગ્નિનો ભય દૂર થાય છે.

શ્લોક-૩૭ : સર્પનું તથા અન્ય પ્રકારનાં તમામ ઝેર ઊતરી જાય.

શ્લોક-૩૮ : યુધ્ધનો ભય દૂર થાય, બળ તેમજ સાહસિકતા વધે.

શ્લોક-૩૯ : વિજય પ્રાપ્ત થાય, રાજ્ય દ્વારા ધનલાભ થાય.

શ્લોક-૪૦ : સમુદ્રને લગતા ભય દૂર થાય, વ્યક્તિ અને વહાણ ડૂબશે નહિ.

શ્લોક-૪૧ : દરેક પ્રકારના રોગો અને કષ્ટો દૂર થાય છે.

શ્લોક-૪૨ : બંધનો દૂર થાય, લોખંડની સાંકળની બેડીઓ આપમેળે તૂટે.

શ્લોક-૪૩ : શત્રુનો પ્રહાર વાગે નહિ અને બધી જ દિશામાં વિજય પ્રાપ્ત થાય.

શ્લોક-૪૪ : લક્ષ્મી, સુખ-સંપત્તિ પ્રાપ્ત થાય, તમામ મનોરથો ફળે.

## શ્રી ભક્તામર સ્તોત્રની રચનાનો ઈતિહાસ

આજથી ૧૩૦૦ વર્ષ પહેલાં ભારતના માળવા દેશના ભોજરાજાના દરબારમાં કાલિદાસ પંડિતે પોતાનો પગ છરીથી કાપી નાખ્યો અને કાલિકાદેવીની આરાધના કરીને પોતાનો કપાયેલો પગ ફરીથી જોડીને બતાવ્યો હતો. ભાર્ગવી પંડિતે અંબિકા દેવીની આરાધના કરીને પોતાનો ભગ્નોદર નામનો રોગ દૂર કર્યો હતો. માધ પંડિતે સૂર્યની આરાધના કરીને શરીરના કોડનો રોગ દૂર કર્યો હતો. આવા પ્રયોગો બનાવીને પંડિતોએ પોતે મંત્ર વિદ્યામાં સર્વોત્તમ છે અને જૈન સાધુઓ ઢોંગી છે તેમ જણાવી તેમનો અનાદર કર્યો હતો.

ભોજરાજાએ પોતાના બુધ્ધિશાળી મતિસાગર કે જેઓ જિનભક્ત હતા તેમને જૈન ધર્મના ગુરુને રાજદરબારમાં બોલાવીને ચમત્કાર દર્શાવવા કહ્યું. એજ સમયે શ્રી માનતુંગસુરી મહારાજ ગામમાં પ્રવેશ કર્યો હતો. આ સમાચાર સાંભળતાં જ મંત્રી મતિસાગર તેમને વંદન કરવા ગયા અને ભોજરાજાની ઈચ્છા તેમની સમક્ષ પ્રદર્શિત કરી.

માનતુંગસુરી મહારાજે રાજદરબારમાં આવીને રાજાને કહ્યું - 'રાજન ! જૈન ધર્મની બાબતમાં તમારો ભ્રમ દૂર કરવા હું તૈયાર છું' આ સાંભળીને રાજાને માનતુંગસુરીને લોખંડની ૪૮ સાંકળો વડે મજબૂત બાંધીને ભોંયરામાં પૂર્યા. ત્યારબાદ માનતુંગસૂરિએ પ્રથમ જૈન તીર્થંકર શ્રી આદિનાથ ભગવાનની સ્તુતિ શરૂ કરી અને તેઓ સ્તુતિના છંદો રચતા ગયા તેમ તેમ સાંકળો આપમેળે તૂટતી ગઈ. છેવટે કેવળ હાથની બેડીઓ જ બાકી રાખીને તેઓ રાજદરબારમાં ઉપસ્થિત થયા અને રાજદરબારના વિદ્વાન પંડિતોને બોલાવીને પોતાના હાથની બેડીઓ વિદ્યાના બળે તોડી આપવાનો પડકાર ફેંક્યો. કોઈ પણ પંડિતો માનતુંગસૂરિ મહારાજના હાથની લોખંડની બેડીઓ મંત્ર વિદ્યાથી તોડી શક્યા નહિ. છેવટે માનતુંગસૂરિ મહારાજે ભક્તામક સ્તોત્રનો છેલ્લો શ્લોક રચ્યો અને તે જ ક્ષણે તેમના હાથની લોખંડની બેડીઓ આપોઆપ તૂટી ગઈ. આ જોઈને બધા જ પંડિતોનાં મસ્તક શરમથી ઝૂકી ગયાં.

ભોજરાજાને પણ પસ્તાવો થયો અને તેમણે માનતુંગસૂરિ મહારાજને સાષ્ટાંગ પ્રણામ કર્યા અને પોતાના અપરાધની ક્ષમા માંગી અને જૈન ધર્મનો જય જયકાર થયો.

# જૈન ધર્મના બાર પૈકી દસ પવિત્ર તીર્થ સ્થળો

જૈન ધર્મ સાથે જોડાયેલ ચોવીસ તીર્થંકરોના પ્રવાસ સ્થાન અથવા નિર્વાણ સ્થળો જેમ અનુયાયીઓને માટે મહત્ત્વનાં તીર્થ સ્થાન છે તથા તેઓ પૂર્ણ શ્રદ્ધાની સાથે આ પવિત્ર સ્થાનો પર જઈને પૂજા-અર્ચના કરે છે તથા તીર્થંકરોના આશીર્વાદ મેળવીને પોતાની અભિવ્યક્તિ મનોકામનાઓની પૂર્તિ કરે છે. જૈન ધર્મનાં અન્યાન્ય તીર્થ સ્થળોમાંથી દસ તીર્થ સ્થળોના વિષયમાં નીચે પરિચય દર્શાવવામાં આવ્યો છે.

(૧) શ્રી સમ્મેદ શિખરજી (ગિરિકીહ, ઝારખંડ)

જૈન ધર્મમાં સમ્મેદ શિખરજીને સૌથી મોટું તીર્થ સ્થળ માનવામાં આવે છે. તે ભારતીય રાજ્ય ઝારખંડમાં ગિરિડીહ જિલ્લામાં છોટા નાગપુર પહાડ પર આવેલ એક પહાડ પર આવેલું છે. આ પહાડને પાર્શ્વનાથ પર્વત કહેવામાં આવે છે.

શ્રી સમ્મેદ શિખરજીના રૂપમાં ચર્ચિત આ પુણ્ય સ્થળ પર જૈન ધર્મના ચોવીસમાંથી વીસ તીર્થંકરો (સર્વોચ્ચ જૈન ગુરુઓ) એ મોક્ષ પ્રાપ્ત કર્યો હતો. આ સ્થળે તેવીસમાં તીર્થંકર ભગવાન પાર્શ્વનાથે પણ નિર્વાણ પ્રાપ્ત કર્યો હતો. જૈન ધર્મના ચોવીસ તીર્થંકરોમાંથી પ્રથમ તીર્થંકર ભગવાન આદિનાથ અર્થાત્ ભગવાન ઋષભદેવે કૈલાશ પર્વત પર, બારમાં તીર્થંકર ભગવાન વાસુપૂજ્યે ચંપાપુરી, બાવીસમાં તીર્થંકર ભગવાન નેમીનાથે ગિરનાર પર્વત અને ચોવીસમાં અને અંતિમ તીર્થંકર ભગવાન મહાવીરે પાવાપુરીમાં મોક્ષ પ્રાપ્ત કર્યો.

(૨) અયોધ્યા

કુલકરોની ક્રમશઃ કુલ પરંપરાના સાતમા કુલકર નાભિરાજ અને તેમની પત્ની મરુદેવીથી ઋષભદેવનો જન્મ ચૈત્ર માસની કૃષ્ણ નોમના રોજ અયોધ્યામાં થયો હતો. એટલા માટે અયોધ્યા પણ જૈન ધર્મને માટે તીર્થ સ્થળ છે. અયોધ્યામાં આદિનાથ ઉપરાંત અજિતનાથ, અભિનંદનનાથ, સુમિતનાથ અને અનંતનાથનો પણ જન્મ થયો હતો. એટલા માટે અયોધ્યા જૈન ધર્મને માટે ખૂબ જ પવિત્ર સ્થળ છે.

અયોધ્યાના રાજા નાભિરાજના પુત્ર ઋષભ પોતાના પિતાના મૃત્યુ પછી રાજસિંહાસન પર બેઠા અને તેમને કૃષિ, શિલ્પ, અસિ (સૈન્ય શક્તિ), મસિ (પરિશ્રમ), વાણિજ્ય અને વિદ્યા આવાં છ આજીવિકા સાધનોની વિશેષ રૂપમાં વ્યવસ્થા કરી તથા દેશ અને નગરો તેમજ વર્ણ અને જાતિયો વગેરેનું સુવિભાજન કર્યું. તેમના બે પુત્ર ભરત અને બાહુબલી તથા બે પુત્રીઓ બ્રાહ્મી અને સુંદરી હતી જેમને તેમને સઘળી કક્ષાએ (સ્તરે) અને વિદ્યાઓ શીખવાડી. તેમના પુત્ર ભારતના નામ પરથી આ હિન્દુસ્તાન દેશનું

નામ ભારત રાખવામાં આવ્યું હતું.

(૩) કૈલાશ પર્વત

ઋષભદેવને હિન્દુ વૃષભદેવ કહે છે અને આમેય તેમનું ભવચિહ્ન પણ વૃષભ જ છે. વૃષભનો અર્થ થાય છે બળદ. ભગવાન શિવને આદિનાથ પણ કહેવામાં આવે છે અને ઋષભદેવને પણ આદિનાથ કહેવામાં આવે છે.

કૈલાશ પર્વત પર જ ઋષભદેવને કૈવલ્ય જ્ઞાન પ્રાપ્ત થયું હતું. નાથ કહેવાથી તેઓ નાથીના પણ નાથ છે. તેઓ જૈનોના જ નહિ પરન્તુ હિન્દુ અને સઘવા વર્ગના તીર્થંકર છે, કેમકે તેઓ પરમ પ્રાચીન આદિનાથ છે.

ઋષભદેવ સ્વયમ્ભૂ મનુથી પાંચમી પેઢીમાં આ ક્રમ અનુસાર થયા - સ્વયમ્ભૂ મનુ, પ્રિયવ્રત, અગ્નીધ, નાભિ અને પછી ઋષભ. કુલકર નાભિરાજથી જ ઈક્ષ્વાંકુ કુળની શરૂઆત માનવામાં આવે છે.

(૪) ભગવાન પાર્શ્વનાથની જન્મભૂમિ વારાણસી

ભગવાન પાર્શ્વનાથ જૈન ધર્મના તેવીસમાં તીર્થંકર છે. તેમના પહેલાં શ્રમણ ધર્મની ધારાને આમ જનતામાં ઓળખવામાં આવતી નહોતી. પાર્શ્વનાથથી જ શ્રમણોને પોતાની ઓળખ મળી. પાર્શ્વનાથે ચાર ગુણો યા સંઘોની સ્થાપના કરી. દરેક ગણ એક ગણધરની અંતર્ગત કાર્ય કરતો હતો. એવું માનવામાં આવે છે કે મહાત્મા બુદ્ધના મોટા ભાગના પૂર્વજ પણ પાર્શ્વનાથ ધર્મના અનુયાયી હતા.

પાર્શ્વનાથનો જન્મ પોષ માસની વદ દસમ યા એકાદશીના દિવસે વારાણસીમાં થયો હતો. તેમના પિતા અશ્વસેન વારાણસીના રાજા હતા. તેમની માતાનું નામ 'વામા' હતું. ભગવાન પાર્શ્વનાથ ત્રીસ વર્ષની વયમાં જ ગૃહ ત્યાગીને સંન્યાસી થઈ ગયા. ચૈત્ર માસની વદ પક્ષની ચૌદસે તેમણે દીક્ષા ગ્રહણ કરી હતી. ત્યાસી દિવસો સુધી કઠોર તપસ્યા કરીને તે પછી ચોર્યાસીમાં દિવસે તેમને ચૈત્ર માસની વદ પક્ષની ચૌદસે સમ્મેદ શિખર પર જ કૈવલ્ય જ્ઞાનની પ્રાપ્તિ થઈ. ત્યાં જ શ્રાવણ માસની સુદ આઠમે સમ્મેદ શિખર પર નિર્વાણ પ્રાપ્ત થયું.

કૈવલ્ય જ્ઞાન પછી ચાતુર્માસ (સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ) વગેરેનું શિક્ષણ આપ્યું. જ્ઞાન પ્રાપ્તિ ઉપરાંત સિત્તેર વર્ષ સુધી તેમને પોતાના અને વિચારોના પ્રચાર-પ્રસાર કર્યો તથા સો વર્ષની આયુમાં દેહત્યાગ કર્યો.

(૫) તીર્થરાજ કુણ્ડલપુર

ઈસાથી ૫૯૯ વર્ષ પહેલાં વૈશાલી ગણતંત્રના ક્ષત્રિય કુણ્ડલપુરમાં પિતા સિદ્ધાર્થ અને માતા ત્રિશલાના ત્યાં ત્રીજા સંતાનના રૂપમાં ચૈત્ર માસના સુદ પક્ષની તેરસે વર્ધમાનનો

જન્મ થયો. આ વર્ધમાન પછી મહાવીર સ્વામી બન્યા. વર્ધમાનના મોટા ભાઈનું નામ નંદીવર્ધન અને બહેનનું નામ સુદર્શના હતું. મહાવીર સ્વામીના માતા-પિતા જૈન ધર્મના તેવીસમાં તીર્થંકર પાર્શ્વનાથના અનુયાયી હતા.

કુણ્ડલપુર બિહાર રાજ્યના નાલંદા જિલ્લામાં આવેલું છે. આ સ્થળ પટણાથી સો કિલોમીટર અને બિહાર શરીફથી માત્ર પંદર કિલોમીટર દૂર છે. આ સ્થાનને જૈન ધર્મમાં 'કલ્યાણક ક્ષેત્ર' માનવામાં આવે છે.

## (૬) પાવાપુરી

પાવાપુરી એ સ્થાન છે કે જ્યાં જૈન ધર્મના ચોવીસ તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીએ બોતેર વર્ષની વયમાં ૫૨૭ ઈસા પૂર્વે નિર્વાણ પ્રાપ્ત કર્યું હતું. આ સ્થાન બિહાર રાજ્યના નાલંદા જિલ્લામાં આવેલું છે. તેની નજીકમાં જ રાજગીર અને બોધગયા છે.

મહાવીરના નિર્વાણના સૂચકરૂપ એક સ્તૂપ અત્યારે પણ ત્યાં ખંડેરના રૂપમાં આવેલો છે. સ્તૂપમાંથી મળતી ઈંટ મહાવીરના ખંડેરોની ઈંટો સાથે મળતી આવે છે, જેનાથી બન્ને સ્થાનોની સમકાલીનતા સિદ્ધ થાય છે.

અહિયાં એક સરોવર છે જેના જળની અંદર જલમંદિર બનેલું છે. માનવામાં આવે છે કે ભગવાન મહાવીરના અંતિમ સંસ્કાર આ કમલ સરોવરની મધ્યમાં કરવામાં આવ્યા હતા. અહિયાં કેટલાંય નવાં અને પ્રાચીન જૈન મંદિરો છે. અહીં એક સમવશરણ જૈન મંદિર છે. માનવામાં આવે છે કે ભગવાન મહાવીર સ્વામીએ અહિયાં પોતાનું છેલ્લું પ્રવચન આપ્યું હતું.

## (૭) ગિરનાર પર્વત

ગિરનાર પર્વત પર બાવીસમાં તીર્થંકર ભગવાન નેમિનાથે કૈવલ્ય જ્ઞાન (મોક્ષ) પ્રાપ્ત કર્યો હતો. આ એક સિદ્ધ ક્ષેત્ર માનવામાં આવે છે. અહીંથી નેમિનાથ સ્વામી ઉપરાંત બોતેર કરોડ સાતસો મુનિ મોક્ષ ગયા હતા. સૌરાષ્ટ્રમાં જૂનાગઢ સ્ટેશનથી ચાર-પાંચ માઈલના અંતર પર ગિરનાર પર્વતની તળેટી છે. પહાડ પર સાત હજાર પગથિયાં ચઢ્યા પછી પ્રભુનાં દર્શન થાય છે.

૩૧૩૭ ઈસ્વી પૂર્વમાં થયેલા બાવીસમાં તીર્થંકર નેમિનાથનાં ઉલ્લેખ હિન્દુ અને જૈન પુરાણોમાં સ્પષ્ટ રૂપથી મળે છે. નેમિનાથ મથુરાના યાદવ વંશી રાજા અંધકવૃષ્ણીના જ્યેષ્ઠ પુત્ર સમુદ્રવિજયના પુત્ર હતા. અંધકવૃષ્ણીના સૌથી નાના પુત્ર વાસુદેવના પુત્ર ભગવાન શ્રી કૃષ્ણ હતા. આ પ્રકારે તીર્થંકર નેમિનાથ અને ભગવાન શ્રી કૃષ્ણ એ બન્ને કાકાના ભાઈઓ હતા. નેમિનાથની માતાનું નામ શિવા હતું. નેમિનાથનો વિવાહ જૂનાગઢના રાજા ઉગ્રસેનની પુત્રી રાજુલમતી સાથે નક્કી થયો હતો. વિવાહ

દરમિયાન જ એક હિંસાત્મક ઘટનાથી તેમના મનમાં વૈરાગ્ય આવી ગયો અને તેઓ તે જ ક્ષણે વિવાહ ત્યાગીને ગિરનાર પર્વત પર તપસ્યા કરવાને માટે ચાલ્યા ગયા. કઠિન તપ કર્યા પછી ત્યાં તેમને કૈવલ્ય જ્ઞાનની પ્રાપ્તિ થઈ અને પછી શ્રમણ પરંપરાને પુષ્ટ કરી. અહિંસાને ધાર્મિક વૃત્તિનું મૂળ માની અને તેને સૈદ્ધાન્તિકનું રૂપ આપ્યું.

## (૮) ચંપાપુરી

બારમા તીર્થંકર ભગવાન વાસુપૂજ્યે ચંપાપુરીમાં મોક્ષ પ્રાપ્ત કર્યો હતો. વાસુપૂજ્ય સ્વામીનો જન્મ ચંપાપુરીના ઈક્ષ્વાંકુ કુળમાં ફાગણ માસના વદ પક્ષની શતભિષા નક્ષત્રમાં થયો હતો. તેમની માતાનું નામ જયાદેવી અને પિતાનું નામ રાજા વાસુપૂજ્ય હતું. દીક્ષા પ્રાપ્તિ પછી એક મહિના સુધી કઠિન તપ કર્યા પછી ચંપાપુરીમાં જ પાટલ વૃક્ષની નીચે વાસુપૂજ્યને મહા માસની બીજની તિથિએ કૈવલ્ય જ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી. આષાઢ માસની સુદ પક્ષની ચૌદસે ચંપાપુરીમાં જ તેમનું નિર્વાણ થયું હતું.

## (૯) ચાંદખેડી

કોટાની નજક ખાનપુર નામનું એક પ્રાચીન નગર છે. ખાનપુરથી બે ફર્લાંગના અંતર પર ચાંદખેડી નામની પુરાણી વસ્તી છે. અહિયાં ભૂગર્ભમાં એક અતિવિશાળ જૈન મંદિર છે અને અનેક વિશાળ જૈન મૂર્તિઓ છે. દક્ષિણ-પૂર્વી રાજસ્થાન કોટા જંકશન (કોટા) થી આઠ કિલોમીટર દક્ષિણમાં આવેલ ઝાલવાડ જિલ્લાના ખાનપુર કસ્બાની નજક ચાંદખેડી રૂપાલી નદીના કિનારે આવેલ છે. અહિયાં આવેલ મંદિરના મૂળ ગર્ભગૃહમાં એક વિશાળ તલ-પ્રકોષ્ઠ છે. જેમાં ભગવાન આદિનાથની લાલ પાષાણની પદ્માસનાવસ્થાની મૂર્તિ પ્રતિષ્ઠિત છે. શ્રવણ બેલગોલાના બાહુબલની મૂર્તિ ઉપરાંત તે ભારતની બીજી મનોજ્ઞ મૂર્તિ છે. આ મુખ્ય મૂર્તિ આ ક્ષેત્રથી છ માઈલના અંતરે બારહાપાટી પર્વતમાળાના એક ભાગમાં દબાયેલી (દટાયેલી) હતી.

## (૧૦) પાલિતાણા જૈન તીર્થ

પાલિતાણા જૈન મંદિર ગુજરાતના ભાવનગરથી એકાવન કિલોમીટરના અંતર પર શંતસંજ્યા પહાર પર આવેલ છે. પાલિતાણાનાં જૈન મંદિર ઉત્તર ભારતીય વાસ્તુશિલ્પ અનુસાર બનાવાયેલ છે. શતસંજય પહાડોની શૃંખલાઓ પર નવસોથી વધુ મંદિરો આવેલાં છે. અગિયારમી સદીમાં બનેલાં આ મંદિરોને બે ભાગોમાં બનાવાયાં હતાં.

શતસંજ્યા પર આવેલ જૈન મંદિર પહેલા તીર્થંકર ઋષભદેવને સમર્પિત છે. અહિયાં મુખ્ય જૈન મંદિરોમાં આદિનાથ, વિમલનાથ, સમ્પ્રતિ રાજા, કુમારપાળ, ચૌમુખ વગેરેનાં નામનો ઉલ્લેખ છે. પાલિતાણા જૈન મંદિર જૈનોને માટે એક મુખ્ય તીર્થનો દરજ્જો અપાયેલો છે તેથી જૈન ધર્મમાં માનનાર અહિયાં અવશ્ય દર્શનાર્થે આવે છે.

## જ્યોતિષાચાર્ય મનહરપ્રસાદ ભાવસારનું જીવન વૃત્તાન્ત

ભાવસાર મનહરપ્રસાદ, વતન અને જન્મસ્થળ : કપડવંજ, જિ. ખેડા. જન્મ તા. ૨૮-૭-૧૯૩૮, પિતા : સ્વ. શ્રી કેશવલાલ, માતા : સ્વ. શ્રી જશોદાબહેન, સ્વ. મનોરમાબેન, અ.સૌ. મંજુલાબહેન, અ.સૌ. રંજનબહેન, અ.સૌ. રેણુકાબહેન માજાયી ભગિનીઓ વડીલબંધુ સમા બનેવીઓ સ્વ. રસિકલાલ, હસમુખલાલ, રમેશલાલ, હર્ષદકુમાર પોતાના પરિવારમાં જ્યેષ્ઠ દિકરી અ.સૌ. મનીષાબહેન, જમાઈ કૌશલકુમાર, દોહિત્રી - જાનકીબહેન, બીજા ક્રમની દિકરી પ્રતિમાબહેન, જમાઈ સ્વ. પ્રશાંતકુમાર, દોહિત્રી - સાનુબહેન, દોહિત્ર - ધ્રુવકુમાર, પુત્રરત્ન - શ્રી દીપેશકુમાર, પુત્રવધૂ - અ.સૌ. મયૂરિકાબહેન, પૌત્રી - કેયૂરિબહેન, પૌત્ર - રોમિલકુમાર, તૃતીય દીકરી - પ્રીતિબહેન, દોહિત્ર - સુજલકુમાર, અભ્યાસ મેટ્રિક્યુલેટ - સને ૧૯૫૮ તા. ૧૫-૧૦-૧૯૫૯ થી તા. ૩૧-૧૦-૧૯૯૬ દરમિયાન પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે ખેડા જિલ્લાનાં કપડવંજ, નડિયાદ અને આણંદ જિલ્લાના પેટલાદ વગેરે તાલુકાઓમાં ૩૬ વર્ષની સેવા પૂરી કરી વય નિવૃત્ત થયા. સને ૧૯૫૩ થી માધ્યમિક શાળાના અભ્યાસ દરમ્યાન કાવ્ય શિક્ષા-દીક્ષા ગુરૂ વર્ય સ્વ. જયંતિલાલ આચાર્યની શુભાશિષ અને માર્ગદર્શનથી સાહિત્યના ક્ષેત્રમાં પદ્ય અને ગદ્યનું ખેડાણ કર્યું.

અમદાવાદના વસવાટ પછી સાહિત્ય ક્ષેત્રના ખેડાણ સાથે જ્યોતિષશાસ્ત્રમાં ઝંપલાવ્યું. જ્યોતિષશાસ્ત્રના તજ્જ્ઞો પાસે શિક્ષણ મેળવી સ્વબળે જ્યોતિષશાસ્ત્રમાં ઝંપલાવ્યું. જ્યોતિષશાસ્ત્રના જન્મકુંડળી ફળાધીશ, હસ્તરેખા શાસ્ત્ર, અંકશાસ્ત્ર, વાસ્તુશાસ્ત્ર, ફેઈસ રીડિંગ વગેરે જેવા વિષયો હાંસલ કર્યા. જેના પરિપાકરૂપે રચાતું સાહિત્યિક અને જ્યોતિષીય ક્ષેત્રની વિવિધ સાહિત્ય કૃતિઓ, સંદેશની 'નક્ષત્ર' પૂર્તિ, દિવ્ય ભાસ્કરની 'ધર્મદર્શન' પૂર્તિ, જ્યોતિષ શાસ્ત્રના ધર્મ અનુભૂતિ, અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના શક્તિ દર્શનમ્ માસિક, જ્યોતિષ સંહિતા માસિક અને સાપ્તાહિકોમાં પ્રકાશિત થતી રહી. સમાજ સેવા ક્ષેત્રે શ્રી ગુજરાત ભાવસાર સમાજના માસિક મુખપત્ર 'ભાવસાર મિત્ર'ના સહતંત્રી રૂપે માનદ્ સેવા આપી હાલ શ્રી બાવનગામ ભાવસાર સમાજના માસિક મુખપત્ર 'ભાવુસાર દર્શન'ના સહતંત્રીપદે માનદ્ સેવા આપી રહ્યા છે. આ ઉપ છે. અંદરે વ છે. અંદરે વ છે. ગરની 'ધ પોએમ ઓફ ધ ઈયર' સાહિત્યિક સર્જનની પ્ર સર્જનની પ્ર સર્જનની પ્ર સર્જનની વી રહ્યાં છે.

**કેરણભાઈ નંદલાલ લોલીયાણીયા**
વધુ મતે ચૂંટાયેલા માનનીય પ્રમુખ
શ્રી બાવનગામ ભાવસાર સમાજ